
# કાનજીભાઈ મતપ્રતિકાર




ચન્દ્રશેખર વિજયજી

# કાનજીભાઇ-મત-પ્રતિકાર

કાનજીભાઈ........



મુનિશ્રી ચંદ્ર.........

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

પ્રકાશક :

કમલ પ્રકાશન
૫૦૮૨/૩ બીજે માળે
ગાંધી રોડ, રતનપોળ નાકા,
અમદાવાદ–૧

લેખક પરિચય
સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. આ. ભગવન્તશ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબશ્રીના વિનેય
મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

મૂલ્ય
૩–૦૦
[redacted]

પ્રથમ સંસ્કરણ :
નકલ ૩૦૦૦ [વિ. સં. ૨૦૨૫]
ચૈત્રી પૂર્ણિમા

સર્વાધિકાર સુરક્ષિત

મુદ્રક :
પટેલ કાન્તિલાલ ડાહ્યાભાઈ
મંગલ મુદ્રણાલય, રતનપોળ
અમદાવાદ.

# પ્રાપ્તિસ્થાન

**સોમચંદ ડી. શાહ**
'સુઘોષા' કાર્યાલય
જીવનનિવાસ સામે
**પાલીતાણા.**

ઓફિસ :
**કમલ પ્રકાશન**
૫૦૮૨/૩ બીજે માળે,
રતનપોળ નાકા,
ગાંધીરોડ,
અમદાવાદ-૧

**જશવંતલાલ ગિરધરલાલ**
દોશીવાડાની પોળ
**અમદાવાદ.**

**સેવંતીલાલ વી. જૈન**
૨૦, મહાજનગલી, ૧લે માળે,
ઝવેરી બજાર,
**મુંબઈ-૨.**

**ભુરાલાલ પંડિત**
સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ,
**અમદાવાદ.**

# અમારી સંસ્થાના કુટુંબીજનો

## શ્રુતસમુદ્ધારક :

શેઠશ્રી શાન્તિદાસ ખેતસી ચેરીટેબલ ટ્રસ્ટ-મુંબઈ

## શ્રુતરક્ષક :

૧. શ્રી દાનસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર-અમદાવાદ
૨. શેઠ ગુલાબચંદ ગફલભાઈ હળવદવાળા

## શ્રુતભક્ત :

૧. શ્રી ગુજરાતી જૈન શ્વેતામ્બર તપાગચ્છ સંઘ- [ કલકત્તા ]
૨. શ્રી શ્વે. મૂ. પૂજક જૈન સંઘ-લીંબડી
૩. લીલમબેન માણેકલાલ
૪. શ્રી ઝવેરી પદમશી પ્રેમજીભાઈ તરફથી
 સ્વ. લાલજીભાઈના સ્મરણાર્થે, હ. જયાબેન

## શ્રુતાનુરાગી :

૧ શ્રી માંડલિકભાઈ જે. ઝવેરી
૨ શ્રી સુબોધચંદ્ર લાલભાઈ
૩ શ્રી કવરલાલ હીરાલાલજી પારેખ
૪ શ્રી અચલગઢ જૈન પેઢી
૫ શ્રી ધરમદાસ ત્રીકમલાલ
૬ શ્રી જૈન શ્વે. મૂ. પૂ. સુધારા ખાતાની પેઢી-મહેસાણા
૭ શ્રી ભનીબેન ધીરજલાલ પાનાચંદ શ્રોફ
૮ શ્રી પોપટબેન ભૂરમલજી (દહેલદર)
૯ શ્રી શાન્તિનગર જૈન શ્વે. મૂ. પૂજક સંઘ-અમદાવાદ

## શ્રુતસભ્ય :

૧ મહુવા વીશાશ્રીમાળી તપાગચ્છીય શ્વે. મૂર્તિપૂજક સંઘ
૨ શેઠ છબીલદાસ સુખલાલ કાલીદાસ-લીંબડી

# પ્રકાશકીય

કમલ પ્રકાશન [ પબ્લિક ટ્રસ્ટ ] બે કાર્યો કરે છે.

**પહેલું કાર્ય :**

પ્રાચીન જૈનશાસ્ત્રગ્રન્થોનો થતો વિનાશ અટકાવીને આ ગ્રન્થોનું પુનર્મુદ્રણ કાર્ય કરીને એમનું આયુષ્ય વધારી દેવાનું પહેલું મંગળમય કાર્ય.

પ. પૂ. મુનિરાજ શ્રી ચંદ્રશેખરવિજયજીની સંપૂર્ણ દેખરેખ નીચે આ કાર્ય અમે ઝડપી વેગથી કરી રહ્યા છીએ.

જેમ જેમ અમને આ કાર્ય માટે સંઘગત કે વ્યક્તિગત રકમો મળે છે તેમ તેમ અમે શાસ્ત્રગ્રન્થોનું પુનર્મુદ્રણ કાર્ય કરતા રહીએ છીએ. આજ સુધીમાં અમે ઉપદેશ રહસ્ય (સંસ્કૃત) ગ્રન્થ [ મૂલ્ય રૂ. ૧૦–૦૦ પો. ખર્ચ જુદો ] તથા ઉપમિતિ ભવપ્રપંચા કથા [ સંસ્કૃત ] નો પ્રથમ વિભાગ [ મૂલ્ય રૂ. ૧૫–૦૦ ] પ્રકાશિત કર્યા. હવે પછી તેના દ્વિતીય વિભાગનું પુનર્મુદ્રણ કાર્ય આરંભવાની અમારી મંગળ ભાવના છે. જ્ઞાનભંડારોને આ સંસ્કૃત ગ્રન્થો અમે ભેટ આપીએ છીએ.

આ આયોજનથી અમે બે વિશિષ્ટ લાભો જોઈ રહ્યા છીએ.

(૧) શાસ્ત્રગ્રન્થોને જીવનદાન

(૨) જ્ઞાનદ્રવ્યની અઢળક રકમના ભાવી શક્ય દુરુપયોગનું નિવારણ અને એનો સુંદરમાં સુંદર વિનિયોગ.

જ્ઞાનખાતાના વહીવટદારોને અમારી વિનંતિ છે કે તેઓ આ સંસ્થા માટે જ્ઞાનખાતાની વધુમાં વધુ રકમ ફાળવી આપે.

**બીજું કાર્ય :**

જૈનધર્મના શાસ્ત્રીય ચિંતનને પુસ્તકો દ્વારા અદ્યતન શૈલિમાં કમલ પ્રકાશન આપની સમક્ષ રજૂ કરે છે. આ સાહિત્ય :

- આપણા બાળકોમાં માનવતાની સુવાસ મહેકાવે છે.
- યુવકોમાં સદાચારનો પ્રેમ પ્રગટાવે છે.
- પ્રૌઢોને આધ્યાત્મિક જીવનના પૂજારી બનાવે છે.
- આપણી પૂજ્ય સંસ્થાને અદબભરી વિનંતી રજૂ કરે છે

બીજાં ઘણાં ઘણાં પુસ્તકો લખાઈને તૈયાર પડયાં છે; પરંતુ પુસ્તકોમાં રોકાણ પામતાં નાણાંભંડોળના અભાવે ઝડપી ગતિથી એનું પ્રકાશન થઈ શકતું નથી. અમારી સંસ્થા આપની પાસે ભવ્ય ઉદારતાની અપેક્ષા રાખે છે. એ માટે એક યોજના અહીં રજૂ કરે છે. એ યોજના દ્વારા આપ અમારી સંસ્થાના કુટુંબીજન અવશ્ય બની શકો એ હેતુથી આ સંસ્થાનું પબ્લીક ટ્રસ્ટ [ રજી. નં. ઇ ૧૫૪૧ ] પણ કરવામાં આવ્યું છે; આથી બંધારણની કલમ ૧૫ B મુજબ દાનવીરોને કરમુક્તિનો લાભ પ્રાપ્ત થઇ શકે છે.

## યોજના

| | |
|---|---|
| રૂા. ૧૧૦૦૧ શ્રુતસમુદ્ધારક | રૂા. ૨૦૦૧ શ્રુતભક્ત |
| રૂા. ૫૦૦૧ શ્રુતરક્ષક | રૂા. ૧૦૦૧ શ્રુતાનુરાગી |

રૂા. ૫૦૧ શ્રુતસભ્ય

સંસ્થા તરફથી પ્રકાશિત થનારાં તમામ અર્વાચીન પુસ્તકોમાં સંસ્થાના કુટુંબીજન તરીકે અમે આપનો ઉલ્લેખ કરીશું. આપને અમારી સંસ્થાના આજ સુધી પ્રકાશિત થયેલાં તમામ અર્વાચીન પુસ્તકો ભેટ કરીશું.

—ટ્રસ્ટી મંડળ

# અનુક્રમ


| | |
|---|---|
| ૧. સ્યાદ્વાદ | ૧ |
| ૨. નિશ્ચયનય:–વ્યવહારનય | ૨૫ |
| ૩. ભાવવિહોણી શુભ-ક્રિયાઓ | ૬૬ |
| ૪. શુભક્રિયાનું મૂલ્ય | ૯૮ |
| ૫. નિમિત્તની અસર | ૧૩૭ |
| ૬. ઉત્સર્ગ–અપવાદ | ૧૭૦ |
| ૭. વ્યવહારનયને ધિક્કારી કેમ શકાય ? | ૧૮૩ |
| ૮. વ્યવહારનયના જીવનની આવશ્યકતા કોને ? સહુને. | ૨૦૭ |
| ૯. જડની અસર | ૨૨૪ |
| ૧૦. જૈનેતર ચિન્તકોની વ્યવહારનયપુષ્ટિ | ૨૪૦ |
| ૧૧ આચાર-વિચાર વચ્ચેનું વિરાટ અંતર ! | ૨૫૭ |

[ ૧ ]

## ગ્રન્થ વડલાનું બીજક

**સાંભળ્યું છે કે :-**

શ્રી કાનજીભાઈ મૂળ તો સ્થાનકવાસી સાધુ કાનજીસ્વામી હતા.

એક દિવસ એમણે એ સાધુલિંગ ત્યાગ્યું.

પછી કેટલાક વર્ષે સાધુવેષ અને પગપાળા પ્રવાસ પણ ત્યાગ્યો.

પછી તેઓ ગૃહસ્થ કાનજીભાઈ બન્યા; પચાસ હજાર રૂપિયાની 'ક્રીસ્લર' મોટરના માલિક કાનજીભાઈ બન્યા!

સોનગઢ આશ્રમ બનાવીને ત્યાંનાં કાયમી રહેવાસી બન્યા. સાંભળ્યું છે કે તેમની સાથે એક 'બહેન શ્રી' રહે છે; જનમ જનમના એમના બહેન તરીકેના સંબંધની વાતો આવી છે! અને હવે તો એ બહેનશ્રીને ત્રણે ય કાળનું જ્ઞાન હોવાની વાતો ય કાને અથડાઈ છે!

આ કાનજીભાઈ નથી તો હવે સ્થાનકવાસી સાધુ કે નથી તો હવે દિગંબર સાધુ....શું છે? કયાં છે? તેની કશી જ ખબર નથી. પરન્તુ તેમણે ઠેર ઠેર દિગંબર મંદિરો ઊભા કરવાની પ્રવૃત્તિ જોરશોરથી આરંભી છે ખરી. દિગંબરોના રસની એ વાત હોય એથી કદાચ દિગંબરો પ્રચંડ વિરોધ ન પણ કરે તો તેમાં નવાઈ લાગતી નથી.

જગતના તમામ સંસારરસિક જીવોની નાડમાં અર્થ-કામનો રાગ ધબકારા દઈ રહ્યો છે એ વાતનો કાનજીભાઈએ

સારામાં સારો લાભ ઉઠાવવા માટે ભગવાન મહાવીરના નામે એક નવો જ મિથ્યા-મત ઊભો કરી દીધો છે.

**એમણે જાહેર કર્યું છે કે :-**

તપ-ત્યાગ, ક્રિયાકાંડ વગેરેથી આત્માને કશો જ લાભ થતો નથી. તપ-ત્યાગ બધા લાંઘણો છે, ક્રિયાકાંડ બધા દંભ છે. આત્માનું કલ્યાણ તો આત્માને ઓળખવાથી જ થાય છે. એ ઓળખાણમાં તપ-ત્યાગ, ક્રિયાકાંડ જરા ય મદદગાર થતાં નથી.

[ ત્રિલોકનાથ ભગવાન મહાવીરે સાડાબાર વર્ષનો જે ઘોર બાહ્ય તપ કર્યો હતો તેને પણ કાનજીભાઈ મૂર્ખતાની પરિસીમા તો નથી ગણાવતાને ? ] ક્રિયાકાંડ વગેરે જડ પદાર્થ છે. જડની અસર આત્મા ઉપર થઈ શકતી જ નથી. અનંતકાળથી આત્માએ ક્રિયાઓ કરી તો ય હજી સંસારમાં ભમતો રહ્યો છે. [ દિગંબર મંદિરોના નિર્માણની, મૂર્તિના પૂજનની, પ્રવચનના શ્રવણની ક્રિયાઓ કરનાર ભાઈ આવું બોલી જ કેમ શકે ? કેવો ઘોર વિસંવાદ ! ]

આત્માને ઓળખો....ગમે તે ખાઓ, ગમે તેમ રહો, ગમે તેવી મોજ કરો...આત્માને ઓળખો... [હાય ! ભોગરસિક જગતને મહાભોગી બનવાના ઉન્માર્ગનું નિર્માણ કરતું આ તે કેવું ભયાનક પ્રતિપાદન ! આવું મનાવીને મહાભોગીઓને પણ 'ધર્માત્મા' કહેવડાવવાની તરકીબ શીખવાડી છે શું ?

એકાન્ત નિશ્ચયવાદની ધડ-માથા વિનાની આવી

વાતો તેઓ કરતા ફરે છે. ભોગરસિક આત્માઓને આ વાતો ખૂબ ગમી જાય તેવી છે. 'ખાના, પીના મોક્ષ લેના' ....નું સૂત્ર કાનજીભાઈએ આબાદ પકડાવી દીધું છે.

ધર્મરસિક આત્મા જ્યારે કાંઈ ઊંડી પૂછપરછ કરવા જાય છે ત્યારે કાનજીભાઈ એક જ પ્રત્યુત્તર વાળે છે.... "આ ઝીણી વાત છે તમને નહિ સમજાય!"

પેલા ભાઈ સમજાવવાનું કહે તો ય કાનજીભાઈ એક જ વાત કહે છે.... "આ ઝીણી વાત છે તમને નહિ સમજાય."

ઘણા વર્ષોના પાકટ અનુભવમાંથી કાનજીભાઈને સ્વરક્ષણની નાકાબંધી કરવાની આવી કેટલીક તરકીબો શોધી રાખવી પડે તેમાં કશું જ નવાઈ પામવા જેવું નથી. અસ્તુ.

એમના કદાગ્રહી વિચારોમાં રહેલી અશાસ્ત્રીયતાને તંદુરસ્ત શિષ્ટ પદ્ધતિએ આ ગ્રન્થમાં ખુલ્લી કરવાનો વિનમ્ર પ્રયત્ન કર્યો છે.

એમની એ અશાસ્ત્રીય વિચાર પ્રણાલિને સમજવા માટે સહુ પ્રથમ તો આપણે :–

o જિનદર્શનના પ્રત્યેક પ્રાણ– તત્ત્વમાં ધબકાર પૂરતો 'સ્યાદ્વાદ' સંક્ષેપમાં સમજી લેવો પડશે.

o ત્યાર બાદ નિશ્ચયનય અને વ્યવહારનયને સમજવા બીજું પ્રકરણ ખોલીશું.

ત્યાર પછી કાનજીભાઈના વિચારોનો શાસ્ત્રનીતિ સાથે ઉલ્લેખ કરીને ત્રીજું પ્રકરણ સમેટી લઈશું.

અને પછી....

કાનજીભાઈના 'કદાગ્રહ'ને સખ્ત લપડાકો દેતાં પ્રકરણોને–એક પછી એક–ઉતારતા– જઈશું.

રખે કોઈ ભાષાકીય કુંફાડાથી માની લેવાની ભૂલ કરતાં કે, "લેખકને કાનજીભાઈ સાથે મૈત્રી નથી...."

રે ! જિનધર્મની સ્પર્શના જે આત્માને થાય એને કોઈ અમિત્ર હોઈ શકે ? એનો કોઈ શત્રુ સંભવે ? ના....ના.... જરાય ય નહિ.

એ તો સર્વનો મિત્ર હોય.

એ તો અજાતશત્રુ હોય.

વિશ્વમૈત્રીના એણે આંકેલા સર્વવ્યાપી વર્તુળમાં સહુ આવી જાય; તો કાનજીભાઇ પણ આવી જાય.

અવૈરનો આરાધક જ મુક્તિપથનો યાત્રી કહેવાય.

મૈત્રીનો ઉપાસક જ ધર્મ પામીને ધાર્મિકજન બની શકે.

"કાનજીભાઈ ! તમે ય મારા મિત્ર જ છો. મારા આત્માના એક પણ પ્રદેશમાં અપ્રીતિનો એ ધુમાડો ક્યાં ય જ નથી એની સહર્ષ નોંધ લેજો.

મારો વિરોધ છે માત્ર તમારી એ અશાસ્ત્રીય દેશના સામે....અશાસ્ત્રીય જીવન પદ્ધતિ સામે."

મૈત્રીના દાવે જ લખીશ....જે કાંઈ આ ગ્રન્થમાં લખીશ તે સઘળું ય.... આટલી વાત સહુ સમજી રાખે તો સત્ય તત્ત્વ સમજવાનું જરાય મુશ્કેલ નહિ પડે....સત્ય તો ખૂબ જ સરળ, અને સુંદર હોય. જરા ય ઝીણું ન હોય; જો સમજાવનાર એને બરોબર સમજ્યો હોય તો.

લીંબડી મુકામે રૂબરૂમાં થએલા કાનજીભાઈ સાથેના જ પ્રત્યક્ષ વાર્ત્તાલાપે મને આ ગ્રન્થ લખવાની મંગળમયી પ્રેરણા કરી તે વાર્ત્તાલાપ અહીં રજૂ કરી દેવાની લાલચ જતી કરી શકતો નથી. આ રહ્યો તે વાર્ત્તાલાપ.

બાર દિવસથી હું લીંબડી મુકામે હતો. તા. ૬-૫-૧૯૬૮ વૈ. શુ. ૮ ના દિવસે સોનગઢી કાનજીભાઈ ભક્તમંડળના રસાલા સાથે વૈભવી મોટરમાં લીંબડી આવ્યા. ત્યાં એમનો ૭ દિવસનો મુકામ નક્કી થયો હતો.

આ કાનજીભાઈ એકાન્ત નિશ્ચયવાદી છે. તપ-ત્યાગ-ક્રિયાકાંડના વ્યવહાર ધર્મોનું ખંડન કરીને ભોગપ્રેમી લોકોને ખુશ કરી દઈને પોતાના અનુયાયી બનાવી રહ્યા છે. લોકોના અર્થકામના પોષણ માટે ભક્તોને ત્યાં પગલા કરીને નામાના ચોપડામાં ૐ નું આલેખન કરી આપે છે, ઇત્યાદિ વાતોથી હું વાકેફ હતો. લીંબડીમાં કાનજીભાઈ સાથે જાહેર વાર્ત્તાલાપ ગોઠવવાની મારી ઇચ્છા તો હતી જ. ત્યાં કાનજીભાઈથી અકળાઈ ગયેલા કેટલાક સ્થાનકવાસી ભાઈઓ તરફથી જ આવો પ્રસ્તાવ મારી સામે રજૂ કરવામાં આવ્યો કે મારે જાહેરમાં કાનજીભાઈ સાથે વાર્તાલાપ યોજવો.

કોઈ મધ્યસ્થ સ્થળે આવો વાર્ત્તાલાપ યોજાય તો હું તૈયાર જ હતો. સહુએ કહ્યું કે આવો વાર્ત્તાલાપ થવાથી સાચા ખોટાની બધી માહિતી સઘળાં ય લોકોને થઈ જશે.

સાંજના પાંચ વાગે હું જાતે જ શ્વેતાંબર સંઘના આગેવાન ભાઇઓ સાથે વાર્ત્તાલાપનું સ્થાન અને સમય નક્કી કરવા કાનજીભાઈના મુકામે ગયો. એ ઊંચી પાટ ઉપર બેઠા હતા. તેમની સંમતિ મેળવી લઇને હું તેમની પાટ ઉપર બેસી ગયો. ઓળખાણ અંગેની વાતો થઈ. બાદ અમારી વાતો શરૂ થઈ.

કાનજીભાઈ: પેલા તેરાપંથી આ. તુલસીને અમદાવાદમાં પડકારનાર તમે જ કે? મેં હા પાડી.

જરા વાર પછી મેં તેમને કહ્યું કે, "તમારા એકાન્ત નિશ્ચયવાદના વિધાનો ઘણી ગેરસમજો ફેલાવે છે. તમે વ્યવહારમાર્ગનું ખંડન કરો છો એ વાત જરાય શાસ્ત્રમાન્ય નથી. લોકો આવા વિધાનમાં ગૂંચવાય નહિ તે માટે મારી ઇચ્છા છે કે આપણે બે જાહેરમાં આ વિષય ઉપર વિચાર કરીએ. તમે મને આવતી કાલનો કોઈ પણ સમય આપો."

મારા અણધાર્યા આગમનથી જ કાનજીભાઈ અકળાઈ ગયા જણાતા હતા. તેમણે મને હસતાં હસતાં કહ્યું, "મને કફ બહુ થયો છે એટલે મારે વાર્ત્તાલાપ કરવો નથી."

મેં કહ્યું, "આવતી કાલે તમારા ત્રણ ત્રણ પ્રવચનો ગોઠવાયા છે ત્યાં કફનો પ્રશ્ન તમને કેમ મૂંઝવતો નથી?"

હસી પડતાં તે બોલ્યા, "ના, ના, પણ મારે વાદ કરવો નથી."

મેં કહ્યું, "વાદથી તત્ત્વબોધ પ્રાપ્ત થાય એમ શાસ્ત્રો કહે છે પણ જો આ વાદ વિવાદ બનીને વિતંડામાં જ પરિણમવાનો છે તો હું પણ એવો વાદ કરવા માંગતો નથી. મારે તો માત્ર તમારી સાથે જાહેરમાં વાર્ત્તાલાપ કરવો છે."

"મહારાજ! આ તો બહુ ઝીણી વાતો છે. ન સમજાય તેવી વાતો છે હોં!" કાનજીભાઈએ કહ્યું.

મેં કહ્યું: "પણ ઝીણી વાતો તમે અહીં ઊભા રહેલા તમારા ભક્તોને તો રોજ સમજાવવા યત્ન કરો છો? અને મારી જ સાથે તમે એનો ઇન્કાર કેમ કરો છો? એટલું નિશ્ચિત સમજજો કે 'હાજી હા' કરનારા તમારા ભકતો કરતાં હું ઘણો વધુ સમજદાર છું."

"મહારાજ! તમે મારા પુસ્તકો વાંચી લેશો તો બધું સમજાઈ જશે." તેઓ બોલ્યા.

મેં તરત જ ભારે આશ્ચર્ય વ્યકત કરતાં કહ્યું, "પુસ્તક તો જડ છે. જડથી તે આત્માને સમજાય? જડની આત્મા ઉપર તમે અસર જ માનતા નથી! તમારાથી આવી ભલામણ જ કેમ થાય?"

હવે કાનજીભાઈ અકળાઈ ગયા. મને કહે, "જવા દો....તમને ખબર નથી.. ઉપાધ્યાયજી યશોવિજયજીએ કહ્યું છે. '**भ्रमन्ति भ्रष्ट-विज्ञाना भीमे संसारसायरे**' વ્યવહારમાં ધર્મ માનતાં લોકો ભયંકર સંસારમાં રખડ્યા કરે છે."

મેં તરત જ પ્રત્યુત્તર વાળ્યો, "કાનજીભાઈ! તમે તો લોકોને ખરેખરા ભુલાવામાં નાંખી રહ્યા છો! ધારો કે કોઈ ધર્મશાસ્ત્રમાં લખ્યું હોય કે 'હિંસા કરવાથી સ્વર્ગે જવાય છે તેવું કહેનાર મહાપાપી છે.'

હવે આમાંથી શરૂઆતનું અડધું જ વાકય પકડી લે તે માણસ કેવો કહેવાય? તમે પણ આવું જ અહીં કર્યું?

જે 'અધ્યાત્મસાર'ના 'આત્મનિશ્ચય' અધિકારનો આ અડધો શ્લોક તમે મારી સામે રજૂ કર્યો છે તે જ 'અધ્યાત્મસાર'ના તે જ 'આત્મનિશ્ચય' અધિકારમાં ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે '**व्यवहारं विनिश्चित्य ततः शुद्धनयाश्रित :......परमं साम्यमाश्रयेत्.**'

"વ્યવહારધર્મને જીવનમાં સારી રીતે પચાવ્યા પછી જ શુદ્ધ નિશ્ચયનયનું અવલંબન લેનાર મોક્ષપદ પામી શકે છે' તમે આ વાતને ઉડાડી મૂકીને કેમ બોલો છો?"

કાનજીભાઈ મૌન થઈ ગયા. થોડીવાર પછી બોલ્યા, "મારા પ્રવચનો છ દિવસ ચાલવાના છે તમે રોજ આવો અને સાંભળો પછી બધું સમજાઈ જશે."

મેં કહ્યું, "એ પણ કબૂલ છે પણ તમે મને એટલી કબૂલાત આપો કે પછી છઠ્ઠા દિવસે બપોરે આપણે ત્રણ કલાક જાહેરમાં વાર્તાલાપ કરીશું."

કાનજીભાઈએ સાફ ના પાડી. પછી મેં કહ્યું, "તમારી આવી જવાબ નહિ દેવાની અને વાર્ત્તાલાપ દ્વારા વિચારણાને ઇન્કારી દેવાની નીતિ તમારા જ્ઞાન અંગે મોટી શંકા ઊભી કરે છે. તર્કથી સમજાવવાને બદલે ધસીને ના પાડી દેવી એ વાત સાચા જ્ઞાનીને ન છાજે. અજ્ઞાનીને જ શોભે. ગમે તેમ હાંકયે રાખવાનો આ જમાનો નથી. શ્વેતામ્બર સાધુઓ તો આજે એટલી હદ સુધી શિક્ષિત થઇને તૈયાર થયા છે કે આવી વાતો સામે તેઓ ખુલ્લો પડકાર ફેંકીને જ રહે. ભગવાન વીરના નામે વીરધર્મને વિકૃત રીતે રજૂ કરનાર તમે છો એવી મારી સમજ છે માટે તમે મારી સાથે ખુલ્લી ચર્ચા કરવા તૈયાર થાઓ એમ હું ઇચ્છું છું."

આગળ વધતાં મેં કહ્યું, "તમારે જડની કોઈ અસર આત્મા ઉપર માનવી જ નથી તો પછી તમે ચશ્મા કેમ પહેર્યા છે? શું ચશ્મા જડ નથી? ચશ્મા પહેરવાથી જ તમે વાંચી શકો છો ને? ચશ્મા ઊતારી નાંખો તો આત્માને વાંચવામાં ભારે મુશ્કેલી ઉભી થાય છે તો જડચશ્માની ચેતન ઉપરની અસર સાબિત થઈ જતી નથી?

આ વાત સામે ઊભેલા તમારા બધા ભકતોને પૂછો. જેટલા ચશ્માવાળા છે એ બધાયને આ અનુભવસિદ્ધ છે; છતાં આત્મા ઉપર જડની અસરનો તમે એકાન્તે ઈન્કાર કરી દો તે કેમ–ચાલે?" આગળ વધતાં મેં કહ્યું કે, "તર્કપ્રધાન આ યુગમાં જવાબ નહિ દેવાની તમારી આ છટકબારીઓ જરાય અજ્ઞાત રહી શકે તેમ નથી. હું મૈત્રીના દાવે તમને ફરી કહું છું કે આપણે મૈત્રીભાવ સાથે જાહેરમાં વાર્ત્તાલાપ કરીએ. તમે કહો તો તમને માન્ય 'સમયસાર' ગ્રન્થથી જ હું વ્યવહારનયનું મંડન કરી આપવા પણ તૈયાર છું. ગુરુકૃપાથી મેં એ ગ્રન્થનો ઠીકઠીક અભ્યાસ કર્યો છે."

પણ–કાનજીભાઈ તો એકના બે ન થયા તે ન જ થયા.

જુદા જુદા ફિરકાના પચાસ સાઇઠ પુરુષો આ બધું ય સ્તબ્ધ બનીને જોઈ જ રહ્યા.

કાનજીભાઈ ખૂબ અકળાઈ ગયા અને એકદમ પાટ ઉપરથી નીચે ઊતરી જતાં બોલવા લાગ્યા, "મને ટાઈમ નથીઃ મારે કામ છે."

મેં કહ્યું, "કાનજીભાઈ ! મેં તમારી નીતિની જે કલ્પના કરી હતી તે તદ્દન સાચી જ નીવડી. હવે જાઉં છું."

પછી કાનજીભાઈના આત્માનું કલ્યાણ વાંછતો હું ત્યાંથી નીકળીને ઉપાશ્રયે આવી ગયો.

[ રસ્તે ચાલતાં મેં મનોમન વિચાર્યું કે અસદ્ધર્મોની સ્થાપના કરનારા કેટલા કદાગ્રહી હોય છે, અને પોતે ક્યાંય ફસાઈ ન જાય એ માટે અપ્રતિકારનું-મૌનનું-પોકળ શસ્ત્ર કેટલી જીદ સાથે પકડી રાખીને પોતાની પોકળતાઓ ઢાંકી રાખવાનો બાલિશ પ્રયત્ન કરે છે !

અર્થકામના પ્રલોભનોમાં અને એકવીસમી સદીના ભોગરૂચિ જીવોની તપત્યાગ-ક્રિયાકાંડ પ્રત્યેની કારમી અરૂચિને નજરમાં રાખીને જ કાનજીભાઈએ આ એકાન્તનિશ્ચયનો મત ઊભો કર્યો છે-ને ? ]

અર્થકામપ્રેમીઓ અને તપ-ત્યાગાદિની સૂગ ધરાવતાં લોકો આ ધર્મના જલ્દી અનુયાયી બને એમાં આશ્ચર્ય પણ શું છે ? ]

ઉન્માર્ગથી અનુયાયીવર્ગની સંખ્યા વધી જતી જોઈને "કાનજી-મત" તરફ આકર્ષાઈ જઈને ભવોના ભવો બરબાદ કરી નાખવાની કોઈ પણ આત્મા ભૂલ ન કરે એ જ આ ગ્રન્થલેખન પાછળની કલ્યાણ કામનાને સહુ નજરમાં રાખે.

૨૦૨૪-અષાડ શુકલ પંચમી
લીંબડી.
૧-૭-૬૮

લિ.
મુનિ ચન્દ્રશેખરવિજય

## સ્યાદ્વાદ

" ભગવન્ અનેકાન્તવાદ !
ત્રિભુવનના અદ્વિતીય ગુરુવર !
આપને અમારા અગણિત વંદન !
જો આપ ન હો તો ?

રે ! જગતમાં સર્વત્ર અંધાધૂંધી મચી જાય. જગતનો કોઈ પણ વ્યવહાર ચાલી શકે નહિ. બધોય વ્યવહાર ખોરવાઈ જાય. આપ છો તો જ જગતનું અસ્તિત્વ છે; જગતમાં વ્યવસ્થા છે; જગતમાં ધર્મ છે." [૧]

જિનધર્મની આધારશિલા સ્યાદ્વાદ !
જિનધર્મનો પ્રાણ સ્યાદ્વાદ !

જિનધર્મનું જગદ્દર્શન સ્યાદ્વાદની આંખથી જ થાય.

જિનધર્મના મર્મોનું ઉદ્દ્ઘાટન સ્યાદ્વાદ–પરિકર્મિત બુદ્ધિના શસ્ત્રથી જ થાય.

---

૧. જેણ વિણા લોગસ્સ વવહારો સવ્વહા ન નિવ્વડઈ ।
તસ્સ ભુવણેક્કગુરુણો ણમોઽણેગન્તવાયસ્સ

જિનધર્મના તત્ત્વોની ગૂંચ સ્યાદ્વાદ દષ્ટિથી જ ઉકેલી શકાય.

સ્યાદ્વાદ એટલે સાપેક્ષવાદ, અનેકાન્તવાદ, સમન્વયવાદ, સમાધિવાદ, સામ્યવાદ, વિશ્વમૈત્રીવાદ, સર્વોદયવાદ, સત્યવાદ.

સ્યાત્ એટલે અમુક અપેક્ષાએ. વાદ એટલે કહેવું તે.

જગતના કોઈ પણ તત્ત્વનું–જડનું કે ચેતનનું–જે બહુમુખી સ્વરૂપ છે એ સ્વરૂપને જુદા જુદા દષ્ટિકોણથી જોવું અને તેનો સ્વીકાર કરવો; બીજા પણ બહુ સ્વરૂપોનો સ્વીકાર કરવો;—વસ્તુના સર્વ અનંતસ્વરૂપોનો સ્વીકાર કરવો–એનું નામ સ્યાદ્વાદ.

ટૂંકમાં અનન્ત સ્વરૂપોવાળી પ્રત્યેક વસ્તુના તે તમામ અનન્ત સ્વરૂપોનો–તે તે દષ્ટિબિન્દુથી સ્વીકાર કરી લેવો તે સ્યાદ્વાદ છે.

પ્રત્યેક વસ્તુના સ્વરૂપ જ અનન્ત હોય તો સ્યાદ્વાદ પણ તે વસ્તુનું અનન્તરૂપે દર્શન કરે જ ને ? એમાં સ્યાદ્વાદનો શો દોષ ? [૨]

સામે ઊભી રહેલી એક વ્યક્તિને એનો ભત્રીજો એમ જ કહેવાનો કદાગ્રહ રાખે કે, "એ વ્યક્તિ કાકા છે, એટલે કાકા જ છે; બીજું કાંઈ છે જ નહિ" તે કેમ ચાલે ? ભલે તે ભત્રીજો તે વ્યક્તિને કાકા કહે પણ તે વ્યક્તિનો ભાણીઓ

૨. યદિદં સ્વયમર્થાનાં રોચતે તત્ર કે વયમ્ ધર્મકીર્તિ:

તેને મામા કહે ત્યારે ભત્રીજાને તેની સાથે લડી પડવાનો જરા ય અધિકાર નથી. ભત્રીજો પેલા ભાણીઆ પાસે એમ કહેવડાવવાનો તો આગ્રહ ન જ રાખી શકે કે તેણે પણ તે વ્યક્તિને કાકા જ કહેવા! આ બે ય લડતાના કાન સ્યાદ્વાદ ગુરુ આમળે છે.

ભત્રીજાને કહે છે, "તું ય સાચો, કેમકે તારી અપેક્ષાએ તે વ્યક્તિ તારા કાકા જ છે."

ભાણિયાને કહે છે, "તું ય સાચો. કેમકે તારી અપેક્ષાએ તે વ્યક્તિ તારા મામા જ છે."

ગુરુવર સ્યાદ્વાદ કહે છે કે આટલું જ નહિ પરંતુ એ વ્યક્તિના બનેવીની અપેક્ષાએ એ વ્યક્તિ સાળો પણ છે, એના દીકરાની અપેક્ષાએ બાપ પણ છે. એના બાપાની અપેક્ષાએ દીકરો પણ છે. એની પત્નીની અપેક્ષાએ પતિ પણ છે. એના શિક્ષકની અપેક્ષાએ વિદ્યાર્થી પણ છે. એના શેઠની અપેક્ષાએ નોકર પણ છે. એના ડોકટરની અપેક્ષાએ દરદી પણ છે. એના વકિલની અપેક્ષાએ અસીલ પણ છે. એના વેપારીની અપેક્ષાએ ગ્રાહક પણ છે.

એક વ્યક્તિના અનંત સ્વરૂપો છે. તેમાંના એકનો પણ ઈન્કાર, તિરસ્કાર, કે ધિક્કાર થઈ ન શકે એટલું જ ગુરુવર –સ્યાદ્વાદનું કહેવું છે.

કોઈ લડો મા! સહુ પોતાની અપેક્ષાએ જે વસ્તુ દર્શન કરો તેને ભલે સ્વીકારો; પરન્તુ બીજાઓ પોતાના દૃષ્ટિબિંદુથી જે વસ્તુદર્શન કરે તેને ધિક્કારશો નહિ.

પ્રત્યેક વસ્તુના સ્વરૂપ જ અનંત છે. અનંતસ્વરૂપ વસ્તુને એક જ સ્વરૂપ કહેવાનો આગ્રહ એ તો કદાગ્રહ કહેવાય.

આત્મા નિત્ય છે તેમ અનિત્ય પણ છે, દેહથી ભિન્ન છે તેમ અભિન્ન પણ છે જ. એમ છતાં આત્માને એકાન્તે નિત્ય કહેવો તે કેમ ચાલી શકે? આત્માને એકાન્તે અનિત્ય કહેવો તે ય કેમ ચાલી શકે? આત્માને દેહથી એકાન્તે ભિન્ન પણ કેમ કહી શકાય અને એકાન્તે અભિન્ન પણ કેમ કહી શકાય?

વસ્તુના કોઈ પણ સ્વરૂપનો તિરસ્કાર કરવામાં સ્યાદ્વાદ પ્રબળ વિરોધ ઉઠાવે છે.

જિનદર્શને જડ અને ચેતન પદાર્થનું જે સ્વરૂપ રજૂ કર્યું છે તે સ્યાદ્વાદની આંખે દેખેલું સ્વરૂપ છે. જગત અનેકરૂપે દેખાયું માટે જ તેણે તે તે વસ્તુને અનેકરૂપ કહી.

આત્મા નિત્ય પણ દેખાયો, અનિત્ય પણ દેખાયો માટે જ તેને નિત્યાનિત્ય કહ્યો.

દેહથી ભિન્ન પણ દેખાયો, અભિન્ન પણ દેખાયો માટે જ આત્માને દેહથી ભિન્નાભિન્ન કહ્યો.

સ્યાદ્વાદ એટલેવસ્તુના વિવિધ સ્વરૂપ–દર્શનોનું સંપૂર્ણ દર્શન.

વસ્તુનું એક દર્શન તે આંશિક દર્શન. વસ્તુના તમામ અંશોનું દર્શન તે સંપૂર્ણ દર્શન છે.

વસ્તુનું આંશિક દર્શન કરીને વસ્તુને તે સ્વરૂપ કહેવી તે આંશિક સત્ય કહેવાય. જ્યારે વસ્તુનું પૂર્ણદર્શન કરીને વસ્તુને પૂર્ણસ્વરૂપ કહેવી તે પૂર્ણસત્ય કહેવાય.

આંશિક સત્યને નયવાક્ય કહેવાય છે.

પૂર્ણ સત્યને પ્રમાણવાક્ય (સ્યાદ્વાદ) કહેવાય છે.

બીજા આંશિક સત્યોને ધિક્કારવા પૂર્વકના આંશિક સત્યને દુર્નયવાક્ય કહેવાય છે.

આ ત્રણેય વાક્યને દૃષ્ટાન્તથી સમજવા પ્રયત્ન કરીએ. એક વ્યક્તિને ભત્રીજો કહે છે કે એ મારા કાકા છે.

આ વાક્યને નયવાક્ય કહેવાય, કેમકે તે વ્યક્તિનું કાકા તરીકેનું એક સ્વરૂપ અહીં સ્વીકારવામાં આવ્યું છે. 'મામા' 'પિતા' વગેરે બીજા આંશિક સ્વરૂપોને અહીં ધિક્કારવામાં નથી આવ્યા, તેમ સ્વીકારવામાં પણ આવ્યા નથી. અહીં તો ભત્રીજાને એટલું જ કહેવું છે કે મારા તો આ કાકા છે.

એ જ કાકાનો બીજો ભત્રીજો કહે છે કે, "આ કાકા પણ છે." આને પ્રમાણવાક્ય કહેવાય. કેમકે અહીં તે વ્યક્તિના જેટલા જેટલા 'મામા' 'પિતા' વગેરે સ્વરૂપો હોય તે બધાયનો 'પણ' શબ્દથી સ્વીકાર સૂચિત કરી દેવામાં આવ્યો છે. આ વાક્ય તે વ્યક્તિના સંપૂર્ણ સ્વરૂપનું દર્શક બની જાય છે.

જ્યારે એ જ કાકાનો ત્રીજો ભત્રીજો કહે છે કે,

"આ કાકા જ છે." આ વાક્યથી ભત્રીજો તે વ્યક્તિને પોતાના કાકા ગણાવે છે; એટલું જ નથી પણ એમને કાકા જ ગણાવીને 'મામા' 'પિતા' વગેરે તમામ સ્વરૂપોની 'જ' પદના પ્રયોગથી અવગણના સૂચિત કરી દે છે. આવા વાક્યને દુર્નયવાક્ય કહેવાય છે.

ટૂંકમાં, જ્યાં બીજા સ્વરૂપોનો સ્વીકાર નથી અને અવગણના પણ નથી તે વાક્યને નયવાક્ય કહેવાય...

જ્યાં બીજા તમામ સ્વરૂપોનો 'પણ' પદના પ્રયોગથી સ્વીકાર સૂચિત થઈ જાય છે તેને પ્રમાણવાક્ય કહેવાય.

જ્યાં બીજા તમામ સ્વરૂપોનો 'જ' પદના પ્રયોગથી ધિક્કાર સૂચિત થઈ જાય છે તેને દુર્નયવાક્ય કહેવાય. આ ઘોડો છે. આ ઘડિયાળ છે. આ રમેશભાઈ છે; ઇત્યાદિ વ્યવહારોપયોગી તમામ વાક્યો આંશિક સત્ય સ્વરૂપ હોવાથી નયવાક્ય કહેવાય છે. જે સ્યાદ્વાદી છે એ બોલે છે તો નયવાક્યથી જ....પરન્તુ એના તમામ નયવાક્યો 'સ્યાત્' પદ ગર્ભિત જ સમજી લેવાનાં હોય છે. આથી જ તેનાં તમામ વાક્યો પ્રામાણિક બની જાય છે.

બિનસ્યાદ્વાદી પણ ઘટને જોઈને કહે છે કે, 'આ ઘટ છે.'

સ્યાદ્વાદી પણ તે જોઈને કહે છે કે, 'આ ઘટ છે.' ઉપલક દૃષ્ટિથી બે ય વાક્ય એક સરખા દેખાવા છતાં પહેલું વાક્ય અપ્રામાણિક છે જ્યારે બીજું વાક્ય પ્રામાણિક છે. એનું કારણ એ છે કે બિનસ્યાદ્વાદી વ્યક્તિને ઘટનાં

બીજાં અનન્ત સ્વરૂપો તરફ હૃદયમાં ધિક્કાર છે, જ્યારે સ્યાદ્વાદીના હૃદયમાં તમામ સ્વરૂપોનો સ્વીકાર બેઠેલો છે.

ટૂંકમાં આપણે એટલું જ સમજીને આગળ ચાલીએ કે વસ્તુમાત્રના જે અનંત સ્વરૂપો છે તે બધા ય સ્વરૂપનો સ્વીકાર કરવો તે સ્યાદ્વાદ છે, બીજા સ્વરૂપોની અવગણના કર્યા વિના કોઈ એક સ્વરૂપનો સ્વીકાર કરવો તે નયવાદ છે. અને બીજા સ્વરૂપોને ધિક્કારવા સાથે કોઈ એક સ્વરૂપનો સ્વીકાર કરવો તે દુર્નયવાદ છે. સ્યાદ્વાદ એ પૂર્ણસત્ય વચન છે, નયવાદ એ આંશિક સત્ય વચન છે અને દુર્નયવાદ એ મિથ્યાવચન છે. માત્ર આપણે જ નહિ–અમુક અપેક્ષાનું આંશિક સત્ય–અને બધી અપેક્ષાનું પૂર્ણ સત્ય–એ ભેદ તો આધુનિક વૈજ્ઞાનિકોએ પણ સ્પષ્ટ શબ્દોમાં સ્વીકાર્યા છે. [3]

રે ! સર જેમ્સ જીન્સ નામના વૈજ્ઞાનિકે તો એટલે સુધી કહ્યું છે કે, "વસ્તુનું સ્વરૂપદર્શન કરતાં જેમ જેમ એના સ્વરૂપની નવી ક્ષિતિજો ઊઘડતી જાય છે તેમ તેમ સ્પષ્ટ રીતે સમજાતું જાય છે કે આપણે લોકો વસ્તુના પૂર્ણદર્શનની બાબતમાં કેટલા બધા વધુ અજ્ઞાન છીએ ! હવે

---

3. I think we often draw a distinction between what is true and what is really true. A statement which dose not profess to deal with anything except appearances–may be true. A statement which is not only true but deals with the realities beneath the appearances is really true – આલ્બર્ટ આઇન્સ્ટાઇન

તો વિજ્ઞાને પોતાની અંતિમ સિદ્ધિઓની જાહેરાત કરવાની માંડવાળ કરી દેવી જોઈશે કેમકે આપણા જ્ઞાનની મહાનદી તો ઘણી બધી વાર કોઈ બીજી જ અજ્ઞાત બાજુઓ તરફ વહી ગઈ છે. એકવીસમી સદીના વિજ્ઞાનની શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જો કોઈ શોધ હોય તો તે એ જ છે કે આપણે લોકો હજી સુધી વસ્તુનું કદાચ આંશિક સત્ય જ પામી શક્યા છીએ. આપણે કોઈએ હજી સુધી વસ્તુના પૂર્ણ અંશોનું સત્યભાન કર્યું જ નથી. ૪

એક જ વસ્તુમાં અનંતધર્મો ઘટી શકે ભલે પછી તે ધર્મો પરસ્પર વિરોધી હોય. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય (ધ્રુવત) આ ત્રણેય ધર્મ પરસ્પર વિરોધી દેખાવા છતાં વસ્તુમાત્રમાં રહે છે. આમ હોવાનું કારણ 'અપેક્ષા' છે. જુદી જુદી અપેક્ષાએ વિરોધી ધર્મો પણ એક જ વસ્તુમાં રહે તેમાં કશું જ નવાઈભર્યું નથી.

---

(i) We are begining to appreciate better. and more thoroughly how great is the range of our ignorance.

(ii) Science should leave off making pronouncement, the river of knowledge has too often turned back on itselef

(iii) The outstanding acheivement of 20th century is the general recognition that we are not yet in contact with ultimate reality of the mysterious universe.

એક સોની સુવર્ણ કલશ તોડીને સુવર્ણ મુકુટ બનાવતો હતો, તે વખતે ત્રણ માણસો ત્યાં આવે છે ત્રણ માણસોમાં એક માણસ સુવર્ણકલશની ઈચ્છાવાળો હતો, બીજો સુવર્ણ મુકુટની ઇચ્છાવાળો હતો, જ્યારે ત્રીજો સુવર્ણની ઇચ્છાવાળો હતો. સોનીની ઉપરોક્ત ચેષ્ટા જોઈને પહેલો દુઃખી થયો, બીજો આનંદમાં આવી ગયો અને ત્રીજો તટસ્થ રહ્યો–એને ન સુખ થયું; ન દુઃખ થયું.

શાથી આમ થયું ? સોનીના હાથમાં રહેલી વસ્તુ ત્રણ ગુણવાળી હતી માટે જ ને ? એ વસ્તુમાં સુવર્ણ કલશનો વિનાશ ગુણ જોયો માટે પ્રથમ માણસ દુઃખી થયો, બીજાએ એ જ વસ્તુમાં સુવર્ણ મુકુટનો ઉત્પાદ ગુણ જોયો માટે તે આનંદ પામ્યો, જ્યારે ત્રીજાએ બે ય અવસ્થામાં સુવર્ણની ધ્રુવતા જોઈ એટલે એ તટસ્થ રહ્યો.[૫]

જુદી જુદી અપેક્ષાએ વસ્તુના જુદા જુદા સ્વરૂપોનું દર્શન થાય. ભલે પછી એ દર્શનમાં વસ્તુના અનેક વિરોધી સ્વરૂપોના પણ દર્શન થાય.

અપેક્ષા બદલાતાં દર્શન બદલાય તેમાં કોઈ વિસંવાદ નથી. હા, અપેક્ષા ન બદલાય અને દર્શન બદલાય તો જરૂર તેને વિસંવાદ ગણી શકાય.

ભત્રીજાની અપેક્ષાએ કાકો ગણાતો માણસ ભાણીઆની

---

૫. ઘટમૌલિસુવર્ણાર્થી, નાશોત્પાદસ્થિતિષ્વિયમ્ ।
શોકપ્રમોદમાધ્યસ્થ્યં જનો યાતિ સહેતુકમ્, ॥
શાસ્ત્રવાર્તા સમુચ્ચય.

(બીજી જ) અપેક્ષાએ મામો અને તેમાં વિસંવાદ શું ?" હા ! ભત્રીજાની જ અપેક્ષાએ તે કાકો, મામો પણ કહેવાતો હોય તો તેની સામે જરૂર વાંધો લઈ શકાય.

પ્રો. મેકસવોને પોતાના એક સ્ત્રી મિત્રને સાપેક્ષવાદ સમજાવતાં કહ્યું કે ધારો કે બે મિત્રો તૃષાતુર થયા છે. રસ્તામાં એક ખેતર આવ્યું. એક મિત્રે બીજાને કહ્યું, " ચાલો ! આપણે અહીંથી દૂધ ખરીદીએ. " બીજા મિત્રે પૂછ્યું,

" દૂધ શું વસ્તુ છે ? "

ઉ – ધોળું ધોળું દૂધ કહેવાય.

પ્ર – ' ધોળું ' કોને કહેવાય ?

ઉ – બતક જેવું જે હોય તેને ધોળું કહેવાય.

પ્ર – બતક શું ચીજ છે ?

ઉ – મોડવાળી ડોક જેને હોય તેને બતક કહેવાય.

પ્ર – મોડ કોને કહેવાય ?

ઉ – આ મારો વાળેલો હાથ જો....આને મોડ કહેવાય. પેલો મિત્ર બોલી ઊઠયો, " બસ. બસ. હવે બધું સમજાઈ ગયું. વાળેલા હાથની અપેક્ષાથી મોડ સમજાયો, મોડની અપેક્ષાથી બતક ઓળખાયું, બતકની અપેક્ષાથી ધોળો વર્ણ ઓળખાયો, અને ધોળા વર્ણની અપેક્ષાથી દૂધ ઓળખાયું."

જોયો ને સ્યાદ્વાદ ? જુદી જુદી અપેક્ષાઓથી વસ્તુનું સ્વરૂપદર્શન કરતાં જવું તે જ સ્યાદ્વાદ.

એક વખત આઈન્સ્ટાઈનને તેના પત્નીએ પૂછયું કે

તમે જે 'સાપેક્ષવાદ'ની શોધ કરી છે તે સાપેક્ષવાદ શું છે ? તે મને એકદમ સંક્ષેપમાં સમજાવો." આઈન્સ્ટાઈને તરત કહ્યું કે એક સ્ત્રી એના પ્રેમી સાથે એક કલાક વાત કરે છે ત્યારે તેને એક કલાક એક એક મિનિટ જેટલો નાનો લાગે છે અને જ્યારે તે જ સ્ત્રી રસોડામાં ભઠ્ઠી પાસે બેસીને રસોઇ કરે છે ત્યારે તેને એકેકી મિનિટ એકેકા કલાક જેટલી મોટીલાગે છે.

અમુક અપેક્ષાએ એક કલાક = એક મિનિટ.

અમુક અપેક્ષાએ એક મિનિટ = એક કલાક. આનું જ નામ સાપેક્ષવાદ.

એક જ અનામિકા આંગળી કનિષ્ઠાની અપેક્ષાએ મોટી કહેવાય છે, જ્યારે મધ્યમાની અપેક્ષાએ નાની કહેવાય છે.

આમ એક જ અનામિકામાં મોટાપણું અને નાનાપણું બે વિરોધી ધર્મો વિવિધ અપેક્ષાએ સમાઈ જાય છે.[૬]

આ તો આપણે સ્યાદ્વાદને શાસ્ત્રદૃષ્ટિથી વિચાર્યો. હવે તેને વ્યવહારુ રીતે સમજવા યત્ન કરીએ.

વિશ્વની કોઈ પણ એવી ક્રિયા નથી, કોઈ પણ એવો ભાવ નથી, કોઈ પણ એવો વ્યવહાર નથી કે જ્યાં સ્યાદ્વાદ દૃષ્ટિની જરૂર ન હોય.

રાષ્ટ્રોનો પારસ્પરિક પ્રેમ, દેશની એકતા, સ્વ-પરજનની

---

૬ યથાડનામિકાયા : કનિષ્ઠામધિકૃત્ય દીર્ઘત્વં, મધ્યમામધિ—કૃત્ય હ્રસ્વત્વમ્ । — પ્રજ્ઞાપના—વૃત્તિ—પદ, ભાષા. ૧૧.

મૈત્રી, પિતા-પુત્રનો, પતિ-પત્નીનો, શિક્ષક-વિદ્યાર્થીનો, વેપારી-ગ્રાહકનો, શ્રીમંત-ભિખારીનો જે અરસપરસના ઉચિત વ્યવહાર ગણાય છે તે પણ સ્યાદ્વાદ દૃષ્ટિને પચાવ્યા વિના સંભવી શકતા નથી.

સ્યાદ્વાદ એ અપેક્ષાએ સમાધાનવાદ છે. પ્રત્યેક વ્યક્તિમાં ખામી હોય છે તેમ ખૂબી પણ હોય જ છે. જો એની ખામી તરફ નજર નાંખવામાં આવે તો અંધાધૂંધી ફેલાય; કલેશ થાય, કજિયા થાય, ઝંકારા બોલાય, યુદ્ધો ફાટી નીકળે. સ્યાદ્વાદ કહે છે કે વ્યક્તિમાત્રમાં અનંત ધર્મો છે. તમે એની ખામીના ધર્મો જોઈને શાને સારુ તમારી જાતને કલેશમય, અશાન્તિમય, અસુખમય બનાવો છો ? એના કરતાં એ જ વ્યક્તિમાં રહેલા ખૂબીના ધર્મો તરફ નજર નાંખો ને ? તમારા અંતરમાં આનંદ, પ્રેમ, મૈત્રી ઊભરાઈ જશે. પરકીય વ્યક્તિમાં કપટભાવ છે એ તમારી વાત જેટલી સાચી છે એટલી જ સાચી એ વાત પણ છે કે એ વ્યક્તિમાં ઉદારતા, અનુકંપા, ધાર્મિકતા, વિગેરેમાંનો કોઈ ને કોઈ એક ભાવ તો છે જ....છે જ.... ચેતન કદી સર્વથા જડ-અવગુણ સંપન્ન-હોઈ શકે જ નહિ. એનામાં કોઈને કોઈ ગુણવત્તા હોય જ....તમે તેની જ સામે કેમ ન જુઓ ? જો એ વ્યક્તિમાં ગુણ પણ હસ્તિ ધરાવે જ છે તો તેની તરફ નજર નાંખીને તમારી જાતને શાન્ત-સ્વસ્થ અને સલામત કેમ ન રાખો ?

ભલે ને તમારો છોકરો અડધી ખરાબ અને અડધી

સારી–એવી એક કેરી લઈ આવ્યો. તે વખતે એક સિવાયની બીજી અગિયાર કેરી તો આખી સારી લાવ્યો છે ને ? તેમ વિચારીને તમે પ્રસન્ન કેમ ન બની રહો ? રે ! ઉકળાટ કરવાની જરૂર જ નથી. અડધી ખરાબ હોવા છતાં એની તરફ નજર ન નાંખતાં અડધી સારી છે તેની જ તરફ નજર નાંખો અને વિચારો કે આખી કેરીમાં ય અડધી તો સારી છે ને? આપણે એ જ ખાઇશું ! સંભવે છે કે આખી કેરી પણ ખરાબ આવી હોત ! આતો અડધી જ ખરાબ આવી !

'કેરી અડધી ખરાબ છે' એ જેટલું નક્કર સત્ય છે એટલું જ નક્કર એ સત્ય પણ છે કે તે અડધી સારી છે. પ્રથમ સત્યને પકડવા જતાં અસ્વસ્થ થઈ જવાય છે તો બીજું સત્ય જ કેમ ન પકડવું ? શા માટે સ્વસ્થતાને અબાધિત ન રાખવી ?

સ્યાદ્વાદ સર્વત્ર ગુણદૃષ્ટિ વિકસાવીને સમાધાન કરવાની વાત કરે છે.

સુંદરમાં સુંદર ગુલાબને જોઈને પણ મનનો કંગાળ માણસ એની આસપાસ વળગેલા કાંટા જોઈને નિસાસો નાંખે છે. અને બોલી ઊઠે છે....ગુલાબને ય કાંટા વળગ્યા છે.

સ્યાદ્વાદ કહે છે કે આ તે કેવું આત્મહત્યારું દર્શન ! એનાં કરતાં બીજું પણ એક સત્ય ત્યાં ડોકિયાં કરી જ રહ્યું છે એને કેમ ન જોવું ? "કાંટા વચ્ચે ય ગુલાબ મરક મરક ખીલી ઊઠયું છે ! "

જો વસ્તુમાં બે ય બાબતો ઉપસ્થિત છે તો જાતને અશાન્ત બનાવી મૂકે તેવી બાબતનું દર્શન શા માટે કરવું? આને તો આત્મહત્યા જ કહેવાય ને?

પેલા સંત તુકારામના બરડે એની ક્રોધાંધ પત્નીએ એવા જોરથી શેરડીનો સાંઠો ઝીંક્યો કે ત્યાંને ત્યાં શેરડીના બે કટકા થઈ ગયા! એ વખતે તુકારામની સામે બે સત્ય ઉપસ્થિત થયા. એક હતું આગ ભભુકાવે તેવું સત્ય.

બીજું શેરડીના બે કટકા કરવાની મહેનત પત્નીએ દૂર કરી દીધી તે—આનંદનો ઉદધિ ઉછાળે તેવું સત્ય.

તુકારામ તો ઈશ્વરભક્ત હતો. એણે બીજા સત્યને પકડી લીધું....એ ખડખડાટ હસી પડયો.

બીજા એક ભારતીયસંતની પણ આવી જ વાત આવે છે ને કે તે પોતાના શિષ્ય સાથે શહેરના મકાનોની નીચેથી પસાર થઈ રહ્યા હતા. તે વખતે ઉપરના માળેથી કોઈ બાઈએ રાખની ટોપલી ઊંધી વાળી. બધી રાખ પેલા સંતના માથે પડી. પણ તેઓ તો કશું જ બોલ્યા કે અકળાયા વગર આગળ વધ્યા. શિષ્યે પૂછયું, "ગુરુજી! આ શું! આ બાઈને આટલું ય ભાન નથી? જોયા વિના જ રાખ ઝીંકે છે?"

સ્મિત કરતા સંતે કહ્યું, "તું સમજતો નથી? આપણા કર્મો તો એવા છે કે આ રાખ નહિ, ધગધગતા અંગારા જ માથે પડે....પરંતુ એને બદલે ઠરી ગયેલા અંગારાની રાખ જ પડી....આભાર માનને એ કર્મરાજનો!"

કેવી સ્યાદ્વાદ દૃષ્ટિ ! છે વાતમાં કોઈ કલ્પનાનું તત્ત્વ ? જેટલું એ સત્ય છે કે રાખનો ટોપલો પડયો તેટલું પેલું પણ સત્ય જ છે ને કે કર્મો રૂઠે તો અંગારાની જ વર્ષા થાય ?

પહેલું સત્ય અપનાવનારને રાખ પણ અંગારા બનીને દઝાડનારી–કષાયની આગ ભભુકાવનારી–બને....જ્યારે બીજું સત્ય પચાવનારને રાખ પણ લાખ રૂપિયાની નોટોની વર્ષા સમી સુંદર લાગે.

ગમે તે પરિસ્થિતિ, ગમે તે કાળે, ગમે તે રસ્તે આવી પડવાની પૂર્ણ શકયતા છે; કર્મના અણુઓની નીચે ચગદાએલા આત્મા માટે....

એ સ્થિતિમાં જો પોતે સ્યાદ્વાદની સમાધાન દૃષ્ટિને ન પચાવે તો ગમે તેટલા સુખમાં ય સળગતો રહે....જો સ્યાદ્વાદ દૃષ્ટિને પચાવી લે તો ગમે તેવા ભીષણ દુઃખોની આગ વચ્ચે પણ નંદા–પર્વતની ગુલાબી ઠંડીને આશ્લેષતો રહે.

દુઃખમાં ય આનંદ ? હા....દુઃખમાં ય આનંદ....

કાલ્પનિક ?

ના. જરા ય નહિ....સંપૂર્ણ રીતે વાસ્તવિક. એ શી રીતે ?

જે દુઃખ આવે તેનાથી પણ વધુ દુઃખની સંભાવના હોવા છતાં તે નથી આવ્યું....તે ઠોસ સત્યનો વિચાર કરો.

કર્મપરતન્ત્ર આત્માની સામે કોઈ આંખો તગતગાવે એટલું જ શકય નથી, ગાળો ય બોલે, તમાચો ય મારે, પછાડી

પણ માંખે, ડંડો ય ઝીંકે, ધારિયું પણ મારે, લોહીલુહાણ પણ કરે, ગોળી પણ મારે, મારી પણ નાંખે....

બધી વાતમાં બધું જ શક્ય છે. જે શક્ય બન્યુ હોય તે વખતે તેની ઉપરની વધુ દુઃખદ પરિસ્થિતિઓ શક્ય નથી બની તેનો વિચાર કરો. તમાચો જ માર્યો ને ? જમીન ઉપર પછાડી તો નથી દીધો ને ? એમ વિચારો....

રે ! જાનથી મારી જ નાંખે તેવી ગોળી મારે ત્યારે ય થોડા ભાનમાં આવો તે વખતે, "દેહને જ માર્યો છે ને ? આત્માને તો કોઈ મારી શકતું જ નથી. હું તો આત્મા છું, દેહ નહિ...." એવો વિચાર કરો.

અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસિડન્ટ વુડરો વિલસનને કોઈ નિરાશાવાદીએ પૂછ્યું કે, "જગતમાં આટલો બધો ધર્મ હોવા છતાં લોકો ઘણાં દુઃખી કેમ છે ?" પ્રેસિડન્ટે જવાબ આપ્યો કે જો ધર્મ હોવા છતાં લોકો આટલા દુઃખી છે તો ધર્મ જ ન હોત તો કેટલા વધુ દુઃખી હોત ? માટે સમજો કે ધર્મના હોવાથી તો ઘણાં મોટાં દુઃખોની શક્યતાઓ તત્કાળ દૂર થઈ ગઈ છે !"

કેવો સુંદર અને કેટલો બધો વાસ્તવિક વિચાર !

સ્યાદ્વાદદૃષ્ટિના સાગરમાં આશાવાદી વિચારના તરંગો કેવા ભવ્ય ઉછાળા મારી રહ્યા છે !

નિરાશાને ક્યાં ય સ્થાન જ નહિ ! બધું જ આશા-પ્રેરક ચિંતન ! ( Positive thinking )

## ક્લેશને કોઈ અવકાશ જ નહિ !
## સર્વત્ર પ્રેમ-મૈત્રી અને સમત્વ.

કલ્પનાની પાંખે આ વિચારોનું ઉડ્ડયન નથી. સત્યની ધરતીને ખોડંગીને જ ઊભા રહે છે આ વિચારના પગો ! ધરતીથી જરા ય અદ્ધર થયા વિના સદ્ધર બનાવી દે છે માનવનું મન અને માનવનું જીવન.

ભલે ને માથું સખ્ત દુઃખતું હોય ! એ વખતે માથાની તાજગીવાળી દુનિયાને જોઈને દુઃખને નાહક શાને સારુ વધારી મૂકો છો ? માથાના અતિ સખ્ત દુખાવાવાળા, ભીંત સાથે માથું અફાળતા કેન્સરના કે ટયુમરના દર્દીઓની દુનિયા તરફ નજર નાંખો ને ? તમે ઝટ પુકારી ઊઠશો કે, “આ લોકોના માથાના દુઃખાવા પાસે મારો દુઃખાવો તો કશી વિસાતમાં નથી.”

માથે રહેલી કરોડપતિઓની આલમ જોઈને લક્ષાધિપતિએ દુઃખી શા માટે થવું ? એના પગે રહેલી કરોડો રોડપતિઓની આલમને એ કેમ ન જુએ ? એ બધા ય કરતાં બધી રીતે એ ઘણો સુખી છે.... એ વાતના કોઈ ખૂણિયામાં પણ અસત્ય છે ખરું ? જો ના....તો એ શાન્તિદાતા સત્યનો જ વિચાર કેમ ન કરવો ? પેલા કારમી અશાન્તિને સળગાવતા સત્ય તરફ આંખો કેમ મીંચી ન દેવી ? બધી વાતે ઉપર જોવાની માંડવાળ કરો. એમાં ત્રાસ છે.... નીચે જુઓ....તેથી આનંદનો ઉદધિ ઉછાળા મારવાનો છે.

નવું પુણ્ય એકઠું થશે ત્યારે થશે. હાલ તો જે

અલ્પપુણ્ય છે તેની મૂડીમાં જ સંતોષ પામો. મોટી મૂડીની અપેક્ષામાં 'મળેલાનું' સુખ પણ ખોઈ બેસવાનું; અને.... બીજી એક વાતની તમને જાણ છે ને કે જે લોકો મોટા પુણ્યની અપેક્ષા રાખે છે તેઓ મોટા પુણ્યવાળાઓની ઈર્ષ્યાના અગ્નિથી દાઝતા–બળતા જ રહે છે. આમ તેમને તો બે બાજુની આગ ભરડામાં લે છે. પોતાના અલ્પપુણ્યની અસં-તોષની આગ અને પરાયાના મહાપુણ્યની ઈર્ષ્યાની આગ.

સ્યાદ્વાદને સ્પર્શો....આ બે ય આગ શાંત થઈ જશે. એ તમને પાઠ શીખવશે કે તમારા કરતાં પણ અલ્પ પુણ્યવાળાઓને જોવા નીચે તો નજર નાંખો....એમની અપે-ક્ષાએ તમે મહાસુખી છો એ સત્યની તરફ આંખ કેમ મીંચી દો છો ?

એક જ વાત....ઊંચે જોવાની માંડવાળ કરો.... નીચે જોવાની કળા શીખી લો.

તમારા માથા ઉપર કોઈ દુનિયા છે એમ તમારા પગમાં પણ એક વિરાટ દુનિયા ખડકાઈ છે.

હવે ક્યાં જોવું એ જ પ્રશ્ન છે ને ? બહુ સરળ એનો ઉત્તર છે કે જ્યાં જોવાથી પ્રાપ્તસ્થિતિમાં 'આનંદ' જળવાઈ રહે ત્યાં જ જોવું.

સ્યાદ્વાદનો આ પ્રાણવાન્ વ્યવહારુ સિદ્ધાન્ત છે. જેણે આ વિચારને અપનાવ્યો છે એમણે કલેશની કબર ખોદી છે. ઈર્ષ્યાનો હવન કર્યો છે. શાન્તિના એ દૂત બન્યા છે. સહુને એમણે શાન્તિનું જ પ્રદાન કર્યું છે.

પેલા સંતની વાત નથી જાણુતા? તે હતો ભગવાનનો માણુસ. સહુ તેની ભલમનસાઇનો લાભ ઉઠાવે. કયારેક ગમ્મત પણ કરે....

એક વાર કોઈ સજ્જને પૂછ્યું, "આપને મનમાં કાંઈ જ ઓછું આવી જતું નથી? પરિસ્થિતિ તો એવી છે કે આપને જરૂર અકળાવી મૂકે?"

સંતે સસ્મિત ઉત્તર આપ્યો, "એટલે શું મારે એ મશ્કરા લોકો ઉપર ક્રોધ કરવો? ભલા, ક્રોધ શું કરું? ઉપર જોઉં છું અને વિચાર આવે છે કે એક દી મારે બધું સમેટી લઇને અહીંથી ચાલ્યા જ જવાનું છે. નીચે ધરતી ઉપર જોઉં છું ત્યારે મને મળી જતી ૩ા હાથથી વધુ જગાની મારે જરૂર નથી એમ લાગે છે. આજુબાજુ નજર નાંખું છું ત્યારે મારા કરતાં મહાદુઃખિતોની દુનિયા દેખાય છે એ જોતાં મને થાય છે કે હું તો ઘણો જ સુખી છું. હવે ભલા, તમે જ કહો કે મને ક્રોધ આવે જ શી રીતે?"

આનું નામ સ્યાદ્વાદ! એક અપેક્ષાએ અમુક પરિસ્થિતિ ઉકળાટજનક હોવા છતાં બીજી અનેક અપેક્ષાઓથી એ જ પરિસ્થિતિ આનંદજનક બને છે; તો જાતના આનંદ ખાતર એ પરિસ્થિતિઓનું દર્શન કેમ ન કરવું?

પ્રત્યેક વસ્તુમાં અનન્તધર્મો છે, પ્રત્યેક વ્યક્તિના અનંતસ્વરૂપો છે. આપણે તે જ ધર્મો અને સ્વરૂપોને નજરમાં લાવીએ જે આપણુને સ્વસ્થ બનાવી રાખે...., આનંદપ્રદ બને.

વસ્તુની અગણિતધર્માત્મકતા માટે એક દૃષ્ટાન્ત આપું.

એ હતા બાવાજી. એમની પાસે એક રજાઈ હતી. કોઈ પોલિસે જ એની ચોરી કરી. રક્ષક જ ભક્ષક બન્યો.

બીજા પોલીસોને દયા આવી ગઈ. બાવાજીને સમજાવીને ફરિયાદ નોંધાવવા ફોજદાર પાસે લઈ ગયા. ફોજદારે પૂછ્યું, "બાવાજી ! શું ચોરાયું છે ?"

ઉ—"રજાઈ."

પ્ર—"બીજું કાંઈ ?"

ઉ—"હા. પછેડી."

પ્ર—"વળી કાંઈ ?"

ઉ—"હા. જરૂર. પથારી."

પ્ર—"બીજું કાંઈ ?"

ઉ—"ઓશીકું"

પ્ર—"વળી કાંઈ ?"

ઉ—"હા. આસન, છત્રી અને ધોતી."

જે પોલીસ–ચોરે બાવાજીની એક જ વસ્તુ ઉઠાવી હતી તે ત્યાં જ હતો. બાવાજીના જૂઠથી એ અકળાઈ ગયો. ઝટ ઘરે જઈને રજાઈ ઉપાડી લાવીને બાવાજી તરફ ફેંકી અને તરત બરાડી ઊઠ્યો, "અય ! બાવા....આ જ તારી રજાઈ ને ?"

બાવાએ હકારસૂચક માથું હલાવીને રજાઈ ખભે નાંખીને ચાલવા માંડ્યું. એ વખતે ફોજદારે કહ્યું, "બાવાજી !

ચાલવા કેમ લાગ્યા ? હજી તો બીજું બધું મેળવવાનું બાકી છે ને ?"

બાવાએ કહ્યું, "ના. બધું મળી ગયું."

"એ શી રીતે ?" ફોજદારે સાશ્ચર્ય પૂછ્યું.

બાવાજીએ કહ્યું, "સાંભળો, જ્યારે આ વસ્તુ ઓઢું છું ત્યારે મારી રજાઈ બને છે. માથે ભાર ઊંચકતા આને પછેડી બનાવું છું. સૂતી વખતે મારી પથારી બને છે. માથે મૂકું તો ઓશીકું ! પાથરીને બેસું તો આસન ! તડકે માથે રાખું તો છત્રી ! અને પોતડી ધોવા કાઢતાં પહેરી લઉં ત્યારે ધોતી !"

ફોજદાર તો સ્તબ્ધ થઈ ગયો ! બાવાજીને ખુશીથી જવા દીધા.

એક જ વસ્તુના કેટલા બધા ધર્મો ! એ રજાઈ પણ કહેવાય ! પથારી ય કહેવાય ! છત્રી, ધોતી અને પછેડી પણ કહેવાય.

હવે આ વસ્તુને કોઈ છત્રી તરીકે જ પકડી લે અને ધોતી તરીકે કોઈ દર્શાવે તો તેની સાથે ઝગડી પડે તો કેમ ચાલે ? બે ય સાચા છે. એ વસ્તુ છત્રી પણ છે અને ધોતી પણ છે. ભિન્ન ભિન્ન અપેક્ષાએ એકે ય ની વાત ખોટી નથી.

વસ્તુ માત્ર અગણિત ધર્માત્મક હોય એટલે વસ્તુ માત્રના અગણિત સ્વરૂપો હોય જ. પછી તેના એક જ

સ્વરૂપને પકડવું અને તે સ્વરૂપને જ સત્ય માની લેવું, બીજા બધા સ્વરૂપોનો ચોખ્ખી ભાષામાં ઈન્કાર કરી દેવો એ, જરા ય ઉચિત ન ગણાય. જો આવો ઈન્કાર કરવામાં ન આવે અને અમુક એક સ્વરૂપને પ્રાધાન્ય આપીને એનું વિશિષ્ટ નિરુપણ કરવામાં આવે તો હજી પણ વાંધો નથી.

કેમકે એ માણુસ એક વાર બીજી પણ વસ્તુઓને એની અપેક્ષાનું મહત્ત્વ આપવા જરૂર પ્રેરાશે.

આથી જ બીજી અપેક્ષાઓના ધિક્કાર વિનાના એક અપેક્ષાના નિરુપણને નયનિરુપણ કહેવાય છે. આ નયનિરુપણ પ્રમાણની સન્મુખ હોવાથી ખૂબ જ ઉપાદેય ગણાય છે. પરન્તુ જે નિરુપણમાં બીજી અપેક્ષાઓને ધિક્કારી દેવામાં આવે છે તે નિરુપણને દુર્નય વચન કહેવાય છે. જિનાગમોમાં આવા ધિક્કાર ભાવપૂર્વકના–કદાગ્રહભર્યા નિરુપણને મિથ્યાત્વ ભાવવાસિત નિરુપણ કહ્યું છે.

આ જ કારણે સ્યાદ્વાદમય જિનદર્શનને સર્વ દર્શનોની નદીઓના સંગમરૂપ સમુદ્રની ઉપમા આપવામાં આવી છે. તે તે અપેક્ષાને પ્રાધાન્ય આપીને તે તે દર્શનોએ વસ્તુની એકેકી બાજુનું નિરુપણ કર્યું. જ્યારે જિનદર્શને વસ્તુનું સર્વગ્રાહી નિરુપણ કર્યું.

સાત નયોમાંથી એક ઋજૂસૂત્રનયને અવલંબતા બૌદ્ધમતનો જન્મ થયો, સંગ્રહનયમાંથી વેદાન્ત અને સાંખ્યમત પ્રગટ થયો, નૈગમનયથી યોગ અને વૈશેષિક

મતનો ઉદ્ભવ થયો અને શબ્દનયથી શબ્દાદ્વૈત મતનો પ્રાદુર્ભાવ થયો.

દરેક દર્શન એકેકા નયના અવલંબનમાંથી પ્રગટ થયું. આ બધાય નયના સમૂહરૂપ જિનદર્શન છે. સર્વ નયોને સ્વીકારતો સ્યાદ્વાદ એની આધારશિલા છે.

બૌદ્ધમતની ક્ષણિકતા, વેદાન્તની અદ્વૈતતા વગેરે બધું ય જૈનદર્શનને માન્ય છે. છતાં બૌદ્ધમત એ જિનમત એટલા માટે નથી કે બૌદ્ધમતનો એ ક્ષણિકવાદ એકાન્તને પકડી લે છે; વેદાન્તનો એ અદ્વૈતવાદ કદાગ્રહગ્રસ્ત બન્યો છે.

જિનદર્શનનો સ્યાદ્વાદ તો કહે છે કે બૌદ્ધમતના ઋજૂસૂત્રનયની દૃષ્ટિએ આત્મા બેશક ક્ષણિક છે પરન્તુ એકાન્તે ક્ષણિક નથી; કેમકે નૈગમનયની અપેક્ષાએ આત્મા નિત્ય પણ છે.

દરેક દર્શન પરસ્પર લડે છે. સ્યાદ્વાદદર્શન એ બધાયને તે તે અપેક્ષાથી સાચા કહીને, કોઇને પણ ખોટા નહિ કહેવાની વાત સમજાવીને શાન્ત પાડવાનું કામ કરે છે.

સ્યાદ્વાદને કોઈ પણ દર્શનના મૂળભૂત પદાર્થના ચિંતન સાથે વિરોધ નથી. પરન્તુ તે ચિન્તનમાં જો કદાગ્રહ સેવવામાં આવે તો તે કદાગ્રહની સામે મજબૂત વિરોધ છે. "હું જ સાચો....બીજા બધા ખોટા." એવા કદાગ્રહભાવ તરફ જ સ્વાદ્વાદને ભારે અરુચિ છે.

સ્યાદ્વાદના પ્રસ્તુત સ્વરૂપને જેઓ સારી રીતે સમજશે તેમને સ્પષ્ટ રીતે જણાઈ આવશે કે, કાનજીભાઈએ આત્માને દેહથી એકાન્તે ભિન્ન કહેવાની, જડની કોઈ અસર આત્મા ઉપર છે જ નહિ એમ કહેવાની જે વાતો ઉપાડી છે તે વાતો નિશ્ચયનયની હોવા છતાં 'એકાન્ત'ના દોષથી ખરડાઈ ચૂકેલી છે.

જો એ વાતોમાંથી કાનજીભાઈ 'એકાન્ત' દૂર કરી દે —કદાગ્રહને બાજુ ઉપર મૂકી દે—તો ઘણું સુંદર થઈ જાય. પરન્તુ તેમણે હવે એવી ઝીંક લેવા માંડી છે કે એના ઝનૂનમાં એઓ 'એકાન્ત'ના વિધાનનો ત્યાગ કરીને વ્યવહારનયનું તેના સ્થાનનું મહત્ત્વ સ્વીકારવા તયાર થઈ શકે તેમ નથી.

કાનજીભાઈનો એ એકાન્ત જે નિશ્ચયનયને દુષિત કરે છે તે નિશ્ચયનયની સાથે ઊભેલો વ્યવહારનય શું છે ? તે હવે આપણે જોઈએ.

# નિશ્ચયનય : વ્યવહારનય

## [૨]

એક હતું વન.

વસતું હતું ત્યાં સિંહ-સિંહણનું એક યુગલ.

એક વખત સિંહણે બચ્ચાને જન્મ આપ્યો.

એ જ વખતે બકરાંનાં ટોળાંને લઈને એક ભરવાડ ત્યાં આવ્યો.

સિંહણ બેભાન પડી હતી. સિંહ ત્યાં ન હતો. ભરવાડે પરિસ્થિતિનો લાભ ઉઠાવ્યો.

નવપ્રસૂત બચ્ચાને ઉપાડી લઈને ચાર પગે ઊપડી ગયો ગામ ભણી.

બકરાંનાં ટોળામાં સિંહશિશુ ઊછરવા લાગ્યું.

બચ્ચુ તો સિંહનું હતું પણ એણે પોતાને બકરું માની લીધું.

બાળ બકરાંની જોડે રમે છે, ઘાસ ખાય છે, પાણી પીએ છે અને બકરાની જેમ બેં બેં કરતું દોડાદોડ કરે છે.

મહીનાઓ વીતી ગયા.

પોતે સિંહ છતાં પોતાને બકરું માનતું આ બાળ પોતાની જાતને વીસરી ગયું; સાવ જ વીસરી ગયું.

પણ...

એક દી આવ્યો.

સહુ ચરતા હતા ચારો, સાથે રહીને બેં બેં કરતાં દોડતાં હતાં, આમથી તેમ દિલમાં દિલ મિલાવીને.

ત્યાં એક ત્રાડ પડી. બધાં ય બકરાં-બકરી સ્તબ્ધ થઈ ગયાં, સહુના ગાત્ર કમ્પવા લાગ્યાં.

સહુએ ઊંચે જોયું. એક વિકરાળ સિંહ. હાય ! હવે શું થશે ? મોતનું ભૂત આંખ સામે નાચતું દેખાયું.

જીવ બચાવવા સહુ જીવ લઈને દોડયા. પણ આ શું ? પોતાને આજ સુધી બકરું માનતું સિંહશિશું કેમ દોડતું નથી ? પેલા સિંહની સામે ટગર ટગર કેમ જોઈ રહ્યું છે ?

સિંહશિશુના અંતરમાં એક અગમ્ય વલોપાત જાગી ગયો સિંહના દર્શને !

પોતાનું કલ્પિતસ્વરૂપ આજે વેરવિખેર થતું હતું.

" રે ! હું કોણ ? " પહેલો પ્રશ્ન એનાં લમણે ઝીંકાયો !

" શું હું બકરું નહિ ? "

અંતરમાંથી અવાજ આવ્યો. " ના. ના. જરાય નહિ."

" તો હું કોણ ? "

" શું હું 'તે' છું ? સામે જે સિંહ છે તે હું છું ? "

" હા, જરૂર. જરૂર. " અંતર પુકારી ઊઠયું.

અને....અને....

એકદમ ત્રાડ નાંખી, આજ સુધી બેં બેં કરતા સિંહના બચ્ચાએ.

એ ચારે પગે કૂદ્યું....આગભરી મસ્તી એના રામરામમાં પ્રગટ થઈ. એ મસ્તીને એ જીરવી ન શકયું. એ દોડી ગયું.

જઈને ઊભું રહ્યું પેલા સિંહની પાસે. “ રે ! ‘હું’ તો તો ‘ તું ’ જ છું. હા. હા. તું તે જ હું. જરૂર. જરૂર. આપણા બેય ના સ્વરૂપમાં અસાધારણ સામ્ય દેખાય છે! ” સિંહની સામે એકીટશે જોતી આંખો બરાડી ઊઠી.

પણ ત્યાં તો મને બળવો પુકાર્યો ! સિંહગર્જના કરતું એ મન બોલી ઊઠ્યું, “નહિ નહિ. હું તે હું જ છું. તું પણ હું નહિ. તું; તું છે; હું, હું છું. અથવા તું હું એક જ છીએ માટે હું, હું જ છું.”

આ નાનકડું દષ્ટાન્ત નિશ્ચયનય અને વ્યવહારનયનું સ્વરૂપ સમજાવવા માટે ઠીકઠીક ખોરાક પૂરો પાડે છે.

પ્રસ્તુત પ્રકરણમાં બે ય નયથી આપણે માત્ર આત્માનું સ્વરૂપ વિચારીશું; કેમકે આત્માના સ્વરૂપનો જ અહીં વિચાર કરવાનું આવશ્યક છે.

વસ્તુના વાસ્તવિક સ્વરૂપનો વિચાર કરવાનું કાર્ય નિશ્ચયનયનું છે. નિશ્ચયની દૃષ્ટિ વસ્તુના શુદ્ધ સ્વરૂપને જ જુવે છે અને એમાં એને જે દેખાય તે જણાવે છે. જ્યારે

વ્યવહારનયની દૃષ્ટિ એજ વસ્તુનું વ્યાવહારિક સ્વરૂપ શું છે તેની સામે જોઈને વસ્તુના સ્વરૂપનું નિરુપણ કરે છે.

નિશ્ચયનય અને વ્યવહારનય–બન્ને ય એ એક એક નય છે; એ કાંઈ પ્રમાણ નથી; એટલે આ બંને ય નય પોતપોતાના વિચારને વળગી રહે છે. પ્રત્યેક નયને બીજા નયની વાત સાથે ઝાઝી નિસ્બત હોતી નથી. એની દૃષ્ટિ તો માત્ર પોતાની વાતને મજબૂત રીતે રજૂ કરવામાં જ કેન્દ્રિત થતી હોય છે. હા, પોતાની વાતને જોરદાર રીતે રજૂ કરવા જતાં એ બીજા નયના વિચારનું ખંડન કરવા પણ પ્રેરાય એ બને પરન્તુ એ ખંડન પરકીયનયના ખંડન માટેનું નથી હોતું પરન્તુ સ્વમતના મંડન માટે પૂરતું હોય છે.

આમ નિશ્ચયનય સ્વમતની પુષ્ટિ માટે સ્વમતનું મંડન કરવા વ્યવહારનયનું ખંડન પણ કરે, અને વ્યવહારનય સ્વમતની પુષ્ટિ માટે સ્વમતનું મંડન કરવા નિશ્ચયનયનું ખંડન પણ કરે પણ તેટલા માત્રથી એમ ન સમજી લેવું કે આ નયો એકબીજાને ધિક્કારી રહયા છે....ના, ધિક્કારમાં પરિણમતું ખંડન તો ખંડન માટેનું જ ખંડન હોય છે. જ્યારે સ્વમંડનમાં પરિણમતું ખંડન એ મંડન માટેનું ખંડન હોય છે. આવી સ્થિતિ જ્યાં સુધી બની રહે ત્યાં સુધી જ નય તે નય બની રહે છે. આંશિક સત્ય બની રહે છે, પ્રમાણને પ્રાપ્ત કરાવવાનું સાધન બની રહે છે.

જ્યારે કોઈ નય પરકીયનયનું ખંડન કરવા જતાં ધિક્કારની ભાવનામાં જ એ ખંડનને પરિણમાવવાની ગંભીર

ભૂલ કરી બેસે ત્યારે તે નય, નય મટી જઈને દુર્નય બની જાય છે. હવે એ દુર્નય અસત્ય બનેછે. એનાથી પૂર્ણસત્ય–પ્રમાણ–ની સન્મુખ થઈ શકાતું નથી.

ભૂમિકાની આટલી વાત સ્પષ્ટ કરીને આપણે આગળ વધીએ.

નિશ્ચયનયના પણ બે પ્રકાર છે. શુદ્ધનિશ્ચયનય અને અશુદ્ધ નિશ્ચયનય. એ રીતે વ્યવહારનયના પણ બે પ્રકાર છે. અનુપચરિત વ્યવહારનય, અને ઉપચરિત વ્યવહારનય.

આમ બે નયના ચાર નય થયા.

આ ચારે ય નયને પૂછો કે તમારી દૃષ્ટિએ આત્મા (૧) પર્યાયથી ભિન્ન છે કે અભિન્ન ? (૨) કર્મથી ભિન્ન છે કે અભિન્ન ? (૩) શરીર વગેરેથી ભિન્ન છે કે અભિન્ન ? તમને ચારે ય ના જવાબ જુદા જુદા મળશે. કેમકે દરેકનો દૃષ્ટિકોણ જ જુદો છે. શુદ્ધ નિશ્ચય નય તો આત્મા સિવાય બીજી કોઈ વસ્તુ જ માનતો નથી. આત્માને સચ્ચિદાનંદ સ્વરૂપ જ માને છે. એ કહે છે કે આત્મા સ્વયં પર્યાયમય છે, સુખમય છે, એને કર્મ જેવો કોઈ જડ વળગાડ લાગ્યો જ નથી, કદી એ કર્મથી બંધાયો જ નથી, એ તો સદા કર્મમુક્ત છે. માટે જ એ કર્મનો કર્તા પણ નથી અને કર્મનો ભોક્તા પણ નથી. સદા શુદ્ધ, બુદ્ધ અને મુક્તજીવના સિદ્ધ અને સંસારી એવા બે ભેદ જ કેમ પડી શકે ?

અશુદ્ધ નિશ્ચયનય કહે છે કે આત્મા પર્યાયમય નથી પરંતુ પર્યાયવાન્ છે. સુખાદિવાળો છે, સુખ દુઃખાદિ પર્યાયોનો કર્તા છે અને ભોક્તા પણ છે.

અનુપચરિત વ્યવહારનય કહે છે કે આત્મા કર્મમય છે, કર્મથી સુખદુઃખાદિવાળો છે. અને પુણ્યપાદિકર્મનો કર્તા-ભોક્તા પણ છે.

ઉપચરિત વ્યવહારનય કહે છે કે આત્મા દેહમય છે, શરીર ધનાદિના કારણે સુખદુઃખાદિવાળો છે, શરીરાદિનો કર્તા–ભોક્તા પણ છે.

નિશ્ચયનય કહે છે કે આત્મા જ્ઞાન આદિ ગુણોથી સ્વરૂપ જ છે. જ્ઞાનાદિવાળો નથી. જ્યારે વ્યવહારનય તો આત્માને જ્ઞાનાદિવાળો માને છે. શુદ્ધનિશ્ચયનયની દૃષ્ટિથી આત્મા એક જ છે. જગતમાં બીજો કોઈ આત્મા જ નથી. જ્યારે વ્યવહારનય તો એક બીજા આત્માને ભિન્ન ભિન્ન માને છે. જગતમાં અનંત આત્માઓનું અસ્તિત્વ સ્વીકારે છે.

નિશ્ચયનયથી દેહને આત્મા સાથે કંઈ લાગતું–વળગતું નથી; જ્યારે વ્યવહારનયથી તો આત્મા દેહસંબદ્ધ છે.

આ બધા ય તે તે નયના તે તે દૃષ્ટિબિંદુઓ છે. આમાંના એકના પણ દૃષ્ટિબિંદુને એમની અપેક્ષાથી ખોટો કહી ન શકાય.

આત્મા કર્મમુક્ત છે એમ આત્મા કર્મયુક્ત પણ છે. નિશ્ચયનયની દૃષ્ટિથી આત્માનું પોતાનું મૂળ સ્વરૂપ કર્મ-વિહોણું જ છે. એને એક પણ કર્મ લાગ્યું જ નથી.

પરન્તુ વ્યવહારનય તો આત્માના વ્યવહારુ સ્વરૂપ તરફ જુવે છે એટલે એ કહે છે કે જો આત્મા કર્મમુક્ત જ હોય તો તે સિદ્ધપદ પામી ગયો હોય પરન્તુ જે આત્મા સંસારી અવસ્થામાં જોવા મળે છે એ આત્માઓને કર્મમુક્ત કેમ કહી શકાય? એમને તો કર્મયુક્ત જ જાણવા જોઈએ.

શુદ્ધનિશ્ચયનયથી તો આત્મા પોતે જ પોતાના વડે પોતાના માટે, પોતાનાથી, પોતાનામાં શુદ્ધ છે, બુદ્ધ છે અને મુક્ત છે.

જગતમાં આત્માને કોઈ વડે, કોઈ માટે, કોઈથી, કોઈમાં કશું જ કરવાનું હોતું નથી. વ્યવહારનય કહે છે કે આવી વાત વ્યવહારમાં જોવા મળતી નથી. આત્મા ઉપર નિમિત્તની તો જોરદાર અસરો છે, આત્મા દેહાદિ માટે કાંઈક કરે પણ છે, માટે આત્મા સિવાય કોઈનો પણ આત્મા ઉપર ઉપકાર જ ન માનવો એ વાત વ્યવહાર-સંગત નથી થતી માટે માની શકાય નહિ.

આ બે ય નયોની સાપેક્ષ વિચારણાથી સમજાય છે કે આત્મા સ્વરૂપથી તો સિંહ છે, પરન્તુ કર્મના યોગે પોતાને બકરી માની બેઠો છે. એથી જ એ વિષયકષાયના ઘાસ ખાય છે અને અહંભાવથી બેં બેં કર્યા કરે છે. જ્યારે આ આત્માને પરમાત્માનું સ્વરૂપ દેખાડી દેવામાં આવે ત્યારે જ એને પોતાનાં એ પરમાત્મસ્વરૂપનું ભાન થઈ જાય છે. પછી એ પેલાં ઘાસ ખાવાનું અને એ બેં બેં કરવાનું બંધ કરી દે છે.

આમ શુદ્ધ નિશ્ચયદૃષ્ટિથી જીવમાત્રનું શુદ્ધસ્વરૂપ અને જીવમાત્રનું એકત્વ જેટલું સાચું છે તેટલું જ સાચું વ્યવહારદૃષ્ટિનું જીવમાત્રનું અશુદ્ધસ્વરૂપ અને જીવમાત્રનું અનેકત્વ સાચું છે. આપણે એકે ય વાતનો અપલાપ કરી શકીએ તેમ નથી.

જીવ માત્ર જીવત્વ ગુણથી સમાન હોવા છતાં એક શ્રીમંત છે, બીજો ભિખારી છે. એક નિરોગી છે, બીજો રોગી છે. એક પિતા છે, બીજો પુત્ર છે. એક ગુરુ છે, બીજો શિષ્ય છે ઇત્યાદિ ભેદો જોવા તો મળે જ છે. તો શું આ ભેદદર્શન એ નર્યું ગપ્પ છે? શું સ્ત્રી એ સ્ત્રી જ નથી? શું માતા એ માતા જ નથી? શું સ્ત્રી અને માતા બે ય જીવ હોઇને સમાન છે? શું એવી સમાનતાની રૂએ એ બે ય જીવ સાથે તુલ્ય વ્યવહાર થઈ શકે ખરો ?

જગતના જેટલા પુરુષો પોતાની પત્ની અને માતા તરફ અસમાન વ્યવહાર રાખતા હોય તે બધાએ વ્યવહાર નયને પણ માન્ય કર્યો કે નહિ? નિશ્ચયનયના સ્વરૂપની વાત ભલે તેઓ કરે પરન્તુ તેમણે ય વ્યવહારનયને અમાન્ય તો ન જ કર્યો ને? તો પછી વ્યવહારનયને અસત્ય—ઉપચાર—નકામો—મિથ્યા કહીને વખોડી કેમ શકાય?

જેટલું નિશ્ચયનયનું મન્તવ્ય સત્ય છે એટલું જ વ્યવહારનયનું મન્તવ્ય સત્ય છે. બેય ને પોતપોતાની અપેક્ષાએ તદ્દન સાચા કહેવા જ જોઇએ.

હા, નિશ્ચયનયની દ્રષ્ટિથી વ્યવહારનય ઉપચરિત— નકામો—

મિથ્યા—અસત્ય જરૂર કહી શકાય, પરન્તુ વ્યવહારનયની અપેક્ષાથી તો વ્યવહારનય તદ્દન સાચો ખરો જ ને ?

વળી વ્યવહારનયની દૃષ્ટિથી તો નિશ્ચયનય પણ નકામો —મિથ્યા—અસત્ય ક્યાં નથી ?

એટલે 'વ્યવહારનય ઉપચાર છે વસ્તુચિંતનમાં નિરુપયોગી છે, મિથ્યા છે' એવું કથન નિશ્ચયનયની દૃષ્ટિથી જરૂર મંજૂર છે; પણ કોઈ એ કથનને એકાન્તિક બનાવતું હોય તો તે કથન જરાય મંજુર ન હોઈ શકે.

સ્થૂલદૃષ્ટિ જીવને એમાં અનેક ગૂંચોનાં જાળાં દેખાય છે, સૂક્ષ્મદૃષ્ટા તો એ જાળાંઓનાં તંતતંતમાં અદ્ભુત ગૂંથણીનું દર્શન કરી આનંદઘેલો બની જાય છે. સાચે જ નિશ્ચયવ્યવહારની ગૂંચોના જાળામાં અનંત આત્માઓ ફસાયા, અનંત સંસારની ભેંકાર ખીણમાં પટકાયા ! ગુરુગમ વિના એ ગૂંચ ઊકલતી નથી. સ્વયં ઉકેલવા જનાર એમાં વધુ ને વધુ ફસાતો જ રહે છે. આજે આપણે એ નિશ્ચય વ્યયહાર ઉપર જ કાંઈક વિચારવું છે.

નિશ્ચયદૃષ્ટિ એ વસ્તુમાત્રનું વાસ્તવ સ્વરૂપદર્શન છે જ્યારે વ્યવહારદૃષ્ટિ એ વસ્તુસ્વરૂપનો સાક્ષાત્કાર કરવા માટેનું જરૂરી ( વ્યવહારુ ) સાધન છે.

નિશ્ચયદૃષ્ટિથી આત્મા શુદ્ધ, બુદ્ધ અને મુક્ત છે, સચ્ચિદાનંદસ્વરૂપ છે; પરંતુ વ્યવહારદૃષ્ટિથી એ અશુદ્ધ, અબુદ્ધ અને કર્મથી બદ્ધ છે. બેય દૃષ્ટિ સાચી છે, બેય દૃષ્ટિ ખોટી પણ છે.

પોતપોતાના સ્થાને પોતે સાચા, બીજાના સ્થાને પોતે ખોટા છે. નિશ્ચયદૃષ્ટિથી વ્યવહારદૃષ્ટિ મિથ્યા છે, વ્યવહારદૃષ્ટિથી નિશ્ચયદૃષ્ટિ પણ એટલી જ મિથ્યા છે.

પર્વતની ટોચે ઊભેલાને તળેટીના માણસો વહેંતિયા જેવડા લાગે છે અને તળેટીએ ઊભેલા માણસને તે જ માણસો સાડાત્રણ ફૂટના લાંબા લાગે છે. બેમાં કોણ ખોટું ? કોણ સાચું ? તમારે કહેવું જ પડશે કે અમુક અમુક દૃષ્ટિએ બેય ખોટા છે, અમુક દૃષ્ટિ બેય સાચા છે.

નિશ્ચયદૃષ્ટિ પોતાના સ્થાને જેટલી બળવાન છે, જેટલી સાચી છે એટલી જ બળવાન અને એટલી જ સાચી વ્યવહારદૃષ્ટિ છે. તમે મગર અને હાથીની વાત સાંભળી હશે. સ્થળ ઉપર રહેલા હાથીએ પોતાનો પગ પાણીમાં મૂકયો. મગરે તે પગ પકડી લીધો. હાથી વિચાર કરે છે, ' સ્થળમાં હું બળવાન' મગર વિચારે છે, ' જળમાં હું બળવાન. ' સ્થળમાં બળવાન હાથી જળમાં તો તદ્દન દુર્બળ છે; જળમાં બળવાન મગર સ્થળમાં એટલો જ દુર્બળ છે. બેય બળવાન છે. બેય દુર્બળ છે. ટૂંકમાં કહેવાનો આશય એ છે કે આપણે નિશ્ચયને સત્યનું સ્વરૂપ કહીએ છીએ અને આરોપાત્મક કહીને વ્યવહારને અસત્ય સ્વરૂપ માનવા પ્રેરાઇએ છીએ. આપણી આત્મહત્યા માટેની આ ભયાનક ભ્રમજાળ છે. બેશક, નિશ્ચયના ચશ્માથી વ્યવહાર એ અસત્ય છે પણ એ વાત કેમ ભૂલી જવાય છે કે વ્યવહારના ચશ્માથી નિશ્ચય પણ એટલો જ અસત્ય છે.

શાસ્ત્રમાં તો જે સ્થાને જે નયને પુષ્ટ કરવો હોય તે નયને જ મહત્ત્વ આપી દેવામાં આવે. પરન્તુ તેટલા માત્રથી તે નયની જ વાત એકાન્તે સાચી છે; બીજા નયોની વાત જૂઠી જ છે એમ કદી ન કહી શકાય.

જ્યારે શાસ્ત્રમાં દાનધર્મનું વર્ણન ચાલતું હોય છે ત્યારે દાન જ ધર્મ છે, દાન વિના મોક્ષ સંભવે નહિ.....વગેરે વગેરે વાતો જોરશોરથી રજૂ કરવામાં આવે છે.

વળી ક્યાંક શીલધર્મનું વર્ણન આવે ત્યારે ત્યાં શીલ જ ધર્મ છે, શીલવિહોણા માનવોના બીજા બધા ય ધર્મો નિષ્ફળ છે...વગેરે વગેરે વાતો જણાવવામાં આવી હોય છે. એ જ રીતે તપધર્મ અને ભાવધર્મની મહત્તાઓ પણ બતાવવામાં આવી છે.

હવે કોઈ માણસ દાનધર્મનું વર્ણન વાંચીને 'દાન જ ધર્મ છે' એવા શાસ્ત્રવચનને પકડીને તેને એકાન્તથી દૂષિત કરી દે અને શીલ વગેરે ધર્મો જ નથી એમ કહીને શીલાદિ-ધર્મોને ધિક્કારી દે તો તે કેમ ચાલે?

એ જ રીતે શીલધર્મનું ગૌરવ વાંચીને કોઈ તેને જ એકાન્તે પકડી લે અને દાનાદિ ધર્મોને ધિક્કારે તોય કેમ ચાલે?

દાનાદિ ધર્મોના વર્ણન તો નયદૃષ્ટિપૂર્વકના હોય છે એટલે તે તે નય પોતાને માન્ય ધર્મની મહત્તાને ભલે જોરશોરથી વર્ણવે છતાં બીજા ધર્મો તરફ તેને ધિક્કાર ભાવ તો ન જ હોય, હા; આંખમીંચામણા જરૂર હોઈ શકે

પણ આ વાતને સમજ્યા વિના કદાગ્રહથી કોઈ એક જ વાતને પકડી લે તો તે વિચાર નયવિચાર ન બની રહેતાં દુર્નયવિચાર બની જાય.

આવા વર્ણનો વાંચીને આ રીતનું સમાધાન કરવું જ જોઈએ કે હા, દાન જ ધર્મ છે. પણ મુખ્યત્વે ધનવાનની અપેક્ષાએ.

હા, શીલ જ ધર્મ છે પણ વ્યભિચારી માણસની અપેક્ષાએ.

હા, તપ જ ધર્મ છે પણ રસલોલુપી આત્માની અપેક્ષાએ.

જો આવી અપેક્ષાને વિચારવામાં ન આવે તો

ધનવાનો પણ શીલને જ ધર્મ તરીકે પકડી લઈને 'દાન' ધર્મથી વંચિત બની જાય.

રસલોલુપીઓ દાનને જ ધર્મ માનીને તપધર્મથી વંચિત રહી જાય.

વ્યભિચારી માણસો દાનથી જ કૃતકૃત્યતા માની લે.

જેવું દર્દ તેવું ઔષધ.

કોઈ પણ ઔષધ ઉપર એકાન્ત હિતકારકતા ઠોકી ન બેસાડાય.

આયુર્વેદના ગ્રંથમાં હજારો ઔષધિઓની મહત્તાઓ ગાવામાં આવી છે. જ્યારે હરડેનું વર્ણન કર્યું છે ત્યારે કહ્યું છે કે "યસ્ય નાસ્તિ જગતિ માતા તસ્ય માતા હરિતકી, કદાચિત્ કુપ્યતિ માતા, ન કદાચિત્ હરિતકીઃ જગતમાં જેની કોઈ

માતા નથી તેની માતા હરિતકી છે, હજી જન્મદાત્રી મા ગુસ્સે ભરાય પણ હરડે–મા તો કદી ગુસ્સો ન કરે.

બીજી એક જગાએ અજમાના ગુણ ગાતાં કહ્યું છે. કે "જગતમાં મુખ્યત્વે ત્રણ જ માતાઓ છે. જન્મદાત્રી મા, ચુરમા અને અજમા."

હવે જુઓ મજા....અહીં માતા હરડેને તો યાદ જ કરવામાં આવી નથી.

અન્યત્ર દૂધને અમૃતની ઉપમા આપી છે. તો બીજે કયાંક છાશને અમૃત કહ્યું છે.

આવી તો અનેક વાતો છે કે જેને નિરપેક્ષ રીતે વિચારતાં આપણું મગજ ચક્કરમાં જ પડી જાય.

આ બધી વાતોનો મેળ બેસાડવો હોય, ઉક્ત બધી સાચી વાતોને સાચી જ ઠરાવવી હોય તો સાપેક્ષ રીતે વિચાર કરવો જ રહ્યો.

એમ કહેવું જ રહ્યું કે કબજીઆતના દર્દીની અપેક્ષાએ વિચાર કરતાં તો હરડે જ મા છે; પણ વાયુના દર્દી માટે અજમો જ મા છે.

વીર્યની દુર્બળતાના દર્દીની અપેક્ષાએ તો દૂધ જ અમૃત છે પરન્તુ સંગ્રહણીના દર્દીની અપેક્ષાએ તો દૂધ ઝેર છે અને છાશ જ અમૃત છે.

જો તમે અપેક્ષા નહિ લગાડો તો ઝગડો થઈ જશે. અપેક્ષા લગાડશો તો તે તે અપેક્ષાએ તે તે વસ્તુ સારી

ગણાશે. અને બીજી અપેક્ષાએ તે જ વસ્તુ ખરાબ પણ ગણાશે.

દૂધને અમૃત પણ કહેવાય. ઝેર પણ કહેવાય.

તમે એવી અપેક્ષા કદી ન રાખી શકો કે દૂધને માટે એક જ વાત કહો....કાં તો અમૃત જ કહો, કાં તો ઝેર જ કહો.

અહીં આ રીતે જ સમાધાન થઈ શકશે કે વીર્ય-ક્ષીણતાના દરદીને માટે દૂધ જ સર્વસ્વ....પણ સંગ્રહણીના દર્દીને માટે તો દૂધ જેવું બીજું ઝેર કોઈ ન કહેવાય.

હવે આવી કોઇ અપેક્ષા જ પકડવામાં ન આવે અને દૂધને એકાંતે અમૃત સ્વરૂપ માની લઈને સંગ્રહણીના દર્દીને પણ દૂધવઢી કરાવવામાં આવે તો એ બિચારો વહેલો જ મરી જાયને ?

જે અપેક્ષાએ દૂધ અમૃત છે તે અપેક્ષાના વર્તુળમાં જ દૂધ અમૃત છે....બીજી અપેક્ષાના વર્તુળમાં એ જ દૂધ ઝેર છે.

સંગ્રહણીના દર્દીનો જ્યારે વિચાર કરવામાં આવ્યો હોય ત્યાં છાશને જ અમૃતની ઉપમા આપેલી હોય અને દૂધને તો સખત શબ્દોમાં વખોડી નાંખવામાં આવ્યું હોય.

પણ તેથી શું સદા માટે દૂધ સખ્ત શબ્દોમાં વખોડી નાંખવા લાયક ચીજ બની જાય ખરી ? ના. જરાય નહિ.

જે સમયસારના આધારે કાનજીભાઈ નિશ્ચયનયની

વાતો કરે છે એ જ સમયસરના મૌલિક પદાર્થોને ઉપાધ્યાયજી ભગવાન યશોવિજયજી મહારાજાએ અધ્યાત્મસાર ગ્રન્થના આત્મનિશ્ચય અધિકારમાં વિસ્તારથી ઉતાર્યા છે. ત્યાં એમણે નિશ્ચયનયની શુદ્ધ અને અશુદ્ધ દૃષ્ટિથી આત્માનું સ્વરૂપ દર્શાવતા કહી દીધું છે કે :–

(૧) જેણે આત્મા જાણ્યો તેણે સઘળું જાણ્યું. (શ્લોક ક્રમાંક નં ૬૭૯)

(૨) અહો ! કર્મે સર્જેલા કર્મના વિકારોનો આત્મામાં આરોપ કરી દઈને વ્યવહારવાદીઓ ભીમ ભયાનક સંસારમાં ભટકયા કરે છે. (૬૯૩)

(૩) આ રીતે કર્મે કરેલા ભેદોને અજ્ઞાની માણસ આત્મામાં જ માની લેવાની ભૂલ કરી બેસે છે. (૬૯૪)

(૪) વ્યવહાર દષ્ટિમાં જે સંસાર ભાસમાન થાય છે તે સંસાર નિશ્ચયદષ્ટિમાં જ્ઞાની આત્માને દેખાતો જ નથી. તેને તો આત્મા શુદ્ધ સ્વરૂપે જ ભાસતો હોય છે. (૭૦૫)

(૫) શુદ્ધનિશ્ચયનયથી આત્માઓનો ભેદ ભ્રાન્ત સાબિત થઈ જાય છે. (૭૦૮)

(૬) જગતમાં આત્મા એક જ છે. અનંત આત્માઓની કલ્પના ભ્રાન્ત છે. (૭૦૯)

(૭) અફસોસની વાત છે કે વિવેકશૂન્ય આ સંસારને અમૂર્ત્ત આત્મામાં મૂર્ત્તતાનો ભ્રમ થઈ ગયો છે. (૭૧૮)

(૮) જીવ એ નથી તો પુણ્ય પાપ કર્મવાળો કે નથી તો પુણ્ય પાપ સ્વરૂપ. (૭૩૬)

(૯) રાગાદી કલેશયુકત ચિત્ત જ સંસાર છે. સંસાર બીજી કોઈ વસ્તુ નથી. (૭૬૦)

(૧૦) આત્મા પુણ્યપાપનો કર્તા છે જ નહિ. (૭૮૭)

(૧૧) આત્મા તો રાગ–દ્વેષના ભાવોને જ ઉત્પન્ન કરે છે. કર્મોના સ્કન્ધોને ખેંચવાની ક્રિયા આત્મા કરતો જ નથી. (૭૯૧)

(૧૨) શુદ્ધ નિશ્ચયનયની તો એ સ્થિતિ છે કે આત્માએ પુણ્યપાપમુકત સવિકલ્પસ્વરૂપ નિત્ય બ્રહ્મમય આત્માનું જ તત્વતઃ ધ્યાન ધરવું જોઇએ. (૮૦૭)

(૧૩) વ્યવહારનયથી મૂઢ બનેલા આત્માઓ બાહ્ય અહિંસાદિને જ સંવરાદિસ્વરૂપ કહે છે. અને તેને જ મોક્ષાદિના ફળમાં હેતુ માને છે. આથી જ ધર્માદિના અર્થે અહિંસાદિ બાહ્ય ક્રિયામાં દત્તચિત્ત બનેલા તેઓ નિશ્ચય-નયના નિગૂઢ તત્ત્વને જાણતા નથી. (૮૧૪)

(૧૪) શુદ્ધનિશ્ચયનયથી તો આત્મા સદા શુદ્ધ છે એટલે તેને તો ભાવનિર્જરા સંભવતી જ નથી. (૮૪૨)

(૧૫) આત્મા કદી કોઇથી બંધાતો જ નથી. હા, 'બંધાઈ ગયાની' શંકા પડી જતાં માત્ર ભયભીત થાય છે કે કમ્પ વગેરે કરે છે. (૮૪૯)

(૧૬) અશુદ્ધ નિશ્ચયનયથી આત્મા શુભાશુભ ભાવોથી બંધાતો મુકાતો હોય છે પરન્તુ શુદ્ધ નિશ્ચયનયથી તો તે નથી કોઈથી ય બંધાતો કે નથી કોઈથી ય મુકાતો. જે બંધાતો જ નથી તેને મુકાવાનું શું હોય ? (૮૬૬)

દિગંબરાચાર્ય કુંદકુંદનો સમયસાર ગ્રન્થ નિશ્ચયનયની દૃષ્ટિનો ગ્રન્થ છે. એટલે તેમાં નિશ્ચયનયથી આત્માનું સ્વરૂપ વર્ણન જોવા મળે તે તદ્દન સહજ છે. છતાં એક વાત બરોબર ખ્યાલમાં રાખવાની જરૂર છે કે એ ગ્રન્થમાં પણ અનેક સ્થળે વ્યવહારનયના મન્તવ્યો સ્પષ્ટ શબ્દમાં મૂકયા છે. વ્યવહારનયનું મન્તવ્ય આ છે....એમ કહી અનેકત્ર નિમિત્તની ઉપાદાન ઉપર અસર....વગેરે ઘણી વાતો ખુલ્લા શબ્દોમાં જણાવી છે.

અધ્યાત્મસાર ગ્રન્થમાં પણ મહોપાધ્યાય યશોવિજયજી મહારાજાએ આખો આત્મનિશ્ચય અધિકાર સમયસારને નજરમાં રાખીને બનાવ્યો હોવાથી તેમાં ઠેર ઠેર શુદ્ધ-અશુદ્ધ નિશ્ચયનયના મન્તવ્યો જોવા મળે એ તદ્દન સહજ છે. ઉપરોકત સોળ મન્તવ્યો નિશ્ચયનયને સંપૂર્ણ રીતે પુષ્ટિ આપે છે. આપણે પૂર્વે જોઇ ગયા કે એક નય જ્યારે સ્વ-મતની પુષ્ટિમાં ઊંડો ઊતરે એટલે એ પુષ્ટિના અવિભાજ્ય અંગ સમા પરનયનું ખંડન તેને કરવું પણ પડે. ઉપરોકત મન્તવ્યોમાં પણ વ્યવહારનું ખંડન જોવા મળે છે. પણ એટલા માત્રથી રખે કોઈ એમ માની લેવાની ભૂલ કરે કે જિનદર્શન તો આત્માને શુદ્ધ, બુદ્ધ, મુક્ત જ માને છે; આત્માને એકાન્તે જડની કોઇ અસર જ નથી... વગેરે...

કેમકે જિનદર્શન એ એકાન્તદર્શન નથી; એ તો અનેકા-ન્તદર્શન છે. સિવાય બ્રહ્મચર્યની વાત–સર્વત્ર–અનેકાન્ત છે. એટલે જિનદર્શનના નામે કોઇ પણ વાતને એકાન્તે પકડી

શકાય જ નહિ. આજે કેટલાક અસંયતિના દયા દાનમા એકાન્તે પાપ બંધ કહે છે; “ જો લોકો અનેકાન્તવાદને સમજતા હોઇએ તો આવા નિરપેક્ષ એકાન્તિક વિધાનો જિનદર્શનના હોઈ શકે જ નહિ એવું ખુલ્લંખુલ્લા જણાવી શકીએ.

નિરપેક્ષ વાકયમાં એકાન્ત લગાડી શકાય જ નહિ. હા, સાપેક્ષ વાકયમાં એકાન્ત હોઈ શકે. (વસ્તુતઃ સાપેક્ષતા જ અનેકાન્ત છે.)

જેમ કે, “દૂધ ઝેર જ છે.” આવું કોઈ પણ અપેક્ષા લગાડયા વિનાનું વાકય સાવ મિથ્યા ગણાય. પરંતુ, “સંગ્રહણીના દર્દીની અપેક્ષાએ તો દૂધ જ ઝેર છે.” એમ સાપેક્ષ રીતે એકાન્તે જરૂર કહી શકાય.

આવું જ નિશ્ચયનય અને વ્યવહારનયની વાતોમાં સમજવાનું છે.

આવી વસ્તુસ્થિતિ હોવાથી જ સમયસાર ગ્રન્થમાં પણ સ્થાને સ્થાને વ્યવહારનયના મન્તવ્યો રજૂ કરવામાં આવ્યા છે.

જો તે રીતની સમતુલા જાળવવામાં ન આવે તો નિશ્ચયનય ‘એકાંત’થી દુષિત બની જતાં દુર્નય બનીને મિથ્યા નય બની જાય.

જિનશાસન તો નયોના સમૂહરૂપ પ્રમાણ શાસન છે; એ કાંઈ દુર્નયોના સમુહરૂપ અપ્રમાણિક શાસન નથી. જ્યાં એની વાતમાં કોઈએ ‘જ’ કાર જોડીને દુર્નય બનાવ્યો ત્યાં

એ વાત સારામાં સારી હોવા છતાં બીજા નય પ્રત્યેના ધિક્કારભાવને વ્યક્ત કરતાં 'જ' કારના કાદવમાં પડી ગઈ! હવે એને મસ્તકે ન ચડાવાય.

કહ્યું છે ને કે સારામાં સારી પણ ચંપાની માળા કાદવમાં જઈને પડે તો તે ગળામાં ધારણ કરવા માટે નાલાયક ઠરી જાય છે.

આત્મા શુદ્ધ બુદ્ધ મુક્ત છે. એને કર્મ લાગતું જ નથી..... વગેરે નિશ્ચયનયની વાતોને જો વ્યવહારનયના મન્તવ્યો પ્રત્યેના ધિક્કારમાં પરિણમાવી દેવામાં આવે તો જિનશાસ્ત્રોની જ એ વાતો ઉત્સૂત્રવચનો બની જાય છે. પછી એ વાતો જિનશાસનની રહેતી જ નથી. કેમકે જિનાગમની કોઈ પણ રજૂઆત 'સાપેક્ષ' જ હોય છે. જો તે રજૂઆતને નિરપેક્ષ રીતે પકડી લેવામાં આવે તો તેને જિનાગમનું વચન જ નહિ કહેવાય.

આત્માનું શુદ્ધ, બુદ્ધ મુક્ત સ્વરૂપ છે એટલે નિશ્ચય-નયની દૃષ્ટિથી એ સ્વરૂપનું વર્ણન નિશ્ચયનય દૃષ્ટિના ગ્રન્થોમાં ઊભરાઈ જતું જોવા મળે જ. જોરદાર પુષ્ટિ પૂરતી વ્યવહારનયના મન્તવ્યોની ઠેકડી ઉડાવેલી પણ જોવા મળે જ. પણ તેટલા માત્રથી, "જિનશાસનને વ્યવહારનય માન્ય જ નથી." એવું જો કોઈ પ્રતિપાદન કરી દેતું હોય તો એ તેનું ભયંકર સાહસ કહેવાય. જિનાગમોમાં બીજા એવા અઢળક સ્થાનો છે જ્યાં વ્યવહાર નયનું સમર્થન જોરશોરથી કરવામાં આવ્યું જ છે.

આમ જિનાગમોમાં નિશ્ચયનયની દૃષ્ટિનું આત્માનું સ્વરૂપ વર્ણન અને વ્યવહારદૃષ્ટિનું આત્માનું સ્વરૂપ વર્ણન એ ય જોવા મળે છે.

પરન્તુ અનાદિકાળથી સંસારી આત્માને ભોગરસિકતાનો જે ભયંકર વિભાવ-સ્વભાવ લાગુ પડયો છે તે, ધર્મના ગ્રન્થોને પણ અધર્મના પોષક બનાવવાનો ખૂબ જ હત્યારો પ્રયત્ન કરતો જ આવ્યો છે. શાસનપતિ ભગવાન મહાવીરદેવનાં સમયમાં પણ એવા અનેક પાખંડો ફેલાયા હતા. આજે પણ એના તોફાનો ચાલતા જ રહયા છે. ભોગરસિક આત્માઓને ધર્મ-ગ્રન્થોની સાક્ષી સાથે આવી વાતો કરવામાં આવે એટલે એમને મોટો તડાકો પડી જાય છે. કહેવાય મહાધાર્મિક અને ભોગવાય ભોગો પેટ ભરીને.

નિશ્ચયનય દૃષ્ટિના આત્માના સ્વરૂપવર્ણનને રજુ કરીને કેટ-લાય પથ્થરની હોડીસમા ધર્મગુરૂઓએ ભદ્રક જીવોને ઉન્માર્ગે ચડાવવાનું અઘોર પાપ આચરી નાંખ્યું છે. એમણે નિશ્ચય-નયની જ દેશના પકડી; એમાં ‘એકાન્ત’ ઠોકી ઘાલીને વ્યવ-હારનયને ઉડાડી મૂકયો, લોકોને શાસ્ત્રના પાઠો સાથે જણાવી દીધું કે, “આત્માના કલ્યાણ માટે વ્યવહારનયના તપ-ત્યાગ, ક્રિયાકાંડની કશી જરૂર નથી. રે ! વ્યવહારનય પોતે જ જૂઠો છે માટે એના તમામ મન્તવ્યો જૂઠા છે. આત્માનું કલ્યાણ કરવું હોય તો આત્માને જ ઓળખો. જેણે આત્માને ઓળખ્યો એની હથેળીમાં મોક્ષ આવીને પડયો જ સમજો. ઇત્યાદિ.”

આ બધા ય શબ્દો જરૂર શાસ્ત્રમાં મળી જ આવશે. નિશ્ચયનયની દૃષ્ટિનું જયાં જયાં વર્ણન હશે ત્યાં આવી જ વાતો મળી જવાની. એટલે એ કહેવાતા ધર્મગુરૂઓ શાસ્ત્રો રજુ કરીને જગતના ભદ્રક લોકોને મૂંઝવી નાંખવાના : વ્યવહારનયના તપત્યાગાદિથી ભ્રષ્ટ કરી દેવાના.

નિશ્ચયનયની પોષક વાતો લોકોની સમક્ષ મૂકવામાં એ ધર્મગુરૂઓને ખૂબ મોટી સંખ્યાનો અનુયાયી વર્ગ મળી જાય તેમાં કશી નવાઈ નથી. કેમકે એકાન્ત નિશ્ચયનય (દુર્નય) માં તપત્યાગાદિને જલાંજલિ દઈને પણ ધર્મી તરીકે ગણાવી શકવાનું મોટામાં મોટું પ્રલોભક તત્ત્વ પડેલું છે. "ખાઓ, પીઓ, હરો, ફરો, સિનેમા જુઓ, બોલડાન્સ કરો, પરદેશોમાં જાઓ, દેવ–ગુરુના દર્શનવંદનાદિ કરો કે ન કરો....નિશ્ચયનય તો કહે છે કે આત્માને ઓળખો, સ્વરૂપનું ભાન કરો.... પછી ગમે તે સ્થિતિમાં મોક્ષ પામી શકો છો."

કેવી મજેની વાત!

જગતને ઠગવા માટેનું કેવું અમોઘ શસ્ત્ર!

સંસારના સર્વ પાપોથી ચૂરચૂર જીવનના સ્વામી બનવા છતાં તમે એક જ વાત દુનિયાને કહેતાં ફરો કે, "મેં આત્માને ઓળખ્યો છે. આ તો પુદ્ગલ, પુદ્ગલ સામે રમતો કરે છે. રૂપરમણી નારીઓના દેહ મારા દેહને જ આલિંગ્યા કરે છે,.... બાકી આત્માને કોઈ અડતું જ નથી; રાત દિવસ પાર્ટીઓ અને મહેફિલો ઊડે છે પરંતુ એ બધા

જડ પુદ્ગલોની સ્પર્શના તો દેહને જ થાય છે. આત્મા તો સચ્ચિદાનંદ સ્વરૂપનો સ્વામી છે. એને તો કર્મનું તણખલું ય વળગી શકતું નથી તો ડીનર-પાર્ટીના મરઘીના માંસ કે સેન્ડવીચ-ચીકનની તો શી તાકાત છે કે અડે ?"

બસ.... તમારું કામ પતી જાય છે. તમે ગમે તે સ્થિતિમાં ધર્માત્મા તરીકેનું બિરૂદ સહેલાઈથી પ્રાપ્ત કરી લો છો.

આથી જ નિશ્ચયનયની વાતોને એકાન્તે પકડીને ઢગલાબંધ મત-મતાન્તરો ઊગી નીકળતાં જોવા મળે છે; પરંતુ તપ-ત્યાગ, ક્રિયાકાંડ વગેરેને આવશ્યક જણાવતા વ્યવહારનયની વાતોને એકાન્તે પકડીને ચાલનારો એક પણ મત નીકળ્યો હોય તેવું હજી સુધી તો જોવા-સાંભળવા મળ્યું નથી. કેમકે એકાન્ત વ્યવહારનો મત તો ભારે પડી જાય તેવો છે. માણસ તપ ત્યાગ, ક્રિયાકાંડ કરે તો જ ધર્મી તરીકેનું બિરૂદ પામે.

તપત્યાગાદિના અનુષ્ઠાનો કાંઈ ઓછા કઠોર છે? અરે ! રાડ પડાવી દે તેવા એ અનુષ્ઠાનો છે!"

આના કરતાં પેલા નિશ્ચયનયની વાતો જ કેવી મજેની ? બાહ્ય બધો સંસાર ભોગવી શકાય અને "આત્માની ઓળખ થઈ ગઈ છે" એટલું માત્ર કહી દઈને મહાધર્માત્મા તરીકેની સસ્તામાં સસ્તી અને સહેલામાં સહેલી રીતની નામના આબાદ મેળવી લેવાય.

નિશ્ચયનયની વાતોના આ જોખમોને મહાપુરુષોએ

સારી રીતે નજરમાં રાખ્યાં હતાં. એ નિરુપણો કરતાં કરતાં પણ એમના અંતરમાં એ ભય તો ડોકાં દઈ જ રહ્યો હતો કે આ વાતો જેવા તેવા ભોગરસિક આત્માના હાથે ચડી જાય તો ભયંકર ભ્રષ્ટાચાર ફેલાવી દે.... અને તે ય ધર્મના જ નામે.

કદાચ પ્રશ્ન થશે કે," જો આ વાસ્તવિક ભયનો એમને ખ્યાલ આવી ગયો હતો તો તેમણે તે નિશ્ચયનયની દૃષ્ટિના પ્રતિપાદનો કર્યાં જ શું કરવા?"

બેશક, આ પ્રશ્ન ખૂબ જ વ્યાજબી છે. પરન્તુ એવા ભયની સાથે સાથે એ પ્રતિપાદનો દ્વારા જગતના જીવોની કલ્યાણ પરંપરા પણ એમની નજરમાં હતી જ. અગણિત આત્માઓ આત્માના વાસ્તવસ્વરૂપને જાણીને એ વાસ્તવ-સ્વરૂપને પામવાની આગભરી વેદના પામશે; એ વેદનામાંથી એમને તીવ્ર સંવેદનાઓ જાગશે.... એથી એ શુદ્ધસ્વરૂપને પામવાનો માર્ગ ખોળશે; રે! એ ખાતર જગત આખું ય ખૂંદી વળશે. પછી એમને જે વ્યવહારમાર્ગની પ્રાપ્તિ થશે એનું અવલંબન લઈને નિશ્ચયનયનું શુદ્ધાત્મસ્વરૂપ તેઓ પ્રાપ્ત કરશે.

આવી કલ્યાણ–પરંપરાનું ભવ્યતમ બીજ પણ નિશ્ચય-નયના પ્રતિપાદનમાં જ પડ્યું હતું. પરાર્થરસિક મહર્ષિ-ઓએ એ બીજનું દર્શન કર્યું.... અને એમનો પરાર્થ-રસિકતાનો સાગર એ બીજ–ચન્દ્રના દર્શને ઉછાળા મારવા લાગ્યો.... બસ....

એની જ ફલશ્રુતિરૂપે નિશ્ચયનયની દૃષ્ટિના મંગળ ગીતો એમનાં કંઠે લલકારી નાંખ્યા; પુસ્તકના પાને એ ગીતો કંડારાઈ ગયા !

હવે પ્રશ્ન રહ્યો કેટલાક આત્માઓના અકલ્યાણનો....

પણ એ માટે એઓ નિરુપાય હતા. એમની અવળી મતિના કારણે અવશ્ય થનારા અકલ્યાણને તેઓ તો શું ? ખુદ પરમાત્મા પણ રોકી શકે તેમ નથી. છતાં એમનાં અહિતનો વિચાર કરીને નિશ્ચયનયનું મન્તવ્ય ગ્રન્થસ્થ કરવાની માંડવાળ કરે તો અનેક મુમુક્ષુઓની આધ્યાત્મિક પ્રગતિમાં જરૂરી પ્રચણ્ડ બળનો વિરહ પડી જાય. આ કાંઈ જેવી તેવી હોનારત ન ગણાય ! જેને પામવું છે એને બીજા હીન–તત્ત્વોના કારણે પામવાનું જ ન મળે એ તો પાડાના વાંકે પખાલીને ડામ દેવા જેવું થાય.

વળી જો ઉક્ત વિચાર ન્યાયી જ હોત તો તીર્થંકર ભગવંતો ધર્મની સ્થાપના પણ કરી ન શકત. કેમકે એ નયમય સ્યાદ્વાદ વાણીના પ્રકાશનના કારણે જ કદાગ્રહી માનસવાળા માણસોએ દુર્નયોના અધર્મો ફેલાવ્યા ને ? હવે જો એમની જ કરુણા વિચારવામાં આવી હોત તો એ જ સ્યાદ્વાદવાણીથી અનંત આત્માઓના સાક્ષાત્ કે પરંપરયા જે કલ્યાણ થઈ શકે છે તેનો જન્મ જ ન થાત.

કરુણા પણ કોની કરાય ? શક્ય હિતના સ્વામીઓની કે અશક્ય હિતના સ્વામીઓની ! એ તો ઉપેક્ષ્ય છે.

ટૂંકમાં આપણે એટલી જ વાત કરવી છે કે મહર્ષિઓએ

गांधीनगर, पिन-382009

નિશ્ચયનયનું પ્રતિપાદન કરીને કશું જ ખોટું કર્યું નથી. જેમના અંતરમાં છતે પ્રકાશે ઘુવડોની અંધતા પ્રત્યે પણ ફિટકાર નથી, બલ્કે ભારોભાર કરુણા છે; જેમના અંતરમાં આ ઘુવડોને વાસ્તવદર્શન કરાવી દેવા માટે પ્રકાશ પાથરી દેવાની એકમાત્ર ભાવના ઊભરાઈ છે અને જેઓની મતિ સંપૂર્ણ રીતે શાસ્ત્રથી પરિકર્મિત છે; એથી જ જેઓએ ભાવી ભયોથી સુજ્ઞાત હોઈને પણ માંગલ્યોની ખીચોખીચતાને જોઈને આનંદમાં આવી જઇને નિશ્ચયનયનું પ્રતિપાદન કરવા કલમ ઉપાડી છે....એમણે કશું જ ખોટું કર્યું નથી.

તીર્થંકર ભગવંતોની વાણીને ગ્રન્થસ્થ કરવામાં કશું ખોટું થતું જ નથી.

બેશક, પેલા અવળું પકડવા દ્વારા થનારા ભવાભિનન્દી આત્માઓના ભયાનક અહિતનો ભય તો એમની નજરમાં સદા તરવરતો જ હતો... એથી જ તો એ મહર્ષિઓએ નિશ્ચયનયના શુદ્ધ પ્રતિપાદનો કરીને પણ છેવટે તો એ ભયને વ્યકત કરી જ દીધો છે.

આંતરડાની નબળાઈના કારણે જેનું શરીર કૃશ થઈ ગયું છે તેની સામે સિદ્ધવૈદ્ય દૂધના અદ્‌ભુત ગુણોનું બધું જ વર્ણન કરી છૂટે અને છેવટે કહે પણ ખરો કે, "આ દૂધ ઉપર ક્રમશઃ ચડયા વિના શરીરમાં લોહી ભરાય તે શકય જ નથી." પરન્તુ આ વાત કરતા એના અંતરમાં એક ભય તો સતત ડોકીઆ કરી જ રહ્યો હોય કે રખે, આટલું

જ પકડી લઈને આ માણસ આજથી જ શેર–શેર દૂધની બાટલીઓ ઊભો ઊભો ઢીંચવા લાગી જાય; તેય દિવસમાં ૩-૩ વાર!" એટલે ઉપસંહાર કરતાં તે વૈદ્ય 'પણ....' કરીને કહે કે આ દૂધ ગમે તેટલું સારું હોવા છતાં તું તારી જાતે એનો પ્રયોગ કરે તે નહિ ચાલે.... એ માટે તો તારે મારી જાત–દેખરેખ નીચે રહેવું પડશે.... અન્યથા એ દૂધ જ તારા પ્રાણ લેશે.... બીજી એ વાત પણ સમજી રાખજે કે જ્યાં સુધી તારા આંતરડા મજબૂત ન થાય ત્યાં સુધી તો દૂધની એ બધી વાતો નજરમાં રમતી રાખીને દૂધપાનને તારો આદર્શ જ બનાવજે; એને અમલમાં તો મૂકીશ જ નહિ. નબળા આંતરડામાં દૂધ પચતું તો નથી, પણ આંતરડાને વધુ નબળા બનાવવાનું કામ કરે છે. માટે હાલ આ સ્થિતિમાં તો તારે મગના પાણીને જ તારું જીવન બનાવવું પડશે. મગના પાણીને જ દૂધ જેટલું સુંદર માનવું પડશે. ભલે મગના પાણીથી લોહી ભરાઈ ન જાય તો ય લોહી ભરનાર દૂધના પાચન માટેની મજબૂત આંતરડાની ભૂમિકા તો મગનું પાણી જ તૈયાર કરે છે માટે તારે હાલ તો મગના પાણીને જ તારું જીવન બનાવ્યે છૂટકો છે. બેશક, સદા માટે તારે મગનાં પાણી ઉપર જ રહેવાનું નથી; છેવટે દૂધ વિના તારો નિસ્તાર નથી; એટલે આદર્શ તરીકે તો દૂધપાન જ રાખજે. પણ વ્યવહારમાં તો મગનું પાણી જ અમલી બનાવવું પડશે."

નિશ્ચયનય દૂધના સ્થાને છે.

વ્યવહારનય મગના પાણીના સ્થાને છે.

સ્યાદ્વાદી ગ્રન્થકારો વૈદ્યના સ્થાને છે.

અધ્યાત્મસારના આત્મનિશ્ચય અધિકારમાં નિશ્ચયનયનું જોરશોરથી પ્રતિપાદન કરી ચૂકેલા મહોપાધ્યાય ભગવાન યશોવિજયજી મહારાજા તો માત્ર વૈદ્ય ન હતા, રાગાદિ રોગોની પીડાથી કણસતા અનંત દર્દીઓના એ મહાવૈદ્ય હતા. ના, એ તો સાક્ષાત ધન્વંતરી જ હતા. એમનો ગ્રન્થ પણ નિશ્ચયનયના દૂધનું ગૌરવવંતુ વર્ણન કરીને સમાપ્ત થાય તે સંભવિત જ ન હતું. એથી જ એમણે એ અધિકારના અંત ભાગમાં કહી દીધું છે કે નિશ્ચયનયનું આત્મ–તત્વચિન્તન તો ગુહ્યથી પણ ગુહ્ય ચિંતન છે. અલ્પબુદ્ધિવાળા માણસોને આ તત્વચિન્તન કદી આપવું નહિ. તેઓ તો આવા તત્ત્વની વિડંબના જ કરશે. (ક્ર. શ્લો. નં. ૮૬૯)

એક માણસ ભૂખ્યો થયો હોય પણ જો સાથે સાથે એની હોજરી સાવ જ દૂબળી હોય તો તે ચક્રવર્ત્તીના કઢાયાં દૂધ માંગે તો તેને પીવા ન આપી દેવાય; એની યાચના માત્રથી કઢાયાં દૂધ પાઇ દેનારો એનો હિતેષી નથી પણ પાક્કો હિતશત્રુ છે. (૮૭૦)

થોડું અધકચરું જ્ઞાન પામીને છકી ગએલા લોકોને નિશ્ચયનયનું તત્ત્વ આપવું એ તો ભારે અહિતકર પ્રદાન ગણાય.

રે ! ફણિધર સર્પના માથે રહેલા રત્નને લેવા જનારો જો અશુદ્ધ મન્ત્રોચ્ચાર કરે તો રત્ન પામવાની વાત તો દૂર રહી પણ મોતના ભારે અનર્થને તે [redacted] તાણી લાવે. (૮૭૧)

એટલે જે માણસોએ જીવનમાં વ્યવહારનયની દૃષ્ટિને સારી રીતે—સક્રિય રીતે–પચાવી નથી એવો માણસ જો નિશ્ચયનયના તત્ત્વને જાણવાની ઇચ્છા કરે તો ખરેખર તેનું દુઃસાહસ કહેવાય.

અરે ! હજી જેને નાનકડું તળાવ તરી જતાં આવડયું નથી એને સાગર પાર ઊતરી જવાની અનધિકૃત ઇચ્છા જાગે છે ! કેવી આત્મહત્યા !

પહેલો વ્યવહારનય જીવનમાં પચાવો. એનું પાચન જ નિશ્ચયનયના તત્ત્વને પામવાની ભૂમિકા બને છે. (૮૭૨)

વ્યવહારનયને જીવનમાં સારી રીતે પચાવ્યા પછી જ જે આત્માઓ શુદ્ધનિશ્ચયનયની ઉચ્ચ વિચારણાઓનો આશ્રય લે છે તે જ આત્માઓ આત્મજ્ઞાનમાં ઓળઘોળ બનીને પરમશુદ્ધ સમત્વ (મોક્ષ) પામી શકે શકે છે. (૮૭૩)[૭]

---

૭ गुह्याद्गुह्यतरं तत्वमेतत्सूक्ष्मनया श्रितम् ।
न देयं स्वल्पबुद्धीनां ते ह्येतस्य विडम्बकाः ॥८६९॥
जनानामल्पबुद्धीनां नैतत्तत्त्वं हितावहम् ।
निर्बलानां क्षुधार्त्तानां भोजनं चक्रिणो यथा ॥८७०॥
ज्ञानांशदुर्विदग्धानां तत्त्वमेतदनर्थकृत् ।
अशुद्धमन्त्रपाठस्य फणिरत्नग्रहो यथा ॥८७१॥
व्यवहाराविनिष्णातो यो ज्ञीप्सति विनिश्चयम् ।
कासारतरणाशक्तः सागरं स तितीर्षति ॥८७२॥
व्यवहारं विनिश्चित्य ततः शुद्धनयाश्रितः ।
आत्मज्ञानरतो भूत्वा परमं साम्यमाश्रयेत् ॥८७३॥

—અધ્યાત્મસાર–આત્મનિશ્ચય અધિકાર

નિશ્ચયનયદૃષ્ટિથી આત્માના વાસ્તવ સ્વરૂપનું નિરુપણ કરવામાં રહેલા જોખમોને પામી જઈને જ મહાપુરૂષોએ અન્તમાં તો વ્યવહારનયની જોરદાર પુષ્ટિ કરી દીધી છે. વ્યવહારનયને સારી રીતે પચાવ્યા વિના શુદ્ધ-નિશ્ચયનયના જીવનનો પડછાયો પણ ન લઈ શકાય એ વિધાન કેટલું બધું અસંદિગ્ધ છે ? "શુદ્ધ નિશ્ચયનયની વાતો જેવા—તેવાને આપશો મા !" આ વાત આજે કેમ વિસરી જવામાં આવી છે ?

શું વર્તમાન જગત અત્યન્ત ભોગરસિક નથી ? શું શુદ્ધનિશ્ચયનયની કોરી વાતો એ લોકોને તપ ત્યાગાદિના પાયાના ધાર્મિકજીવનથી વિમુખ બનાવી દે તે સુસંભવિત નથી ?

પણ શું થાય ? જેમણે ગુરૂગમ જ પ્રાપ્ત કર્યો નથી : સ્વબુદ્ધિથી જ જેમણે શાસ્ત્રો વાંચ્યા છે; જેમને જગતના ભોગાત્માઓના ભગવાન બનવાના માન—સન્માન પામવાની જ રઢણ લાગી છે એ આત્માઓ પોતે જ શાસ્ત્રોના અર્થોને પ્રજ્ઞાની ભઠ્ઠીમાં પકાવ્યા વિના કાચાને કાચા ખાઈ જતાં હોય તો બીજાઓને પણ એવું જ 'કાચું' ધરી દેવામાં તેમને આંચકો ય ક્યાંથી લાગે ?

કોણ પાત્ર છે અને કોણ અપાત્ર છે ? એ વિવેક કરવાની માનભૂખ્યાઓને કદી પરવાહ હોય ખરી ?

શુદ્ધનિશ્ચયનયનું એકાન્ત નિરુપણ તો કાચો પારો છે. જો તપત્યાગાદિના વ્યવહારનયના સંપૂર્ણ ખંડન સાથે શુદ્ધનિશ્ચયનયની વાતો બહેકાવવામાં આવે તો ભોગી જગતમાં

કારમો ભ્રષ્ટાચાર વ્યાપી જાય; ખાનપાનના વિવેકો નાશ પામી જાય.... માતા-પત્નીના વ્યવહારો નેસ્તનાબૂદ થઈ જાય.... જેને જેમ ફાવે તેમ વર્તી શકે અને છતાં સહુ પોતાને ધર્મી કહેવડાવી શકે ! ! !

અમેરિકાની છલકાઈ ગએલી સમૃદ્ધિના પરિણામે વ્યાપેલા અમેરિકાના ભ્રષ્ટાચારો તો ખુલ્લા પાપ તરીકે નવાજવામાં આવે છે જ્યારે નિશ્ચયનયવાદીઓના અનાચાર તો ઉઘાડે છોગે પાપ છતાં આત્માની ઓળખના ધર્મની વાતોના રંગબેરંગી પડદાથી ઢાંકી દેવાય છે.

ઉઘાડો અગ્નિ હજી સારો....ભય પામીને પાણી વગેરેથી નાશ કરવાની તક ઊભી રાખે.

આ તો રાખથી છાવરેલો અગ્નિ. કોઈ એને અગ્નિ જાણે પણ નહિ. અને અંદરને અંદર વધુ ને વધુ વ્યાપતો જાય.

આવા ભયોના કારણે જ સમર્થ શાસ્ત્રચિંતકોએ નિશ્ચયનયથી આત્માના અદ્ભુત સ્વરૂપના વર્ણન કર્યાં પછી વ્યવહારનયનું સમર્થન કર્યું જ છે. અને એ રીતે પોતે અસંદિગ્ધ રીતે જાહેર કર્યું છે કે અમારો નિશ્ચયનય એ નય જ છે, એ કાંઈ વ્યવહારનયને સર્વથા ધિક્કારતો દુર્નય નથી.

એકાન્ત નિશ્ચયવાદીઓ કેટલી હદ સુધીની ધૃષ્ટતાઓ કરે છે કે તેઓ મહોપાધ્યાયના આત્મનિશ્ચય અધિકારમાંથી તારવેલા ઉપરોક્ત સોળ વિધાનોમાંથી ગમે તે એકને ઉપાડીને જગતની સામે મૂકીને જાહેર કરે છે કે

શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયના મહોપાધ્યાય” યશોવિજયજી પણ “આત્માને ઓળખવામાં જ કલ્યાણ કહેતા હતા. આ બિરાદરોને જ્યાં કયાંયથી પણ એ મહાપુરુષનું નિશ્ચયનય દૃષ્ટિનું વિધાન મળે એટલે ઝટ એને પકડવાની કુટેવ પડી ગઈ હોય છે.

સવાસો ગાથાના સ્તવનમાં મહોપાધ્યાયજીએ કહ્યું છે,

“કષ્ટ કરો સંયમ ધરો, ગાળો નિજ દેહ;
જ્ઞાનદશા વિણ જીવને નહિ કર્મનો છેહ”

બસ....એકાન્ત નિશ્ચયવાદીઓને તો જાણે આ વાત મળી એટલે ઘી કેળાનું ભોજન મળી ગયું.

એ મહાપુરૂષના નામે જ લલકારવાનું ચાલુ કરી દે કે, “જુઓ એમણે કહ્યું છે ને કે જ્ઞાનદશાથી જ કર્મનાશ થાય છે: બાહ્ય વ્યવહાર બધા ય બોગસ છે!”

કરીને વાત ? સાવ અજ્ઞાન અને તદ્દન જડ લોકોને એ વાતની કયાંથી ખબર હોય કે એ વાકય તો નિશ્ચયનયની દૃષ્ટિનું છે. જે આત્માઓ માત્ર બાહ્ય વ્યવહારમાં રમમાણ હોય તેમને ચીમકી આપીને, તેમના જીવનમાં જ્ઞાનદશાનો નિશ્ચયનય ઉતારવો છે. એકલો નિશ્ચય ન ચાલે તેમ એકલો વ્યવહાર પણ ન ચાલે. જ્યાં વ્યવહાર જ ‘એકલો’ જોવા મળે ત્યાં આવું કહીને નિશ્ચય લાવવો જ રહ્યો. કેમકે એકલા વ્યવહારથી કલ્યાણ નથી.

આમ જે વાકય, વ્યવહારનયની દૃષ્ટિના જીવનમાં વધુ પડતાં ઢળી પડતાં જીવોની સમતુલા જાળવવાની અપેક્ષાએ

જણાવવામાં આવ્યું છે તે વાકયને–કશો ય શુભ વ્યવહાર ન પાળતાં જીવોની સામે–રજૂ કરી દેવું એ તો કેટલું ભયંકર પાપ ગણાય ! આશ્રિતોએ પોતાની ઉપર મૂકેલા વિશ્વાસનો આ તે કેવો ખુલ્લો દ્રોહ !

જે જિનમત નિશ્ચય–વ્યવહારની સમતુલામાં જ માને છે તે જિનમતના નામે એકાન્ત નિશ્ચયનયની વાતો કરવી અને વ્યવહારને એકદમ વખોડી નાંખવો એ શુ જિનમતની સેવા કહેવાય ?

વળી આ તો કેટલું વધુ ભયંકર પાપ ગણાય ? મુગ્ધ લોકો શાસ્ત્રો ભણ્યા નથી, તમારી પાસે એ લોકો ધર્મશાસ્ત્રને જાણવા–સમજવા આવતા હોય ત્યારે તો એ શાસ્ત્રની જે વાતો જે અપેક્ષાઓ સાથે જણાવી હોય તે વાતો તે જ રીતે જણાવવી જોઈએ. કોઈ પણ વાતને વચ્ચેથી ઉપાડી લઈને જણાવવી; અને આગળ પાછળની બીજી વાતોને ગુપ્ત રાખવી એ તો ધર્મ સાંભળવા આવેલા મુગ્ધ જીવોને ઉન્માર્ગની જાળમાં ફસાવી દેવાનું અઘોર પાપકૃત્ય જ થયું ને ?

"એ જ મહોપાધ્યાયજીએ એક જગાએ સ્તવનમાં એમ પણ કહ્યું છે કે, નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરી જી પાળે જે વ્યવહાર."

પુણ્યવંત તે પામશે જી ભવસમુદ્રનો પાર.

નિશ્ચયનયની વાતોને લક્ષમાં રાખીને વ્યવહારનયના વિચારોને જીવનમાં ઉતારનારા પુણ્યવંત આત્માઓ જ ભવસમુદ્રનો પાર પામી શકશે.

અહીં તો મહોપાધ્યાયજી વ્યવહારનયનું સંપૂર્ણ સમર્થન કરે છે તો આ વાત તેઓ કેમ કોઈને કરતા નથી ? શા માટે એમના નામે નિશ્ચયનયના પ્રતિપાદનને પકડી લઈને તેમાં એકાન્ત ઠોકી બેસાડવાનું પાપ આચરવામાં આવે છે ?

કષ્ટ કરો સંજમ ધરો ગાળો નિજ દેહ....ની એક પંક્તિ ઉપર ધોધમાર ઉપદેશ દેનારા, વાતે વાતે વ્યવહારનયના સંયમધર્મની–એ જીવનના ઉગ્રતપની–મશ્કરીઓ ઉડાડનારા એ વાત કેમ ભૂલી જાય છે કે એવું કથન કરનારા મહોપાધ્યાજીએ જ દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકામાં ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે જેમ જેમ આત્મા અંતરંગ રીતે સંયમી બનતો જાય તેમ તેમ બહિરંગ રીતે તે પોતાના શરીર સાથે જ વધુને વધુ જંગ ખેલતો જાય."[૮]

આ વિધાન તો ઘોર તપ–ત્યાગનું સચોટ સમર્થન કરે છે ને ? માટે જ એકાન્ત નિશ્ચયવાદીઓને આ વિધાન લાખ કીડીઓના એકી સાથે ચટકા જેટલું ત્રાસજનક લાગે છે ! મારા જ અનુભવની વાત કરું. જ્યારે લિંબડીમાં કાનજી-ભાઈને રૂબરૂમાં મળવાનું થયું ત્યારે તેમણે મારી પાસે મહોપાધ્યાયજીની અધ્યાત્મસારની એક પંક્તિનું અનુમોદન કરીને કહ્યું, "આ વાત વિચારવી પડશે...." મેં તરત જ મહોપાધ્યાયજીના એ જ આત્મનિશ્ચય અધિકારનો અંતિમ શ્લોક ટાંકીને કહ્યું કે, "તમારે વ્યવહારનયનું સમર્થન કરતી આ વાત કેમ વિચારવી નથી ?"

---

૮ शरीरेणैव युद्धयन्ते दीक्षापरिणतौ बुधाः ।
दुर्दुर्लभं वैरिणं प्राप्य व्यावृत्ता बाह्ययुद्धतः ॥

વળી તેમણે આનંદઘનજી મહારાજનું એક પદ રજૂ કરીને નિશ્ચયનયનું પોષણ કર્યું, એની ઉપર 'એકાન્ત'ના કાદવનો થપ્પો માર્યો !

બહુ સારુ....પણ એ જ આનંદઘનજીએ વ્યવહારનયનું સજ્જડ સમર્થન કરતાં શું નથી કહ્યું કે,

"વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો,
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ,
સાંભળી આદરી કાંઈ રાચો....

ચૌદમા જિનેશ્વરના સ્તવનમાં આ વાત મૂકીને તેમણે શાસ્ત્રવચન સાપેક્ષ તમામ શુભવ્યવહારને- તપત્યાગ, ક્રિયાકાંડને- 'સાચા' કહ્યા છે.

કાનજીભાઈ તો વ્યવહાર માત્ર–વચન સાપેક્ષ કે નિરપેક્ષ–બધાય–ઉપચાર સ્વરૂપ કહીને 'જૂઠા' જ કહે છે એને ધિક્કારે છે, એવા વ્યવહારોનું સેવન કરનારાઓની ભરસભામાં ઠેકડીઓ ઉડાડે છે, જેને સાંભળતાં ખ્યાલ આવી જાય કે એમના અંતરમાં વ્યવહારધર્મો પ્રત્યે કેવી બેહદ 'સૂગ' ભરી હશે !

રે ! જે 'સમયસાર' ગ્રન્થને આગળ કરીને તેઓ એકાન્ત નિશ્ચયનયની વાતો કરે છે તે જ સમયસારમાં ઠેર ઠેર વ્યવહારનયના મન્તવ્યો ભારે સૌજન્ય સાથે રજૂ કરવામાં આવ્યાં છે; પણ અજ્ઞાન શ્રોતાઓને એ ગ્રન્થ જોવો જ નથી અને કાનજીભાઈને વ્યવહારનયની પોષક વાતો

કરવી જ નથી એટલે થાય શું? બાકી એ જ ગ્રન્થમાં આચાર્ય કુન્દકુન્દે વ્યવહારનયના જે મન્તવ્યો મૂકયાં છે તે પણ એમ કહી જાય છે કે જિનમતને એકાન્ત નિશ્ચય માન્ય જ નથી, વ્યવહાનયનો ધિક્કાર એને મંજુર જ નથી. સ્યાદ્વાદના સિદ્ધાન્ત ઉપર આધારિત જિનમતની ભવ્ય હવેલીમાં વ્યવહારનયનો એક અદ્ભુત ઓરડો કાયમ માટે રાખવામાં આવ્યો છે. એ ઓરડાનું ત્યાં ભારે મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે.

પણુ કોણ સમજાવે આ બધી વાતો!

કાનજીભાઈ મારી સાથે વાર્તાલાપ કરવાનો પણ સાફ નન્નો ભણી દે છે.

મેં તો તેમને કહ્યું હતું કે વ્યવહારનયનું સમર્થન, એ જ સમયસાર ગ્રન્થના અવતરણોથી કરી આપવા હું કબુલ થાઉં છું કે જે સમયસારથી તમે એકલા નિશ્ચયનયની વાતો કરીને લોકોને મોટા ભુલાવામાં નાંખી રહ્યા છો!

પણ થાય શું? જેને વાત જ કરવી નથી ત્યાં........! શું એમને એવો ભય તો નહિ હોય ને કે વાતો કરવા જતાં ફસાયા–બંધાયા–નિરુત્તર થયા તો! જિંદગીની આબરૂ ધૂળમાં મળી જાય!

કાનજીભાઈ અધૂરી જ વાતો ઊંચકી ઊંચકીને મુગ્ધ લોકોને એકાન્ત નિશ્ચયમાં ધર્મ સમજાવી રહ્યા છે. એ વાત સિદ્ધ કરવા પૂરતું જ જણાવવાનું કે જેના નામે મોક્ષ-

માર્ગની વાતોના તેઓ અવતરણો ટાંકે છે અને લોકોને એ નામે ભુલાવામાં નાંખવા યત્ન કરે છે તે માણસે પણ વ્યવહારનયના સમર્થક પદો કયાં નથી ગાયા ? શું એ વાત તેમની જાણ બહાર તો નથી ને ? એમણે એ પદમાં સંસારનો પરિત્યાગ કરીને સંયમ લેવાનો વ્યવહારધર્મ પ્રાપ્ત કરવા માટે કેટલાં ભવ્ય સંવેદનો રજૂ કર્યાં છે જેને વાંચતા કોઈ પણ આત્માને એ વાત સુપેરે સમજાઈ જાય કે વ્યવહારધર્મની સાધના વિના નિશ્ચયધર્મ સિદ્ધ થઈ શકતો જ નથી."

ખૂબ જ અફસોસની વાત છે કે કાનજીભાઈએ જ્યાં ત્યાંથી માત્ર મનફાવતું ઊંચક્યું છે, લોકોની સામે રજૂ કર્યું છે.... જિનમતના નિશ્ચયનયને 'એકાન્ત' થી દૂષિત કરી નાંખ્યો છે.

જિનમત તો નિશ્ચય–વ્યવહાર ઉભય સંમિલિત મત છે. જિનમતના સત્યના સિક્કાની એ બે બાજુઓ છે. નિશ્ચયનયની દૃષ્ટિએ નિશ્ચયનય જેટલો સાચો છે એટલો જ સાચો વ્યવહારનયની દૃષ્ટિએ વ્યવહારનય સાચો જણાવ્યો છે. નિશ્ચયનયની દૃષ્ટિએ વ્યવહારનય મિથ્યા છે એ વાત પકડી લઈને વ્યવહારનયને સર્વથા મિથ્યા–ઉપચરિત વગેરે કેમ કહી શકાય ? એમ તો વ્યવહારનયની દૃષ્ટિએ નિશ્ચયનય પણ કયાં જૂઠો નથી ? વ્યવહારનય તો કહે છે કે, "કાનજીભાઈ તરીકે વ્યવહારમાં પંકાએલા આત્માને શુદ્ધ–બુદ્ધ–મુક્ત કહી શકાય નહિ. એ વાત મને તો માન્ય નથી જ. બીજા નયને ભલે તે વાત માન્ય હોય."

કાનજીભાઈને તો તપત્યાગ, ક્રિયાકાંડ જ ઉખેડવા છે એટલે તેમણે નિશ્ચયનયની દૃષ્ટિએ વ્યવહારને જૂઠો કહેવાની વાતને પકડી રાખી છે; પણ વ્યવહારનયની દૃષ્ટિએ નિશ્ચયનય જૂઠો છે એ વાત તો એ સાંભળવા પણ માંગતા નથી.

આવું તો કેમ ચાલે? એક જ જિનમતની બે વાતો—સત્યના સિક્કાની બે બાજુઓમાંથી એક જ માન્ય કરવી અને બીજીને સાવ વખોડી નાંખવી, ઘસી-ભૂંસીને સાફ કરી નાંખવી તે જરા ય ઉચિત ન ગણાય.

કોઈ સિક્કાની એક બાજુને ઘસીને સાફ કરી દેવામાં આવે તો તે સિક્કો સમજદાર માણસોમાં કદી ચાલતો નથી એ વાત કાનજીભાઈએ સારી રીતે સમજી રાખવી જોઈશે.

આવી રીતે વાતનું અડધિયું પકડી લેવું એ તો પેલા મુસલમાનના જેવી તરકીબ કહેવાય. એ ઉસ્તાદ બધા પાપે પૂરો અને શૂરો હતો. કોઈ ફકીરે એને ઘણું સમજાવ્યો કે તેણે પાપો નહિ કરવા જોઈએ, પણ પેલા મુસલમાને તો ઝટ કહ્યું કે કુરાનમાં જ તમે જેને પાપો ગણો છો તે કરવાની છૂટ આપી છે!

આ ધડાકો સાંભળીને ફકીર તો સજ્જડ થઈ ગયો. એણે પૂછ્યું, "મને કહો તો ખરા કે કુરાનમાં એવી છૂટ ક્યાં આપવામાં આવી છે?"

મુસલમાને તરત કહ્યું કે કુરાનમાં એક ઠેકાણે કહ્યું

છે, " અસત્ય વદો, મદ્યપાન કરો, વ્યભિચાર સેવો. " બોલો હવે તમારે કાંઈ કહેવું છે ? "

ફકીરને તો કુરાન આત્મસાત્ થઈ ગયું હતું. મુસલમાનની વાત સાંભળીને એના અંતરમાં એવા ભોગરસિક લોકોની દુનિયા તરફ ધિક્કાર વછૂટયો ! એનું અંતર રડી ઊઠતું બોલ્યું, " અરરરર ! પાપ તો કરવું પણ તેની ઉપર ધર્મગ્રંન્થની મહોરછાપ મારવા માટે નિષ્ફળ યત્નો કરવા ? "

ફકીરે કહ્યું, 'ઓ બિરાદર ! ધર્મના નામે આવી વાતો કરીને તમે દુનિયાને પાપના પંથે જ ધકેલી રહ્યા છો ને ? કુરાનનું આ અધૂરું વાકય તમે પકડી લીધું છે એ વાત હું બરોબર જાણું છું. એ વાકય તો આ પ્રમાણે છે. " અસત્ય વદો ! મદ્યપાન કરો, વ્યભિચાર સેવો....એટલે તમે પોતે જ તમારો વિનાશ કરી રહ્યા છો." " બિરાદર ! તમે પાછલી વાત કેમ ઉડાડી દીધી છે ?"

કાનજીભાઈ પણ આવું જ કરી રહ્યા છે ને ? જીવનના છેડે ઉભેલા એમને હવે પણ સદ્‌બુદ્ધિ જાગે તો ઘણું સુંદર.

[૩]

## ભાવવિહોણી શુભ-ક્રિયાઓ

[ પ્રકરણ ૩-૪ સાથે જ વાંચવા જરૂરી છે. ]

જીવ કદી ક્યારે ય ઉત્પન્ન થયો નથી. જીવ-કર્મના સંયોગની ક્યારે ય શરૂઆત થઈ નથી.

જીવ જો ક્યારેક પણ ઉત્પન્ન થએલો માનીએ તો એને ઉત્પન્ન કરનાર કોણ? એ પ્રશ્ન ઊભો થાય. જીવને ઉત્પન્ન કરનાર કોઈ 'ઈશ્વર' જેવું તત્ત્વ માનીએ તો વળી પ્રશ્ન થાય કે એ ઈશ્વરને ઉત્પન્ન કરનાર કોણ? ઈશ્વરને ઉત્પન્ન કરનાર જો બીજો કોઈ ઈશ્વર હોય તો એ બીજા ઈશ્વરને ઉત્પન્ન કરનાર ત્રીજો ઈશ્વર પણ માનવો પડે.... આમ વિચાર કરતાં તો કોઈ અન્ત જ ન આવે.

અને જો જીવને ઉત્પન્ન કરનાર ઈશ્વર સ્વયંભૂ માનીએ: એને ઉત્પન્ન કરનાર બીજા ઈશ્વરની કલ્પના ન કરીએ તો અનાદિ ઈશ્વર તત્ત્વ માનવા કરતાં અનાદિ જીવ-તત્ત્વ જ કેમ ન માનવું?

વળી જો કદાચ ઈશ્વરને જીવનો ઉત્પાદક માની લઈએ

તો એ પ્રશ્ન ઊઠે છે કે જ્યારે મહાકૃપાલુ ઈશ્વરે જીવને ઉત્પન્ન કર્યો ત્યારે તો તે તદ્દન શુદ્ધ જ ઉત્પન્ન કર્યો હોય ને? તો પછી શુદ્ધ જીવ તો મોક્ષમાં જ ચાલ્યો જાય. એને વળી આ સંસારમાં ભટકવું કેમ પડયું? સંસારમાં તો કર્મ વિના ભટકવાનું હોય જ નહિ.

વળી જો શુદ્ધ જીવને પણ સંસારમાં ભટકવું પડે તેમ હોય તો પછી ધર્મ કરીને જીવને શુદ્ધ બનાવવાનું નિરર્થક બની જાય. કેમકે શુદ્ધ થવા છતાં એને મોક્ષમાં જવાને બદલે સંસારમાં જ ભટકવાનું છે!

આ બધી આપત્તિઓ જીવની ઉત્પત્તિઓ માનવામાં આવે ત્યારે જ આવે છે. માટે જ જીવને અનુત્પન્ન માનવો જોઈએ. એ કદી ક્યારે ય ઉત્પન્ન થયો જ નથી. એ સદાનો છે. સદાનું એને કોઈ ને કોઈ કર્મ વળગેલું જ છે. જે જે ગતિમાં એ જન્મ પામે છે તેની પૂર્વ ગતિમાં તેણે તેવા સારાં નરસાં કર્મ કર્યાં હોય જ. કેમકે તે સિવાય તે જન્મ, જીવન અને મૃત્યુ વગેરે પામી શકે જ નહિ. આમ દરેક જન્મની પૂર્વે પૂર્વે જીવન માનવું જ રહ્યું. એટલે એવું પ્રથમ જીવન પ્રાપ્ત થઈ શકે જ નહિ. કેમકે જેને પ્રથમ જન્મ, જીવન, મૃત્યુ કહેશો તે કર્મ વિના તો સંભવે જ નહિ, એ કર્મ બાંધવા માટે એની પૂર્વના જીવનનું અસ્તિત્વ માનવું જ પડે.

નિષ્કર્ષ એ જ આવીને રહે છે કે જીવની ઉત્પત્તિ છે નહિ! જીવ-કર્મનો સંયોગ અનાદિકાળથી છે.

છતાં આવા અનાદિકાલીન સંયોગનો અન્ત જરૂર

લાવી શકાય છે. અગણિત વર્ષોથી ખાણમાં દટાએલા સોનાને ધૂળ સાથે સંયોગ હોવા છતાં અગ્નિમાં પકાવવાથી એ સંયોગનો અન્ત આવે જ છે ને? દાદા-દાદીની અનન્ત પરંપરાનો અન્ત દીક્ષાલેતો બ્રહ્મચારી લાવી જ દે છે ને?

રત્નત્રયીની આરાધનાની ભઠ્ઠીની આગમાં તપતો જીવ પણ કર્મની ધૂળથી મુક્ત થઈ શકે છે. જીવની કર્મમુક્તિ એ જ એનો મોક્ષ છે.

જૈન દર્શન કહે છે કે ભલે જીવનો પ્રથમ જન્મ ન હોય પરન્તુ જીવનું પ્રથમ સ્થાન જરૂર છે. એનું નામ છે નિગોદ.

પ્રસિદ્ધ મત એ છે કે સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારની નિગોદમાંથી જે સૂક્ષ્મ નિગોદ કહેવાય છે તે અવ્યવહાર રાશિ કહેવાય છે. સહુ પ્રથમ જીવ આ અવ્યવહાર રાશિમાં હતો. ત્યાં તેના અનંતાનંત મૃત્યુ થયાં હતાં.

ખૂબ કષ્ટ વેઠીને જ્યારે જેની કાંઈક કર્મ લઘુતા થઈ, જ્યારે જેનો કાળ પાકયો, જ્યારે એક આત્મા પરમાત્મા થયો ત્યારે એ આત્મા અવ્યવહારરાશિમાંથી નીકળીને બાદરનિગોદ વગેરે વ્યવહાર રાશિમાં આવ્યો.

પછી તો જે જીવની જેવી ભવિતવ્યતા, જેવી કર્મલઘુતા, જેવા પુરુષાર્થ વગેરે,-તેમ તેમ તે એકેન્દ્રિયાદિના જીવન પામતો ગયો. એમ કરતા મનુષ્ય પણ થયો, દેવ પણ થયો, નારક પણ થયો.... બધું ય થયો... બધેથી નીચે પડયો. રે! માનવ થઈને સાધુ પણ થયો....સાધુ થઈને હીનગતિમાં પણ ચાલ્યો ગયો!

અનંતકાળમાં આવું બધું ય અનંતી વાર બન્યું. કોઈ આકાશ પ્રદેશ એવો નથી જ્યાં એક પણ જીવ અનંતી વાર જન્મ–મરણ ન પામ્યો હોય, કોઈ ગતિ નથી જ્યાં એ અનન્તી વાર ન ગયો હોય.

રે! જૈન–સાધુનો વેષ પણ એણે અનંતી વાર લીધો... એ વેષને કારણે તો એ અનંતી વાર નવમા ગ્રૈવેયકનાં દૈવીસુખો ભોગવી આવ્યો.

અનંતા ઓઘા કર્યા, અનંતી મુહપત્તિઓ કરી. એ બધાયનો ઢગલો કરવામાં આવે તો મેરુપર્વત જેવડા અનંતા ઢગલા ઊભા થઈ જાય!

અનંતી વાર સાધુ તો થયો. અનંતી વાર આચાર્ય-પદ ઉપર આરૂઢ પણ થયો. રે! મોક્ષમાર્ગની દેશના તો એવી દીધી કે અગણિત આત્માઓના એણે ઘરબાર મુકાવી દીધા... એ બધાયને મુક્તિપંથના સંત બનાવી દીધા...

પણ... અફસોસ! એ બુદ્ઠો કદી મોક્ષે ન ગયો. એ તો ગયો દેવલોકના સુખો ભોગવવા... અને પછી બધું પુણ્ય ખલાસ થતાં વળી પાછો ગયો નિગોદમાં! નારકમાં!

આ શું? અનંતી વાર સાધુ થનાર મોક્ષે કેમ ન ગયો? અનંતી ધર્મક્રિયા કરવા છતાં એ અક્કર્મી સંસારમાં જ કેમ રખડયો? સાધુવેષથી એને મોક્ષ ન મળતાં દેવલોક જ કેમ મળ્યો? રે! દેવલોક પણ અન્તે તો સંસાર જ છે ને? ભલે તે દેવલોકમાં ગયો... પણ ત્યાંથી નીકળીને માનવજીવન

પામીને મોક્ષમાં કેમ ન ગયો? ૭–૮ ભવમાં તો એણે મોક્ષમાં પહોંચવું જ જોઈએ ને? એને બદલે અનંતા ભવ ગયા, અનંતી વાર સાધુ થયો છતાં હજી કેમ એનો મોક્ષ નહિ?

અટક્યું ક્યાં? વાંધો ક્યાં આવ્યો?

રે! પાપક્રિયા કરે અને સંસારમાં ભટક્યાં કરે એ તો સમજાય તેવી વાત છે, પણ સાધુવેષની ધર્મક્રિયા કરે અને સંસારમાં ભટકયા કરે!!! ગજબ થઈ ગયો! શાથી આમ બન્યું? શું ક્રિયા જ ખોટી છે? શું ક્રિયામાં ધર્મ જ નથી?"

સબૂર... ધર્મતત્ત્વની પિછાણ કરવામાં જો જરા પણ અધીરા બની જશો, આછકલા બનીને જેવી તેવી શંકા–કુશંકા કરશો તો માર્યા જશો! 'ઘણી ધર્મક્રિયા કરવા છતાં મોક્ષ નથી થયો' એ વાત સાંભળીને, "શું ક્રિયા જ ખોટી?" એવી ભયંકર કલ્પના કરવા ઉતાવળા થઈ જશો મા!"

"પણ તો ઉદ્ધાર કેમ ન થયો? અટક્યું ક્યાં! એમ પૂછો છો ને?

પેલી વાત યાદ આવી જાય છે. સાંભળી લો; પછી આ પ્રશ્નનું નિરાકરણ કરવાની બહુ મજા આવશે.

ઘણા વર્ષ પહેલાની આ વાત છે. તદ્દન સાચી બનેલી ઘટના છે.

અમદાવાદમાં એક મિલ હતી. સેંકડો લોકોનું એ જીવન હતું. એક દિવસ બપોરના સમયે એકાએક એ મિલના

તમામ સંચા અટકી ગયા. ઈજનેરો જાત–તપાસ કરવા નીકળી પડયા. જયાં ત્યાં હથોડીઓ માર–માર કરી.. પણ નિષ્ફળ! કયાં અટકયું ? સંચા કેમ અટકી પડયા ?

એક કલાક... બે કલાક... ચાર કલાક ગયા. પણ કેમેય કારણ હાથ ન આવ્યું. મિલમાલિકને બોલાવવામાં આવ્યા. ખૂબ ધુઆંકુંવા થઈ ગયા. પણ શેઠના ફુંફાડાને એ યન્ત્રો થોડા જ ગણકારે તેમ હતા!

એક દિવસ પૂરો થઈ ગયો. હજારો રૂપિયાનું નુકશાન!

બીજા દિવસ! ત્રીજો દિવસ! છાપાના પાને સમાચાર ચમકયા. “લાખોનું નુકશાન!”

ત્રીજા દિવસની સાંજ પડી! અસ્તાચલને અવલંબતો હતો આકાશનો સૂરજ! શેઠના ભાગ્યનો સૂરજ!

એ વખતે એક અડબંગ જણાતો ગામડિયો મીલમાં આવ્યો. શેઠ અને મેનેજર– બે ય–ભારે ઉદાસીનતા સાથે લમણે હાથ દઈને ઓફિસમાં બેઠા હતા. શેઠનું દુ:ખ તો સીમા વટાવી ગયું હતું.

ગામડિયો ડીગ્રીધારી તો ન હતો. પણ ઈજનેરી કામ અંગેની બુદ્ધિ તો એની જ હતી. આરપાર ઊતરી જતી આવી વાતોમાં!

શેઠની રજા માંગીને મીલનાં યન્ત્રો જોવા નીકળ્યો. એક કલાકમાં પાછા આવીને મલકાતા વદને શેઠને કહ્યું, “શેઠજી! એક જ મિનિટમાં તમારી આખી મીલ ચાલુ કરી આપું. કહો, શું આપશો ?”

"તું માંગે તે" ખુરશીમાં ફસડાઈ પડેલા શેઠ આનંદમાં આવીને બોલ્યા.

"એમ નહિ. પહેલા દશ હજાર રૂપિયાનો 'બેરર' ચેક આપો. પછી યન્ત્રો ચાલુ કરી દઉં." ગામડીઆ ભાઈએ સ્પષ્ટ વાત કરી.

શેઠે મંજૂર કર્યું, તરત ચેક આપ્યો. લાખોની નુકશાની બચાવનાર દસ હજાર રૂપિયા તો શેઠને દસ રૂપિયા જેવા લાગતા હતા.

એક હથોડી લઈને ગામડિયો અમુક જગાએ ગયો. શેઠ અને મેનેજરને તો ભારે કુતુહલ જાગ્યું હતું. એટલે તેઓ તથા મીલનો હજારો રૂપિયાનો પગાર ખાતાં ડીગ્રીધારી કાયમી ઈજનેરોનો સ્ટાફ પણ ગામડિયાને અનુસર્યો.

એક સ્થાને જઈને સહુને ઉદ્દેશીને અડબંગ ઈજનેરે કહ્યું, "જુઓ મહેરબાનો! જલદી નજરે ન ચડતી આ લોખંડની પટ્ટી ખસી ગઈ છે. તેથી એક બીજા સાથે સંકળાએલાં બધાં યન્ત્રો અટકી પડયાં છે." એમ કહીને તેણે તે પટ્ટી ઉપર જોરથી હથોડી મારી. પટ્ટી ઠેકાણે બેસી જતાંની સાથે જ તમામ યન્ત્રો પૂર્વવત્ ચાલુ થઈ ગયાં.

શેઠે તો ચીસ નાંખી દીધી! એ ગર્જી ઊઠયા, "ઓ મૂર્ખ! એક હથોડી મારવાના દસ હજાર રૂપિયા આંચકી લીધા!"

ખડખડાટ હસી પડતો ગામડિયો બોલ્યો, "જી નહિ! શેઠ સાહેબ! હથોડી મારવાનો તો માત્ર એક રૂપિયો લીધો

છે! પણ હથોડી ક્યાં મારવી તેના ૯૯૯૯ રૂપિયા લીધા છે! સમજ્યા મારા સાહેબ!"

આ નાનકડું દૃષ્ટાન્ત આપણી વિચારણાને સમજવા માટે ખૂબ જ ઉપયોગી થઈ પડે છે.

આજ સુધીમાં જેટલી વાર સાધુવેષ લીધો તેટલી વાર શુભક્રિયાના હથોડા તો જરૂર માર માર કર્યા પણ જે જગાએ હથોડો મારવાનો જરૂરી હતો તે જગા તો લક્ષમાં જ ન આવી.

લક્ષ વિનાની હથોડા–મારની ક્રિયાઓ આપણા શી રીતે બંધ પડેલા મોક્ષમાર્ગના સંચાઓ શી રીતે ચાલુ કરે? શી રીતે મોક્ષના માલનું ઉત્પાદન કરે?

મોક્ષના લક્ષ વિનાની સાધુ જીવનની ક્રિયા પણ નિષ્ફળ ગઈ! હા....લક્ષ વિનાની ક્રિયા નિષ્ફળ જ જાય. જ્યાં સુધી જીવ અચરમાવર્ત્તકાળમાં હોય ત્યાં સુધી તો તેને મોક્ષનું લક્ષ આવે જ નહિ. રે! કોઈ મોક્ષની વાતો કરે, મોક્ષના સુખનું વર્ણન કરે તોય એ આત્માને એવા સુખનો પ્રેમ જાગે જ નહિ. એવું શ્રવણ કરવામાં દિલચસ્પી જાગે જ નહિ.

લક્ષ વિનાનું તો બધું ય નકામું જ છે ને! જગતમાં ય આ જ ન્યાય લાગુ પડે છે. અમદાવાદનો કોઈ માણસ, 'પોતાને કયાં જવું છે?' એ મનમાં નક્કી જ ન કરે અને ચાલવા જ માંડે એટલે શું તે અમુક જ સ્થાને પહોંચે તેવું બને? ના.... મદ્રાસ, મુંબઈ ગમે ત્યાં પહોંચી જાય.

જ્યાં પહોંચવાનું છે ત્યાં ન પહોંચે. ચાલ ચાલ કરવાથી ધાર્યું સ્થાન કાંઈ થોડું જ આવી જાય છે? એ માટે તો પહેલા લક્ષ નક્કી કરીને એની દિશા નક્કી કરવી જોઈએ; પછી એ દિશામાં ચાલ ચાલ કરવાથી નિશ્ચિત સ્થાન આવી જાય.

આ ઉપરથી નક્કી થાય છે ને કે લક્ષ વિના જ ચાલવાથી લક્ષ્ય સ્થાન આવી શકાતું નથી. પછી સેંકડો માઈલ કાં ન ચાલી નાંખવામાં આવે!

પૂર્વમાં લક્ષ્યસ્થાન હોય અને પશ્ચિમમાં જ ચાલવામાં આવે તો હજારો માઇલ ચાલ્યા પછી પણ પૂર્વદિશાનું લક્ષ્યસ્થાન આવી શકે જ નહિ.

રે! કંદોઇને પૂછોને કે તેને દૂધપાક બનાવવો હોય ત્યારે જો દૂધપાક બનાવવાનું લક્ષ રાખે નહિ અને દૂધને ઉકાળવા મૂકીને હલાવ-હલાવ કરતો વિચારે જ ચડી જાય તો દૂધપાક તો બનવાનો દૂર રહ્યો પણ દૂધનો માવો જ બની જાય! કેમ કે હલાવ-હલાવની ક્રિયા કરવા માત્રથી કાંઈ દૂધપાક થઈ જતો નથી. એ માટે તો દૂધપાક બનાવવાનું લક્ષ પણ મનમાં રમતું જ રહેવું જોઈએ.

અરે! નાના બાળકની જ વાત કરો ને! આપી દો એને કોરી સ્લેટ અને એક પેન. પછી એને કહી દો કે એકડો તૈયાર કરીને આપ.

શું તે બાળક કદી પણ એકડો તૈયાર કરી શકશે? તમે જો તેને એકડો દોરીને જ ન આપો અથવા તો

એકડાનું ચિત્ર એની સામે ન મૂકી દો તો કોરી સ્લેટ ઉપર એ લાખો લીટા દોર્યા જ કરે તો પણ તેને એકડો આવડે જ નહિ.

અને જો એકડાનું લક્ષ નક્કી કરી આપો તો ૫૦–૧૦૦ લીટા દોરતાં દોરતાં જ તેને એકડો આવડી જાય.

આ ત્રણેય પ્રસંગો એમ કહે છે કે માત્ર ક્રિયા કરવાથી કાર્યસિદ્ધિ થતી નથી, જે કાર્ય કરવું છે તે કાર્યનું લક્ષ હોય તો જ તે ક્રિયા કરવાથી તે કાર્યસિદ્ધિ થઈ જાય છે.

અનંતી વાર આપણે સાધુવેષ લીધો અને સાધુક્રિયા પણ કરી, તપ–ત્યાગ કર્યા, સ્વાધ્યાય જપ કર્યા, બધું ય કર્યું પણ એ બધું કરીને મારે મોક્ષમાં જવું છે એ વિચાર કદી કર્યો નથી. આમ મોક્ષના લક્ષ વિનાની એ અનંતી શુભક્રિયાઓ પણ મોક્ષમાં પહોંચાડનારી તો ન જ બની પણ દેવાદિગતિમાં પહોંચાડીને સંસારમાં જ રાખતી રહી.

અહીં એક પ્રશ્ન સહજ રીતે ઊઠે તેમ છે કે, "જો મોક્ષ પામવા માટે સાધુક્રિયા ન કરી તો શું મેળવવા માટે સાધુક્રિયા કરી? શા માટે આત્માએ સાધુ જીવનનું શરણું લીધું?"

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે અચરમાવર્ત્તકાળમાં રહેલા જીવને સદા સંસારનું સુખ જ પ્રિય હોય છે. એ સુખ વિનાના મોક્ષની તો વાત પણ એને સાંભળવી ગમતી નથી. જ્યારે એને એ વાતની જાણ થાય છે કે સાધુક્રિયા કરવાથી

આ લોકમાં માનપાન અને ખાનપાનના સંસાર–સુખો પ્રાપ્ત થાય છે અને પરલોક જેવું કાંઈક હોય તો ત્યાં ય સ્વર્ગાદિ સુખોના વૈભવ પ્રાપ્ત થાય છે ત્યારે એ સાધુક્રિયા માટે તૈયાર થાય છે. આ લોકમાં ય મોજ! પરલોક હોય તો ત્યાં ય મોજ! દુઃખનું કોઈ નામ જ નહિ!

જોયું ને! સંસારના સુખનો અતિરાગ અને દુઃખ પ્રત્યેનો અતિદ્વેષ એ જીવને સાધુક્રિયાનું કષ્ટ વેઠી લેવા પણ સજ્જ કરી દે છે. આમ સાધુજીવનનું શરણું એ દુઃખભયથી કે સુખપ્રેમથી પ્રેરાઇને જ એણે અનંતી વાર લીધું! પણ કદી મોક્ષના વર્ણનાતીત સુખની ઇચ્છાથી કે પાપના ભયથી ત્રાસીને એણે સાધુજીવનનું શરણું લીધું જ નથી.

દુઃખભયથી છૂટવાના અને સાંસારિક સુખને પામવાના લક્ષથી અનંતી વાર સાધુક્રિયા કરી માટે જ એ સાધુક્રિયાએ મોક્ષપદની બક્ષિસ ન કરી. જો એક વાર પણ પાપભયથી ત્રાસી જઇને નિષ્પાપ મોક્ષપદ પામવાની તમન્ના તીવ્ર બની જાય અને એ આગ સાથે એક વાર પણ જઘન્ય સાધુક્રિયા કરવામાં આવે તો ય વધુમાં વધુ સાતથી આઠ ભવમાં એ આત્મા મોક્ષપદ પામી જાય. પણ અફસોસની વાત એ જ છે કે જીવનું લક્ષ હજી મોક્ષસુખ પ્રતિ થયું નથી; હજી એને પાપનો ભય જાગ્યો નથી. એ તો ઇચ્છે છે સંસારના સુખો, એ ભયભીત છે સંસારના દુઃખોથી.

તમે તમારા હાથની આંગળી ઉપર એક ચકરડું લો અને તેને ભમાવો....ગમે તેટલું ભમાવો. સવારથી માંડીને

સાંજ સુધી આંગળી ઉપર ભમાવ ભમાવ કરો. તો શું એ ચકરડું એક ઈંચ જેટલું પણ આગળ વધશે ખરું ? તમારે એને જે સ્થાને પહોંચાડવું છે ત્યાં પહોંચશે ખરું ? નહિ જ ને! આંગળીના ટેરવે ચક્કર ચક્કર ગતિ કરતું ચકરડું એક ઇંચના દસમા ભાગ જેટલું પણ શી રીતે આગળ જાય ?

તો શું કરવું ? એ આગળ શી રીતે વધી શકે ?”

જો એને આગળ ધપાવવું હોય તો આંગળીને ટેરવે ચક્કર ચક્કર ઘુમાવવાને બદલે જમીન ઉપર ઘુમાવવું જોઇએ. જેવો એને જમીન સાથે ઘસારો લાગશે કે તરત જ એ આગળ વધશે.

આંગળીને ટેરવે ભમતું ચક્ર ગતિ કરતું જરૂર કહેવાય....ઘાંચીના બેલની જેમ.

પણ પ્રગતિ તો જરા ય ન કરે. એ માટે તો એને ઘસારો અનિવાર્ય છે.

આ જ વાત મોક્ષમાર્ગની ગતિ–પ્રગતિમાં આપણે સમજી લેવાની છે. જ્યાં સુધી મોક્ષનું લક્ષ આવતું નથી ત્યાં સુધી મોહનીયકર્મને–સુખાતિરાગ અને દુઃખાતિદ્વેષની વાસનાને—જરા પણ ઘસારો લાગતો નથી. આપણી સાધુ-ક્રિયા પણ હવામાં ઘૂમતાં ચકરડાની જેમ માત્ર ગતિ કરતી રહે છે. જ્યારે મોક્ષનું લક્ષ આવે ત્યારે પેલા રાગ–દ્વેષના ભાવોને ઘચરકો લાગે છે....બસ, એમ થતાં જ ધર્મક્રિયાની ગતિ તરત જ પ્રગતિમાં રૂપાન્તર પામી જાય છે. પછી મોક્ષના સ્થાને દોડી જતાં ઝાઝી વાર લાગતી જ નથી.

મોક્ષરાગના લક્ષવાળો પાપથી તો ગભરાય જ. સંસાર રાગના લક્ષવાળો માત્ર દુઃખથી જ ગભરાય.

પાપના ભયે સાધુક્રિયા કરતો આત્મા મોહનીય કર્મને શોષતો રહે.

બધી વાતનો એક જ સાર છે કે એકલી સાધુક્રિયાથી ન તરાય; તરવા માટે તો મોક્ષનું લક્ષ જોઈએ, પાપનો ભય જોઈએ; મોહનીય કર્મને ઘસારો જોઈએ.

આ ત્રણમાંથી ગમે તે એક વાત હોય તો બાકીની બે વાત અવશ્ય હોય.

એટલે લક્ષ એ મહત્ત્વની બાબત છે. લક્ષવિહોણી સાધુક્રિયા અનંતી વાર કરવામાં કાં ન આવે ? તો ય નિસ્તાર શક્ય જ નથી.

વિનયરત્ન નામના સાધુની વાત નથી જાણતા ? કેવો અનન્ય ગુરુભક્ત બન્યો હતો ? પણ બધો ય દંભ ! એની ભક્તિમાંથી એકલો દંભ જ નીતરતો હતો ને ? એને મોક્ષનું લક્ષ જ ન હતું ! હોય જ ક્યાંથી ! અભવ્યનો જ આત્મા હતો ને ?

એને તો એક જ લક્ષ્ય વિંધવું હતું, રાજા ઉદાયીનું ખૂન.

આવા માણસની ઉત્તમોત્તમ ગુરુભક્તિ બિચારી શું કરે ? બાર-બાર વર્ષ ભક્તિ કરી ! રે ! બારસો ભવ એવી ભક્તિ કરે તો ય ન તરે ! કેમકે લક્ષ જ ન હતું.

રણસંગ્રામમાં તરવારને ફેરવવા માત્રથી ન જીતાય. ત્યાં ય લક્ષ જોઈએ છે. શત્રુના વિજયનું....

જો એ લક્ષ વિના જ તરવાર ફેરવે તો શત્રુને બદલે મિત્રસૈન્યના જ માથાં ધરતી ઉપર પડવા માંડે !

સાધુક્રિયા એ બહિરંગ ધર્મ છે પરન્તુ એની સફળતા તો અન્તરના આશય ઉપર જ અવલંબે છે.

જો અન્તરંગ પરિણામ મોક્ષપ્રાપ્તિનો ન હોય તો માત્ર બહિરંગ ક્રિયાથી મોક્ષ મળી શકે નહિ. ત્રિકાળમાં કોઈને એવી રીતે મોક્ષ મળ્યો નથી.

મોક્ષ તો મુખ્યત્વે માંગે છે મનનું દાન ! તનનું, ધનનું કે જીવનનું દાન એને બહુ મહત્ત્વની બાબત નથી. તે કહે છે મને પામવા માટે તમારું મન આપો; પવિત્ર મન મને ધરો... "

આ વિચાર આપણને એમ જણાવવા માંગે છે કે બહિરંગ ક્રિયા સાથે અન્તરંગ મનઃ ક્રિયા (મનઃપરિણામ) સંવાદ ધરાવે જ એવો એકાન્ત નથી.

બહારની ક્રિયા સુંદર હોય અને આન્તર પરિણામ અસુન્દર પણ હોય. એથી ઊલટું પણ હોય.

પારધિ જાળ બિછાવે છે. પછી દાણા નાંખે છે. પારેવાં ઊડી ઊડીને આવતાં જાય છે. એક પછી એક સેંકડો પક્ષીઓ ચણ ચણી રહ્યા છે; પૂરી દિલચસ્પીથી.

વિશાળ વડલાના એક થડની પાછળ સંતાઈને પારધી

ઊભો રહ્યો છે. પોતાનાથી જરાય અવાજ ન થઈ જાય એની પૂરી કાળજી સાથે એનું મન બોલી રહ્યું છે, "હજી ઉતાવળ કરીશ નહિ. જાળને એકદમ સંકેલી લઈશ નહિ. હજુ થોડા વધુ પક્ષી આવવા દે....મોટો તડાકો પડી જશે." પારધિએ ભારે ચૂપકી પકડી છે.

પણ એ વખતે દૂરથી એક માણસની નજર પડી જાય છે. આ દૃશ્ય જોતાં જ એનું અંતર તીણી ચીસ નાંખી દે છે. મુઠી વાળીને દોટ મૂકે છે. વડલે છુપાએલો પારધિ એને દોડતો આવી રહેલો જુએ છે. મોં ઉપર આંગળી લાવીને ઈશારાથી એમ સમજાવવા યત્ન કરે છે કે, "તું આ બાજુ ન આવ. તારા આવવાથી આ પક્ષીઓ ઊડી જશે."

પણ એના સંકેતો નિષ્ફળ જાય છે. પેલો આદમી દોડતો આવીને જ જંપે છે. જોરથી તાળીઓ બજાવે છે. તમામ પક્ષીઓને ઊડાડી મૂકે છે!"

કહો, દયાળું કોણ? પારધિ કે પેલો આદમી! પારધિએ પક્ષીઓને ખવડાવ્યું, ખાવામાં અન્તરાય ન પડે માટે શાન્તિથી લપાઈ ઊભો. નવા પક્ષીઓ આવે અને મોજથી ખાય એવી ભૂમિકા બનાવી રાખી.... પારધિ મહાદયાલુ ખરો કે નહિ? એની પ્રત્યેક ક્રિયા દયાને જ વ્યક્ત નથી કરતી શું?

અને પેલો આદમી? આરામથી ચણ ચણતાં પક્ષીઓને તાળીઓ દઈ ગભરાવ્યા, દોટ મૂકીને ઉડાડયા, પારધિના

ઈશારાને અવગણ્યા. આદમી નિર્દય ખરો કે નહિ ? એની દરેક પ્રવૃત્તિમાં નિર્દયતા જ વ્યકત થતી નથી શું ?

મંજૂર છે એ વાત ? પારધિ દયાળુ અને આદમી નિર્દય ?

નહિ ?

કેમ વારુ ?

ક્રિયામાત્રથી દયાલુતા કે નિર્દયતાનો નિર્ણય ન કરી શકાય માટે જ ને ? એની સાથે અંતરનો આશય તપાસવો જોઇએ માટે જ ને ? પારધિના અંતરમાં વધુ પક્ષીઓ ફસાવવાની ક્રૂરતા ડોકા દઈ રહી હતી માટે દયાની ક્રિયા કરવા છતાં તેને નિર્દય કહેવાય છે ને ? આદમીના અંતરમાં દયા ઊભરાઈ હતી માટે જ નિર્દયતાની ક્રિયા કરવા છતાં એ જ મહાદયાલુ કહેવાય છે ને ?

બસ ત્યારે....આવી ગઈ ને એ જ વાત કે બાહ્ય ક્રિયામાત્રથી કોઈ પણ નિર્ણય આપી શકાય નહિ. એ માટે અંતરનો આશય પણ તપાસવો જ પડે.

આ બિલ્લી જ જુઓ ને ? બે ય ને એકસરખી રીતે મોંમા પકડે છે: પોતાના બચ્ચાને અને ઉંદરને ! છતાં બચ્ચાને પકડતી વખતે એ વાત્સલ્યમયી દયાલુ માતા ગણાય છે; અને ઉંદરને પકડતાં એ ક્રૂરતામયી નિર્દય જાત ગણાય છે.

એક સરખી ક્રિયા ! છતાં જુદાં જુદાં પ્રમાણપત્રો !

ડૉકટર પણ દર્દીને મારવામાં નિમિત્ત બને છે પેટ

ચીરીને: ઢગલાબંધ લોહી વહાવી દઇને નિષ્ફળ ઓપરેશન કરવા જતાં.

અને ખૂની પણ શત્રુને મારે છે. એ જ રીતે પેટ પર ધારિયું ફેરવીને, લોહીનું ખાબોચિયું બનાવી દઇને.

છતાં ડૉક્ટર દયાળુ! અને શત્રુ ઘાતકી ! શાથી ? અંતરના આશય-ભેદના કારણે જ ને?

ઘરાકને ધીરેલા દસ હજાર રૂપિયા પાછા મેળવવાના એક માત્ર આશયવાળો વેપારી એ જ ઘરાકને બીજા પાંચસો રૂપિયા ધીરે તો પણ એ વહેપારી 'પૈસા આપતો' કહેવાતો નથી.

આપવા છતાં 'આપતો' ન કહેવાય કેમ કે આશય ધીરેલા જૂના બધા રૂપિયા પાછા લેવાનો જ છે.

મોટો ખાડો કૂદવા માટેઆગળ વધીનેકૂદકો ન મારતાં ખાડાથી પચાસ કદમ દૂર જતો વ્યાયામવીર 'દૂર જતો' નથી કહેવાતો; કેમકે ખાડો કૂદીને આગળ જતા રહેવાની યોજનામાં જ એનું મન રમમાણ છે. એ યોજનાના જ એક ભાગરૂપે આ પીછેહઠ છે.

કહેવાય છે કે શત્રુસૈન્યને અનુકૂળ સ્થાનમાં ખેંચી લાવવા માટે શિવાજી પીછેહઠ કરતા હતા. શત્રુઓ આનંદવિભોર આગળ ધસતા....અનુકૂળ સ્થાન આવી જતાં જ શિવાજી પીછેહઠ-બંધનો આદેશ કરીને ચારે બાજુથી શત્રુ ઉપર તૂટી પડતા અને હજારો શત્રુને જનોઈવઢ રગદોળી નાંખતા.

ઇતિહાસ કહે છે કે શિવાજીની પીછેહઠમાં આગેકૂચ હતી માટે એને પીછેહઠ કહી શકાય નહિ.

બધી વાતનો સાર એ છે કે બાહ્યક્રિયા માત્રથી માણસને કોઈ પણ પ્રમાણપત્ર આપી શકાય નહિ. એ માટે તો એના અંતરના આશયને પણ તપાસવો જ પડે.

અશુભક્રિયામાં શુભાશય પણ હોઈ શકે !

શુભક્રિયામાં અશુભાશય પણ હોઈ શકે !

ભલેને અનંતી વાર સાધુક્રિયા જેવી ધર્મક્રિયા કરી પરંતુ જો એની પાછળ સંસ્કારથી સારા બનવાનો, પરિણામે મોક્ષ પામવાનો આશય જ ન હોય તો એ ધર્મક્રિયામાત્ર મોક્ષ ન જ પમાડી શકે.

જે સાધુક્રિયાની પાછળ સંસારના સુખોથી સુખી બનવાનો જ આશય ડોકાં દઈ રહ્યો હોય, પરિણામે દૈવી સુખોનો સંસાર જ પામવાનું લક્ષ હોય તે સાધુક્રિયા મોક્ષ શી રીતે પમાડે ?

કાંઈ ક્રિયામાત્રથી મોક્ષ ન પમાય ! મોક્ષની ઇચ્છા પણ ત્યાં જરૂરી છે. જેને મોક્ષની ઇચ્છા જ નથી તેને સાધુ-જીવનની કઠોરતમ ક્રિયા તો શું ? પણ સાક્ષાત્ તીર્થંકરદેવ પણ મોક્ષ આપી શકે તેમ નથી.

જો અંતરમાં મોક્ષનો ભાવ જ ન પ્રગટે તો ભગવાન પણ ભવ–સમુદ્રનો પાર પમાડી ન શકે. એકલી ક્રિયામાં, એકલા ભગવાનમાં ય તાકાત તો નથી જ.

"હું ! શું ક્રિયાનું અને ભગવાનમાં પોતાનું કોઈ બળ જ નથી ? ભલેને જીવાત્મા ભાવ વિનાના હોય. ભલે ને એ ભાવ વિનાની ક્રિયા કરતો રહે અને ભગવાનને ભજતો રહે તો ય એ તરે જ. એ તો ક્રિયાની જ સ્વયંભૂ તાકાત એવી છે કે એ ભાવવિહોણાને પણ તારે...પરમ-પિતા પરમાત્માના દર્શનની જ તાકાત એવી છે કે દર્શકના ઘનઘાતી કર્મોના ભુક્કા બોલે જ."

ના....જરાય નહિ. બેશક, ક્રિયાઓ અને ક્રિયાદર્શક તીર્થંકરભગવંતો, સાધુભગવંતો વગેરેના સૂક્ષ્મબળની પ્રચંડ તાકાતમાં શંકા કરવાનું કોઈ કારણ નથી. પણ એ તાકાત પોતાનું બળ બતાડવા માટે સામી વ્યક્તિની ભાવ–પાત્રતાની અપેક્ષા તો રાખે જ છે. જીવ જ અભવ્ય હોય, દુર્ભવ્ય હોય કે ભારેકર્મી ભવ્ય હોય તો તે અનંતી સાધુક્રિયા કરે તો ય તેનો ભવ નિસ્તાર થતો જ નથી, માટે એકલી ક્રિયાદિથી મોક્ષકાર્યની સિદ્ધિ ન કહી શકાય. ભાવનો સહકાર ત્યાં જરૂરી તો ખરો જ.

તમે કદાચ પૂછશો કે ભાવ વિના પણ હરડે ખાવાની ક્રિયાથી રેચ લાગે છે કે નહિ ? ભાવ વિના પણ સ્ટીમરમાં બેસતું બાળક એના પિતા સાથે જ સમુદ્રનો પાર પામે છે કે નહિ ? જેવું આ તેવું તે કેમ નહિ ?"

સ્થૂલદૃષ્ટિએ હરડેનું કે સ્ટીમરનું દૃષ્ટાંત ભલે સ્વમત-પુષ્ટિમાં મજબૂત લાગે; પરંતુ સૂક્ષ્મદૃષ્ટિથી વિચારતા આ દૃષ્ટાન્ત ટકી શકતા નથી.

જે બાળક ભાવ વિના હરડે ખાશે તે ઘરમાંથી બહાર નીકળીને માશીને ત્યાં જઈને ભજીયાં ખાઈ લે કે કંદોઇને ત્યાં જઈને મીઠાઈ ખાઈ લે કે બે આનાના ચણા પણ ખાઈ લે...જેને રેચ લાવીને મળશુદ્ધિ કરવાનો ભાવ જ નથી એ બાળક મગનું પાણી પીવાનું પથ્ય નહિ પાળે, ભજીયા વગેરે કુપથ્ય નહિ કરવાની વાત ઉપર ગંભીરતા સાથે ધ્યાન નહિ જ દે. આનું પરિણામ એ જ આવશે કે તે બાળક હરડે ખાવા છતાં મળશુદ્ધિના કાર્યની પૂર્ણ સફળતા નહિ જ પામી શકે.

હવે એ જ બાળકના સમજદાર પિતાની વાત કરો. જો તે મળશુદ્ધિના લક્ષને આંબવાની પૂર્ણ ભાવના સાથે હરડે લેશે તો તે લક્ષ જરૂર સિદ્ધ થશે; કેમકે પથ્ય અને કુપથ્ય અંગેની વિધિઓનું પરિપાલન તે બરોબર કરશે.

અનિચ્છાએ સ્ટીમરમાં બેસનાર માણસ પાછા ફરવા માટે ધમપછાડા કરશે, એવો તો કકળાટ કરશે કે વળતી કોઈ સ્ટીમરમાં એને પાછો રવાના કર્યે જ શાન્તિ થાય. વળી જો પેલેપારની દુનિયામાં નહિ જવાની ભાવના અત્યન્ત ઉગ્ર હશે અને જો વળતી સ્ટીમરમાં તે માણસ પાછો મોકલવામાં નહિ જ આવે તો ને સંભવ છે કે દરિયામાં ઝંપલાવીને મોતને ભેટીને પણ પોતાનું ઇષ્ટ સિદ્ધ કરશે.

જેની હૃદયથી ભાવના છે પેલે પાર જવાની....તેની વાત તદ્દન ન્યારી છે. એ કદી પાછો નહિ ફરે, કોઈ તેવી પ્રેરણા આપશે તો ય નહિ માને; સમુદ્ર તોફાને ચડશે

તો કદી તૂતક ઉપર ઊભો નહિ રહે, પોતાની કેબીનમાં જ બેસી રહેશે.

આથી મારે કહેવું છે કે તાકાત તો હરડેમાં જ છે મળશુદ્ધિ કરવાની અને તાકાત સ્ટીમરમાં જ છે તો સામે પાર પહોંચાડવાની પરંતુ તે તે ભાવની આવશ્યકતા તો રહે જ ભાવ બીજું છે કાંઈ જ કરતો નથી પરંતુ પથ્યાપથ્યાદિની પૂરતી કાળજી કરે છે.

ઔષધ એજ આરોગ્યનું કારણ હોવા છતાં પથ્યાપથ્યની વિધિઓ તો આવશ્યક ખરી જ ને? એ વિધિનું પાલન આરોગ્ય પામવાના અંતઃકરણના ભાવ વિના....રે! છેવટે અનારોગ્ય નહિ પામવાના ભાવ વિના તો શકય જ નથી. આથી જ ભાવની જરૂર છે.

ભાવ પથ્યાપથ્યની વિધિઓ પળાવે.

પથ્યાપથ્યની વિધિઓનું પાલન ઔષધને મદદગાર બને.

ઔષધ આરોગ્ય પ્રાપ્ત કરી આપે.

પ્રસ્તુતમાં પણ આજ વાત સારી રીતે સંગત કરી દેવી.

મુખ્ય તો ઔષધશી સાધુક્રિયા જ છે પણ તેનાથી સાધ્ય મોક્ષને પામવાની ઇચ્છાનો સદ્‌ભાવ....રે! છેવટે સંસારસુખ પામવાની ઇચ્છાના અભાવનો સદ્‌ભાવ હોય તો જ સાધ્ય મોક્ષ પમાય. કેમકે એ સદ્‌ભાવને કારણે પથ્યાપથ્યનું પાલન સુંદર રીતે થઈ શકે છે.

ભાવ બીજું કાંઈ જ કરતો નથી; સિવાય પથ્યાપથ્ય પાલન. પથ્યાપથ્ય પાલન પૂર્વકની ધર્મક્રિયા જ આત્માને સુવિશુદ્ધ આરોગ્યની સિદ્ધિ પમાડી દે છે.

જેટલો ઉગ્ર ભાવ, તેટલું કડક પથ્યાપથ્યની વિધિઓનું પાલન.

જેટલું કડક પાલન તેટલી ધર્મક્રિયાઓના ઔષધની ઝડપી અસર.... આરોગ્યની સિદ્ધિ.

રે! ભાવ વિના જ રસાયણો ખાનાર તો એવા કુપથ્ય કરી આવશે કે એ રસાયણો જ એને રિબાવીને મારનારા બની જશે... ધર્મક્રિયાના ઔષધો પણ આવા જ પ્રકારના રસાયણ છે, કાચા પારા જેવા છે. અભવ્યાદિ આત્માઓ એનું સેવન કરે છે. સંસારસુખના તીવ્ર રાગના કુપથ્યો કરીને ભીમભયાનક સંસારમાં રિબાઈને રિબાઈને મરવા માટે એમનો આત્મા કર્મોથી ફદફદી ઊઠે છે!

ભાવ વિના કુપથ્યોનો ત્યાગ નહિ, પથ્યનું સેવન નહિ. એ પથ્યાપથ્યના પાલન વિના ઔષધ નિષ્ફળ. ના... કટૂફળજનક.

સાધુક્રિયાને મોક્ષસાધક બનાવવી હોય તો મોક્ષાભિલાષના ભાવપૂર્વકની બનાવવી જ પડશે. મોક્ષનું લક્ષ રાખો તો જ સાધુક્રિયાથી મોક્ષ મળે...

મોક્ષના લક્ષવિહોણાને સાધુક્રિયાથી મોક્ષ મળી શકે જ નહિ.

મોક્ષના લક્ષવિહોણો—સંસારના સુખના લક્ષવાળો હોય જ; એ દુઃખભીરુ જ હોય.

પાપભયનું પથ્ય એ કદી પાળી શકે જ નહિ, સુખ-

રાગનું કુપથ્ય કર્યાં વિના એ કદી રહી શકે નહિ... પછી એ ચાહે તેટલી સાધુક્રિયાની ઔષધિઓ લીધા કરે ! રે ! એ ઔષધિની ખીચડી બનાવીને ત્રિકાળ ખાધા કરે ! બિચારાને મોક્ષ સ્વપ્નમાં ય જોવા તો ન જ મળે. ઉપરથી એ રસાયણો એને ધોળે દહાડે આસમાનના તારા દેખાડી દે એવી અંધિયારી નારકોના સીતમ ગુજારે.

સાધુક્રિયાની પાછળ લક્ષ તો એક જ હોવું જોઈએ. મોક્ષ પ્રાપ્તિનું.

એ લક્ષ ભલે આંબી શકાય તેવું ન લાગતું હોય; એનો વિચાર પણ કરતાં ભલે ભોગરસિકતાનું સ્વજીવન નજરમાં આવી જતાં એ વાત સાવ જ અશક્ય લાગતી હોય.

મુમુક્ષુએ તો પેલા ચંડોળ પક્ષી જેવા બનવું જોઈએ. રોજ સવારે સૂર્યોદય થાય અને સૂર્યને જોતાંની સાથે જ એ આકાશમાં ઊડવા માટે નિષ્ફળ પ્રયત્ન કરવા લાગી જાય. એના મનમાં એક જ વાત રમતી હોય કે ક્યારે હું સૂર્યને અડી જઉં ! ભલેને હું નાનકડું બાળ–પક્ષી હોઉં તો ય સૂર્યને એક વાર તો જરૂર અડી પડીશ.

અશક્યની પણ કેવી ભાવના ! ભવ્યાત્મા માટે તો મોક્ષપ્રાપ્તિ સુશક્ય છે, તો એની ભાવના કેમ ન હોય? સદૈવ એ ભાવના રમતી રહે તો જ સાધુક્રિયા દ્વારા મોક્ષ પ્રાપ્ત થાય. એક દી તો જરૂર થાય.

તમે સિકંદરની વાત નથી જાણતા ?

તે કિશોર અવસ્થામાં હતો ત્યારે રાત્રે સૂતી વખતે યુલીસીસની સાહસ ગાથાઓને વાચા આપતું પુસ્તક ઓશીકા નીચે મૂકી દેતો. એક દિવસ એના પિતા ફિલિપે તે જોયું. તેમણે સિકંદરને પૂછયું કે તે શા માટે યુલીસીસનું પુસ્તક ઓશીકા નીચે રાખીને સુઈ જાય છે?

"યુલીસીસના જેવો જ સાહસિક હું બનું એવી પ્રેરણા પામવા માટે." સિકંદરે ઝટ પોતાના મનની વાત કહી દીધી.

સમ્રાટ ફિલિપને તો એની વાત ઉપર હસવું આવ્યું; પણ ઇતિહાસ કહે છે કે સિકંદર ખરેખર એક મહાન સમ્રાટ હતો.!

આદર્શ તો મોક્ષપ્રાપ્તિનો જ રાખીએ. શકય–અશકયની વિચારણામાં ન પડીએ. જો મોક્ષની ઇચ્છા જાગતી હોય તો તે ભવ્યાત્મા માટે તે સિદ્ધિ અશકય, દુઃશકય નથી કિન્તુ સુશકય છે.

જો મોક્ષપ્રાપ્તિનો ભાવ જ નહિ હોય તો સાધુક્રિયા માત્રથી મોક્ષ પામી શકાશે નહિ... કદાપિ નહિ પામી શકાય.

લક્ષવિહોણી શુભક્રિયા અનંતી કરો! પાણીમાં વલોણું પચાસ વર્ષ લગી કર્યે રાખો! બે ય ના ફળ સરખાં.

સદર પ્રકરણ અહીં પૂર્ણ થાય છે.

સબૂર! આતો પ્રકરણ જ પૂર્ણ થાય છે વિચાર તો હજી અધૂરો જ રહ્યો છે. માત્ર આ પ્રકરણ વાંચીને કોઈ

અટકી જશો મા! એમ કરવાથી જે આધ્યાત્મિક નુકશાન થશે તેની જવાબદારી તેના શિરે જ રહેશે.

આ પ્રકરણને જ અદ્ધર ઊંચકી લઈને એનો દુરુપયોગ કરશો નહિ. એ નીતિ મૂર્ખને જ મુબારક હો! નિશ્ચય–વ્યવહારમય જિનમતનો નિશ્ચયનય જ એણે અદ્ધર ઉપાડયો કહેવાશે.

ચાલો... હવે આ પ્રકરણમાં અધૂરા રહેતાં વિચારને નવું પ્રકરણ ખોલીને પૂર્ણ કરીએ.

દ્વિઅંકી વિચારનો એક અંક પૂરો થયો! હવે બીજો અંક શરૂ થાય છે.

[૪]

## શુભક્રિયાનું મૂલ્ય

ગત પ્રકરણનો અછડતો સાર એવો દેખાયો કે મૂલ્ય તો ભાવનું છે. ભાવ વિનાની ક્રિયાઓ નકામી છે.

કાનજીભાઈએ આ જ વાત પકડી છે. શાસ્ત્રની આ નિશ્ચયપ્રધાન દેશનાને એઓ કદાગ્રહ સાથે સંપૂર્ણપણે વળગી પડયા છે. પણ જો બિરાદર કાનજીભાઈ કે તેમના ચુસ્ત ગણાતા અનુયાયીઓ આ નવું પ્રકરણ ગંભીરતા સાથે વાંચશે તો તેમને જરૂર જણાશે કે તેમની વાતનો કદાગ્રહ ખોટો છે; એવો કદાગ્રહ જિનમતને જરા ય માન્ય નથી.

બેશક, ભાવ વિના જ આપણે અનંતી વાર સાધુક્રિયા કરી પરન્તુ તેથી જો એવું તારવણ કાઢી લઈએ કે, " ભાવ જ સર્વસ્વ છે, ક્રિયાઓ નકામી છે..." તો તે ભયંકર કોટિની ભૂલ જ ગણાય.

ગત પ્રકરણમાં જેટલા દૃષ્ટાન્તો, ટૂચકાઓ ટાંકવામાં આવ્યા છે તેમાંનું એક પણ, એ વાતને એકાન્તે સાબિત કરતું જ નથી કે, " ક્રિયા તો નકામી જ છે."

જુઓ. પેલા અડબંગ ગામડીઆએ અમુક ઠેકાણે હથોડો માર્યો અને બધા યન્ત્રો ચાલુ થઈ ગયા... આપણે અનંતી સાધુક્રિયાના હથોડા જ્યાં ને ત્યાં માર-માર કર્યા એટલે જ આપણું આધ્યાત્મ-યન્ત્ર ચાલ્યું નહિ અને ' મોક્ષ ' નું ઉત્પાદન થયું નહિ...

તદ્દન સાચી વાત. પણ તેથી એવું તો ન જ કહી શકાય ને કે એ સાધુ-ક્રિયાના હથોડા મારવાથી કલ્યાણ જ નથી ?

રે ! પેલા ગામડીઆએ જ્યારે યન્ત્રો ગતિમાન કરી દીધા ત્યારે હથોડો જ માર્યો હતો ને ?

બીજા ઈજનેરોએ સેંકડો હથોડા જ્યાં ત્યાં નિષ્ફળ રીતે માર્યા એટલે હથોડો મારવાની વાતની માંડવાળ કરી દેવાય ? હા. ' જ્યાં ત્યાં ન મારવો ' એમ જરૂર કહેવાય પણ અમુક યોગ્ય સ્થાને તો હથોડો માર્યે જ છૂટકો છે ને ?

દૂધપાકના લક્ષ વિના કંદોઈએ દૂધ હલાવ્યે રાખ્યું એટલે માવો બની ગયો. પણ તેથી શું એમ કહી શકાય કે, " મોક્ષનું લક્ષ ન હતું માટે અનંતી સાધુક્રિયાએ સંસાર જ આપ્યો. હવે મોક્ષનું લક્ષ જ રાખો... સાધુ-ક્રિયા પડતી મૂકો ! !" રે ! કોઈ કંદોઈ કદી એવું કરે ખરો કે દૂધપાકનું લક્ષ રાખીને બસ, બેસી જ રહે... દૂધપાક બની જવાની શ્રદ્ધાથી. ન લાવે દૂધ... ન કરે ગરમ... ન હલાવે કડછી...

ભાઈ, દૂધપાકના લક્ષ વિનાની કડછી હલાવવાની ક્રિયાથી

માવો ભલે થઈ ગયો પણ હવે જો દૂધપાક બનાવવો હશે તો તેણે તેના લક્ષ સાથે ફરી કડછી હલાવવાની ક્રિયા તો કરવી જ પડશે ને ?

હા.... પેલો અમદાવાદી લક્ષ વિના ચાલચાલ કરવા લાગ્યો તો મુંબઈને બદલે મદ્રાસ પહોંચી ગયો. પણ હવે મુંબઈ જવું હોય તો માત્ર મુંબઈના લક્ષ સાથે મકાનમાં બેસી રહ્યો થોડું જ ચાલવાનું છે ? ચાલવાથી મદ્રાસ જતો રહ્યો તેથી શું ચાલવાની ક્રિયાને જ વગોવી નાખવી ? ના.. મુંબઈના લક્ષ સાથે ચાલવાની ક્રિયાને અમલમાં મૂકવી.

એકડાના લક્ષ વિના લીટા તાણવાથી ભલે બાળકને એકડો લખતાં ન આવડે પણ જ્યારે ય તેને એકડો લખતાં આવડશે ત્યારે તેણે લીટા જ તાણ–તાણ કર્યા હશે. ફરક એટલો જ કે પૂર્વે એની સામે એકડાનું લક્ષ ન હતું; હવે તે લક્ષ હાજર થઈ ગયું છે.

અદ્ધર હવામાં આંગળીને ટેરવે ગોળ ભમતું ચકરડું પ્રગતિ ન કરી શકયું પણ જમીન ઉપર ઘસાઈને જ્યારે એણે પ્રગતિ કરી ત્યારે ય એ ચકરડામાં ગોળ ગોળ ભમવાની ક્રિયા તો હતી જ ને ?

દુઃખના ભયથી પ્રેરાઈને કરેલી અનંતી સાધુક્રિયા નિષ્ફળ ગઈ. પણ તેથી કાંઈ એમ થોડું જ કહી દેવાય કે હવે પાપના ભયથી પ્રેરાઈને પણ જો સાધુક્રિયા કરશો તો તે ક્રિયાઓ પણ નિષ્ફળ જ જશે ?

શત્રુમસ્તક વધેરવાના લક્ષ વિનાની તરવાર ફેરવવાની ક્રિયાએ મિત્રમસ્તકો વધેરી નાખ્યા. પણ જો શત્રુમસ્તક વધેરવા હશે તો તે સૈનિકને તલવાર ફેરવવાની ક્રિયા વિના તો નહિ જ ચાલે ને ?

ભાવ વિના હરડે ખાવાથી રેચ ન થાય એટલે શું રેચ કરવા માટે હરડે ખાવાની ક્રિયા જ ન કરવી ? કે એમ કહેવું કે ભાવપૂર્વક હરડે ખાઓ તો જ રેચ થશે. જે દોષ હતો તે હરડે ખાવાની ક્રિયાનો દોષ ન હતો પણ ભાવના અભાવનો દોષ હતો.

ભાવ વિના સ્ટીમરમાં બેસવાથી સમુદ્ર પાર ન ઊતરાયો એટલે શું સમુદ્ર પાર ઊતરવા માટે સ્ટીમરમાં બેસવાની ક્રિયાને જ વગોવી નખાય ? કે એમ કહેવું જોઈએ કે સમુદ્ર પાર ઊતરવા માટે સ્ટીમરમાં બેસવાની ક્રિયા વિના તો નહિ જ ચાલે....જરૂર છે માત્ર સમુદ્ર પાર ઊતરવાના ભાવના સહકારની.

તત્ત્વાર્થસૂત્રની ટીકામાં સિદ્ધસેન મહર્ષિએ એક પ્રશ્ન મૂક્યો છે કે, “અનંતી વાર ધર્મક્રિયાઓ કરી છતાં નિસ્તાર થયો નથી તો એ ધર્મક્રિયા હવે નિરર્થક સાબિત થઈ જાય છે ને ? ”

ઉત્તર આપતાં એ મહર્ષિએ કહ્યું છે કે ભલે આજ સુધી કરેલી અનંતી ધર્મક્રિયાએ મોક્ષ-ફળ ન આપ્યું પરન્તુ એ વાત ચોક્કસ માનજો કે જ્યારે પણ જીવાત્માનો મોક્ષ

થશે ત્યારે રત્નત્રયીની એ ધર્મક્રિયાથી જ થશે. ધર્મક્રિયાના એ અભાવથી તો મોક્ષ નહિ જ થાય.

દુઃસાધ્ય રોગની દવાઓ લઇને લઈને દર્દી ૫૦-૫૦ વર્ષ પસાર કરી દે છે. કોઈ દવા લાગુ થતી જ નથી. છતાં ય એના મનમાં એક વિચાર તો સદૈવ રમમાણ જોવા મળે છે કે એમ હતાશ થઇ ગયે નહિ ચાલે. આજ સુધી ભલે દવાઓ નકામી ગઇ પણ જ્યારે ય રોગશાન્તિ થશે ત્યારે દવાથી જ થશે. આવા વિચારને કારણે જ તે દર્દી નિત્ય નવા વૈદ્યો વગેરેને શોધતો જ ફરે છે.

હા, કવચિત્ કોઈક રોગી માટે એવું ય બની જાય છે ખરું કે તે દવાનો ત્યાગ કરી દે અને તેને રોગ શાન્તિ થઈ જાય. પરન્તુ એવું તો લાખો દરદીમાં એકાદ માટે બને. છતાં એવો દર્દી પણ માન્યતા તો એ જ ધરાવતો હોય કે દુનિયાના રોગ તો દવાથી જ મટે....મારે ભલે દવા વિના રોગો મટી ગયા.

આધ્યાત્મિક દુનિયાનું ય બરોબર આવું જ બને છે. કવચિત્ કોઈકને રત્નત્રયીની બાહ્યક્રિયા વિના જ રાગાદિ રોગોની પૂર્ણ શાન્તિ થઇ જાય છે. પરન્તુ સામાન્યતઃ તો તમામ રોગીઓ દવાથી જ દર્દશાન્તિના સિદ્ધાન્તનો રાહ પકડતા હોય છે.

એટલે ભલે અનંતી વાર ધર્મક્રિયાઓ કરી અને તે નિષ્ફળ ગઇ; પરન્તુ જ્યારે પણ મોક્ષફળ મળશે ત્યારે રત્નત્રયીની ધર્મક્રિયાથી જ મળવાનો છે.

તત્ત્વાર્થસૂત્રના ટીકાકાર મહર્ષિની વાત બિરાદર કાનજીભાઈ ગળે ઊતરતી નથી. એમણે તો એમનું નવું જ વિજ્ઞાન (!) શોધી કાઢયું છે. "મોક્ષનું લક્ષ કેળવો. બસ.... મોક્ષ થઈ જ જવાનો. ધર્મક્રિયા કરવાની કશી જરૂર નથી.

શાબાશ, કાનજીભાઇ. બસ ! દૂધપાકને નજરમાં લાવો, કડછી ફેરવવાની ક્રિયાની કશી જ જરૂર નથી. ઘણી વાર કડછી ફેરવી અને માવો થઈ ગયો ! હવે માંડવાળ કરી દો એ ક્રિયાની ! માત્ર દૂધપાકને નજરમાં લાવો !

બાળકને કહો કે એકડાનું ધ્યાન ધર...લીટા તાણીશ મા.. હજારો લીટા તાણ્યા. તો ય ઠેકાણું પડયું નથી, હવે આ એકડો જોયા કર એટલે એકડો આવડી જશે !

પેલા અમદાવાદીને કહો કે ચાલવાનું બંધ કર! ચાલવાથી તો મદ્રાસ પહોંચી ગયો ! તારે મુંબઈ જવું છે ને ? તો મુંબઈને તારા લક્ષમાં લાવી દે. બેસી જા એરકન્ડીશન્ડ ઓરડામાં ! સીધો મુંબઇ ભેગો થઇ જાઈશ ! "

શું કહેવું કાનજીભાઈને !

ઓ કાનજીભાઈ ! દૂધપાકના ધ્યાન ધરવાથી કદી દૂધપાકે ય નહિ થાય અને પેલો માવો ય નહિ થાય! પૂર્વે એ ધ્યાન રાખ્યું ન હતું માટે કડછી હલાવવાની ક્રિયા કરવાથી માવો થઈ ગયો હતો ને ! તો હવે એ ખૂટતું ધ્યાન જ ઉમેરી દેવાની વાત કરો ને ? એમાં કડછી હલાવવાની ક્રિયાને કયાં નાહકના ડામ દો છો ?

અનંતી વાર રત્નત્રયીની ધર્મક્રિયા કરી અને તે નિષ્ફળ ગઈ....શાથી ? મોક્ષનું લક્ષ ન હતું માટે જ ને ? બસ. તો પછી લક્ષ લાવવાની વાત કરો ને ? પણ એ ક્રિયાઓને શાને સારૂં વગોવો છો ?

આ તો કેવી હાસ્યાસ્પદ વાત લાગે છે ? એક માણસ કપડાં પહેરીને બજારમાં ગયો. ત્યાં એણે પોતાના કપડે ચડેલી જૂ જોઈ ! એણે તો એકદમ કપડાં જ કાઢી નાંખ્યા ! સાવ નિર્વસ્ત્ર થઈ ગયો ! લોકોને પણ બુમો પાડીને કહેવા લાગ્યો કે તમે લોકો જો ખરેખર ડાહ્યા હો તો કપડાં કાઢી નાખો. કેમકે કપડાં હોય તો જ જૂ હોય. જૂ ન ગમતી હોય તો કપડા ફેંકી જ દેવા જોઈએ !

સ્રીઓને પણ જૂ ન ગમતી હોય તો માથું બોડું કરાવી જ દેવું જોઇએ. કેમકે વાળ હોય તો જ જૂ હોયને ?

કેવો એક નંબરનો મૂર્ખ !

ખરેખર તો જૂ થવાનું જે કારણ હોય તેને એણે દૂર કરવું જોઈએ. પણ તે કારણ તરીકે 'મેલ' વગેરેને ન કલ્પી, કપડાંને જ શોધી કાઢે અને ભરબજારે નવસ્રો થઈ જાય અને તેની દેશના આપે એ તો કેટલું અનિચ્છનીય ગણાય !

આ સિદ્ધાંત જો સાચો ગણાતો હોય તો વિશ્વના તમામ માનવોએ ખાવાનું પણ બંધ કરી દેવું જોઇએ. કેમકે ખાય તો કબજીઆત કે ઝાડા થાય ને ? ખાય જ નહિ તેને એ ચિંતા જ નહિ !

સહુએ વેપારના સાહસો કરવાનું બંધ કરી દેવું જોઈશે. દેવાળું કાઢવાની પછી કાંઈ ચિંતા જ નહિ. કોળી–કાછીઆ બનીને શાક વેચવાનો ધંધો કરે અને મૂછે વાળ દેતો રૂઆબભેર ફરે અને લોકોને કહે કે છે કાંઈ અમારે દેવાળું કાઢવાની ચિન્તા ?

નગ્ન અને બોડીયાં માણસો પણ 'વટ કે સાથ' કપડાવાળાંને કહેતાં ફરે કે છે કાંઈ અમારે જૂના વળગાડની ફિકર! એ બધી ફિકર તમને કપડાંવાળાંઓને જ મુબારક !

આધ્યાત્મિક જગતનાં મુમુક્ષુઓને પણ આ સિદ્ધાંત ની રૂએ જણાવી દેવામાં આવે કે આંખો છે તો કયાંક કશુંક જોઈને વિકારો જાગેછે ને ? માટે આંખો જ ફોડી નાખવી! પછી જોવાનું જ કાંઈ નહિ ! બળ્યા એ પાપ !

શું આ બધી વાતો કોઈને પણ મંજૂર હોઈ શકે ?

તો શુ ધર્મ ક્રિયાઓને મૂળમાંથી જ ઉખેડી નાંખવાની વાત–પણ આટલી જ હાસ્યાસ્પદ નથી લાગતી ?

અનંતી ધર્મક્રિયાઓમાં મોક્ષલક્ષનો અભાવ હતો એ વાત જો મંજૂર હોય તો એ મોક્ષલક્ષનો સદ્ભાવ કરી દો ને ? પણ તેથી કાંઈ અનંતી ક્રિયાઓને જ વગોવી નખાય ?

જો સંસારસુખનો રાગ એ ધર્મક્રિયાઓમાં ભેગો ભળી ગયો માટે ધર્મક્રિયાઓથી મોક્ષ પ્રાપ્ત ન થયો તો એ રાગને જ દૂર કરવાની દેશના આપો ને! પણ તેમ ન કરતાં ધર્મક્રિયાને જ કેમ ફગાવી દો છો ? આ તો જૂ વાળા કપડાં

જ ભરબજારે ફેંકી દેવાની આબેહૂબ વાત થઈ! માત્ર જૂ કાઢીને બાજુ ઉપર મૂકવાની વાત ન થઈ!

સહુએ જિનમતની એક વાત ખૂબ જ સારી રીતે સમજી લેવી પડશે કે એકલા મોક્ષલક્ષથી (જ્ઞાનથી) પણ નિસ્તાર નથી અને એકલી ક્રિયાથી પણ નિસ્તાર નથી. જિનમતે તો જ્ઞાન ક્રિયાથી મોક્ષ કહ્યો છે. ત્યાં ક્રિયા એટલે મનની ક્રિયા માત્ર નથી કહી કિન્તુ મનની ક્રિયાને પ્રાપ્ત કરી આપનાર બાહ્ય ક્રિયા પણ કહી છે.

મનનું જ્ઞાન અને તનની ક્રિયા–બે ય–ભેગા મળે ત્યારે જ મોક્ષ પ્રાપ્ત થાય.

મોક્ષનું લક્ષ અને રત્નત્રયીની આરાધનાની ક્રિયા–બે ય–ભેગા થશે ત્યારે જ આત્મા મોક્ષસ્વરૂપને પ્રાપ્ત કરશે.

આ વાતમાં લેશ પણ 'નનુ નચ' (આનાકાની) ચાલી શકે તેમ નથી. મનઘડંત કલ્પનાઓથી ભક્ત–ભંડોળ ભેગું કરી શકાતું હશે અને એવા ભંડોળથી મનમાની મોજ માણી શકાતી હશે પણ તેથી કાંઈ સિદ્ધાન્ત ફરી જતો નથી. જિન સિદ્ધાન્ત અનેકાન્ત સ્વરૂપ છે; એકાન્તવાદ સાથે જિનસિદ્ધાન્તને કશું જ લાગતું–વળગતું નથી. એ વાત ત્રણ કાળમાં, ત્રણ લોકમાં કોઈ મિથ્યા કરાવી શકે તેમ નથી.

પ્રશ્ન–ભલે ત્યારે આ બધી વિચારણાના અન્તે ક્રિયાત્મક વ્યવહારને અમે ઉપાદેય માની લઈશું. પણ એ વાત તો ચોક્કસ છે ને કે ક્રિયાત્મક વ્યવહાર પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા પછીનો જ મોક્ષ પ્રાપક બને? મિથ્યાત્વ

અવસ્થાની જે ધર્મક્રિયાઓ હોય તે તો મોક્ષપ્રાપક ન જ કહેવાય ને? મહોપાધ્યાય યશોવિજયજીએ કહ્યું જ છે કે સમ્યગ્દર્શનની જ દાનાદિક્રિયાઓ મોક્ષફળ આપી શકે...?

ઉત્તર : હા. નિશ્ચયનયની દૃષ્ટિએ આ વાત તદ્દન બરોબર છે. પરન્તુ જિનમત એટલે માત્ર નિશ્ચયનય નથી એ તો નિશ્ચય--વ્યવહાર ઉભય નયસંમિલિત મત છે. એટલે ઉક્ત મન્તવ્ય સાથે વ્યવહારનયના મન્તવ્યને પણ જાણવું જોઇએ અને તે બે મન્તવ્યોનો મેળ પણ બેસાડવો જોઇએ.

નિશ્ચયનય હમેશ ઉચ્ચકક્ષાના ટોચ--આદર્શોની જ વાત કરે છે. બેશક, એથી આપણને આપણા આદર્શોનો ખ્યાલ આવે: આપણા લક્ષ્યોનો બોધ થાય. એમ થવાથી આપણી આગેકૂચ પદ્ધતિસરની બને, મંદતા વિનાની બને... વેગવંતી બને....

પરન્તુ એ બધું ય આપણા બળની તુલના કરીને જ અમલી બનાવી શકાય ને? વેપારી તો ગ્રાહકને સારામાં-સારો જ માલ બતાડે. વેપારીએ માલ તો સારામાં સારો જ બતાડવો જોઈએ. અન્યથા ગ્રાહકની શક્તિનો પૂર્ણ ઉપયોગ ન થાય. પણ વેપારી શ્રેષ્ઠ માલ દેખાડે એટલે શું ગ્રાહકે એ માલ ખરીદી જ લેવો? માલની વિશિષ્ટ ગુણવત્તા જોઈને એણે પત્નીના ઘરેણાં વેચીને પણ માલ ખરીદી લેવાય ખરો? ના નહિ જ. એ વખતે સાથે સાથે એણે પોતાની 'ખરીદ-શક્તિ'નો પણ વિચાર કરવો જ પડશે. અને જે માલ તે ખરીદી શકે તેમ છે તે જ માલ તેણે

ખરીદવો પડશે. હા, એ વખતે પણ પેલો ઉત્કૃષ્ટ ગુણશાલી માલ ક્યારેક ખરીદવાનો આદર્શ તો એટલો જ જીવતો રાખવો પડશે.

નિશ્ચયનય અને વ્યવહારનયની વિચાર–પ્રક્રિયા પણ આબેહૂબ આવી જ છે. નિશ્ચયનય ઉચ્ચકોટિની સાધનાનો આદર્શ રજુ કરે છે; જેનું જ્ઞાન મુમુક્ષુ માટે બેશક આવશ્યક છે. પણ તેની સાથે તેણે પોતાની તાકાતનું પણ માપ તો કાઢવું જ પડશે. જો તે આદર્શને આંબી શકાય તેમ ન જ હોય તો ખોટા ધમપછાડા કર્યે નહિ ચાલે. એને બદલે એણે એ આદર્શને સાધી આપતી નાની નાની યોજનાઓને અમલી બનાવવી પડશે કે જેની ફલશ્રુતિરૂપે તેની પાસે એક એવું જંગી બળ ઉત્પન્ન થાય જેનાથી પેલો આદર્શ સિદ્ધ થઈ જાય.

હવે મૂળ વાત ઉપર આવીએ.

નિશ્ચયનયની દૃષ્ટિએ તો સમ્યગ્દર્શનગુણ સાથેની જ ધર્મક્રિયાને ધર્મ કહેવાય છે પરંતુ વ્યવહારનય એમ કહે છે કે મિથ્યાત્વની અવસ્થામાં પણ જે ક્રિયાઓ સમ્યગ્દર્શન ગુણને પ્રગટ કરવામાં સહાયક બનવાનું જ કામ કરતી હોય તે ક્રિયાઓને પણ ધર્મ જ કહેવો જોઇએ. ભલે મિથ્યાત્વસહિતની તે ક્રિયા છે પણ જો તે ક્રિયા સમ્યકત્વ પમાડવામાં જ સહાયક બનતી હોય તો તે ક્રિયાને ધર્મક્રિયા કેમ ન માનવી? અન્તે તો સમ્યકત્વ પણ મિથ્યાત્વી આત્મા જ પામે છે ને? મિથ્યાત્વી આત્મા

સમ્યકત્વ પામ્યો શી રીતે? આકાશમાંથી એકાએક સમ્યક્ત્વ ઊતરી પડતું નથી કે આત્મામાંથી અચાનક એ પ્રગટ થઈ જતું નથી. જે મિથ્યાત્વી આત્મા કર્મલઘુતાદિના કારણે સદ્‌ગુરુનો યોગ પામે છે; સદ્‌ગુરુને નમસ્કાદિ કરે છે એમની ધર્મદેશના સાંભળે છે, અને સંસારની અસારતાનો બોધ પામે છે પછી જ તે મિથ્યાત્વી આત્મા સમ્યક્ત્વ પામે છે ને ? તો સદ્‌ગુરુના યોગની, સદ્ગુરુને નમસ્કાર–વંદન–પૂજન ભક્તિ આદિની ધર્મદેશનાશ્રવણની જે બધી ક્રિયાઓ થઈ તે ધર્મક્રિયા જ કહેવાય કે જે ક્રિયાઓથી તે આત્માને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું. જેની પ્રાપ્તિ પછીની જ દાનાદિક્રિયાને નિશ્ચયનયે ધર્મક્રિયા તરીકે માન્ય કરી તે ક્રિયાઓને વ્યવહારનયથી પણ ધર્મક્રિયા નહિ કહેવામાં આવે તો શું પાપક્રિયા કહેવામાં આવશે ? જો હા. તો પાપક્રિયાથી પ્રાપ્ત થતાં સમ્યક્ત્વને પણ પાપગુણ–અવગુણ–કહેવો પડશે.

જો સમ્યક્ત્વ એ ધર્મગુણ છે તો તેને પ્રાપ્ત કરી આપનારી ક્રિયાઓને ધર્મક્રિયા કહ્યે જ છૂટકો છે. ભલે પછી તે ક્રિયાઓ સાથે મિથ્યાત્વ ભાવ પડયો હોય. રે ! એ મિથ્યાત્વ તો સાવ માંદુ પડેલું છે ! મરવા પડેલા એ મિથ્થાત્વની ગણતરી જ શા માટે કરો છો ? ગણતરી તો તાજા–માજા ગાઢ મિથ્યાત્વની જ મિથ્યાત્વ તરીકે થાય.

વ્યવહારનયના મન્તવ્યને ધિક્કારવાપૂર્વક નિશ્ચયનયની વાતો કદી પણ જિનમતને માન્ય નથી. આ વાત પૂર્વે જોરશોરથી કહેવાઈ ગઈ છે. એટલે વ્યવહારનયના ઉક્ત મન્તવ્યને પણ આપણે

માન્ય કરવું રહ્યું. હા ! બે ય નયના વિચારોનો મેળ જરૂર બેસાડવો જોઇએ; જેથી કોઈ પણ વિસંવાદ ઊભો થવા ન પામે.

એ મેળ આ રીતે બેસાડી શકાય કે નિશ્ચયનયનું જે મન્તવ્ય છે તે સાક્ષાત્ મોક્ષફળની પ્રાપકતાને અનુલક્ષીને છે; જ્યારે વ્યવહાનયનું મન્તવ્ય પરંપરયા મોક્ષફળની પ્રાપ-કતાને અનુલક્ષીને છે. મંદમિથ્યાત્વદશાની ધર્મક્રિયાઓથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય, અને સમ્યકત્વદશાની ધર્મક્રિયાથી મોક્ષ પ્રાપ્ત શાય.

કેવો મજેનો મેળ બેસી ગયો ? સાક્ષાત–પરંપરયાના વિધાનથી કોઈ ઝગડો જ ન રહ્યો અને બે ય વાતો સર્વાંશે સ્વીકૃતિ પામી ગઈ.

આ ઉપરથી આપણે એક નવી જ વાત ઉપર પ્રકાશ પડતો જોઈએ છીએ કે બે ક્રિયાઓ સારી કહેવાયઃ સમ્યક્ત્વને પમાડનારી અને મોક્ષને પમાડનારી. આ જ વાતને બીજા શબ્દમાં એ રીતે કહેવાય કે બે ક્રિયાઓ ઉપાદેય છેઃ વિરાગ પમાડનારી અને વીતરાગ બનાવનારી. વિરાગ (સમ્યક્ત્વ) પમાડનારી મિથ્યાત્વીની ક્રિયાઓ સારી; અને વીતરાગ બનાવનારી સમ્યગ્દૃષ્ટિ આદિ મહાત્માઓની ક્રિયા સારી.

કાનજીભાઈએ તો નિશ્ચયનયને જ પકડયો છે અને વ્ય-વહાર નયની વાતોની તો ભરપેટ ઠેકડીઓ ઉડાવી છે એટલે તેઓ તો મંદમિથ્યાત્વભાવ સાથેની દેવપૂજનાદિ ક્રિયાઓને ધર્મક્રિયા માનવા તૈયાર ન જ હોય એ તદ્દન

સ્વાભાવિક છે. રે! એમણે જો નિશ્ચયનયને પકડયો હોય તો વીતરાગ થએલા પરમાત્માની જ ધર્મદેશના–દાન વગેરે ક્રિયાને તેઓ મંજૂર કરતા હશે. નિશ્ચયનયની સાતમા વગેરે ગુણ– સ્થાનની ક્રિયાઓ પણ શુદ્ધ એવંભૂત નયને તો માન્ય નથી જ. આથી જ વર્ત્તમાનકાલીન સંયમધર આત્માઓની સંયમ ક્રિયામાં પણ તેઓ મોક્ષપ્રાપકતા કયાં સ્વીકારે છે? એમને તો ભરતક્ષેત્રમાં કોઈ સંયમધર મહાત્મા જ દેખાતા નથી! ખાટલે જ મોટી ખોડ છે ત્યાં આગળની શી વાત કરવી ? ભલે. કાનજીભાઇને માનવું હોય તે ભલે માને. જિનમત તો કહે છે કે વિરાગી સમ્યગ્દષ્ટિ આત્માની ધર્મક્રિયા વીત– રાગભાવ પમાડનારી છે માટે જેમ ઉપાદેય છે તેમ મંદમિથ્યાત્વી આત્માની ધર્મક્રિયા વિરાગભાવ પમાડનારી છે માટે તે ધર્મક્રિયા પણ એટલી જ ઉપાદેય છે. જેટલું નિશ્ચયનયનું તેના સ્થાનમાં મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ વ્યવહારનયનું પોતાના સ્થાનમાં છે.

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજાએ અધ્યાત્મસારનો સમ્યક્ત્વ–અધિકાર નિશ્ચયનયનાં ચશ્મા ચડાવીને રચવાનો આરંભ કર્યો છે માટે તે સ્થાને તેઓ એમ જ કહેવાના કે સમ્યક્ત્વ પામ્યા પછીની જ ધર્મક્રિયાઓ ઉપાદેય છે. પરન્તુ એથી એમ નહિ સમજી લેવું કે તે મહર્ષિ મંદમિથ્યાત્વ અવસ્થાની દેવપૂજનાદિ ક્રિયાઓમાં ધર્મ જ માનતા નથી. જો આવો એકાન્ત પકડી લેવામાં આવે તો તે એકાન્ત નિશ્ચયવાદ બની જાય. જિનમત તો નિશ્ચય–વ્યવહાર

ઉભય–સંમિલિત સ્યાદ્વાદ સ્વરૂપ છે એ વાત તો આપણે ક્યારે પણ વીસરવી ન જોઈએ.

આથી જ તો એ જ ગ્રન્થના અધ્યાત્મસ્વરૂપ નામના બીજા અધિકારમાં એ મહર્ષિએ 'અધ્યાત્મ' કોને કહેવાય? અને એ અધ્યાત્મભાવની સ્પર્શના કયા ગુણસ્થાનેથી માંડીને ક્યાં સુધી હોય? એનું વર્ણન કરતાં કહ્યું છે કે મંદમિથ્યાત્વદશાની માર્ગાનુસારી ભાવની ધર્મક્રિયાથી ઠેઠ ચૌદમા ગુણસ્થાન સુધી અધ્યાત્મભાવ હોય. [૧૦]

બેશક એ અધ્યાત્મભાવ ઉત્તરોત્તર ગુણસ્થાને વધુ શુદ્ધિમાન્, વધુ જાજવલ્યમાન જરૂર હોઈ શકે.

નિશ્ચય–વ્યવહારનયની સૂક્ષ્મતાનો દરિયો પીને પચાવી ગએલા એ મહર્ષિ પાસે નિશ્ચયનયના કહેવાતા જ્ઞાતાઓ તો સાવ ખાબોચિયા જેવાં લાગે. એવા અધૂરા જ્ઞાનીઓએ નિશ્ચયનય સાથે એકાન્ત જોડીને જિનમતની ઘોર આશાતના કરવાનું પાતક લલાટે લગાડ્યું છે.

મહોપાધ્યાયજીએ વ્યવહારનયદૃષ્ટિના અધ્યાત્મભાવને મંદમિથ્યાત્વ દશામાં કહ્યો તો ખરો જ પરન્તુ તેની સાથે એ જઘન્યકોટિના અધ્યાત્મભાવ સાથે ધર્મક્રિયાઓની અશુદ્ધિ વગેરેને પણ લક્ષમાં લીધી છતાં એનું સમાધાન પણ કર્યું કે મંદમિથ્યાત્વદશાની ધર્મ ક્રિયાઓમાં ભલે અશુદ્ધિ હોય છતાં

---

१० अपुनर्बन्धकाद्यावद् गुणस्थानचतुर्दशम् ।
क्रमशुद्धिमती तावत् क्रियाध्यात्ममयी मता ॥ શ્લો. ૨૮ ॥

તે ક્રિયાઓ અધ્યાત્મ સ્વરૂપ જ કહેવાય. કેમકે તે ક્રિયાઓ પણ અભ્યાસ દ્વારા વિશિષ્ટ શુદ્ધ ધર્મક્રિયાનું અમોઘ કારણ બની જાય છે. જેના અંતરમાં મોક્ષરુચિનો સુંદર આશય પડેલો છે એ આત્મા અશુદ્ધક્રિયા કરે તો ય તે ક્રિયા કરતાં કરતાં જ શુદ્ધક્રિયા થવાની છે માટે તે અશુદ્ધક્રિયા પણ ઉપાદેય ગણાય.

જાતે તાંબુ જ હોવા છતાં એની ઉપર રસનો વેધ થાય તો તાંબુ પણ સોનું ક્યાં નથી બની જતું? મોક્ષાભિલાષના ભાવરસનો વેધ થતાં અશુદ્ધક્રિયાનું તામ્રપત્ર શુદ્ધક્રિયાનું સુવર્ણપત્ર અવશ્ય બની જાય.[११]

આ જ હેતુથી તો મિથ્યાદૃષ્ટિ આત્માને પણ દ્રવ્યસમ્યક્ત્વ ઉચ્ચરાવવાની ક્રિયા કરાવીને સમ્યક્ત્વનો આરોપ કરવામાં આવે છે. એ રીતે પણ જે મોક્ષાર્થી આત્માઓ સુદેવ સુગુરુ અને સુધર્મને આરાધવાની ક્રિયા કરે તેને એક વાર અવશ્ય ભાવસમ્યક્ત્વની પ્રાપ્તિ થાય.[१२]

જો અંતરના ભાવને તપાસીને જ દીક્ષા વગેરે આપવાનો આગ્રહ રાખવામાં આવે તો ભારે મુશ્કેલી થાય; કેમકે બીજાના અંતરના ભાવની જાણકારી તો આપણા જેવા અજ્ઞાનીઓને શક્ય જ આત્મા નથી. માટે જે આત્મા સંસારની અસા-

---

११ अशुद्धाऽपि हि शुद्धायाः क्रियाहेतुः सदाशयात् ।
ताम्रं रसानुवेधेन स्वर्णत्वमधिगच्छति ॥ ४० ॥

१२ अतो मार्गप्रवेशाय व्रतं मिथ्यादृशामपि ।
द्रव्यसम्यक्त्वमादाय ददतेन धीरबुद्धयः ॥ ४१ ॥

રતાને હૃદયથી બોલતો હોય અને વ્રતપાલનમાં જે ધીર જણાતો હોય તે દીક્ષા માટે યોગ્ય જ ગણાય. જો તેનામાં સંયમનો પરિણામ ઉત્પન્ન થઈ ગયો હશે તો દીક્ષા લેવાથી તે પરિણામની રક્ષા અને વૃદ્ધિ થતી રહેશે અને જો પરિણામ ઉત્પન્ન જ નહિ થયો હોય તો દીક્ષા લીધા બાદ જે સુવિશુદ્ધ વાતાવરણની પ્રાપ્તિ અને અશુદ્ધ વાતાવરણનો અભાવ થાય છે તેથી તે સંયમનો પરિણામ જન્મી જશે. આમ બે ય રીતે દીક્ષાની ક્રિયા ઉપયોગી બની રહે છે. એટલે મંદમિથ્યાત્વદશાની અશુદ્ધ ક્રિયાને ઉપાદેય ગણવી જ જોઇએ.

વળી જો એ અશુદ્ધક્રિયાને વગોવી નાંખવામાં આવે તો મુમુક્ષુઓ આરંભની અભ્યાસદશામાં તો અશુદ્ધ ક્રિયા જ કરવાના છે. તમે તેને વખોડી નાંખશો તો ક્રિયાનો અભ્યાસ જ નહિ થઈ શકે. અભ્યાસ વિના શુદ્ધક્રિયાની સિદ્ધિ પામી શકાય તેમ નથી. હા, કોઈને કર્મલઘુતાદિથી સ્વભાવિક રીતે શુદ્ધક્રિયાની સિદ્ધિ થઇ જાય પરન્તુ તેમાં ય જન્માન્તરનો અભ્યાસ તો કારણ બનેલો હોય જ છે.

બધી વાતોનો સાર એ છે કે જે આત્માને શુદ્ધમોક્ષમાર્ગનો પ્રેમ છે. જેના હૈયામાં કોઈ દંભ નથી એ આત્માની અશુદ્ધક્રિયા પણ અત્યન્ત ઉપાદેય છે. એ ક્રિયા અવશ્ય શુદ્ધક્રિયાને તાણી લાવશે. [૧૩]

---

૧૩ યો બુદ્ધ્વા ભવનૈર્ગુણ્યં ધીરઃ સ્યાદ્ વ્રતપાલને ।
સ યોગ્યો, ભાવભેદસ્તુ દુર્લક્ષ્યો, નોપયુજ્યતે ॥૪૨॥

અધ્યાત્મસ્વરૂપ અધિકારનો ઉપસંહાર કરતાં મહોપાધ્યાયજી કહે છે કે અધ્યાત્મની અભ્યાસદશામાં, મંદમિથ્યાત્વવાળા અપુનર્બન્ધકાદિ આત્માને પણ શમાદિયુક્ત શુદ્ધક્રિયાત્મક અધ્યાત્મ અને શુભ-ઓઘસંજ્ઞાનો જ્ઞાનાત્મક અધ્યાત્મ ઘટી શકે છે. માટે મંદમિથ્યાત્વદશાથી જ જ્ઞાનક્રિયારૂપ અધ્યાત્મની આરાધનાનો આરંભ થઈ જાય છે. આ અધ્યાત્મ જ ઉત્તરોત્તર વધુ વિશુદ્ધ જ્ઞાન–ક્રિયાત્મક અધ્યાત્મને ઉત્પન્ન કરતો કરતો મોક્ષપ્રાપક બની જતો હોવાથી અત્યન્ત ઉપાદેય છે.

આથી હવે એ વાત ખૂબ જ સ્પષ્ટ થઈ જાય છે કે મંદમિથ્યાત્વ દશાની ક્રિયાઓ પણ પરંપરયા મોક્ષપ્રાપક બનતી હોવાથી અત્યન્ત ઉપાદેય છે. એથી એને પણ વખોડી શકાય નહિ. ભલે એ પરંપરામાં એ હજારમી ક્રિયા હોય.

કેવી અફસોસની વાત છે કે જિનમતના આ મન્તવ્યને તો કાનજીભાઇએ વખોડી જ નાંખ્યું છે એટલું જ નહિ પણ સમ્યક્ત્વદશાની વ્યવહારક્રિયાઓને પણ એમણે ધિક્કારી નાંખી છે!

જ્યાં એકાન્ત નિશ્ચયનયનું જ સમર્થન હોય ત્યાં તમામ બાહ્યધર્મક્રિયા વખોડી નાંખવામાં આવે તેમાં કશી જ નવાઈ નથી.

---

**अशुद्धाऽनादरेऽभ्यासायोगान्नो दर्शनाद्यपि ।**
**सिद्ध्येन्निसर्गजं मुक्त्वा, तदप्याभ्यासिकं यतः ॥४४॥**
**शुद्धमार्गानुरागेणाशठानां या तु शुद्धता ।**
**गुणवत्परतन्त्राणां सा न क्वापि विहन्यते ॥४५॥**

અહીં મારે તો એ વાત સિદ્ધ કરવી છે કે શુભક્રિયાનું ઘણું મોટું મૂલ્ય છે. એક માણસ શુભક્રિયામાં બેઠો એટલા માત્રથી એને અશુભક્રિયાની નિવૃત્તિ તો સિદ્ધ થઈ જ જાય છે.

સામાયિક કરવા કટાસણા ઉપર બેસતાંની સાથે જ રિલીફ઼-ટોકિઝની ખુરશી ઉપર બેસીને સિનેપડદે દેખાતાં વિકારી દશ્યોનું દર્શન તો અવશ્ય બંધ થઈ જાય છે. હા, કદાચ મનમાં એ જ દશ્યો ઉપસતાં પણ હોય પરન્તુ સિનેમા-ટૉકિઝમાં બેસીને દશ્યો જોતી વખતે જે ચિત્રો મનમાં ઉપસે અને વિકારોની જેવી ઝણઝણાટીઓ જાગે તેવું તો કટાસણા ઉપર બેઠેલાને માટે ન જ બની શકે ને?

શુભક્રિયાથી બે સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. અશુભ-ક્રિયાની અને અશુભભાવોની તીવ્રતાની નિવૃત્તિ અને શુભક્રિયામાં પ્રવૃત્તિ તથા શુભભાવોના જન્મની મોટી શક્યતા.

ઉક્ત નિવૃત્તિથી 'નેગેટીવ ફ઼ોર્સ' ઉત્પન્ન થાય છે. અને પ્રવૃત્તિથી 'પોઝીટીવ ફ઼ોર્સ' ઉત્પન્ન થાય છે.

બેશક, ચિત્તમાં સુંદર ભાવોના ચિત્રો ઉઠે તે જ આવશ્યક છે પરન્તુ સુન્દરભાવોના ચિત્રોને ઉઠાવવા માટે પ્રથમ તો એ ચિત્તમાંથી અશુભભાવોનો મેળ તો હટાવવો જ પડશે ને?

મેલા આરીસા ઉપર સુંદર ઓઇલ-પેઇન્ટ કદી ન થઇ શકે. જેટલી દક્ષતા સુન્દર ઓઇલપેઇન્ટમાં ચિત્રકાર વાપરે તેટલી જ દક્ષતા કાચને સાફ઼ કરવામાં પણ તેણે રાખવી જ રહી. આ વાતમાં બેદરકાર રહેનાર ચિત્રકાર ગમે તેવો

કુશળ હોય તો ય સુંદર ચિત્ર તયાર કરી શકે જ નહિ. ધર્મરત્નપ્રકરણમાં તો ચિત્રની ભૂમિકાની સાફસુફીને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. સ્વચ્છ મુખને સ્વચ્છ જોવા માટે અરીસો પણ સ્વચ્છ જોઇશે જ.

એટલે આપણે એ કહેવું છે કે ચિત્રમાં જો અશુભ-વિચારોનો ધસારો અટકાવવો હોય તો તે માટે સરળતમ અને શ્રેષ્ઠતમ સાધન તો એ વિચારોને જન્માવતી અશુભક્રિયાઓથી ફારેગ થઈ જવું તે જ છે.

જે લોકો વિકારક સાધનથી વેગળા થાય છે તેઓ સહજ રીતે વિકારોની શાન્તિ પામી શકે છે. આટલું થાય પછી જ એ ચિત્તમ સુંદર વિચારોની હવા વ્યાપ્ત કરી શકાશે.

એટલે એક વાર તો ગંદી હવાને બહાર કાઢવી જ રહી. એ માટેના શ્રેષ્ઠ ઉપાયસ્વરૂપ શુભક્રિયાપ્રવૃત્તિ કરવી જ રહી. એ પ્રવૃત્તિ માત્રથી ચિત્તમાં ધસી આવતો ગંદો પવન તરત જ અટકી જશે. રે! છેવટે મંદ તો પડી જ જશે.

આ પણ કાંઈ નાનીસૂની સિદ્ધિ નથી હોં! કુટેવોની સાથે ઓતપ્રોત રહેતો આત્મા એક ક્ષણ પણ નિમિત્તોથી દૂર રહીને વિકારમુક્ત ચિત્તનો સ્વામી બની જાય એ તો ભારે આશ્ચર્ય કહેવાય. અનાદિકાળના કુસંસ્કારો નો વેગ એક ક્ષણ માટે પણ આત્માને વિકારક નિમિત્તોથી વેગળો બનાવા માટે કાયર બનાવી દે છે.

ભગવાન જિનેશ્વર દેવોએ શુભક્રિયાનો રાહી માર્ગ નિરુપીને તો કમાલ કરી નાંખી છે. એ ક્રિયાના સંગમાં આવતાંની સાથે અશુભક્રિયાની સંપૂર્ણ નિવૃત્તિની સિદ્ધિ થાય છે; અને વિકારોના પ્રબળ આવેગોમાં અપૂર્વ મંદી આવી જાય છે.

શુભક્રિયાના આસેવનનું આ તાત્કાલિક ફળ છે. રે ! આ તો અડધી સિદ્ધિ છે. આટલું થયા પછી જ એ ખાલી પડેલા ચિત્તમાં શુભવિચારોનો પવન ભરી શકાય, શુભ સંસ્કારોનું આધાન કરી શકાય. એટલે અશુભનિવૃત્તિ એ અડધી સિદ્ધિ છે, અને શુભપ્રવૃત્તિ, શુભચિત્તની સ્થિતિ વગેરે બાકીની અડધી સિદ્ધિ છે.

ચિત્તને શુભ અને શુદ્ધ બનાવવું એ જ જો ધર્મ હોય, તો ચિત્તમાંથી અશુભતા–અને અશુદ્ધિનું નિવારણ કરવું તે શું ધર્મ ન કહેવાય ?

જો હા.. તો એ નિવારણ કરી આપનાર શુભક્રિયામાં પ્રવૃત્તિ એ ય ધર્મ કેમ ન કહેવાય ?

તમે કોઈ ધર્મગુરુની દેશના સાંભળી છે ? શું તમે પાન ચાવતાં અને સિગારેટ પીતાં–એ દેશના સાંભળી શકો છો ? રેડીઓ ઉપર કદી ધર્મદેશના બ્રોડકાસ્ટ થઈ છે ખરી કે જેને તમે સૂતા સૂતા, કે પત્ની સાથે જમતા જમતા સાંભળી હોય !

કેમ નહિ ? એટલા જ માટે ને કે દેશનાના સુંદર વિચારોને મગજમાં પેસવા દેવા હોય તો અસુંદર વિચારો

ન પેસે તેવી સ્થિતિમાં જાતને ગોઠવી દેવી જોઈએ. ખાતાં, પીતાં તો રસલાલસાદિ ભાવો ચિત્તમાં જોર કરતાં જ હોય; તે વખતે શુભભાવો ચિત્તને અથડાઈ ને જ પાછા પડી જાય.

જોયું ને ? શુભક્રિયાએ તમને અશુભક્રિયાથી દૂર કર્યા એમાં જ અશુભવિચારોના ધસારાની તીવ્રતા તૂટી જવાની સિદ્ધિ પ્રાપ્ત થઈ ! હવે શુભવિચાર, શુભસંસ્કાર, સુંદર ધ્યાન વગેરેની મનમાં શકયતાઓ ઊભી થઈ જાય છે. જો ધર્મદેશનાદિ અસરકારક બનવાના હશે તો આ સ્થિતિમાં જ બનશે. અશુભમાં રમમાણ આત્માને તો ધર્મદેશના અસરકારક નહિ જ બની શકે. એટલે એક વાત એકદમ ચોક્કસ થઈ જાય છે કે 'પોઝીટીવ ફોર્સ' ( શુભ સંસ્કારોનું ચિત્તમાં વાવેતર ) ઉત્પન્ન કરવા માટે પ્રથમ તો નેગેટીવ ફોર્સ' (અશુભવિચારોના ધસારાને ખાળવાસ્વરૂપ) ઉત્પન્ન કરવો જ જોઈએ.

એ માટેનો સરળતમ ઉપાય અશુભક્રિયાની નિવૃત્તિ કરતી શુભક્રિયામાં પ્રવૃત્ત થઈ જવું તે જ છે. હા, કદાચ એ પ્રવૃત્તિ કરવા છતાં ય મનમાં અશુભનો ધસારો જોરમાં જ ચાલુ રહી જાય તેવું ય બને...પણ તે કદાચિત્ બનશે. એના કરતાં અશુભ ક્રિયામાં જ બેઠેલા આત્માને તો શુભવિચારના ઝબુકાની શકયતા નહિવત જ રહે છે એ પણ વિચારવું જોઈશે. જેમ અશુભમાં રહીને શુભને જન્માવનારા તો બહું જ થોડા; તેમ શુભક્રિયામાં રહીને અશુભનો ધસારો ચાલુ રાખનારા પણ બહુ જ થોડા. જો આ વસ્તુસ્થિતિ છે તો ચિત્તને શુભ અને શુદ્ધ

બનાવવામાં જ ધર્મ માનનારાઓએ શુભક્રિયાની પ્રવૃત્તિને ધર્મ માનવો જ પડશેને ? કેમકે તેના સદ્ભાવમાત્રથી નેગેટીવ ફોર્સની–૫૦ ટકા સિદ્ધિ તો સહજ રીતે પ્રાપ્ત થઈ જાય છે.

ખેડૂત ખેતરમાં કાંઈ જ ન વાવે તોય ખડ ઊગ્યા વિના તો નહિ જ રહે. કેમકે ખડ ઉગાડવું પડતું જ નથી. અને જો તે ભરચક બિયારણ નાંખી દેશે તો ખડથીખેતર કદી ઊભરાઈ શકશે જ નહિ. આ જ વાત પ્રસ્તુતમાં સમજીએ કે જો શુભવિચારને નહિ આવવા દઈએ તો અશુભવિચારો ચિત્તમાં ધસી આવ્યા વિના રહેશે જ નહિ. પણ જો શુભવિચારને ચિત્તમાં ભરી દઈશું તો અ–શુભવિચારો ચિત્તમાં ઊભરાઈ શકે તેમ નથી. પણ આ માટેનું સરળમાં સરળ સાધન તો શુભક્રિયામાં પ્રવૃત્તિ કરવાનું જ છે. એનાથી સહજ રીતે અશુભવિચારોનો ધસારો મંદ પડી જાય છે· આમ શુભક્રિયાઓનું મુખ્ય કાર્ય તો અશુ–ભક્રિયાથી નિવૃત્તિ કરવાનું અને અશુભવિચારોના તીવ્ર ધસારાને ખાળવાનું જ છે. ચિત્તમાં શુભનું આધાન અને શુદ્ધિનું જનન તો પછી જ થવાનું છે. પણ એ માટેની ભૂમિકા તો શુભક્રિયાઓથી જ છે, માટે શુભક્રિયાની ઉપાદેયતાને જરા પણ પડકારી શકાય તેમ નથી. રે! ગમે તેટલા ખુન્નસવાળો માણસ હોય પણ! તેના હાથમાંથી હથીઆર પડાવી લો એટલે એનું અડધું ખુન્નસ ઊતરી જાય છે. શાથી? બાહ્યશસ્ત્રનો અભાવ થવા માત્રથી જ ને ? એને કોઈ અહિંસાનું તત્વજ્ઞાન ત્યાં થોડું જ આપવામાં આવ્યું છે?

શુભક્રિયાનું સાક્ષાત્ કાર્ય-અશુભને ખાળવાનું એક દૃષ્ટાન્તથી-આપણે વિચારીએ.

કોઈ ગામડાના એક ઘરમાં પિતા, પુત્ર બે જ વસતા હતા. પાસે હતી એક ગાય.

પિતા રોજ ગાયને વનમા ચરાવવા લઈ જતાં. ગાય હમેશ સવાર સાંજે ૧૦-૧૦ શેર દૂધ દેતી.

એક વખત પિતા માંદા પડ્યા. ગાયે જાતે જંગલમાં ચરી આવવાનું રાખ્યું. પણ એથી ગાય રોજનું ૬-૬ શેર દૂધ દેવા લાગી. આ વાતની પુત્રે પિતાને જાણ કરી. પિતાએ કહ્યું, "બેટા, એ માટે બીજું કાંઈ જ કરવાની જરૂર નથી. તું ગાયને ખીલે બાંધ એટલે ફરી ૧૦-૧૦ શેર દૂધ દેવા લાગી જશે."

'અરે ! ખીલે બાંધવાથી કાંઈ ૪-૪ શેર દૂધ વધી જાય ?' પુત્રનું હૈયું વિચારમાં પડી ગયું.

પિતાની આજ્ઞાનું પાલન થયું. સાંજે જ ગાયે પૂરું ૧૦ શેર દૂધ દીધું. પુત્રના અચંબાનો પાર ન રહ્યો. રે ! શું ખીલામાં દૂધ ઉત્પન્ન કરવાની તાકાત છે ? ગાયમાં વધુ ૪ શેર દૂધ દેવાની તાકાત આવી શી રીતે ?,,

તેણે મનની વાત પૂછી. સસ્મિતવદને પિતાએ કહ્યું, "બેટા ! દૂધ તો ગાયમાં જ છે. ખીલામાં કશું નથી. પણ એકલી જંગલમાં જતી ગાયને ગમે તે માણસ થોડી-ઘણી દોહી લેતો માટે તે ઓછું દૂધ દેતી. હવે તેને ખીલે બાંધી એટલે આ આફત ગઈ અને ગાય પૂર્વવત્ દૂધ દેવા લાગી

ગઈ ! આમ ખીલાએ તો માત્ર દૂધનો બગાડ અટકાવ્યો... સિવાય કાંઈ જ કર્યું નથી."

પુત્રના મનમાં આ વાત બરોબર બેસી ગઈ. શુભક્રિયાઓ પણ આ ખીલા જેવી છે. એ ખીલે જીવ બંધાય એટલે અશુભક્રિયાઓથી શુભવિચારોની જે ચોરીઓ થતી હતી તે અટકી ગઇ. શુભવિચારો તો આત્મામાં હતા જ. તે બધાય શુભક્રિયાની પ્રવૃત્તિથી ઊભરાવા લાગ્યા. બોલો, હવે તો શુભક્રિયાનું અનિવાર્ય મહત્ત્વ સમજાય છે કે નહિ ?

પ્ર. "**मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः**" મન જ જીવોના બન્ધ–મોક્ષનું કારણ છે. આ વાત શું જિનમતને માન્ય નથી ? રે ! આનંદઘનજીએ પણ કુંથુનાથ ભગવંતના સ્તવનમાં કહ્યું છે ને કે, "મન સાધ્યું તેણે સઘળું સાધ્યું."

ઉ.–તદ્દન સાચી વાત છે. પણ ફરી એ વાત તમને યાદ કરાવી દેવાની રહે છે કે જિનમત માત્ર નિશ્ચયનય પ્રતિપાદક દુર્મત નથી, એ નિશ્ચય–વ્યવહારનય–ઉભય–સ્વરૂપ સુમત છે. તમે જે વાત કરી તે નિશ્ચયનયના મતની છે. નિશ્ચયનય સાક્ષાત્ કારણને કાર્ય માને છે. પરંપરયા જે કારણ બને તેને કારણ તરીકે માનતો નથી.

એ વાત તદ્દન સાચી છે કે મનની શુદ્ધિ વિના આત્મા મોક્ષ પામી શકતો જ નથી. સર્વદર્શનોને માન્ય આ વિધાન છે. આ વિધાનને અનુલક્ષીને તો કવિઓ, ચિંતકો, શાસ્ત્રપ્રણેતાઓએ–સહુએ–મનઃશુદ્ધિ ઉપર મોટા પહાડ જેટલું લખી નાંખ્યું છે. અધ્યાત્મસાર ગ્રન્થમાં મહોપાધ્યાયજીએ

મનઃશુદ્ધિ અધિકારમાં, "મનઃશુદ્ધિ વિના બધું જ નકામું." એમ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે. આ વાત પણ ક્યાં તર્કસંગત નથી? વિરાગભાવ તો મનનો જ પરિણામ છે ને? સમ્યક્ત્વ અને વિરાગ એક જ વસ્તુ છે ને? એટલે "સમ્યક્ત્વ વિના તો બધું નકામું." એમ નિશ્ચયનય તો કહે જ છે. જ્યાં સુધી મન શુદ્ધ ન થાય, વિષય કષાયથી નિર્લિપ્ત ન થાય, અનાસક્ત ન થાય ત્યાં સુધી આત્મા મોક્ષ પામી શકે જ નહિ.

એટલે નિશ્ચયનયના–સાક્ષાત્કારણતાવાદીના–આ મન્તવ્યના અનુસારે તો એમ ચોક્કસ કહી શકાય કે મન જ મનુષ્યોના બન્ધમોક્ષનું કારણ છે. એક કવિએ પણ આ જ વાત પુષ્ટ કરતાં કહ્યું છે, "મનની જીતે જીતવું રે, મનની હારે હાર, મન લઈ જાવે મોક્ષમાં રે, મન હી નરક મોઝાર."

પણ હવે એક પ્રશ્ન ઊભો થાય છે કે એ મનઃશુદ્ધિને પ્રાપ્ત કરવી શી રીતે? એ માટેના વ્યવહારુ ઉપાયો કયા? મનઃ શુદ્ધિની સિદ્ધિ એ કાંઈ સાધારણ બાબત નથી કે એ કાંઇ સહેલાઈથી પ્રાપ્ત થઈ શકે તેવી નથી. હા, એની વાતો કરવાનું ખૂબ સહેલ છે. કહેવાય છે ને કે, **युद्धस्य कथा रमणीया**. મહાભારતાદિના યુદ્ધની કથાનું વર્ણન તો ખૂબ જ રમણીય હોય છે. શ્રોતાજનોને મુગ્ધ કરી દે તેવું હોય છે. પણ યુદ્ધ તો રમણીય નથી જ ને! જ્યાં હજારો માનવોના મસ્તકો ધરતી ઉપર રગદોળાય, જ્યાં લોહીની નદીઓ વહી જતી હોય, જ્યાં મારો કાપોનું કરતાભર્યું ભૂમરાણ મચ્યું

હોય, તે યુદ્ધ રમણીય કેમ કહેવાય ? રે ! મર્ત્યલોકનું તો એ સાક્ષાત્ નરક કહી શકાય, એના જેવું ભીમભૈરવ દૃશ્ય કયું હોઇ શકે ?

આવું જ નિશ્ચયનયનું છે. નિશ્ચયનયની વાતો ખૂબ જ રમણીય લાગે. મનઃશુદ્ધિની વાતો કરતાં–મનની લય સમાધિ વગેરેમાં યોગીઓ કેવી મોજ માણે છે ? મનનો સ્વામી ઈચ્છાશક્તિ ( Will power ) થી ૯૦ કીલોમિટરની ગતિથી ધસી આવતી ટ્રેઇનને કેવી થંભાવી દે છે ? ૭૦-૭૦ દિવસ સુધી જમીનમાં દટાઈ જઇને કેવો આબાદ જીવે છે?....ઇત્યાદિ વાતો તો બહુ સારી રીતે કહી શકાય. મનના નબળા દુબળાઓ પણ એ વાતો કરતાં રમઝટ બોલાવી દે એવો તો જમાનો આવ્યો છે. દારૂ ઢીંચતા જઇને દારૂબંધીના ફાયદા ઉપર મહાનિબંધો આજે નથી આલેખાતા શું ? એરકન્ડીશન્ડ રૂમમાં બેસીને પ્રધાનો ચરખા નથી ફેરવતા શું ?

આપણો મુદ્દો તો એ છે કે જે મનઃશુદ્ધિ આ દુનિયાની ખૂબ જ સુંદર ચીજ છે તે મનઃશુદ્ધિને પ્રાપ્ત કરવી શી રીતે ? તેના વ્યવહારુ ઉપાયો શા ?

આ પ્રશ્ન તમે નિશ્ચયનયને પૂછશો તો એ છીંકવા જ લાગશે. એ તો કહેશે કે, “એ ઉપાયોની પંચાતમાં હું ન પડું. હું તો એટલું જ સમજું કે મનઃશુદ્ધિ વિના બધું ય નકામું.”

હવે તમે એ વાત પૂર્ણ રીતે કબૂલીને પણ એને ફરી ઉપાય પૂછો તો એની પાસેથી એનો જવાબ નહિ મેળવી શકો;

કેમકે મોક્ષના ઉપાયને જ એ માન્ય કરે છે. ઉપાયના ઉપાયને–પરંપરયા કારણને–મોક્ષના ઉપાય તરીકે એ માન્ય કરતો નથી. એ વિધાન એના સિદ્ધાન્ત કે સ્વરૂપની બહાર ચાલ્યું જાય છે, આથી જ નિશ્ચયનય વસ્તુનું સંપૂર્ણ દર્શન કરાવવા માટે અધૂરો છે.

દૂધ–ઘી ખાવાથી શરીર પુષ્ટ થાય છે એ વાત ઉપર એક માણસ એક કલાક સુધી લેકચર આપે અને પછી જાહેર કરે કે "તમારા ગામમાં આ દૂધ–ઘીની નદીઓ વહેતી થઈ જશે." આ સાંભળીને ગ્રામજનો તાળીઓના ગડગડાટ કરી મૂકે; આનંદની ચીચીઆરીઓ પાડે. ત્યાં જ પેલા લેકચરર ભાઈ કહે, "સબૂર ! ઉતાવળા થાઓ જણાવે મા ! મારી વાત પૂરી સાંભળી લો." એમ કહીને આગળ કે, "એ દૂધ–ઘીની નદી વહેવડાવવા માટે દરેક ગ્રામજને ઘરદીઠ એક ગાય વસાવવી પડશે. એને સુંદર ખોરાક આપવો જોઈશે. જંગલમાં ચારા માટે રોજ ત્રણ કલાક ફેરવવી જોઈશે. ઘરનાં આંગણામાં પોદળા વગેરે નાંખે તેની સાફસુફી કરી રાખવી પડશે. એ પોદળા પણ ખેતરના ખાતર તરીકે ખૂબ ઉપયોગી થશે. ગાય તો ભારતની ઘર–ઘરની ઈન્ડસ્ટ્રી છે, કરોડો રૂપિયાથી ઊભા થએલા ફર્ટીલાઈઝરો જે ઉત્તમ ખાતર આપી શકે તેમ નથી તે ખાતર ૫૦૦ રૂ. ની ગાયનું કારખાનું તમને દેશે. માટે તમે ઘેર ઘેર ગાય વસાવી લો. પછી બધા ય મોજથી દૂધ ઘી ખાજો. અને શુદ્ધ ખાતરનું પકવેલું અનાજ ખાજો.

પી. એલ. ૪૮૦ના પરદેશી સડેલા અનાજનો બહિષ્કાર પુકારજો. પછી તમારો એકેકો છોકરો ગામો અને ઈમામબક્ષ બનશે.... ”

આટલું સાંભળતાં તો ગ્રામજનો પાણી પાણી થઈ ગયા. બધા ય ઊભા થઈ ગયા. છીંકવા જ લાગ્યા. હડૂડૂડૂડૂ કરતી સભા એકદમ વીખરાઈ ગઈ. શિશિરના વાદળ વીખરાઈ જાય તેમ.

નિશ્ચયનયને વ્યવહારનય સાથે કશી નિસ્બત નથી. ‘ દૂધ–ઘીથી પુષ્ટ થવાય ’ એના જેવી વાતો એને મંજૂર છે પરન્તુ એના ઉપાયોની વાતોમાં એ છીંકો જ ખાવા લાગે. એટલે જ નિશ્ચયનયને કૉલેજનો પ્રાધ્યાપક કહી શકાય ‘ મોન્ટેસરી ’ નું શિક્ષણ મેળવ્યા વિના, ક્રમશઃ આગળના ક્લાસોમાંથી પસાર થયા વિના, છેવટે S.S.C. ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા વિના કૉલેજમાં દાખલ થઈ શકાતું જ નથી. એ બધી વાત કૉલેજનો પ્રાધ્યાપક સમજતો હોય તો ય તે કદી પણ મોન્ટેસરીના બાળકને એકડો ઘૂંટાવવાનો જ નહિ. એ ઝટ કહી દેશે કે એ કામ મારું નહિ.

નિશ્ચયનયનું આવું જ માથું છે, આવા જ એના વિચાર છે. માટે જ તે અધૂરો છે. વ્યવહારનયના વિચારોની પૂર્તિ કર્યા વિના એના વિચારો વસ્તુના પૂર્ણસ્વરૂપને સમજાવવા સમર્થ બની શકતા જ નથી.

વ્યવહાર નય S.S.C. સુધીના તમામ વિદ્યાર્થીઓના પ્રાધ્યાપકોની સ્કુલના પ્રિન્સીપાલ જેવો છે. એની નજરમાં કૉલેજ હોવા છતાં એ તો એક જ વાત કરવાનો કે ભલે

કૉલેજની ડીગ્રી વિના નોકરી ન મળતી હોય પણ એ કૉલેજમાં પ્રવેશવા માટે તો અમારી સ્કુલોનું શિક્ષણ અનિવાર્ય ખરું કે નહિ? આટલી જ વાત અમે તમને પૂછીએ છીએ. આગળની મોટી-મોટી આદર્શની વાતો પછી કરો. આદર્શોને આંબવા માટેના વ્યવહારુ ઉપાયોને જ જીવનમાં અપનાવો.

આ છે વ્યવહારનયનું પણઅધૂરું મન્તવ્ય. બે ય નયો પોતપોતાની વાતમાં મક્કમ છે. હા, બીજાની વાતને ધિક્કારતા તો નથી જ પણ એની વાતોને મહત્ત્વ પણ આપતા નથી.

સ્યાદ્વાદ જ આ બેય નયના અંગોને જોડીને વિશ્વાસનો એક પૂર્ણમાનવ બનાવે છે. પૂર્ણ વિચારનું બાવલું તૈયાર કરવા માટે સ્યાદ્વાદ-શિલ્પી આ બેય અડધા વિભાજિત અંગોને આવશ્યક સમજે છે. બેમાંથી એકને પણ: અંશતઃ પણઃ ઓછાં કે વધુ ગુણ તે આપતો નથી. બે ય પોતપોતાના સ્થાનમાં સંપૂર્ણ રીતે બળવાન છે એ વાત તેના ખ્યાલ બહાર નથી. હવે મૂળ વાત ઉપર આવીએ.

નિશ્ચયનયનું જે મન્તવ્ય છે કે-'મન જ જીવોના બંધ-મોક્ષનું કારણ છે, મનઃશુદ્ધિ જ મહત્વની આરાધના છે-એને આપણે એકાન્તે પકડી લઈએ તો કૉલેજના જક્કી પ્રોફેસર જેવા કહેવાઈએ કે જે સ્કુલના અધ્યયનને ધિક્કારી નાંખે છે. જે એટલું પણ ગૌણતયા કબૂલવા તૈયાર નથી કે કૉલેજના પ્રવેશ માટે સ્કુલના અધ્યયનની જરૂર છે.

જિનમતનો નિશ્ચયનય એવો નથી કે તે મનઃશુદ્ધિની પોતાની વાતને મૂલ્યવાન ગણાવતો જાય અને વ્યવહારનયની

વાતોને ધિક્કારતો જાય એ વાતોની પેટ ભરીને ઠેકડીઓ ઉડાડતો જાય. હા, એટલું જરુર કહે કે, " હું તો મારી વાતને વજન આપું. બીજાની વાતો સાથે મારે કશી નિસ્બત નહિ."

નિશ્ચયનયના આ સ્વરૂપને વિચારશું તો એ વાત બરોબર સમજાઈ જશે કે આજના કહેવાતા નિશ્ચયવાદીઓ વસ્તુતઃ નિશ્ચયવાદી જ નથી. છે માત્ર વિતંડાવાદી !

મનઃશુદ્ધિને જ મોક્ષનું અમોઘ કારણ માનવા સાથે કોઈને વિરોધ છે જ નહિ. નિશ્ચયનયના એ મન્તવ્ય સામે વિરોધ કરવો એટલે મિથ્યાત્વભાવની સ્પર્શના કરવી. પ્રશ્ન માત્ર એટલો જ છે કે મોક્ષપ્રાપ્તિમાં ભલે મુખ્ય મનઃશુદ્ધિ હોય પણ એ મનઃશુદ્ધિ કાંઈ એકદમ પ્રાપ્ત થઇ જતી નથી. રે ! એના જેવી કઠોર સાધના જગતમાં બીજી કોઈ નથી. એટલે એ 'મુખ્ય' ને પ્રાપ્ત કરવાનો ઉપાય શું ? અર્થાત્ જો મુખ્ય મનઃશુદ્ધિ હોય તો પ્રથમ શું છે કે જેને અમલમાં મૂકવાથી 'મુખ્ય' ની સિદ્ધિ થાય ?

આ પ્રશ્નનો ઉત્તર વ્યવહારનય જ આપી શકે.

મુખ્ય શું ? નો ઉત્તર નિશ્ચયનય આપે છે.

પ્રથમ શું ? નો ઉત્તર વ્યવહારનય આપે છે.

મુખ્ય એટલે કાર્યસિદ્ધિ માટે મહત્ત્વનું કારણ: અસાધારણ કારણ ! જેને પ્રાપ્ત કર્યા પછી કાર્યસિદ્ધિમાં વિલંબ ન થાય.

પ્રથમ એટલે કાર્યસિદ્ધિના કારણનું કારણ ! મહાન

આદર્શોનો વ્યવહારુ ઉપાય ! ભલે તેનાથી સાક્ષાત્ કાર્યસિદ્ધિ ન થતી હોય પણ કાર્યસાધક મુખ્યનું ઉત્પાદન તો તે 'પ્રથમ' જ કરી શકે.

મુખ્ય તે મુખ્ય... એનાં મૂલ્ય ઘણાં ઊંચાં.

પ્રથમ તે પ્રથમ. એનું મૂલ્ય મુખ્યને પમાડી આપનાર તરીકે તો ઘણું...કાર્યસિદ્ધિને સાક્ષાત્ પમાડવા માટે તે કાયર. હા, જરૂર કાયર.

કોઈ તમને પ્રશ્ન કરે કે મુમુક્ષુને મોક્ષ પામવા માટે મુખ્ય ધર્મ કયો ? તો તમે શું જવાબ આપો ? જો તમે સદ્ગુરુના પડખાં ઠીક ઠીક સેવ્યા હોય તો તમે કહી શકો કે મુખ્ય તો દયા–ધર્મ છે પણ તેની સાથે જ તમે '**पढमं नाणं तओ दया**' એ વચન ટાંકીને કહેવાન કે મુખ્ય દયા હોવા છતાં પ્રથમ તો જ્ઞાન છે. કેમકે જીવ–અજીવના જ્ઞાન વિના મુખ્ય–દયાધર્મ શી રીતે પાળી શકાય ?

પ્રથમ જ્ઞાન પણ મુખ્ય દયા.. આ વચન જ્ઞાનની મહત્તા જરૂર આંકે છે પણ મુખ્ય દયા ધર્મને પ્રાપ્ત કરાવી આપવા પૂરતી જ એ મહત્તા સમજવાની છે. બાકી તો દયા જ મુખ્ય છે.

એટલે નિશ્ચયનયની દૃષ્ટિએ દયા, મુખ્ય.

વ્યવહારનયની દૃષ્ટિએ જ્ઞાન, પ્રથમ...

આપણે જે મનઃશુદ્ધિનો વિચાર કરીએ છીએ તેમાં પણ આ વાત ઘટાવીને સમજીએ.

મોક્ષ પામવા માટે મુખ્ય તો મનઃશુદ્ધિ જ છે. આ વાતમાં લેશ પણ આનાકાનીને અવકાશ જ નથી. પરન્તુ એ મનઃશુદ્ધિને પામવા માટે પ્રથમ તો આચારશુદ્ધિ જ કહેવી પડશે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે મુખ્ય ભાવ પરન્તુ એ ભાવની શુદ્ધિ પામવા માટે પ્રથમ તો ક્રિયા જ.

આ વાત અનેક વ્યવહારુ દૃષ્ટાન્તોથી સમજાવી શકાય તેવી છે.

આંતરડાની બિમારીવાળા નબળા દર્દી માટે મુખ્ય તો દૂધ ઘીનો ખોરાક જ છે પરન્તુ પ્રથમ તો મગનું પાણી જ હોઈ શકે. જો પ્રથમથી જ એને દૂધ ઉપર ચડાવી દેવામાં આવે તો બિચારો વહેલો જ મરી જાય. હા, મગનું પાણી પીતાં પીતાં પણ એણે આદર્શમાં તો 'દૂધવટી' નો પ્રયોગ જ રાખવાનો. એના વિના શરીર હૃષ્ટપુષ્ટ થાય જ નહી એ વાત પણ એ વિચાર્યા જ કરે. પરન્તુ એ બધું હોવા છતાં પ્રથમ તો તેણે એકાદ અઠવાડિયું મગનું પાણી જ પીવાનું, એમાં જ પોતાનું જીવન સમજવાનું: એને જ અમૃતની ઉપમા આપવાની; કેમકે વૈદ્ય એને એ વાત સમજાવી ચૂકયા છે કે મગના પાણીથી આંતરડાનું શોધન વગેરે થાય. પછી જ એ આંતરડાં દૂધ પચાવી શકે. દૂધ પચાવવા માટે જે નિર્મળ મજબૂત આંતરડાની જરૂર છે તેને તો મગનું પાણી જ તૈયાર કરી આપે. હા, આંતરડા તૈયાર થઈ જતાં મગનું પાણી જરૂર છોડી શકાય.

(૨) બીજું દૃષ્ટાન્ત લઈએ. એક માણસે આંબાની કલમ જમીનમાં નાંખી. આવતી કાલે એનો છોડ થવાનો છે એ વાત એના ધ્યાનમાં હોવાથી તેણે એની ચોમેર થોરની વાડ કરી દીધી. બેશક, કેરી તો આંબાના ઝાડમાંથી જ પડવાની છે. એ દૃષ્ટિએ તો આંબો જ મુખ્ય છે. આંબાને જ જલસિંચનાદિ કરવા જોઈએ. પણ છતાં જ્યાં સુધી એ આંબો મોટો ન થઈ જાય ત્યાં સુધી-પ્રથમ-તો વાડની જરૂર છે જ. ભલે આગળ જતાં—આંબો મોટો થઈ જતાં—એ વાડ ઊખેડીને ફેંકી દેવાની હોય, ભલે એ વાડ ઉપર કેરીઓનાં ઝૂમખાં ન લચી પડવાના હોય છતાં પ્રથમ તો વાડ, વાડ ને વાડ જ.

આગળ જતાં ફેંકી દેવાને યોગ્ય બનતી વાડને આજથી ફેંકી ન દેવાય. જો કોઈ તેમ કરે તો વાડ પણ જાય, અને આંબાનો બાળછોડ પણ ઘેટાં—બકરાંથી ચવાઈ—ખવાઈને ખતમ થઈ જાય. તમે જો વાડનું અપમાન કરો તો તમે આંબો જ ખોઈ બેસો. કેરી ખાવાના તમારા સ્વપ્નો વેરણ છેરણ થઇને જ રહે.

આંબો તે આંબો... એ જ કેરીના રસાસ્વાદ માટેની જરૂરિયાત, માટે તે જ મુખ્ય.

વાડ તે વાડ. એ કાંઈ કેરી ખવડાવવાની નથી. છતાં પ્રથમ તો તે જ. પ્રથમ આંબો તો નહિ જ.

વાડ તે વાડ એ માત્ર પ્રથમ. આંબો તૈયાર થઈ જતાં એ આંબા માટે વાડનું કોઈ મૂલ્ય નહિ.

(૩) ગુજરાતીઓને માટે એમ કહેવાય છે કે તેમને

ભોજનમાં દાળ-ભાત ન મળે તો બીજું ગમે તેટલું સુંદર ભોજન હોય તો ય ભોજનનો આનંદ અધૂરો રહી જાય. ભલે. આપણને એ વાત સાથે નિસ્બત નથી. અહીં પ્રશ્ન એટલો જ છે કે એ ભાત એટલે ચોખા જ ને? ફ્લોર મીલમાં છડેલાં ચોખાના જ ભાત થાય છે ને? ફોતરા સાથેના ચોખ્ખા ડાંગરના તો ભાત ન જ રંધાય ને? તો હવેથી એવું બ્રોડકાસ્ટ થઈ શકે ખરું કે આગામી ચાતુર્માસમાં ડાંગર વાવશો નહિ. ચોખા જ વાવજો. કેમકે અમારે ચોખાની જ જરૂર છે; ડાંગરની નહિ. ડાંગર વાવો છો માટે અમારે તો ફ્લોર-મીલમાં છડાવાની ઉપાધિ વધી જાય છે?

કોઈ પણ બુદ્ધિમાન માણસને આ વિચાર સાંભળતાં હસવું આવી જાય; કેમકે એ સમજે છે કે દાળ-ભાતના ગુજરાતી ભોજન માટે ચોખાની જ મુખ્યતા છે, ડાંગરની નહિ. છતાં સાથે સાથે એ વાત પણ એના ધ્યાનમાં છે કે એકલા ચોખા કદી ઊગતા જ નથી. ચોખાને ઉગાડવા માટે ફોતરાંની અનિવાર્ય આવશ્યકતા છે. જો ફોતરાંને ફોતરાં જેવી તુચ્છ ચીજ સમજીને જૂદી કરી દેવામાં આવે તો એ દાણા કદી ઉગી શકે જ નહિ.

આ વિચારમાંથી એ વાત ફલિત થાય છે કે દાળભાતના ભોજન માટે મુખ્ય ચોખા જ છે. પરન્તુ પ્રથમ તો ફોતરાં જ છે.

હા. ફોતરાં એટલે ફોતરાં જ. સાવ તુચ્છ. પણ ડાંગરનો પાક તૈયાર કરવા માટે તો એ ફોતરાં જેવી મુલ્યવાન ચીજ

બીજી કોઈ જ ન હોઈ શકે. હીરા–મોતીના ખાતર સાથે છડેલા ચોખાને જમીનમાં વાવો તો ય પાકની ફસલ તૈયાર ન થાય. ત્યાં તો ફોતરું જ કામ કરી જાય.

નિશ્ચયનય ચોખા જેવો મુખ્ય.

પણ વ્યવહારનય ફોતરાં જેવો પ્રથમ.

બેશક, વ્યવહારનય ફોતરા જેવો. નિશ્ચયનયની સિદ્ધિ થઈ ગયા બાદ એની કોઇ જરૂર નહિ. છતાં નિશ્ચયનયના જીવનની સિદ્ધિના અભાવમાં તો વ્યવહાર-નયના નામના જ સિક્કા ફરે.... એનો જરા ય ઇન્કાર થઈ શકે નહિ.

(૪) રે! સહુના ઘર ઘરની બીજી એક વાત કરું.

નિશાળમાંથી એકાએક વહેલો ઘેર આવી ગએલો છોકરો એની માને કહે છે, "મને ખૂબ ભૂખ લાગી છે જલદી ભોજન દે."

માએ તો હજી ચૂલો ય સળગાવ્યો નથી. એટલે એ તો ઊઠીને કોલસાની ગુણમાં હાથ નાંખે છે. પણ ત્યાં તો છોકરાએ જોરથી બૂમ પાડી, "બા! શું તારે મને કોલસા ખવડાવવા છે? મારે તો રોટલી, દાળ,ભાત શાક જ જોઈએ. તું કોલસાની ગુણમાં કેમ હાથ નાંખે છે!"

માએ સસ્મિત કહ્યું, "બેટા! ભોજનથી જ ભૂખ શમે. જેને ભૂખ લાગે તેને રોટલી–શાકનું ભોજન જ મુખ્ય હોય; પરન્તુ એ કાંઇ એમને એમ થોડું જ બની જાય છે! એને

બનાવવા માટે પ્રથમ તો કોલસા જ સળગાવવા પડે ને! કોલસા એટલે કોયલા! કોયલાથી કાંઈ ભૂખ શમે નહિ. છતાં ભૂખ્યાને ભોજન દેવા માટે કોયલા વિના ચાલે નહિ. એટલે મુખ્ય ભોજન જ હોવા છતાં પ્રથમ તો કોલસા જ છે."

માની વાત દીકરો સમજી ગયો. તે મનમાં બોલ્યો, તદ્દન સાચી વાત છે. ભોજન જ મુખ્ય છતાં તેને પ્રાપ્ત કરવા માટેના સાધનરૂપ કોયલાની જ પ્રથમ જરૂર છે. પ્રથમ તો કોયલામાં જ ધ્યાન રાખવું પડે, એ સળગે પછી જ ભોજન બનાવવાની ખરી ક્રિયા શરૂ થઈ શકે.

(૫) બીજી એક વાત કહું. ઘણી વાર આપણે રસ્તા ઉપર પડી જઈએ છીએ, ત્યારે ક્યારેક ઊંડો ઘા પણ લાગે છે. એ વખતે લોહી નીકળે છે. એ લોહીનું જ પડ જામી જાય છે. હવે હું તમને પૂછું છું કે ઊંડા પડેલા ઘાને રૂઝવવાનું કાર્ય જ જો મુખ્ય બની રહે છે તો ઘા ઉપર જામેલા લોહીના પડની કોઈ જરૂર ખરી! એને નખથી ઊખેડી દેવામાં આવે તો કાંઈ વાંધો ખરો ?

તમે તરત કહેશો કે," હા. જરૂર વાંધો. એ પડ જામેલું જ રહે તો અંદરનો ઘા જલદી રૂઝાવા માંડે. જો તે પડને ઉખેડી દેવામાં આવે તો ઘા જલદી ન રૂઝાય, એટલું જ નહિ પરન્તુ બાહ્ય વાતાવરણના જંતૂઓ અંદર પેસી જાય તો 'સેપ્ટીક' થવાની પણ સંભાવના રહે."

આ ઉપરથી એમ નક્કી થઈ ગયું ને કે ઘા રૂઝાવવાના

મુખ્ય કર્ત્તવ્યને હલ કરવા માટેનો ઉપાય તો જામેલા લોહીના તુચ્છ પડનું જતન જ છે ?

વ્યવહારનય પણ એ પડ જેવો જ છે. આત્મામાં રાગાદિભાવોના અગણિત ખંજરો ભોંકાયા છે. એના ઘા સતત દૂઝતા ન રહે તે માટે તેની ઉપરના વ્યવહારનયના પડનું જતન કરવું જ પડશે.

જે બાળક ( અજ્ઞાન ) હોય તે જ એ પડનું મૂલ્ય ન સમજે અને તેને ઉખેડીને ફેંકી દે. સમજદારનું એ કામ નહિ. જ્યારે ઘા રૂઝાઈ જશે ત્યારે એ પડ આપોઆપ ખરી પડવાનું છે. પણ તેથી કાંઈ આજે પ્રયત્ન કરીને તેને ઉખેડી ન જ દેવાય.

( ૬ ) જે ચીજની ભાવીમાં આવશ્યકતા નથી તે ચીજને વર્ત્તમાનમાં જ ફેંકી દેવાની વાત કેમ કરી શકાય ?

આપણે ભાવીમાં એક વાર મસાણમાં જઈને સૂઈ જવાનું સુનિશ્ચિત છે એટલે શું આજે જ ત્યાં જઈને ચિતા ખડકાવીને સૂઈ જવું ?

(૭) બાળક બે વર્ષનું થાય એટલે માતા ધવડાવવાનું બંધ કરે છે. એ ઉપરથી કોઈ માણસ એ સ્ત્રીને એવી સલાહ આપી શકે ખરો કે, " તું આજથી જ એ બે માસના બાળકને ધવડાવવાનું બંધ કરી દે. કેમકે જો સ્તન્યપાનની ક્રિયા આગળ ઉપર જઈને ત્યાગવાની જ છે તો આજથી જ કેમ ત્યાગી ન દેવી ?" પેલી સ્ત્રી જો આ સલાહનો અમલ

કરે તો શું થાય? બાળક મરી જાય કે નબળું જ પાકે ને? જરૂર. એ જ સ્ત્રી પોતાના આઠ વર્ષના બાળકની સ્તન્યપાન કરાવવાની માંગણીને ભારે આવેશથી નકારી નાંખે છે. પરન્તુ એ જ બાળકના બે માસના ભાઈને સ્તન્યપાન કરાવવાની તે માંડવાળ કરી શકે ખરી?

વ્યવહારનયની જે આરાધનાઓ-નિશ્ચયનયની સિદ્ધિ થઈ જતાં–'સ્વ' માટે નિરર્થક બની જવાની છે તે આરાધનાઓને આજથી જ નિરર્થક કહી દેવાનું સાહસ કરવું એ તો ભયંકર આત્મહત્યા છે.

(૮) જ્યાં સુધી બાળક ચાલતા નથી શીખ્યું ત્યાં સુધી જે ચાલણગાડીની તેને જરૂર છે તે ચાલણગાડી તેની પાસેથી પહેલેથી જ આંચકી લેવાની વાત કરનાર આદમી તો તે બાળકનો હિતશત્રુ જ કહેવાય.

એક વાત બરાબર સમજી લો કે વ્યવહાર એ પેલા કોલસા જેવો, પેલા ફોતરાં જેવો કે પેલી વાડ જેવો જ ઉપયોગી હોઈને મુખ્ય તો નથી જ પણ પ્રથમ જરૂર છે એના વિના નિશ્ચયનય ટકી શકતો નથી.

નિશ્ચયનયને ઊભવા માટેની ધરતી સ્વરૂપ વ્યવહાર છે. કર્મશત્રુના વિરાટ સૈન્યના મસ્તકો વધેરવાનું કાર્ય કરવાની તાકાત તો નિશ્ચયનયના સૈન્યમાં જ પડી છે. પરન્તુ એ સંગ્રામ ખેલવા માટે કોઈ ધરતી તો જોઈએ ને? ક્યાં ઊભા રહીને સંગ્રામ ખેલવો?

(૯) તમે હોમીયોપથીની દવાઓની બનાવટનું વિજ્ઞાન

જાણો છો ? જે સફેદ રંગની મધુરસ્વાદની એક સરખી ગોળીઓ દરેક દર્દ ઉપર અપાતી જોવા મળે છે તે ઉપરથી એમ ન માની લેવું કે હોમીયોપથીમાં હજાર રોગની એક જ દવા છે....પેલા ગૌરીશંકરની નેપાળાની એક જ ગોળી જેવી.

ના. નહિ જ. દવા તો દરેક દર્દ ઉપર જૂદી હોય છે પરન્તુ એ દવાને ઝીલનારી સાકરની ગોળીઓ એકસરખી હોય છે.

હોમીયોપથીમાં દવાઓ એટલે જુદા જુદા પ્રકારના ટીંકચરો....પણ તે ટીંકચરો તે દર્દીને સીધા અપાય નહિ. માટે તેને ઝીલનાર–સાચવનાર કોઈ માધ્યમની જરૂર પડે છે. એ માધ્યમ તે જ સાકરની ગોળી. અહીં મૂલ્ય તો ટીંકચરનું જ છે. સાકરની ગોળી તો નાચીઝ વસ્તુ છે પણ એના વિના મૂલ્યવાન ટીંકચર ઊભું રહી શકે તેમ નથી એ દૃષ્ટિએ સાકરની ગોળીનું પણ મૂલ્ય જરા ય ઓછું તો ન જ ગણાય. આમ મુખ્યતાની દૃષ્ટિએ ટીંકચર મૂલ્યવાન્ છે. જ્યારે પ્રથમતાની દૃષ્ટિએ સાકર મૂલ્યવાન્ છે.

મુખ્ય ટીંકચર, પ્રથમ સાકર. કેમકે સાકર પ્રથમ હાજર ન હોય તો મુખ્ય ટીંકચર નાંખવું કયાં ?

ટીંકચરના સ્થાને નિશ્ચયનય છે, સાકરના સ્થાને વ્યવહારનય છે.

(૧૦) ધારો કે તમારી પેનમાંની સહી ખલાસ થઈ ગઈ છે. તમે તમારા બાળકને બૂમ પાડીને કહો છો કે,

" દીકરા ! સહી લાવજે તો." તરત એ સહીનો ખડીઓ લાવીને આપે છે.

એ વખતે શું તમે બરાડી ઊઠશો કે, "ઓ મૂર્ખ ! મેં તો સહી જ મંગાવી હતી; તું ખડીઓ પણ કેમ લાવ્યો ?"

નહિ જ ને ? શાથી? કેમકે તમે જાણો છો કે ખડીઆ વિના સહી રહી શકે નહિ, લાવી શકાય પણ નહિ. કાચના ખડીઆનો ભૂક્કો કરીને તે કાંઈ પેનમાં ભરવાનો નથી, ભરવાની વસ્તુ તો સહી જ છે માટે, તે જ મુખ્ય છે. પણ પ્રથમ તો ખડીઓ જ છે. કેમકે ખડીઓ જ ન હોય તો સહી ક્યાં ભરાય ?

લખવાની દૃષ્ટિએ મુખ્યતા સહીની; માટે મુખ્યતાની દૃષ્ટિએ સહી મૂલ્યવાન્; પણ ભરવાની દૃષ્ટિએ પ્રથમતા ખડીઆની. માટે પ્રથમતાની દૃષ્ટિએ ખડીઓ જ મૂલ્યવાન્.

જો ખડીઓ અમુખ્ય કહીને ઠેકડી ઉડાવવા લાયક બનતો હોય તો સહી પણ અપ્રથમ કહીને ઠેકઠી ઉડાડવા લાયક બની શકે છે. ન્યાય તો બધી વાતે તુલ્ય જ રહેવાનો.

સહી એ નિશ્ચયનયની દષ્ટિમાં છે.

ખડીઓ એ વ્યવહારનયની દષ્ટિમાં છે.

આ દસેય દૃષ્ટાન્તના વિવિધ પાંસાઓની તરફ નજર નાંખવાથી નિશ્ચયનયની મુખ્યતા અને વ્યવહારનયની પ્રથમતા અંતરમાં સજ્જડ ચોંટી જશે. પછી મહોપાધ્યાયજીના પેલા ટંકશાળી વચનનો મર્મ હાથ લાગી જશે, " નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરી જી, પાળે જે વ્યવહાર.

પછી અધ્યાત્મસારની એ વાતનું રહસ્ય પ્રગટ થશે, "મનઃશુદ્ધિથી મોક્ષ થાય."

પછી આનંદઘનજીએ ગાઈ દીધેલા એ ગીતનો ભાવ ઊઘડી જશે. "મન સાધ્યું તેણે સઘળું સાધ્યું"

પછી પેલા કવિના એ લલકાર પાછળનો રણકાર કાનમાં ગૂંજન કરતો થઈ જશે, "મનની જીતે જીતવું રે, મનની હારે હાર !"

પછી પેલી વાતને આગળ ધરીને વ્યવહારનયની વાતની મશ્કરીઓ ઊડાડવાની વાતની માંડવાળ થશે "આત્માને ઓળખ્યો તેણે બધું ઓળખ્યું"

"કષ્ટ કરો, સંજમ ધરો, ગાળો નિજ દેહ."

"**मन एव मनुष्यणां कारणं बन्धमोक्षयो**" "**अयमात्मैसंसारः**" ઇત્યાદિ.

રે! પછી તો પેલા વ્યવહારનયના મન્તવ્યોને શિર ઝૂકી જશે. "**शरीरेणैव युद्धयन्ते दीक्षापरिणता बुधाः**

"વચન-સાપેક્ષ વ્યવહાર સાચો."

"મંદમિથ્યાત્વીની અશુદ્ધ ક્રિયાઓ પણ ઉપાદેય છે."

નિશ્ચય-વ્યવહારનયમય જિનમતના રહસ્યોનું આ, રહસ્ય છે કે મુખ્ય તો નિશ્ચયનયનું જ જીવન છે પરન્તુ એના, ઉપાયભૂત વ્યવહારનયનું આચરણ એ જ પ્રથમ છે.

મુખ્ય છે '**सोऽहं**' નું અભેદભાવનું પરમાત્મ ધ્યાન; મુખ્યતર છે '**त्वमहं**' નું નિકટતા સૂચક અભેદ ધ્યાન....અને

મુખ્યતમ તો છે આનંદઘનજીએ ગાએલું, અહો અહો ! હું નમું, મને નમું–'अहमह'નું દેહ–ના આત્માના–બે ય ભેદોને દફનાવી દેતું–ધ્યાન.

પણ તેવા ધ્યાન માટે પ્રથમ શું ? શું નિશ્ચયનયવાદીઓ એમ કહેવા માંગે છે કે 'सोऽहं' ના ધ્યાનમાત્રથી આત્માનું મોક્ષસ્વરૂપ પ્રગટ થઈ જાય ? શું એ ધ્યાન સાથે તપ--ત્યાગના વ્યવહારનયના આચારની જરૂરને તેઓ સ્વીકારતા જ નથી ?

રે ! કઢેલાં દૂધ–ઘી ઢીંચતા રહીને 'सोऽहं' ના ધ્યાન ધરો અને તે ધ્યાનમાં તમે નિર્વિકાર ભાવે રહી શકો એ વાતમાં માલ શું છે ?

સ્ત્રીના સાન્નિધ્યમાં રહો, કોઈ વાડનું પાલન ન કરો અને બ્રહ્મચર્ય વ્રતની સિદ્ધિ પામી જાઓ એ વાતને કોણ મંજૂર કરી શકે તેમ છે ? બેશક એ સફળતાની આધારશિલા તો તપત્યાગાદિના વ્યવહાર જ છે.

કમરેથી વાંકા વળી જઈને કે ઢીંચણ ઉપર હાથ ટેકીને કે સૂતા સૂતા આરામથી ધરી આપોને ધ્યાન અરિહંતનું ! હજી તો અમે એવો મહાયોગી જોયો નથી. અરિહંતના ધ્યાનમાં સફળતા મેળવવી હોય તો પદ્માસનાદિ મુદ્રાઓના વ્યવહારને શિર ઝુકાવ્યે જ છૂટકો છે. નાસા ઉપર ચક્ષુઓને રાખ્યે જ છૂટકો છે. ખાન--પાન ઉપર ખૂબ જ કાબુ રાખ્યે જ છૂટકો છે.

સો વાતની એક વાત. મુખ્ય છે નિશ્ચયનયની વાતો....

આપણો આદર્શ તો તે જ હોઈ શકે. પણ તેને આંબવા માટે પ્રથમ તો રહેશે વ્યવહારનયનું જ પાલન. અહીં કાશીના પંડિતની એક વાત યાદ આવી જાય છે.

એક નાનકડું ગામ હતું. ત્યાં બે ભાઈઓ વસતા હતા. ઘરમાં રોજ હાંડલા ખખડતા. દિવસે દિવસે પરિસ્થિતિ અસહ્ય બનતી ગઈ. એક દિવસ મોટાભાઈએ નાનાભાઈને કાશી જઈને અભ્યાસ કરવાની સલાહ આપી. ગરીબીના નિવારણનો બીજો કોઈ રસ્તો ન હતો એટલે નાનાભાઈ ગંગારામે કાશી તરફ પ્રયાણ આદર્યું.

મહિનાઓની પગપાળા મુસાફરી બાદ તે કાશી પહોંચ્યો. ગંગારામે બાર વર્ષ સુધી ખંતપૂર્વક અભ્યાસ કરીને વિદ્યાર્થીઓમાં નામના કાઢી.

અભ્યાસ પૂર્ણ થયો એટલે ગુરુના આશિર્વાદ મેળવીને ગંગારામ ઘર તરફ જવા નીકળ્યો. સાથે એક ગાડું ભરીને ન્યાય--વ્યાકરણાદિના મહાકાય ગ્રન્થો લીધા હતા. રસ્તામાં જ્યાં જ્યાં પંડિતો મળતાં ત્યાં તે વાદ કરતો. એના વાદની શરત એ રહેતી કે જો પ્રતિવાદી હારી જાય તો તેણે વાદી ગંગારામને સવા તોલા સોનાની એક પૂતળી ભેટ કરવી. અને જો ગંગારામ પંડિત પરાજિત થાય તો તેમણે ગાડું ભરેલા પુસ્તકો અને ત્યાર સુધીમાં મેળવેલી બધી સુવર્ણ–પૂતળીઓ પ્રતિવાદીને ભેટ કરવી.

ગંગારામે બાવન પૂતળી મેળવી. એ સર્વદા અપરાજિત રહ્યો.

હવે તે પોતાના ગામની લગભગ નજદિકમાં આવી ગયો હતો. વચ્ચે એક જ ગામ બાકી રહેતું હતું. તે ગામમાં જઈને તેણે ત્યાંના પંડિત ગૌરીશંકરને આહ્વાહન કર્યું.

ગૌરીશંકર ખરેખર નિરક્ષરભટ્ટાચાર્ય ! હતો પરન્તુ તેની વાચાળતાએ લોકોમાં 'પંડિત' તરીકેનું માન અપાવી દીધું હતું. ગ્રામજનોએ ગંગારામ પંડિતને કહ્યું કે તેણે ગૌરી–કશરજી સાથે વાદમાં નહિ ઊતરવું; કેમકે તે મહાપંડિત છે. જો પરાજય થશે તો જીતેલું બધું ય હારીને ગામ ભેગા થવું પડશે. બીજી બાજુ એના ગામના લોકો સન્માન માટેની તૈયારીઓ પૂરજોશથી કરી પણ રહ્યા છે.

પણ ગંગારામ પંડિતે ગ્રામજનોની સલાહને માન્ય ન કરી.

વાદનું સ્થાન અને સમય નક્કી થઈ ગયા. પંડિત ગંગારામે તો હજી યુવાનીના ઉંબરે પગ મૂકયો હતો. જ્યારે ગૌરીશંકર તો વૃદ્ધત્વના ખંડની મધ્યમાં જઈ ચૂકયા હતા.

વૃદ્ધ પુરુષની પૂરી અદબ જાળવવા સાથે પંડિત ગંગા–રામે ગૌરીશંકરને કહ્યું, "કાકા ! પ્રથમ પ્રશ્ન આપ જ પૂછો. પછી મારો વારો."

ગૌરીશંકરે કહ્યુ કે તેમ કરવામાં તેનો પરાજય વહેલો થઈ જશે. પરંતુ પંડિત ગંગારામે વિનમ્રભાવે પોતાની વાતનું પુનરુચ્ચારણ કર્યું.

ગૌરીશંકરે કહ્યું, "લે ત્યારે, એવો જ આગ્રહ હોય

તો હું પ્રથમ પ્રશ્ન મૂકું છું. કહે જોઉં, ગટાગટ, અટાગટ, ગટાગટ એટલે શું " ?

પંડિત ગંગારામના હૈયામાં જાણે શેરડો પડયો ! 'ગટાગટ' ! '....આ તે કેવો શબ્દ ? નથી ન્યાયના ગ્રંથોમાં ક્યાંય જોયો, નથી વ્યાકરણમાં એની વ્યુત્પત્તિ જોઈ ! નથી કોઇ સાહિત્યના પાને જોયો !

પળો, મિનિટો, કલાકો, પસાર થયા. ચાર કલાક ગયા ! પંચ અકળાયું. ગંગારામ પંડિતનું મોં ફીકકું પડી ગયું જોઇને પંચે ઉત્તર માગ્યો !

પંડિતજીએ પરાજય સ્વીકારી લેતાં જ, 'મહાપંડિત ગૌરીશંકરજી કી જય ' ના ગગનભેદી નાદો સાથે પંડિતજીને લોકોએ ઊંચકી લીધા. આખું ગામ આનંદવિભોર બની ગયું.

પંડિત ગંગારામના બાવન સુવર્ણ–પૂતળાં અને અમૂલ્ય ગ્રન્થો ભરેલું ગાડું ગૌરીશંકરના ઘર ભેગા થઈ ગયાં.

વીલે મોંએ, ભગ્ન હૃદયે, લથડતા પગે ગંગારામનો દેહ ઘર ભણી ઢસડાવા લાગ્યો.

ગામની બહાર મહાદેવનું મંદિર હતું. ગંગારામનો મોટોભાઈ જોઈતારામ રાહ જોતો ત્યાં જ બેઠો હતો. નાનાભાઈને ભેટી પડીને સન્માનવા તેનું અંતર થનગનતું હતું. પણ આ શું ? જોઈતારામે ગંગારામને જોયો ! એની લથડાતી ચાલ નિહાળી ! પેલું ગાડું ન જોયું !

એણે ભાઈ તરફ દોટ મૂકી.

"ગંગારામ ! શું થયું ?" જોઈતારામે પૂછી નાંખ્યું. વળતા જવાબરૂપે આખી ય કરમ–કહાણી ગંગારામે સુણાવી.

ખડખડાટ હસી પડતાં જોઈતારામે કહ્યું, "ભાઈ! તું ભણ્યો પણ ગણ્યો નહિ. જે બન્યું તે ખરું. પણ હવે તું પેલાં મહાદેવના મંદિરમાં જ બેસી રહે. હું એ ગાડું અને બાવન પૂતળી લઈને પાછો આવું છું. એ વાદમાં વિજેતા બનવું એ તો મારે મન હાથચાલાકીના ખેલ જેવી રમત વાત છે."

જોઈતારામ ગૌરીશંકરના ઘેર પહોંચ્યો. વાદનું આહ્વાહન કર્યું.

ફરી વાદ યોજાયો, વિજયના ઘેનમાં ચૂરચૂર થઈ ગયેલા ગૌરીશંકરે ફરી એ જ નશીબદાર(!) પ્રશ્ન પૂછયો, "ગટાગટ, ગટાગટ, એટલે શું ?"

જોઈતારામ તો સંભવિત પડકાર માટે પહેલેથી જ સજાગ હતો. જેવો આ પ્રશ્ન પુછાયો કે તરત એનાં મુખ ઉપર રોષની લાલી પ્રગટ થઈને વધતી ચાલી. એણે મૂઠીઓ વાળી. મોં લાલ પીળું થઈ ગયું એ ઊભો થઈ ગયો અને વિજળીની ઝડપે એણે ગૌરીશંકર પંડિતને સણસણતી લપડાક મારી દીધી ! બનીઠનીને આવેલા ગૌરીશંકરનું તેર વારનું પાઘડું લાંબુ થઈને જમીન ઉપર ચત્તુપાટ સૂઈ ગયું ! બનાવટી દાઢું કયાંય ઊડીને પડયું ! બનાવટી મૂછો ય બે ભાગમાં બે દિશામાં જઈ પડી ! સાહેબ ગૌરીશંકર પણ ગુલાંટ ખાઈને ઊંધા પડયા !

ગ્રામજનો તો પોતાના મહાપંડિતના આવા ભયંકર અપમાનને જોઈને સમસમી ગયા. હજી કાંઈ કરવા જાય છે ત્યાં જ જોઈતારામે ત્રાડ નાંખીને ગ્રામજનોને કહ્યું, " આ તમારો પંડિત છે કે પલિત ? તમને ખેડૂતોને પણ જેટલું જ્ઞાન છે એટલું ય આ મૂર્ખને નથી. શાનો આને 'પંડિત' બનાવી માર્યો છે તમે લોકોએ ? સાંભળો મારી વાત."

જોઈતારામના આ અણચિંતવ્યા આક્રમણે સહુ સ્તબ્ધ થઇ ગયા ! પ્રતિઆક્રમણ વિલંબમાં પડ્યું. જોઈતારામની વાત સાંભળવા સહુ ચોકન્ના થઈ ગયા.

જોઈતારામે કહ્યું, "દુનિયામાં ક્યાંય તમે પહેલું જ 'ગટાગટ' સાંભળ્યું છે કે જોયું છે ? ઓ ખેડૂતબિરાદરો ! શું તમે લોકો પહેલું જ 'ગટાગટ' કરો છો ? ના. નહિ જ. 'ગટાગટ' કરવું હોય તેણે પ્રથમ તો બીયંબીયા કરવું જોઇએ. પછી ઉગંઉગા થાય; પછી અંકુરં અંકુરા.. પછી પત્રંપત્રા....પછી પુષ્પંપુષ્પા....પછી ફલંફલા...પછી એ ફળમાંથી રસ નીકળે એટલે રસંરસા..અને પછી એ રસ પીવામાં આવે ત્યારે ગટાગટ.. ગટાગટ... ગટાગટ કરતાં રસ પીવાય.

આ નિરક્ષર ભટ્ટાચાર્ય ગૌરીશંકર તો બીયંબીયા, ઉગંઉગા વગેરે પૂછતો જ નથી. અને સીધું ગટાગટ કરવાની વાતો પૂછે છે ! હવે તમે જ ન્યાય આપો ! શું એણે બરોબર પ્રશ્ન પૂછ્યો છે ? જેને પ્રથમ શું ? એની ય ખબર નથી એ લપડાકો ખાવાને લાયક ન હોય તો બીજું શું હોય ?"

'જોષતારામ પંડિતજી કી જે' ના ગગનભેદી નાદોથી આકાશ ગાજી ઊઠ્યું.

આ દૃષ્ટાન્તને પ્રસ્તુત વિષયમાં યોજીએ તો એમ કહી શકાય કે મોક્ષના લક્ષની, મનઃશુદ્ધિની કે આત્માને ઓળખવાની નિશ્ચયનયની સઘળી મુખ્ય વાતો 'ગટાગટ' કરવા જેવી છે. પણ એ મુખ્ય વાતોની જીવનમાં સિદ્ધિ જોવી હોય તો માત્ર ગટાગટની વાતો કર્યે નહિ ચાલે; પરન્તુ એ માટે તો તપત્યાગાદિના વ્યવહારનયના બીયંબીયા, ઉગંઉગા વગેરે પ્રથમ કરવા જ પડશે.

જેને બીયાંબીયા વગેરે કરવા જ નથી; અને સીધું જ ગટાગટ કરવું છે એ ગૌરીશંકર પંડિત જેવો મૂર્ખ-શિરોમણિ છે, લપડાકો ખાવાને જ યોગ્ય છે.

હવે આ પ્રકરણને આપણે સમેટી લઈશું. સમગ્ર પ્રકરણના સારરૂપ એટલી જ વાત ધ્યાનમાં લઈએ કે મુખ્ય છે મનની નિશ્ચય-શુદ્ધિ. પરન્તુ પ્રથમ તો વાણી અને કાયાના વ્યવહારની શુદ્ધિ જ રહેશે. વાણી અને કાયાને કાબૂમાં લીધા વિના મન કદી કાબૂમાં આવી શકે નહિ.

આથી જ તો સામાયિકવ્રતની પ્રતિજ્ઞાના પાઠમાં માત્ર 'मणेणं'ન કહેતાં वायाए काएणं પણ કહ્યું છે ને?

ભલે ને પાણી નાળિયેરમાં જ હોય; તરસ્યાને માટે તે પાણી જ મુખ્ય હોય; પરન્તુ તેને પ્રગટ કરવા માટે દાંતરડું તો પ્રથમ જોઈશે જ ને?

[ ૫ ]

## નિમિત્તની અસર

કાર્ય માત્ર પ્રતિ મુખ્યત્વે બે કારણો ગણાય.

ઉપાદાનકારણ અને નિમિત્તકારણ.

નિશ્ચયનય ઉપાદાનકારણ–તરફ નજર રાખે છે.

વ્યવહારનય નિમિત્તકારણ તરફ દૃષ્ટિ રાખે છે.

ઘટકાર્યનું ઉપાદનકારણ માટી છે; કેમકે માટી જ ઘટ રૂપમાં પરિણામ પામે છે.

ઘટકાર્યનું નિમિત્તકારણ કુંભાર, ચક્ર વગેરે છે.

એકાન્ત નિશ્ચયવાદી જે કાનજીભાઈની આપણે વાતો કરીએ છીએ તે કાનજીભાઈ 'નિમિત્તની કોઈ અસર કાર્ય ઉપર થતી નથી' એવું વિધાન વારંવાર કર્યા કરે છે. એમણે ઉપાદાન કારણને જ કારણ તરીકે એકાન્તે પકડયું છે અને ઉપાદાનના ક્રમબદ્ધ પર્યાયો આપ મેળે થયા જ કરે છે એમાં (કુંભાર, ચક્ર વગેરે) નિમિત્ત કાંઈ જ મદદ કરતું નથી એમ તેઓ જણાવે છે.

નિશ્ચયનયનો ઉપાદનકારણુતા વાદ ઉપાડી લઈને તેને તેમણે 'એકાન્ત' થી દુષિત કરી નાંખવાનું કેવું દુઃસાહસ કર્યું છે ?

પ્રસ્તુત પ્રકરણમાં આપણે એ વાત વિચારવી છે કે વ્યવહારનય નિમિત્તકારણુને કાર્ય માત્ર પ્રતિ જરૂરી માને છે તે વાત તર્કસંગત છે કે નહિ ?

મુખ્ય વાત તો એ છે કે ઉપાદાનકારણુ જો નિમિત્ત વિના જ કાર્યને ઉત્પન્ન કરી દેતું હોય તો તો નિમિત્તની કારણુતાને આપણે પણુ ન માનીએ.

જો કુંભાર, ચક્ર વિના પણુ માટીમાંથી ઘડો તૈયાર થઈ જતો હોય તો આપણે પણુ એમ જ કહીએ કે કાર્ય પ્રત્યે ઉપાદાનની જ કારણુતા છે, નિમિત્તની નહીં.

પણુ જગતમાં તો સર્વત્ર નિમિત્તોની અનિવાર્ય આવશ્યકતા જાણુતી જોવા મળે છે.

બાળકના આત્મામાં જ જ્ઞાન પડ્યું હોવા છતાં તેને પ્રગટ કરવા માટે શિક્ષક, પુસ્તક વગેરે નિમિત્તોની જરૂર પડે જ છે.

દૂધમાં જ ઘી પડ્યું હોવા છતાં એ ઘીને બહાર કાઢવા માટે મેળવણુ, વલોણું, અગ્નિ વગેરે નિમિત્તો વિના જરા ય ચાલતું નથી.

ફળ બીમાં જ હોવા છતાં એ ફળને પ્રગટ કરવા માટે માટી, ખેતી, પાણી, સૂર્યપ્રકાશ વગેરે નિમિત્તોની જરૂર તો રહે જ છે.

કુંડલ, સુવર્ણમાં જ હોવા છતાં 'સુવર્ણ'ના ઉપાદાનમાં કુંડલ બનવા માટે સોની, અગ્નિ, શસ્ત્ર વગેરે નિમિત્તો વિના ચાલતું જ નથી.

વળી કાળના પરિપાકને પણ તમારે નિમિત્ત માનવું જ પડશે. જે ઉપાદાનનો જે કાળે જે પર્યાય થવાનો હોય તે કાળે જ તે પર્યાય થાય એમ તો તમારે કહેવું જ પડશે.

બસ ત્યારે. આટલું સ્વીકારીને કાળને તો તમે નિમિત્ત તરીકે સ્વીકારી જ લીધું ને ? આમ કરતાં તમારો એ સિદ્ધાન્ત તો મૂળમાંથી ઊખડી ગયો ને કે, "ઉપાદાન કારણ (માટી વગેરે) વિના કાર્ય (ઘટ વગેરે) પ્રત્યે બીજું કોઈ જ કારણ નથી ? "

હવે જેમ કાળની કારણતા સ્વીકારી તેમ ક્રમશઃ પુરુષાર્થ વગેરેની પણ કારણતા સ્વીકારવી જ પડશે. આથી જ તો જિનાગમોમાં કાળ, સ્વભાવ વગેરે પાંચ કારણોના સમૂહમાં જ કાર્યની ઉત્પત્તિ કહી છે. જરા જોઈ લેજો એ પંચકારણ સમવાયવાદ....પછી બધું બરોબર સમજાઈ જશે.

આપણે તો અહીં તે જ નિમિત્તકારણની વાત કરવી છે, જેની કાનજીભાઈએ ભરસભામાં ભરપેટ મશ્કરીઓ ઉડાડવાનું કામ વર્ષોથી આરંભ્યું છે.

"મોક્ષ માર્ગની સાધના એટલે ચિત્તનો ઉત્કૃષ્ટ સમત્વભાવ. સુખ, સુખ તરીકે ઉપાદેય ન લાગે; દુઃખ, દુઃખ

તરીકે દ્વેષ પણ ન લાગે. સુખ અને દુઃખ બે ય પ્રત્યે ચિત્તની જે સમદૃષ્ટિ તે જ મુક્તિમાર્ગની સાધના.

પરન્તુ શબ્દોમાં જ આ વાત ખૂબ રમણીય લાગે છે. એનો અમલ તો અતિશય દુષ્કર બની રહે છે. સુખને સુખસ્વરૂપે અને દુઃખને દુઃખસ્વરૂપે જ સ્વીકારવું નહિ અને બે ય લાગણીઓને માત્ર લાગણી તરીકે જ સ્વીકારવી એ સ્થિતિ તો વીતરાગને કે વીતરાગપ્રાયઃને જ હોઈ શકે. સુખ તો સુખ તરીકે જ દેખાય છે, દુઃખ તો દુઃખ તરીકે જ અનુભવાય છે.

હવે એ પ્રશ્ન ઉદ્ભવે છે કે એવી વીતરાગપ્રાયઃ સ્થિતિ પામવા માટે શું કરવું? સુખ તો સુખ તરીકે જ દેખાય છે, દુઃખ તો દુઃખ તરીકે જ અનુભવાય છે.

આનાં સમાધાનમાં સાધનાની મધ્યકક્ષા આવે છે. અહીં સુખને સુખરૂપે સ્વીકારવા છતાં તેમાં લીન થવાનું નહિ અને દુઃખ દુઃખસ્વરૂપે અનુભવવા છતાં તેમાં દીન નહિ બનવું.

આ સાધનાની સામે ય જો પ્રશ્ન ઊઠતો હોય કે, "આ ય કેટલું કઠિન છે? સુખ અનુભવવું અને તેમાં લીન ન થવું! દુઃખ અનુભવવું અને તેમાં દીન ન બની જવું! સામાન્યતઃ તો જીવ માત્ર સુખ ની સામગ્રી પામતાં તેમાં લીન થઈ જાય અને દુઃખ પામતાં જ તેમાં દીન થઈ જાય. માટે મધ્યકક્ષાની આ સાધના પણ હજી કઠોર ગણાય. અમને તો એવી સરળતમ સાધના બતાડો કે જેને પામવાથી સુખની લીનતા અને

દુઃખની દીનતા પજવી ન જાય અને પછી ક્રમશઃ સુખ-દુઃખનું સમત્વ પ્રાપ્ત થાય; છેવટે વીતરાગત્વ પ્રાપ્ત થાય."

આમ જો સામગ્રી અસર કરે છે તો પછી એમ કેમ કહી શકાય કે નિમિત્ત કાંઈ કરતું જ નથી ?

જો નિમિત્ત કાંઈ જ કરતું ન હોય તો બીજને પાણી સીંચવાને બદલે આગના ભડાકાઓનું સિંચન કરીએ તો ય તેમાંથી અંકુરો ઉત્પન્ન થવો જોઈશે! અથવા તો કશું ય ન કરીએ તો ય કોઠારમાં પડેલા બીજમાંથી પણ અંકુરો વગેરે ઉત્પન્ન થવો જોઈએ.

શિક્ષક, પુસ્તક વગેરે વિના પણ બાળક વિદ્વાન બની જવો જોઈશે.

પ્રકાશાદિની સહાય વિના અંધ માણુસ દેખતાંની જેમ જ દેખતો થઈ દોડતો જવો જોઈશે.

લાકડી વિના પણ લંગડો ચાલતો જોવા મળશે.

ઘોર તપ કરનારો પણ દૂધ-ઘી ખાનારા ગામા જેવો પહેલવાન દેખાવો જોઈશે.

પણ આવું તો કાંઈ જ જોવા મળતું નથી. સર્વત્ર તે તે કાર્ય પ્રતિ તે તે નિમિત્તોની જ હાજરી અનિવાર્ય મનાઈ છે.

હા. એ વાત ચોક્કસ છે કે નિમિત્ત કારણો ઉપાદાન કારણ ઉપર અસર કરીને જ કાર્યને ઉત્પન્ન કરે છે.

જ્યારે માટી ઉપર જ કુંભાર કામ કરે છે ત્યારે જ માટીનો ઘટ બને છે.

વિદ્યાર્થી ઉપર જ શિક્ષક કામ કરે છે ત્યારે વિદ્યાર્થી મહાજ્ઞાની બને છે.

બીજ ઉપર જ ખેડૂત પ્રયત્નો કરે છે ત્યારે જ બીજ ફળ બને છે.

જો નિમિત્ત જ ન હોય તો ઉપાદાન સ્વયં—એકલું કાર્યરૂપમાં પરિણમી શકતું જ નથી.

ક્રમબદ્ધપર્યાયની વાત કરીને પણ તે તે કાળે તે તે ઉપાદાનનું તે તે કાર્યમાં પરિણમી જવાનું જ તમે કહો છો ને ? ભલે.. ત્યાં તમે નિમિત્તોની કારણતા ન માની. કાળની તો કારણતા માની જ ને ? તે તે કાળે જ તે તે ઉપાદાન તે તે કાર્યમાં સ્વયં રૂપાન્તર થાય છે ને ? તો અહીં પણ કાળને તો નિમિત્ત માન્યું જ ને ?

જો કાળની પણ જરૂર ન હોય તો બીજ આજે જ-અત્યારે જ કેમ અંકુર ન બને ? હમણાં જ કેમ ફળ ન બને ? સુવર્ણ હમણાંને હમણાં જ કેમ કુંડલ ન બની જાય ? વિદ્યાર્થી આ પળે જ મહાજ્ઞાની કેમ ન બની જાય ? આટલો બધો કાળવિલંબ શા માટે ? રે ! સર્વ ભવ્યાત્માઓ હમણાં જ કેમ મોક્ષપર્યાય પામી ન જાય ?

આ દરખાસ્ત ઉપર શાસ્ત્ર દૃષ્ટિએ વિચાર કરતાં સાધનાનો જઘન્ય માર્ગ નજરમાં આવે છે.

જગતની સામે તમે નજર નાંખો તો તમને સર્વત્ર એ વાત જોવા—સાંભળવા મળશે કે જીવ માત્રને રાગ, રોષ

વગેરે જે કોઈ દુર્ગુણ પજવી જાય છે તે એકાએક પજવતાં નથી, અકસ્માત, જન્મતા પણ નથી, જ્યારે પણ રાગ કે રોષનું કોઈ નિમિત્ત અથડાઈ જાય છે ત્યારે જ તેનું અંતર રાગાદિ દોષોથી ખરડાઈ જાય છે.

જીવાત્મા જે નિમિત્તને જન્મથી લગાવીને જીવનભરમાં સ્પર્શ્યો જ નથી એ નિમિત્તથી જન્મી શકનારો વિચાર એને કદી સતાવતો નથી. અને જે સામગ્રીને વચસા, કર્મણા એ સ્પર્શે છે તેનો વિચાર તેના મનમાં, રે ! સ્વપ્નમાં પણ ચમકી જતો રહે છે.

જૈનો કદી માંસ ખાતા નથી માટે તેમને મનમાં કે સ્વપ્નમાં માંસ ખાવાનો વિચાર સુદ્ધાં આવતો નથી. ક્રોડો માંસાહારીઓની આ દુનિયામાં જૈનો જેવા મૂઠીભર માનવો નિરામિષાહારી કેમ રહી શકતા હશે ? જન્માન્તરના સંસ્કારોનો વિચાર કરીએ તો એમ તો ન જ કહી શકાય કે જન્માન્તરમાં તેમણે માંસભોજન કર્યું જ ન હતું ? રે ! શાસ્ત્ર દૃષ્ટિએ તો અનંતી વાર માંસભોજન કર્યું છે. તો પછી એ સંસ્કારો હોવા છતાં આ જન્મમાં એ સંસ્કારો સ્વપ્નામાં ય કેમ જૈનોને જાગ્રત થતા નથી ? કોક માંસાહરીને આ વાત કરશો તો તેને તો એ આશ્ચર્યજનક સિદ્ધિ લાગશે.

શી રીતે જૈનો વગેરેને આ સિદ્ધિ પ્રાપ્ત થઈ ? કયી સાધનાના બળે ?

એક જ ઉત્તર છે કે વર્તમાન જીવનમાં માંસનું ભોજન તેમણે કાયાથી કદી ન કર્યું માટે જ તેમના મન ઉપર માંસભોજનના વિચારનો પડછાયો પણ પ્રસરી શકયો નથી.

વર્ષોનું સાધુ જીવન પામી ચૂકેલા જૈન સાધુને સ્વપ્નમાં પણ રાત્રે જલપાન કર્યાની અનુભૂતિ થતી નથી. સ્વપ્નમાં ય જો કોઈ સ્ત્રીનું કપડું પણ અડી જાય તો એ ચમકી ઊઠે છે. શાથી? જન્મજન્માન્તરોના સંસ્કારો તો આનાથી તદ્દન વિપરીત છે છતાં આ જીવનમાં આ સિદ્ધિ ક્યાંથી આવી? ભયંકર ભોગવાદના યુગમાં સ્ત્રીના કપડાના સ્પર્શની સ્વપ્નગત કલ્પનાથી પણ ધ્રૂજી ઊઠવું એ શું નાની સૂની સિદ્ધિ છે? શું તે સાધુનો આત્મા નિર્વિકાર દશામાં રમે છે? ના. નહિ જ. નવમા ગુણસ્થાન સુધી વિકારદશા જાગ્રત હોય છે ત્યાં સાતમા જ ગુણસ્થાન સુધી જઈ શકનાર આ ભરતક્ષેત્રના સાધુની તો વાત જ શી કરવી?

તો પછી મન ઉપર આવી અદ્ભુત પક્કડ આવી ક્યાંથી?

એક જ ઉત્તર છે. વાણીથી કે કાયાથી જાગ્રત જીવનમાં સ્ત્રીના વસ્ત્ર સ્પર્શને ઈચ્છ્યો જ નથી એનું જ એ પરિણામ આવ્યું કે એનું મન સ્વપ્નમાં ય એ વસ્ત્ર સ્પર્શની કલ્પના કરતાં ધ્રૂજી ગયું!

અરે! જૈન સાધુની તો શી વાત કરવી હતી? દુનિયાના મહાદુરાચારી માણસની જ વાત કરો ને? એને કેમ કદી સ્વર્ગલોકની ઉર્વશી સાથેના ભોગસુખોની અનુભૂતિ સ્વપ્નમાં ય થતી નથી?

એક જ ઉત્તર છે ને કે કાયાથી એણે એ ભોગસુખ મેળવ્યું નથી માટે મન સુધી તે અનુભૂતિ પહોંચી શકતી જ નથી.

જે કાપડીઓ દિવસે પણ તાકા ફાડવાનો ધંધો કરે

છે એ રાત્રે સ્વપ્નાવસ્થામાં ય કદાચ મીટર—અને તાકો લઈને માપશે અને કાતરથી ફાડશે. રે! કદાચ કાંઈ નહિ મળે તો ધોતિયું પણ ફાડી નાંખશે!

આવું કામ કોઈ ઝવેરી તો નહિ જ કરે. કેમ વારુ? એક જ જવાબ કે કાયાથી તાકા ફાડવાનું કામ ઝવેરી કરતો નથી માટે મનથી પણ તે તાકો નહિ જ ફાડે. ના. સ્વપ્નમાં ય નહિ ફાડે.

અરે! એ તો જે તમાકુ સૂંઘતો હોય ને તે જ રાત્રે સ્વપ્નમાં ય મનથી તમાકુ સૂંઘવાનો! બીજો કદાપિ નહિ.

એક બીજી વાત કરું. તમે જાણતા હશો કે એકત્રીસમી જૂનના દિવસે આર્દ્રા નક્ષત્ર બેસે છે. જે મિનિટે એ નક્ષત્ર બેસે છે તે જ મિનિટથી લાખો શ્રદ્ધાળુ જૈનો કેરીનો ત્યાગ કરી દે છે.

આગલી મિનિટ સુધી એમનાં જ અંતરમાં કેરી ખાવાનો રસ ઉછાળા મારતો હતો; તેમ છતાં નક્ષત્ર-સંક્રમ થઈ ગયા પછીની બીજી જ મિનિટે એમનું મન એ રસ-લોલુપતાથી સર્વથા મુક્ત થઈ જાય છે. પછી કદાચ કોઈ માણસ મફતમાં કેરીની આખી લારી આપી દે તો ય તે મોં ફેરવી નાંખે છે.

કેરીના રસનો મહાભોગી આ સિદ્ધિ શી રીતે પામ્યો? રસ-પુરીનું ભોજન કરતાં મનમાં જે મસ્તી જામી પડી હતી તે હવે ક્યાં અદ્રશ્ય થઈ ગઈ? શાથી અદ્રશ્ય થઈ ગઈ?

એક જ જવાબ છે કે કાયાથી ત્યાગ થઈ ગયો માટે

મનથી પણ એના વિચારોની ઘણી માંડવાળ થઈ ગઈ. કદાચ એ વિચાર સંપૂર્ણપણે નષ્ટ થઇ ગયો હોય તેવું ય બને.

અહીં એક વાત સમજી રાખવાની છે કે કેટલીક વાર એવું પણ અનુભવવા મળે છે કે નિમિત્તથી દૂર થઈ જવા છતાં મનનું તોફાન શાન્ત થતું નથી. છતાં એટલું ચોક્કસ છે કે તોફાની મનને મક્કમ થઈને પણ સમજાવીને શાન્ત પાડવાની કોશિશ ચાલુ રાખવામાં આવે અને એ રીતે નિમિત્તની પાસે જવાની માંડવાળ કરી દેવામાં આવે તો એ જ મન ધીમે ધીમે સાવ શાન્ત થઈ જ જાય.

આથી જ તો એક ચિંતકે કહ્યું છે કે, " મન જાય તો જાને દો, મત જાને દો શરીર."

જો મનને અનુકૂળ થઈ જવાય અને શરીરને તે નિમિત્ત પાસે મોકલી આપવામાં આવે તો પછી મનનું એ પાપ ભોગવ્યા વિના કદી શાન્ત થઈ શકશે નહિ. વસ્તુતઃ ભોગની શાન્તિ એ શાન્તિ જ નથી કેમકે તે શાન્તિ ક્ષણિક હોય છે. કારમી અશાન્તિની જનની બનતી હોય છે.

આમ મનને મનાવીને શાન્ત નહિ કરવાથી તો મોટો વિનિપાત જ થાય છે. જ્યારે સમજાવીને શાન્ત કરવાના પ્રયત્નમાં કટોકટીની એ પળોમાંથી આબાદ ઊગરી જવાનું સૌભાગ્ય પ્રાપ્ત થઈ જાય છે.

આ જ કારણે જિનાગમોમાં કહ્યું છે કે મનમાં વિકાર જાગ્યા પછી પણ કાયાથી એ પાપ કરવામાં જેટલો વધુ વિલંબ કરવામાં આવે તેટલું તે પાપનું પ્રાયશ્ચિત્ત ઘટતું જાય છે.

બધી વાતનો સાર એ છે કે મનને સહજ રીતે વશ રાખવું હોયતો કાયાને તેના નિમિત્તથી વેગળી રાખો.

જઘન્યકોટિની આ સાધનાનું પરિણામ એક વાર એ આવીને રહે છે કે તે આત્મા સુખ દુઃખની સામગ્રીમાં રહીને પણ લીન દીન બનતો નથી; અને અંતે સુખ દુઃખનું સમત્વ સિદ્ધ કરી લે છે. એની ફલશ્રુતિરૂપે એનું મન રાગ-દ્વેષથી સર્વથા મુક્ત બની જાય છે.

જિનાગમોમાં કહેલી સરળતમ સાધના આ એક જ છે કે 'તમે નિમિત્તોના સંગથી વેગળા રહો. જેટલા સંગ ઓછા એટલા સહજ રીતે રાગ-રોષના રંગ ઓછા.'

મીઠાઈ ખાઓ તો રાગ થાય ને? સમજપૂર્વક વેગળા જ બની જાઓ તો થોડો જ એના સ્વાદનો રાગ જોર કરવાનો છે?

પછી આછો પાતળો ય-મનને સતાવી જતો રાગ—સાવ નષ્ટ થઈ જશે. હા. તે માટે દીર્ઘકાળ સુધી એ ત્યાગ જારી રાખવો તો પડશે જ.

રાગદ્વેષ ટાળી દેવાની કેવી અદ્ભુત સાધના! છતાં કેટલી સરળ! નિમિત્તથી દૂર થવાનું જ અહીં બળ કેળવવાનું! બાકીનું બધું ય આપમેળે સિદ્ધ થઈ જાય.

અગ્નિની પાસે મીણ જાય તો તે ઓગળ્યા વિના રહી શકે જ નહિ એ વાત જેટલી સાચી છે એટલી જ સાચી એ વાત પણ છે કે મીણ જો અગ્નિની નજદિકમાં ન જાય તો એ ઓગળે જ નહિ.

સ્ત્રીના સંગમાં રહેવું અને યુવાન માણસને વિકારનો પડછાયો પણ ન અડે એ વાતમાં શા માલ છે? વૃદ્ધોના પણ દિલને ધ્રુજાવી મૂકનાર રૂપ, યૌવનના સંગે યુવાન અચલ રહી શકે? અસંભવ.

જો બિલ્લી દૂધની તપેલી જોઇને સ્થિર રહી શકે તો વિકારનું નિમિત્ત પામીને યુવકનો આત્મા અચલ રહી શકે.

આ બધી જ બાબત એક જ વાત કાનમાં કહી જાય છે કે ચિત્તને નિર્વિકાર બનાવવું હોય તો વિકારના નિમિત્તોથી નાસી છૂટો. નિમિત્તોથી નાસભાગ કરો.

કોઈ પ્રશ્ન કરશે કે આ રીતે નિમિત્તથી દૂર રહીને મનને શાંત રાખવું એનો શો અર્થ? એમાં શી ધાડ મારવાની હતી?

પણ આવો પ્રશ્ન કરનારને એ વાતની ખબર જ નથી કે વિકારના નિમિત્તોથી દૂર થવામાં પણ ઘણી જવાંમર્દીની જરૂર પડે છે.

અશુભ નિમિત્તોનો સંગ નહિ કરવાની હિંમત કરવી એ જ ઘણી મોટી તાકાત છે. સિનેમાના પોસ્ટરનું દૃશ્ય અશ્લીલ છે એવું કોઈના દ્વારા જાણ્યા પછી પણ આજનો કૉલેજિયન એ પોસ્ટર તરફ નજર નાખ્યા વિના નીચી નજરે ત્યાંથી પસાર થઈ જાય તો તે કંઈ નાની સૂની બાબત નથી. ત્યાં એમ ન જ કહી શકાય કે 'પોસ્ટર સામે જૂએ અને વિકાર ન જાગે તો જ ખરી સાધના કહેવાય.'

અશુભ નિમિત્તોના સંગમાં નહિ જવા માટે કેટલીએ રાતો સુધી મથામણ કરતાં સજ્જનોના પણ કોઈ કાળી પળે કેવા ભોગ લેવાઈ જાય છે; એની પળ–પળની નોંધ મુમુક્ષુઓની દુનિયામાં લેવાઈ છે. એની તરફ નજર નાંખશો ત્યારે જ એ વાત સમજાશે કે નિમિત્તથી દૂર રહેવું એ તો ઘણી મોટી તાકાતની ફલશ્રુતિ છે. આ વાત સમજાશે તો 'સહેજે બાવા બ્રહ્મચારી.' નો આક્ષેપ કરવાની વૃત્તિ નહિ જાગે.

નિમિત્તોના સંગમાં રહીને અસંગની આરાધનાની વાતો કરનારાઓ તો મુમુક્ષુઓના કરુણ પતનોની પરંપરાઓને નિહાળીને આનંદ પામનારા દુર્જનો છે. નિમિત્તના સંગથી કેવી કરુણ હોનારતો સર્જાય છે એનો એમને જાત અનુભવ હોવા છતાં એ લોકો આવી વાતો કરે છે એ ખૂબ જ દુઃખદ બાબત છે.

રે ! કારમા વિકારથી આત્મા ખદબદતો હોય છતાં દેહ ઉપર અમુક વેષ ધારણ કરવામાં આવતાં જ આત્માના વિકારો શાન્ત થઇ ગયાના દાખલા જૈન, જૈનેતર ગ્રન્થોમાં નોંધાયા છે.

શું માત્ર વેષનું નિમિત્ત પામીને આત્મા સુંદર બની જાય ?

હા.. જરૂર.. સાંભળો.

રૂપરમણીના રંગરાગે ફસાએલા અષાઢાભૂતિએ 'રાષ્ટ્રપાલ-નામના નાટકની રચના કરીને તે ભજવ્યું. ચક્રવર્તી રાજા

ભરતનું પાત્ર પોતે લીધું. આરીસાભુવનમાં વીંટી ઉતારવાનો પ્રસંગ આવ્યો એ પાઠ ભજવતા જ એ નટને વિરાગ થઈ ગયો. સાથે રહેલા ૫૦૦ રાજકુમારો પણ વિરાગ પામી ગયા. સહુએ સંસાર-ત્યાગ કરી દીધો.

એ જ રૂપરમણીઓના વિશ્વકર્મા નામના પિતાએ બીજા ૫૦૦ રાજકુમારો મેળવીને એ નાટક ભજવ્યું. એ પણ ૫૦૦ રાજકુમારો સાથે વિરાગ પામીને સંયમના પંથે ચાલી ગયો !

જૈનેતર રામાયણમાં પણ રાવણનો એક પ્રસંગ આવે છે. અશોકવાટિકામાં બેસાડી દીધેલી સીતા, રાજા રાવણને કેમે ય વશ થઇ નહિ. એટલે નિરાશ થએલા રાવણે નાના ભાઈ કુંભકર્ણને કહ્યું કે હવે તે કોઈ રસ્તો દેખાડે તો સારું. કુંભકર્ણ, 'વેષપરાવર્ત્તિની વિદ્યા તમને પ્રસન્ન છે' એ વાતનું સ્મરણ કરાવીને તે વિદ્યાના બળે રામનું રૂપ ધારણ કરીને સીતા પાસે જવાનો ઉપાય સૂચવ્યો.

તે વખતે રાવણે નિસાસો નાંખતાં કહ્યું, "અલ્યા કુંભા ! તારો ભાઈ શું એટલો બધો મૂર્ખ હશે કે તેણે આ દાવ હજી સુધી નહિ અજમાવ્યો હોય ?"

સ્તબ્ધ થઈ ગએલા કુંભકર્ણે ઉતાવળે પૂછી નાખ્યું, "તો ભાઈ ! પછી પણ ઇષ્ટસિદ્ધિ ન થઇ ? "ના." રાવણે કહ્યું. "કુંભકર્ણ ! વાત એમ બની કે એ વિદ્યાના બળે મેં જેવું આબેહુબ રામનું રૂપ ધારણ કર્યું કે તરત જ પરસ્ત્રીને ભોગવવાની મારી કામવાસના જ તદ્દન મરી ગઈ."

"પછી તું જ કહે કે એ સીતા તરફ મારો પગ શી રીતે ઊપડે ?"

જોયો ને વેષનો મહિમા ? કેટલી પ્રચણ્ડ અસર છે વેષના નિમિત્તની કે જેણે રાવણ જેવા રાવણની ભભૂકી ઊઠેલી કામવાસનાને તદ્દન શાન્ત કરી દીધી ! તેય પળ બે પળમાં જ.

બ્રાઉનીંગ નામના અંગ્રેજ કવિએ ઢોંગી પાદરી શિર્ષક હેઠળ એક કવિતા લખી છે. તેમાં તેણે પાદરીને પ્રશ્ન પુછાવ્યો છે કે, "જો તમે વેષને અનુરૂપ જીવન જીવતા નથી એ વાતની જાત–કબુલાત કરો છો તો પછી આ વેષને પકડી કેમ રાખ્યો છે ?"

પાદરી ઉત્તર આપે છે, "ભાઈ ! તારી વાત તદ્દન સાચી છે. પણ એક વાત મારા અંતરમાં રમ્યા કરે છે કે જો વેષ દેહ ઉપર રાખી મૂકીશ તો કોઈક દિવસ પણ એને જોતાં જોતાં સુંદર ભાવો આત્મામાં પેસી જશે. આ એક આશાએ જ મેં વેષ પકડી રાખ્યો છે. જો વેષ ઉતારી જ નાંખીશ તો સુંદરભાવની પધરામણીની કોઈ શકયતા જ નહિ રહે.

જિનાગમને આ વાત સંપૂર્ણપણે માન્ય છે. નિર્દંભભાવ સાથેનું વેષ–પરિધાન કયારેક પણ સુંદર આરાધનાનું નિમિત્ત બની જવાની ભરપૂર શકયતા ધરાવે છે.

દુકાન ઉઘાડી હોય તો કોઇક દી ઘરાક આવે ને ?

ઘણા દિવસ સુધી ઘરાક આવે નહિ એટલે કંટાળીને શેઠ દુકાન બંધ કરીને ઘરમાં બેસી જાય તો ઘરાક આવવાની શકયતાને પણ દુકાન ભેગાં તાળાં દેવાઈ જાય ને ?

જ્યારે પણ ઘરાક આવવાનો હશે ત્યારે દુકાન ઉઘાડી હશે તો જ આવશે અન્યથા તો કોઈ શકયતા જ નથી.

હવે બીજું એક દૃષ્ટાંત આપું.

કુમારી મેન્ડેલાઈન સ્લેડ.

બ્રિટીશ નૌકાદળના સેનાપતિની અત્યન્ત રૂપવતી પુત્રી.

આ બહેન હમ્મેશ સાદો વેષ ધારણ કરીને જ બહાર નીકળતા. એક દિવસ કોઇ સ્ત્રી-મિત્રે તેનું કારણ પૂછ્યું. તેમણે જવાબ આપ્યો, "વેષનો ભપકો નિર્દોષ પુરુષો માટે ભડકાનું કામ કરે છે. એ પતંગીઆઓ આકર્ષાઈને એમાં ઝંપલાવીને ભડથું થઇને ખતમ થઈ જાય છે. શા માટે નાહકની ઉત્તેજનાઓ કરીને એમનાં તન, મન અને જીવનને બરબાદ કરવા ! સ્ત્રી જાતિને એથી શો ફાયદો થાય છે એ મને સમજાતું નથી."

ઉદ્ભટવેષનું નિમિત્ત નિર્દોષ માનવોના મનને પણ બહેકાવી મૂકવા માટેની પ્રચણ્ડ તાકાત ધરાવે છે એ વાત એ બહેન બરોબર સમજતા હતા.

બીજી કેટલી વાતો શોધવા જઇએ ? તીર્થંકરદેવોની જ વાત કરો ને ? જ્યાં સુધી તેઓ ગૃહસ્થવેષને ઉતારતા નથી ત્યાં સુધી તેમને મનઃપર્યવજ્ઞાન થઈ શકતું જ નથી.

એમનો આત્મા એટલે અપૂર્વ વિરાગની ઝગમગતી જ્યોત ! ઘરબારી છતાં ય ભાવસાધુતાને જાણે સ્પર્શ્યો હોય તેવો ઉત્તમ ! છતાં એ વાતની કશી નોંધ મનઃપર્યવજ્ઞાન લેતું નથી. જ્યારે એ તારકો દેહ ઉપરથી ઘરબારીનો વેષ ઉતારે છે; ત્યારે જ એમના આત્મામાં મનઃપર્યવજ્ઞાન પ્રગટ થાય છે.

બાહ્ય વેષના નિમિત્તની અસરો આવા દૃષ્ટાન્તોથી બરોબર સમજાઈ જશે.

જેવું વેષનું નિમિત્ત એવા સ્ત્રી આદિના નિમિત્તો.

શુભ નિમિત્તોના સંગે અને અશુભના ત્યાગે આત્મામાં શુભવૃત્તિઓ જલદી પેદા થાય. અશુભ નિમિત્તોના સંગે અને શુભના ત્યાગે આત્મામાં અશુભવૃત્તિઓ જલદી જાગી જાય.

(૧) શાસ્ત્રમાં બે વિદ્યાસાધકોની એક વાત આવે છે. પૂર્વ વૈતાઢ્ય પર્વત ઉપર આવેલ ગગનવલ્લભનગરમાં વિદ્યુન્માલિ અને મેઘરથ નામના બે વિદ્યાધર ભાઈઓ વસતા હતા. બેય ભારે વિદ્યારસિક.

એક વખત એમને એક વિદ્યા સાધવાનું મન થયું. એનો આમ્નાય જોતાં જાણવા મળ્યું કે એ વિદ્યા સિદ્ધ કરવા માટે પૃથ્વી ઉપર આવીને ચાંડાલકન્યા સાથે લગ્ન કરી એક વર્ષ સાથે રહીને અખંડ બ્રહ્મચર્ય પાળવાનું, કામવાસના ઉછાળા મારે તે પ્રસંગે અશુચિ આદિ ભાવનાથી ભાવિત થવાનું.

બેય વિદ્યાસાધકોએ વિચાર્યું કે ચાંડાલ કન્યા સાથે રહીને બ્રહ્મચર્ય પાળવું એ તો સાવ રમત વાત છે. જેમણે રૂપરમણી વિદ્યાધરીઓના કામભોગ આસ્વાદ્યા છે એને ચાંડાલ કન્યામાં દિલ શે ચોંટે ?

મધુર આમ્રોનો ભોજી આંબલીમાં શી રીતે મોજ માણી શકશે ?

બન્ને ય તૈયાર થઇ ગયા. ચાંડાલવેષ ધારણ કરીને દક્ષિણ ભરતાર્ધના વસંતપુર નગરમાં આવેલ ચાંડાલ લોકોના નિવાસમાં પહોંચી ગયા. બધા ચાંડાલો ભેગા થઈ ગયા. એમના ટોળામાં રહેલા વિદ્યાસાધકોના દેહનું લાવણ્ય ઔર ચમકી ઉઠયું !

કાજળ વરસાવતી આષાઢી રાત્રિમાં વીજળીના ચમકારા તો સહુને મુગ્ધ કરી દે તેવા અદ્‌ભુત જ લાગે ને ?

વિદ્યાસાધકોએ કહ્યું, "અમારા સ્વજનોએ અમને ઘરમાંથી કાઢી મૂકયા છે. રખડતાં અહીં આવી ચડયા છીએ. તમે અમને આશ્રય આપશો ? એટલું જ નહિ પરન્તુ કન્યાદાન કરશો. ?"

ચાંડાલકન્યાને આવા રૂપવંતા પતિ તો મળે જ કયાંથી ? અને છતાં મળી જાય તો સહુના આનંદની અવધિ જ ન રહે ને ?

બે કન્યા સાથે બેયના લગ્ન થયા.

એક હતી કાંણી અને બીજી હતી દંતાળી–લાંબા દાંત-

વાળી. બેય અત્યન્ત કદરૂપી ! અતિશય બેડોળ ! જેને જોતાં વિકાર જાગી પણ ન શકે એટલી દુર્ગંધી મારતી કાયાવાળી !

મહાસત્ત્વશાલી લઘુભ્રાતા મેઘરથે તો એક વર્ષમાં વિદ્યા સિદ્ધ કરી લીધી. પણ મોટો ભાઈ વિદ્યુન્માલિ લપસી ગયો.

બન્યું'તું એવું કે એક વખત એની કાળી-કાણી પત્નીને માથાનો સખ્ત દુઃખાવો થયો. સ્ત્રીએ રૂપાળા પતિ પાસે જીદ લઈને એના ખોળામાં માથું મૂકી દીધું. !

ખેલ ખલાસ થયો ! કાંણી-કાળી તો ય એ હતી તો સ્ત્રી જ ને ? પુરુષને માટે સ્રીત્વનું અસ્તિત્વ જ વિકારોને જન્માવવા બસ થઈ પડે છે. પછી એમાં રૂપરંગ ભળે તો એ વિકારોની ધૂણી આગ બનીને ભભૂકી ઊઠે એ વધારામાં.

કાંણી-કાળી સ્ત્રીનો સ્પર્શ થતાંની સાથે વિદ્યુન્માલિના અંગે અંગમાં ઝણઝણાટી વ્યાપી ગઈ !

ક્યાં વિદ્યાધર કુમાર ! ક્યાં એનું ફાટફાટ યૌવનનાં સરવરિયામાં ખીલી ઊઠેલું સૌંદર્ય કમળ !

ક્યાં ચાંડાલ કન્યા ! આખા ગામની વિષ્ઠાના કુંડમાં જન્મી ગયેલો કીડો !

મેળ જ મળતો નથી આ બેયના મિલનનો ! છતાં કમેળનો ય સુમેળ થઈ ગયો !

જિનાગમોમાં કહ્યું છે કે બારમા દેવલોકનો દેવતા કે જેના રૂપ, સૌન્દર્ય, સૌભાગ્ય-બધાય લગભગ પરાકાષ્ટાને પામેલા છે એ પણ-મર્ત્યલોકની મળ-મૂત્રથી ગંધાતી શ્લે-

આદિને વહાવતી રમણીના રાગમાં લપેટાઈ જાય છે. એ દૈવી ભોગોની ભૂમિને છોડીને દુર્ગંધિના ઉછળતા સાગર શા મર્ત્યલોકમાં આવીને પેલી સ્ત્રી સાથે વિષયભોગ ભોગવે છે!

અહા! કેટલો જબ્બર વિસંવાદ રૂપસૌભાગ્યાદિમાં! કાશ્મીરથી કન્યાકુમારી જેટલું અંતર! છતાં બેયનો મેળ મળી જાય! બારમા દેવલોકનો દેવાત્મા ય લપસી જાય!

કોના પાપે? સંગના પાપે જ ને? વિદ્યુન્માલિ જેવા રૂપસમ્રાટને પણ કદરૂપી સ્ત્રીના સંગે ધમરોળી નાંખ્યો! એનું સંપૂર્ણ પતન કર્યું! ગર્ભ રહ્યો!

બાર માસ પૂરા થતાં જ મેઘરથ ઘરની બહાર નીકળીને વિદ્યુન્માલિ પાસે આવ્યો.

તેણે કહ્યું, "મોટાભાઈ! સાધનાકાળ પૂર્ણ થયો. ચાલો હવે ઘેર જઈએ.

મોં નીચું નાંખી દઈને, ધરતીને ખણતો વિદ્યુન્માલિ બોલ્યો, "ભાઈ! તું કૃતાર્થ થયો! હું પતિત થયો! તે ગર્ભિણી છે. આમ મૂકીને કેમ અવાય? એક વર્ષ બાદ ફરી લેવા આવજે."

જાણે મેઘરથના માથે વીજળી પડી! ધરતી એના પગ નીચેથી સરકી જવા લાગી! આ શું? આવી સ્ત્રીથી ભાઈનું પતન!!!

એક વર્ષ પસાર થયું.

મેઘરથ ફરી આવ્યો. જ્યાં ઝૂંપડામાં પ્રવેશ કરે છે. ત્યાં જ તેના કાને ચાંડાલ કન્યાના શબ્દો અથડાયા.

“ છોકરાંને છાના રાખતાં ય જો આવડતાં નથી તો જણ્યાં શું કરવા? મારા સ્વજનો તો રૂપાળો પતિ મળ્યાના મારા ભાગ્યની પ્રશંસા કરે છે પણ આવડત વિનાનો પતિ રૂપાળો હોય તો ય શા કામનો?”

મેઘરથ આંગણાની અધવચમાં જ થંભી ગયો. એણે ઊંડો નિસાસો નાંખી દીધો. ખૂબ જ ઉદાસ ચહેરા સાથે તે ઝૂંપડામાં પેઠો. વિદ્યુન્માલિને તરત ખ્યાલ આવી ગયો કે મેઘરથે પત્નીના કૂટ વેણ સાંભળી લીધા છે.

હસતાં હસતાં મેઘરથને આવકારીને વિદ્યુન્માલિએ કહ્યું, “ ભાઈ! ઘેર આવવાનું મન તો ઘણું છે. પરંતુ તારી ભાભી ફરી ગર્ભવતી થઈ છે. ભાઈ! વિદ્યાસાધનો અભરાઈએ મૂકીને હવે તો બાળઉછેરની સાધનામાં બેઠો છું. આ સાધનામાં હજી બેઠક બરોબર જામી નથી એટલે' તારી ભાભી ઠપકો દે છે!”

મેઘરથે આ વાકયોમાં પણ ચાંડાલ કન્યા પ્રત્યેનો ભારોભાર સ્નેહ જોયે! એનું અંતર કંપી ઊઠયું! એ સ્વગત બોલી ઊઠયો, સ્મશાન જેવી ભેંકાર ઝૂંપડી!

દુર્ગંધિભરી કોટડી!

કાંણી–કાળી ચાંડલ કન્યા!

બિહામણું અને કદરૂપું સન્તાન!

છતાં અફસોસ! મોટાભાઈ આ સંસારમાં સુખનું સર્વસ્વ માણી રહ્યા છે!

ભગ્નહૃદયે મોટાભાઈને પ્રણામ કરીને મેઘરથ પાછો ફરી ગયો.... કદી ફરી નહિ આવવાના સંકલ્પ સાથે.

નિમિત્તના સંગે સત્યાનાશ કાઢયું, વિન્ધુન્માલિના જીવનનું !

રખે ! કોઈ મેઘરથનો પ્રશ્ન ઉઠાવતા ! એના જેવા સત્ત્વશાલી તો કરોડોમાં એકાદ મળે !

નિમિત્તને તમે અડો અને તમારું મન અકબંધ સ્વસ્થ રહી જાય એ શકય જ નથી.

આગને તમે હાથ અડાડો અને દાઝયા વિના રહી જાઓ એ શકય જ નથી.

(૨) જૈનેતર દર્શનમાં ગુરુ–શિષ્યની એક વાત આવે છે.

ગુરુ રોજ પ્રવચનમાં એ વાત તો અવશ્ય કહેતા કે બીજી બધી સાધના દુષ્કર છે પરન્તુ બ્રહ્મચર્યની સાધના તો દુષ્કર દુષ્કર છે.

રોજ આ વાકય સાંભળતો ચેલો એક દિવસ અકળાઈ ગયો. એને મન બ્રહ્મચર્યનું પાલન સાવ જ સરળ હતું. અને ગુરુજી કેમ એને દુષ્કર દુષ્કર કહે છે ? ગુરુજી સાથે વારંવાર એ ચેલો ચર્ચા કરતો. પણ ગુરુજીતો એક જ વાત કરતા, "વત્સ ! બ્રહ્મચર્યનું પાલન દુષ્કર દુષ્કર છે."

એક દિવસની વાત છે. સાંજના સમયે ચેલો પરગામ જવા નીકળ્યો. રસ્તામાં જ વરસાદ ધોધમાર તૂટી પડયો. સ્વરક્ષણ માટે એણે ચોમેર નજર કરી. એક ઝુંપડું

દેખાયું. ચેલાએ એ તરફ દોટ મૂકી ઝૂંપડીના બંધબારણે જોરથી ટકોરા દીધાં. સર્વત્ર અંધકાર છાઈ ગયો હતો. એક રૂપવતી સ્ત્રીએ બારણું ઉઘાડયું. ચેલાએ રાત્રિ પૂરતા આશ્રયની માંગણી કરી. બાજુના ઓરડામાં ઉતરવાનું યુવતીએ જણાવ્યું.

શુદ્ધદિલના ચેલાએ કહ્યું, "બહેની મારી એક વાત સાંભળી લો. જો તમને મંજુર હોય તો જ મારે એ ઓરડામાં રાતવાસો કરવો છે. વાત એ છે કે તમારે તમારા ઓરડાને અંદરથી બંધ કરીને જ સૂઈ જવું. હું ખોલવાનું કહું તો પણ તમારે ખોલવો નહિ."

સાધુના બ્રહ્મચર્ય ઉપર ફીદા પુકારી દેતી યુવતીએ એ વાત સહર્ષ સ્વીકારી લીધી.

રાત વધતી ચાલી. પણ આજે યુવાન સાધુને ઊંઘ જ નથી આવતી. એના દિલનો કબજો પેલી યુવતીએ લઈ લીધો હતો. અંધકારમાં પણ દેખાઈ ગએલા આછા આછા લાવણ્યે સાધુનું ચિત્ત ચલાયમાન કર્યું !

બાર વાગ્યા. બે વાગ્યા. સાધુ અકળાયો. ઊઠયો. બારણું ખખડાવ્યું. બૂમો પાડી. ખોટા બહાનાં કાઢયાં, યુવતી સઘળુંય પામી ગઈ. એનું અંતર બોલી ઊઠયું,

"જો બિલ્લી દૂધ જોઈને સ્થિર રહી જાય તો સ્ત્રીના સૌન્દર્યને જોઈને પુરુષ સ્થિર રહી જાય. ભલે ને એ સાધુ હોય પણ છે તો પુરુષ જ ને ! હાય વાસના !

ભલભલાને ધ્રુજાવી દે તેવી ત્રાડ પાડીને યુવતીએ

સાફ સુણાવી દીધું, "બારણું કદાપિ નહિ ખુલે. તમે જ ના કહી છે, ચાલ્યા જાઓ અહીંથી...."

પણ હવે આ સાધુ ઝાલ્યો રહી શકે તેમ ન હતો. નિમિત્તના સંગે એ રંગાઈ ગયો હતો. એણે ઝુંપડાની દિવાલમાં બાકોરું પાડયું. અંદર પેઠો. કેડ સુધીનું શરીર બાકોરામાં ગયા પછી ફસાઇ ગયું. સાધુની મોટી દૈત ફાંદને પસાર થવા માટે એ બાકોરું નાનું પડી ગયું.

બારણું ખોલીને બાઇ નાસી છૂટી.

સવાર પડયું. લોકોએ સાધુની અપૂર્વ સાધના સમજીને સન્માન કરીને બાકોરામાંથી બહાર કાઢયો.

ચેલો રડમસ ચહેરે ગુરુજી પાસે ગયો. પગમાં પડીને કહ્યું, "ગુરુજી! ખરેખર બ્રહ્મચર્યનું પાલન દુષ્કર દુષ્કર છે."

શુદ્ધ સાત્વિક બ્રહ્મચારી શિષ્યને પણ નિમિત્તનો સંગ થયો કે હલાવી નાંખ્યો. જ્યાં સુધી એ સંગ ન હતો ત્યાં સુધી એની પવિત્રતામાં કોઇ ભંગ પડયો ન હતો. એના ઓજસ્વી જીવનનો રંગ વધુ ને વધુ ચમક મારી રહ્યો હતો.

પણ અફસોસ! નિમિત્તના સંગે એને તંગ કરી નાંખ્યો મોહરાજના જંગમાં એનો પરાજય જાહેર થઇ ગયો.

(૩) પ્રસ્તુત વિચારને વિવેકાનંદના ગૃહસ્થ જીવનનો એક પ્રસંગ પુષ્ટિ આપે છે માટે જ તેને પણ અહીં જોઈ લઈએ.

એક વખત નરેન્દ્ર ( ભાવી વિવેકાનંદ ) અગાસીમાં

બેસીને ભગવદ્ગીતાના સ્વાધ્યાયમાં રમમાણુ થઈ ગયો હતો. કોઈ શ્લોકનો પાઠ કરતાં એની નજર નીચેના કોઈ ઝુંપડાના પ્રાંગણુમાં પડી. નિર્વસ્ત્રા સ્ત્રીને સ્નાન કરતી જોઈ.

ખેલ ખતમ થઈ ગયો ! ગીતાનો પાઠ ઠેકાણે પડી ગયો. સાત્વિક કહેવાતો નરેન્દ્ર સત્ત્વહીન બની ગયો. વારંવાર ત્યાંજ જોઈ લેવાની મન ફરજ પાડવા લાગ્યું. ગીતાના ગ્રંથમાં ધ્યાન લગાવવા ખૂબ પ્રયત્ન કર્યો ! પણ બધું ય નિષ્ફળ ! એ સત્ત્વ, એ સ્વાધ્યાયની ધૂન, એ ચિન્તનનો લલકાર, એ આત્માની ગગન–મસ્તી....બધું ય ધૂળ ભેગું થઈ ગયું ! કોઇ એની વહારે ન ધાયું–તે ન જ ધાયું !

અન્તે પગ પછાડતો નરેન્દ્ર ત્યાંથી ઊભો થઈ ગયો. કોઠારમાં ગયો. એનાં દુઃખનો આજે કોઇ છેડો જ જડતો ન હતો "મેં આ શું કરી નાંખ્યું." એની જાતને એ તમાચા ઉપર તમાચા મારી રહ્યો હતો.

હવે એ દર્શન ન હતું. ફરી એનું મન શાન્ત થઇને પશ્ચાત્તાપની ભડભડતી અગ્નિમાં તૂટી પડયું હતું.

કોઠારમાં પડેલી મરચાની ભૂકીની ગુણુ શોધી કાઢી. બે મૂઠી ભરીને મરચાં લઇને આંખે ચાંપી દીધા. આંખો સૂજીને ટેટા જેવી થઈ ગઈ, નરેન્દ્ર બેફામ હસતો બોલતો રહ્યો- "એ સજા વિના આંખો ઠેકાણે રહે તેમ નથી"

કહેવાતા નૈષ્ઠિક બ્રહ્મચારીને પણુ નાનકડા નિમિત્તના દર્શનમાત્રનો સંગ પણુ જો ધ્રુજાવી જાય તો એ નિમિત્તના સંગમાં રહીને અનાસક્ત રહેવાની વાતો કેમ જ કહી શકાય ?

(૪) અરે! રહનેમિની વાત નથી જાણુતા? કોણ હતા એ?

ભગવાન નેમનાથના ભાઈ! સંયમધારી! અરે! ચરમશરીરી!

કેવું ઘોર–ઉગ્ર સંયમ પાળતા હતા! છતાં કેમ પડયા? નિમિત્તના સંગના પવનના સૂસવાટે જ ને?

ગુફામાં ભાભી–રાજિમતીના રૂપનું દર્શન આંખે કર્યું, બસ. મન ખળભળી ઊઠ્યું, આત્મા પડી ગયો. એક જ પળમાં બધુંય સફાચટ! જુગ–જુગની આરાધનાઓનો મેરુ એક જ પળના વાયરાએ કમ્પી ઊઠચો!

નિમિત્તના સંગનો વાયરો વીંઝાય અને પવિત્રતાની જ્યોત ઝગમગ ઝગમગ ઝબૂકયા જ કરે! ...અસંભવ.

જો રહનેમિ જેવા મહાસંયમીને પણ નિમિત્તનો સંગ થોડી પળો માટે ધ્રુજાવી જાય તો આપણા જેવાની દુર્દશા થવામાં તો શી બાકી રહે?

જે પવનના સુસવાટે મેરુ ચળે.... ત્યાં પાકેલા પાંદડા તો બિચારા કયાં ય ઊડીને ફેંકાઈ જાય! એની ડાંખળી ય હાથ ન લાગે!

(૫) શ્રેષ્ઠીપુત્ર ઈલાતીની વાતથી આજે કયો જૈન અજાણ છે?

નટડીના નેહ માં તણાએલા ઇલાતીએ માતા--પિતાને; રે! ધર્મ સુદ્ધાને ત્યાગી દીધો! એ રૂપસુન્દરીને પામવા માટે એણે જીવસટોસટના ખેલો ખેલ્યા.

એક રાજાને રીઝવીને વિપુલ ધન મેળવે અને એ રૂપરમણીના પિતાના ચરણોમાં ધરે તો જ એ પિતા પોતાની પુત્રી ઈલાતીને આપવા તૈયાર હતો.

ઈલાતીએ એ પડકાર ઝીલી લીધો. ગમે તે ભોગે એને પોતાની પ્રિયતમા પ્રાપ્ત કરવી જ હતી.

દોરડે ચડીને એકેકથી ચડી જાય તેવા ખેલો ઈલાતી ખેલવા લાગ્યો. પણ અફસોસ ! રાજાના મુખ ઉપર કોઇ પ્રસન્નતાની ઝલક જ ઊઠતી નથી.

રાજા જ ઈલાતીની પ્રિયતમામાં મોહાઇ પડયો હતો, એ એક જ માળા જપતો હતો, "કયારે ઈલાતી દોરડેથી પડે... કયારે મરે..અને કયારે હું આ રૂપરમણીનો સ્વામી બની જાઉં."

ઈલાતીના જીવનનો એ વખતે ઉત્કૃષ્ટ ખેલ ચાલી રહ્યો હતો.

પણ....બાજી પલટાઈ.

ઈલાતીના જીવને પલટો ખાધો.

એના વિકારોનો હિમ કોઈ આગના સંગે એકાએક ઓગળી જઈને નામશેષ થવા લાગ્યો.

દોરડે નાચતા ઇલાતીએ બાજુના ભવનના રસોડામાં એક શ્રેષ્ઠિકન્યા જોઈ. અત્યન્ત રૂપવતી ! એની સામે જ ભરયુવાનીના ઉંબરે પગ મૂકતા મુનિરાજને જોયાં.

પણ આ શું ? એ મુનિરાજની દૃષ્ટિ નીચી કેમ ? આંખમાં વિકારનો પડછાયો પણ કેમ નહિ ?

એકાન્ત ! સૌન્દર્ય ! ભક્તિભર્યું હૃદય ! છતાં આ શું ? ઈલાતીના અંતરને સખ્ત લપડાક વાગી ગઈ.

એની કલ્પનાઓની ઈમારત કડડડભૂસ કરતી તૂટવા લાગી.

પશ્ચાત્તાપનો મહાનલ ભભૂકી ઊઠયો. ઘાતી કર્મોનો સર્વનાશ થયો.

દોરડા ઉપર જ નટરાજ ઈલાતી ધર્મરાજ પરમાત્મા બન્યા. કૈવલ્યધર્મના સ્વામી બન્યા.

શુભનિમિત્તના સંગે જ આમ બન્યું ને ?

રખે ! કોઈ એમ કહેતા કે એ તો બનવાનું હતું માટે જ બન્યું ! નિમિત્તે કાંઈ કર્યું જ નથી. જો આવું કહેશો તો જો તમે વેપારી હશો તો તમારે ઘરમાં જ બેસી જવું પડશે. ધન આવવાનું હશે તો ઘરમાં આવશે જ. એ માટે કાંઈ દુકાને નહિ જવાય.

જો તમે દર્દી હશો તો તમારે દવા લેવાની બંધ કરવી પડશે. સારુ થવાનું હશે ત્યારે આપોઆપ થઈ જ જશે.

જો તમે ઉપદેશક હશો તો ઉપદેશ દેવાનું બંધ કરી દેવું પડશે. કેમકે ઉપદેશના નિમિત્તથી કોઇ આત્મા શુદ્ધિ પામતો જ નથી ને ? એ જ્યારે શુદ્ધિ પામશે ત્યારે આપોઆપ - રે ! ઉપદેશ વિના ય — શુદ્ધિ પામી જશે.

ખેડૂતોને કહી દો કે બિયારણને પાણી પાવાની માંડવાળ કરી દે. બીમાંથી ફળ થવાનું હશે તો આપ મેળે જ થઇ જશે. પાણી પ્રકાશ વગેરે નિમિત્તોની કશી જરૂર નથી.

ડૉકટરને કહી દો કે એમના દવાખાના ચલાવીને દવા દેવાના ધંધા ધતીંગમાત્ર છે. દવાના નિમિત્તથી કોઈ દર્દી સારો થતો જ નથી. એ સારો થવાનો હોય તો આપમેળે જ સારો થાય છે.

શિક્ષકોને કહી દો કે નિશાળો, કોલેજો છોડીને ઘરભેગા થઇ જાય. વિદ્યાર્થીઓને જ્ઞાન મળવાનું જ હશે તો આપોઆપ મળી જશે.

ભારત સરકારને લાખો સહી સાથે એક પત્ર મોકલી આપીને તેમાં જણાવો કે ચીન—પાકિસ્તાનની સરહદ ઉપર લાખો સૈનિકો ગોઠવીને તમે તમારી મૂર્ખતાનું ટોચ—પ્રદર્શન કર્યું છે! સૈનિકોના ગોઠવવાથી કાંઇ ભારતના સળગતા સીમાડાઓનું રક્ષણ થતું જ નથી. એ તો આપમેળે જ રક્ષણ થવાનું હોય તો થાય. અન્યથા સૈનિકોની ઉપસ્થિતિમાં ય ચીનાઓના ધાડેધાડા ભારત્ત ઉપર તૂટી પડે.

સંતોને જણાવી દો કે તેમણે સ્ત્રીના સંગથી છેટા રહેવાના દંભ (!) કરવાની કશી જરૂર નથી. તમે જો શુદ્ધ રહેવાના જ હશો તો ચાર સ્ત્રીઓની સાથે-એક શય્યામાં સૂઇ જઇને પણ શુદ્ધ જ રહેવાના છો. અને જો તમે અશુદ્ધ જ થવાના હશો તો જંગલમાં એકાન્તમાં રહીને ય પતન પામી જશો.

ઓ બિરાદરા! આવી વાતા કહેવા શું તમે તયાર છો? શું તમે તમારા યુવાન પુત્ર-પુત્રીઓને ગમે ત્યાં ભમવાની છૂટ આપી દો છો? જો કદાચ તેમ કર્યું હોય તો તેના અતિઝેરી પરિણામ તમે જોયા જ નથી શું!

છતાં તમે, "નિમિત્ત કાંઈ કરતુંજ નથી" એવી ગુલબાંગો ફેંકતા રહેવાનું દુષ્ટ સાહસ કરો છો?

રે! જો તમારે કોઈ લાભ ઉઠાવવો હોય તો તમે જાણો. પણ તમારા લાભની સામે કોઈની ચાર આંખ થઇ જવાની બીકે જગતમાં શું કરવા આવી વાતો ફેલાવો છો? આથી જગત કેટલા અનાચારોને ભેટશે એની તમે કલ્પના કરી છે ખરી?

જૈન-જૈનેતર–કોઇ પણ દર્શન લાવો. સર્વત્ર શુભનિમિત્તની સુંદર અસરોની અને અશુભ નિમિત્તોની માઠી અસરોની વાતને સ્પષ્ટ શબ્દોમાં સ્વીકારેલી જોવા મળે છે.

(૬) સાંભળ્યું છે કે અમદાવાદમાં થઇ ગયેલ સરયૂદાસ નામના એક સંત બ્રહ્મચર્યની શુદ્ધિ માટે રોજ રોટલો અને છાશ જ લેતા હતા.

એક દિવસ કોઇ ભકતના આમન્ત્રણથી ભકતને ત્યાં જમવા ગયા. ત્યાં બીજા ૩૦૦ સાધુઓ ઉપસ્થિત થયા હતા. સહુ લાપશી અને ચોળાનું ભોજન તબિયતથી કરવા લાગ્યા. સરયૂદાસે એ ભોજન કરવાનો વિનમ્ર ઇન્કાર કરીને લુખ્ખા બે રોટલા મંગાવ્યા. યજમાન ભકતને ભારે અકળામણ

થઈ. ૩૦૦ સંતો પણ લજવાઇ ગયા. પણ હજી કોઇને સાચો બોધપાઠ મળ્યો ન હતો.

એક રોટલો ખાઇ લીધા પછી યજમાનને ઉદ્દેશીને સરયૂદાસે પૂછયું, "કેમ કાંઇ સમજ પડે છે?"

"જી ના," યજમાને ટૂંકો ઉત્તર આપ્યો. સરયૂદાસે આરીસો મંગાવ્યો. સહુ સ્તબ્ધ બનીને "શું બનશે?" તે જોવા લાગ્યા!

સરયૂદાસે એ આરીસા ઉપર એક સંતની થાળીમાં પડેલી લાપસી ચોપડાવીને કહયું કે હવે આરીસામાં મોં દેખાય છે ખરું?

સંતે કહયું, "નહિ જી."

હવે મારો બાકીનો રોટલો એની ઉપર ઘસી નાખો તો? પછી જુઓ... મોં દેખાય છે?

રોટલો ઘસી દેવામાં આવ્યો. લાપસીના ઘીની બધી ચીકાશ લુખ્ખા એ રોટલાએ ખેંચી લીધી. આરીસો સ્વચ્છ થઈ ગયો. મોં દેખાવા લાગ્યું

સરયૂદાસે સ્મિત વેરતા કહ્યું, "ભાઇઓ! આત્માનું સ્વચ્છ દર્શન કરવું હોય તો દુધ, ઘી વગેરે માદક દ્રવ્યોનું સેવન ત્યાગી દેવું જોઇએ. રૂક્ષભોજન એ જ સંતોનું સાત્વિક ભોજન છે."

સરયૂદાસની વાત સાંભળીને સહુએ શિર ઝુકાવી દીધું.

એક જૈનેતર સંન્યાસી પણ જો આટલી વાત સમજે છે કે દુધ-ઘી વગેરે સ્નિગ્ધ ભોજનના સંગથી આત્માની પવિત્રતા જોખમાય છે અને જૈન ધર્મના શાસ્ત્રોને જોયાનું

કહેતા શ્રીકાનજીભાઈ એ તપ–ત્યાગમાં ધર્મ જ માનતાં નથી. કેવી ખેદની આ વાત છે ?

જો બાહ્ય નિમિત્તોની કોઈ અસર જ ન હોય તો સર્વજ્ઞ ભગવંતોએ બ્રહ્મચર્યના અણિશુદ્ધ પાલનની સફળતા માટે જરૂરી નવવાડોનું પાલન શા માટે ફરમાવ્યું છે ? શા માટે પ્રણીત ભોજન નહિ કરવું ? શા માટે સુંદર મોહક વસ્ત્રોનું પરિધાન નહિ કરવું ? શા માટે સ્ત્રીસંસક્ત વસતિમાં પુરુષે નહિ રહેવું ? શા માટે ભુક્તભોગી સાધુએ પૂર્વ-ભોગોનું સ્મરણ પણ નહિ કરવું ? શી જરૂર છે આ બધી વાડોની ?

રે ! વાડને જે વ્રત સમજીને નહિ પાળે એના વ્રતના ભાંગીને ભુક્કા થયેજ છૂટકો છે. વાડોના પાલન પ્રત્યે લાપરવા રહેનાર મોટો રૂસ્તમ કાં ન હોય ? એક દી એનું પૂર્ણ પતન થયા વિના રહી શકે જ નહિ.

ઉઘાડા પડતાં પાપોને જ પાપ નથી કહેવાતાં ! પુણ્યયોગે ભૂગર્ભમાં સદા માટે ભંડારાઈ જતાં પાપોને ય પાપ કહેવાય છે હો !

શું એકાન્ત નિશ્ચયવાદીઓએ દશવૈકાલિમૂળ સૂત્ર જોયું નથી ? તેમાં સ્પષ્ટ શબ્દોમાં એ વાત નથી કરી કે ભીંત ઉપર દોરેલાં સ્ત્રીના ચિત્ર તરફ સાધુએ નજર સુદ્ધાં નાંખવી નહિ ?"

આ વાત દશવૈકાલિક મુળ સૂત્રમાં જ છે. ટીકા વગેરેમાં નથી.

તો આ વિધાન ઉપરથી અશુભ નિમિત્તના સંગની અશુભ અસર થવાની સુસંભાવના સિદ્ધ થઈ જતી નથી ?

શુભ-નિમિત્તના સંગની શુભ-અસર થવાની વાત પણ ફલિત થઈ નથી જતી ?

છતાં જો નિમિત્તની અસર ન જ માનવી હોય અને ગાજરની પીપૂડી વગાડયા કરવી હોય તો તેને બંધ કરવા માટે બીજો કોઈ ઉપાય નથી.

મહાન શાસન પ્રભાવક બપ્પભટ્ટસૂરિજીએ સોળ વર્ષની વયથી આજીવન ષડ્–વિગઈઓ, અને ભક્તના ઘરના ભોજનનો પરિત્યાગ કરી દઈને ગુરુના અંતરમાં ડોકીઆં કરતા પતનના ભયનું સંપૂર્ણ નિવારણ કર્યું હતું. આ પરિત્યાગને કારણે જ એમનો આત્મા એટલી હદ સુધીની સાત્વિકતા પામી ચૂકયો કે, એકાન્ત—અંધકારમાં રૂપવતી વેશ્યાએ તેમને ચલાયમાન કરવા સર્વ કાંઈ કરી ચૂકી છતાં એ સરિયામ નિષ્ફળતા પામીને ચાલી ગઈ !

જો ષડ્–રસના ભોજી હોત એ આચાર્યશ્રી તો !... તો આ સિદ્ધિ કદાચ ન જ પામ્યા હોત !

(૮) અનાર્યદેશના નિવાસી આર્દ્રકુમાર એક જિનમૂર્ત્તિના દર્શન માત્રનું નિમિત્ત પામ્યા. અને... એમનું જીવન પલટાઈ ગયું.

કેટલા દ્દષ્ટાન્તો આપું ? સત્ય સમજવાની તૈયારી વાળા આત્માને તો એક જ દૃષ્ટાન્ત બસ થઈ પડે છે. જેને સત્ય પામવું જ નથી, પોતાનું તે જ સાચું એવી જેની કદાગ્રહી મતિ છે એને લાખો દ્દષ્ટાન્ત પણ નિરર્થક છે. ભેંસ આગળ ભાગવત ભણવા જેવું કે બહેરાને બોધ આપવા જેવી એવી ઘેલી પ્રવૃત્તિ કોણ કરે !

[૬]

# ઉત્સર્ગ – અપવાદ

મોક્ષને પામવાની સાધનાના બે માર્ગ છે.

ઉત્સર્ગમાર્ગ અને અપવાદમાર્ગ.

ઉત્કૃષ્ટ કોટિની જિનાજ્ઞાને ઉત્સર્ગમાર્ગ કહેવાય છે. ઉત્સર્ગમાર્ગને આરાધતાં મુશ્કેલી ઉભી થતાં 'કામચલાઉ' બીજા માર્ગે ઊતરી જવું તે અપવાદ માર્ગ ગણાય છે.

બેશક અપવાદ એટલે જઘન્ય આરાધના-સ્વરૂપતઃ પ્રશંસા નહિ કરવા લાયક આરાધના, પરન્તુ છતાં એને વિરાધના તો ન જ કહેવાય કેમકે અપવાદનો રાહ લેતો મુમુક્ષુ ઝંખે છે તો ઉત્સર્ગમાર્ગને જ. "ક્યારે ઉત્સર્ગમાર્ગે હું ચડી જાઉં" એ વિચાર તો એના મનમાં સદા જાગૃત હોય છે.

આથી ય અપવાદ એ માર્ગ કહેવાય છે; ઉન્માર્ગ તો નહિ જ.

સાધુનો ઉત્સર્ગમાર્ગ તે, એ છે કે તેણે સ્વનિમિત્તે બનાવાએલી ભિક્ષા લેવી જ નહિ. પરન્તુ જ્યારે તેની શારીરિક સ્થિતિ જ વિચિત્ર થઈ જાય અથવા તો તેને એવા કોઈ પ્રદેશમાં જઈને જ શાસ્ત્રસ્વાધ્યાય કરવાની ફરજ પડતી હોય તો તે અપવાદ માર્ગે એ આધાકર્મી ભિક્ષા પણ લઈ શકે.

જેનું અંતર અપવાદમાર્ગના અવલંબનથી દૂભાતું હોય તેનો અપવાદમાર્ગ એ માર્ગ જ કહેવાય.

જે નિષ્કારણ આધાકર્માદિ ભોજનનો અપવાદ સેવતો હોય જેના અંતરમાં એની દુભામણ ન હોય તે સહજ છે. એવા સાધુના એ અપવાદને શાસ્ત્રોક્ત માર્ગ ન કહેવાય. એને તો ઉન્માર્ગ જ કહેવો જોઇએ.

બાહ્ય આચારમાં ફેરફાર થવા છતાં જો અંતર અનાસક્ત રહી જાય તો તે બાહ્યાચારનો અપવાદ એ માર્ગ કહેવાય.

અબ્રહ્મના બાહ્યાચારના સેવનમાં અંતર અનાસક્ત રહી શકે જ નહિ માટે ચતુર્થ મહાવ્રતમાં કોઈ અપવાદ જણાવવામાં આવ્યો નથી.

ઉત્સર્ગ એટલે રાજમાર્ગ.

અપવાદ એટલે કેડીમાર્ગ.

ચાલવાનું તો રાજમાર્ગે જ હોય; એમાં બધી સલામતી.

પરન્તુ જો રાજમાર્ગ વરસાદના પાણીથી કાદવવાળો થઈ ગયો હોય તો બાજુની કેડીએથી આડા ફંટાઈ જવું પડે. પરન્તુ એ કેડી આગળ ઉપર જઈને ફરી રાજમાર્ગ ઉપર ચડાવનારી હોય તો જ ત્યાં ઉતરાય. જો તે કેડી ફરી રાજમાર્ગને પકડાવવાને બદલે ઊલટી જ દિશામાં લઈ જતી હોય તો તેની ઉપર કેમ ઊતરાય ?

અપવાદમાર્ગ એ કેડીમાર્ગ છે. એનું કાર્ય ફરી રાજમાર્ગ ઉપર ( ઉત્સર્ગમાર્ગ ઉપર ) ચડાવી દેવાનું.

જે કેડી રાજમાર્ગે ન ચડાવે તેને અપવાદ માર્ગ કહી શકાય નહિ. તેને તો ઇષ્ટસ્થાને પહોંચવા માટેનો માર્ગ કેમ કહેવાય.

આ વિચાર આપણને એમ કહી જાય છે કે મુમુક્ષુએ પોતાની સાધના માટે રાજમાર્ગ પકડવો. બનતા સુધી એણે કેડી માર્ગ પકડવો નહિ.

રાજમાર્ગ હમેશ સરળ હોય છે. કેડીમાર્ગ પ્રાયઃ વાંકોચૂકો હોય છે. જ્યાં સુધી મોક્ષ પ્રાપ્તિનો રાજમાર્ગ મળે ત્યાં સુધી કેડીમાર્ગનું અવલંબન લેવું નહિ.

રાજમાર્ગ તેને કહેવાય જે ઘણા બધા મુમુક્ષુઓથી ખુંદાઈ ગયેલો હોય ! જે માર્ગે અનન્ત આત્માઓના પગલાંઓ દબાએલા જોવા મળતાં હોય.

કેડીમાર્ગે તો કોકના જ પગલા હોય ! કોઈ સાહસવીર જ કેડીમાર્ગથી ફંટાય.

કેટલાક કેડીમાર્ગ રાજમાર્ગને પ્રાપ્ત કરાવ્યા વિના જ

ઇષ્ટસ્થાને પહોંચાડી દેતા હોય છે, આવા કેડીમાર્ગને પણ આપણે માર્ગ જ કહીશું, કેમકે અન્તે તો તે ય મોક્ષના ધામે જ પહોંચે છે ને ?

જિનાગમોમાં જણાવેલા રાજમાર્ગ અને કેડીમાર્ગ શા ઉત્સર્ગ અને અપવાદને જો આપણે સુપેરે સમજી લઇએ તો વર્તમાનમાં જે બુદ્ધિની અંધાધુંધી જાગી પડી છે તે બધી શમી જાય.

રાજમાર્ગેથી અનંતા આત્માઓ મોક્ષનું ધામ પામ્યા. કેડીમાર્ગથી બહુ થોડા આત્માઓ મોક્ષના પરમધામે પહોંચ્યા, જયારે ક્રોડો-અબજો આત્માઓ રાજમાર્ગેથી જઈને મોક્ષપદ પામ્યા ત્યારે કેડીમાર્ગેથી એક જ આત્મા મોક્ષનું પરમપદ પામ્યો.

તો હવે આપણે શું કરવું ? રાજમાર્ગ દ્વારા મોક્ષપદ પામવા યત્ન કરવો કે કેડીમાર્ગ દ્વારા ? સરળ રસ્તો કયો ?

આનો ઉત્તર સ્પષ્ટ જ છે કે રાજમાર્ગ એ જ સરળ રસ્તો ગણાય. એથી જ તો એ માર્ગ દ્વારા ક્રોડો-અબજો-અનંતાનંત આત્માઓ મોક્ષપદને પામ્યા ને ? જો કેડીમાર્ગનો રાહ સરળ હોત તો એ રસ્તેથી શા માટે ખૂબ જ થોડા આત્માઓ મોક્ષપદ પામી રહ્યા છે ?

એટલે આપણને જો મોક્ષપદ પામવાની તીવ્રતમ તમન્ના હોય તો આપણે સહેલાઈથી તે ધામને પામી જઇએ તે માટે તો તેનો જે રાજમાર્ગ હોય તે જ પકડવો જોઇએ. પરન્તુ

કેડીમાર્ગે મોક્ષ પામેલા કો'ક મહાસાત્ત્વિક મહાત્માનું અનુકરણ કરવાનો અખતરો નહિ કરવો જોઇએ અને એમની વાતો કરીને, "કેડીમાર્ગેથી પણ મોક્ષ પામી શકાય છે, માટે તેમ જ કેમ ન કરવું ? એવી ગુલબાંગો પણ નહિ પુકારવી જોઇએ.

જો સરળ છે રાજમાર્ગ તો તેનું જ અવલંબન કેમ ન લેવું ?

જો કઠોર છે કેડીમાર્ગ તો શા માટે એ માર્ગે જવાનો અખતરો કરવો ? જો જરાક ચૂકીશું તો સમગ્ર જીવન હારી જઇશું. ફરી એવા અમૂલ માનવજીવનો મળવાના નથી કે તે પામીને રાજમાર્ગે જવાની તૈયારી કરી શકીએ.

મોક્ષમાર્ગની આરાધના સ્વયં જ એટલી બધી કઠોર છે કે એને વધુ કઠોર બનાવવા કેડીમાર્ગે જવું જરાય હિતકર ન ગણાય. જો રાજમાર્ગે જવાથી એ આરાધનામાં થોડી પણ સરળતા અને સરસતા આવતી હોય તો કોઈ પણ સમજુ માણસ રાજમાર્ગને જ પસંદ કરે.

મુક્તિના પરમધામને પામવાનો રાજમાર્ગ એટલે ગૃહવાસનો ત્યાગ, સાધુવેષનો સ્વીકાર, તપત્યાગની આરાધના, સ્ત્રી આદિથી સંસકતવસતિને બાર ગાઉના નમસ્કાર, ગુરૂપારતંત્ર્ય, અપૂર્વસ્વાધ્યાય, નવકલ્પીવિહાર, વિકથાત્યાગ વગેરે વગેરે.

આ બધી સાધનાઓ અશુભનિમિત્તોથી આપણને દૂર રાખીને સહજ રીતે અશુભવિચારનિવૃત્તિની સિદ્ધિ પ્રાપ્ત

ઉકેલી આપે છે. એટલું જ નહિ પણ શુભનિમિત્તોના સંપર્કમાં જ સતત રાખતી આ સાધનાઓ આપણા અંતરમાં શુભવિચારોનો ધોધ વહેતો મૂકી દેવાની સિદ્ધિ પણ ખૂબ સરળ બનાવી દે છે.

અશુભને ત્યાગવાની અને શુભને ઝડપવાની સાધના એ જ મોક્ષપદને પામવાનો રાજમાર્ગ છે.

અશુભસામગ્રીનો પરિત્યાગ કરતાં જ જેમ ખૂનીનું શસ્ત્ર આંચકી લેતાં ઝનૂનનો આવેગ શમી જાય છે, તેમ–અશુભ આવેગો સહજ રીતે શમવા લાગે છે.

પણ અશુભસામગ્રીનો પરિત્યાગ સદા માટેનો બનાવી રાખવા માટે શુભસામગ્રીનો સ્વીકાર ખૂબ જ અનિવાર્ય છે.

ઘરબાર છોડયા પછી આત્માનું ઘર મેળવ્યા વિના કેમ ય નહિ ચાલે.

પિતા–માતા ત્યાગ્યા પછી ગુરુ પામ્યા વિના કેમે ય નહિ ચાલે.

વહીવટના ચોપડા ત્યાગ્યા પછી શાસ્ત્રના પુસ્તકો વિના નહિ ચાલે.

અર્થના જપ ત્યાગ્યા પછી પરમાત્માના જપ વિના નહિ ચાલી શકે.

જો એકના ત્યાગ સાથે બીજાનો સ્વીકાર કરી લઇને મગજમાં ઉત્પન્ન થનારા શૂન્યાવકાશને દૂર ઠેલી દેવામાં ન આવે તો ફરી એ ત્યકત વસ્તુઓનો સંસાર મગજમાં ઊભરાઈ ગયા વિના રહે નહિ.

મગજ કદી સર્વથા ખાલી રહી શકે તેવી ચીજ નથી. એમાં તમારે 'સારૂં' ભરવા પ્રયત્ન કરવો જ રહ્યો. જો તે પ્રયત્નમાં તમે નિષ્ફળ ગયા તો 'ખોટું' તો આપોઆપ ભરાઈ જવાનું છે. એને માટે પ્રયત્નની જરાય જરૂર નથી.

મોક્ષપંથના રાજમાર્ગની સાધના દ્વિમુખી છે. એ આપણને અશુભસામગ્રીના સંસારથી દૂર પણ કરે છે અને શુભ-સામગ્રીના વાતાવરણથી સમ્પન્ન પણ કરે છે. એથી બહુ જ ઓછા પ્રયત્ને અશુભવિચારો દૂર કરી શકાય છે અને શુભવિચારોના સ્રોત ઉત્પન્ન કરી શકાય છે.

જ્યારે મોક્ષપદની કેડીમાર્ગની સાધના તો ભારે કઠોર છે. ત્યાં અશુભનું વાતાવરણ ત્યાગવામાં ન આવે છતાં વિચારમાં એકલું શુભ જ ઊભરાતું રાખવું પડે.

આધાકર્મી ભોજન વાપરવું અને ચિત્તને દુભાતું રાખવું. રસવાળું ખાવું અને નિરસ લગાડવું એ તો કેટલું કઠિન ગણાય ?

એના કરતાં ખાવું જ નહિ અને મોમાં રસ પેદા થવા દેવો નહિ એ જ રસ્તો સરળ અને સરસ નથી શું ?

બાહ્ય પ્રવૃત્તિનું તત્ત્વ સારું ન હોવા છતાં આંતર મનને એકદમ સારું બનાવી રાખવું એ તો ખૂબ જ કઠોર સાધના છે ને ?

અગ્નિને હાથ અડાડવો અને જરાય દાઝવું નહિ. એ તો કેટલું કઠોર કાર્ય છે ? કોઈ ચમત્કારિક બળ વિના શી રીતે એ સિદ્ધિ મળે ? એના કરતાં બહેતર છે કે

દાઝવું જ ન હોય તો અગ્નિ પાસે જવાની જ માંડવાળ કરી દેવી !

ભૂતકાળમાં અનંતાનંત આત્માઓએ વિકારોના અગ્નિ પાસે ન જઈને નહિ દાઝવાની સિદ્ધિ પામવા જેવો રાજમાર્ગ અપનાવ્યો અને મોક્ષનું પરમધામ પ્રાપ્ત કર્યું.

એમની ગણતરીમાં તો બહુ જ થોડા આત્માઓએ એ અગ્નિ પાસે જઈને નહિ દાઝવાની ચમત્કારિક સિદ્ધિ પામવા જેવો કેડીમાર્ગ અપનાવ્યો અને મોક્ષનું પરમધામ પ્રાપ્ત કર્યું.

રાજા આદિનાથ અને એની પરંપરામાં થઈ ગએલા અસંખ્ય રાજાઓ રાજપાટના ત્યાગ કરીને જંગલમાં જઈને, સાધના કરીને કેવળજ્ઞાનાદિ પામ્યા.

હા. એક રાજા ભરત રાજપાટનો ત્યાગ કર્યા વિના, જંગલમાં ગયા વિના જ, આરીસાભુવનમાં જ વીંટી ઉતારતાં કેવળજ્ઞાન પામી ગયા !

એક બાજુએ અસંખ્ય રાજવીઓનું રાજમાર્ગે કલ્યાણ થયું; બીજી બાજુએ રાજા ભરત જેવા—આંગળીના ટેરવે ગણાય તેટલા આત્માઓનું કેડીમાર્ગે કલ્યાણ થયું.

આપણે કયા માર્ગે આપણું કલ્યાણ કરવું ?

ખૂબ જ અસંદિગ્ધ રીતે આ પ્રશ્નનો જવાબ આપી શકાય તેમ છે કે રાજમાર્ગની આરાધના દ્વારા જ આપણે સ્વકલ્યાણ સાધી શકીએ. ખાતા-પીતા ઘરમાં રહેતાં—

આપણે મોક્ષ થઈ જવાની આશા રાખીએ તો અનંત સંસારના ચક્કરમાં કયાંય ફેંકાઈ જઈએ.

આ વાત ખૂબ જ સ્પષ્ટ હોવા છતાં એકાન્ત નિશ્ચયવાદીઓએ આ વાતને ગૂંચવી નાંખીને મુગ્ધ લોકોને ભયંકર ભ્રમમાં નાંખી દીધા છે.

એમને તપત્યાગ અને ક્રિયાકાંડ ગમતાં જ નથી; એની ઉપર ભારે તિરસ્કાર છે એટલે એમણે એક જ વાત જોરશોરથી કહેવાનું રાખ્યું છે, કે "તપત્યાગ; ક્રિયાકાંડ વિના પણ કેવળજ્ઞાન થઈ શકે છે. જુઓ, ચક્રવર્ત્તી રાજા ભરતને આરીસાભુવનમાં —ઘેર બેઠાં —કેવળજ્ઞાન થયું હતું. આઠ આઠ સ્ત્રીઓ સાથે હસ્તમિલાપની ક્રિયા ચાલતી હતી તે વખતે—ચોરીમાં બેઠાં—શ્રેષ્ઠીપુત્ર ગુણસાગરને કેવળજ્ઞાન થયું હતું; રાજ્યસિંહાસન ઉપર બેઠાં બેઠાં રાજા પૃથ્વીચન્દ્રને કેવળજ્ઞાન થયું હતું. કેવળજ્ઞાન માટે સાધુવેષની શી જરૂર છે? તપત્યાગની શી જરૂર છે? ક્રિયાકાંડની શી જરૂર છે? સાધુવેષવાળા, મહાતપસ્વી કાયોત્સર્ગની ક્રિયા કરતા રાજર્ષિ પ્રસન્નચન્દ્રે તો સાતમી નારકના દળિયાં લીધાં હતા. એટલે આત્માના સ્વરૂપને પ્રગટ કરવા માટે સંસારત્યાગ, ઉગ્રતપ કે કાયોત્સર્ગની ક્રિયાની કશી જ જરૂર નથી."

કેવું ભયંકર છે આ નિવેદન! એકાન્ત નિશ્ચયવાદીઓ એટલું પણ કેમ નહિ સમજતા હોય કે આવા નિવેદનથી તો લોકો સદાચારનો ત્યાગ કરી દેશે, કારમા ભ્રષ્ટાચારના

પંથે વળી જશે; ' આત્માને ઓળખી લીધાની ' દંભી વાતો કરીને ધર્મી તરીકેની નામના મેળવી જગતને ધૂતશે !

કેમ નહિ સમજાતી હોય આટલી સરળ વાત ?

જે ભગવાન મહાવીરના નામે તેઓ આ વિચારો રજૂ કરે છે તે ભગવાન મહાવીરના જીવન સામે નજર નાંખે તો ય તેમને તપત્યાગાદિની ઉપાદેયતા સમજાઈ જાય તેમ છે. જો ત્યાગાદિ હેય જ હોય તો શા માટે ભગવાન વીરે ગૃહત્યાગ કર્યો હતો ? શા માટે વીરે સાડાબાર વર્ષનો ઘોરતપ કર્યો હતો ? શા માટે એમણે હજારો રાત્રિઓ સુધી કાયોત્સર્ગમાં ઊભા રહેવાનો ક્રિયાકાંડ અપનાવ્યો હતો ?

શું એ બધા ય ને તમારે ધતીંગ કહેવું છે ?

રાજા ભરત, શ્રેષ્ઠીપુત્ર ગુણસાગર કે રાજા પૃથ્વીચન્દ્ર વગેરેને ગૃહત્યાગ વિના જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું એ વાત સંપૂર્ણ રીતે શાસ્ત્રીય છે; પરન્તુ એવું તો કવચિત્ કદાચિત્ કોઈકને જ બને.... એથી કાંઈ એને માર્ગ ન બનાવી દેવાય. જો એ માર્ગ જ હોય તો શા માટે ભગવાન આદિનાથ વગેરે તમામ ભૂત ભાવી તીર્થંકરો ગૃહત્યાગનો માર્ગ સ્વીકારે છે અને ઉપદેશે છે ? એ જ વાત નક્કી કરી આપે છે કે મોક્ષનું ધામ પામવા માટેનો રાજમાર્ગ તો ગૃહત્યાગાદિ જ છે; વાસનાઓથી ચિત્તને શાન્ત બનાવવાનો રાજમાર્ગ તો વાસનાજનક સામગ્રીથી દૂર રહેવાનો જ છે.

આજના એકાન્ત નિશ્ચયવાદીઓએ તો કઠોર કેડીમાર્ગના બે ચાર શાસ્ત્રોક્ત કિસ્સા પકડી લઈને પોતાને ન ગમતી

તપત્યાગાદિની, ક્રિયાકાંડની કે ગૃહત્યાગની પ્રવૃત્તિઓને ધિક્કારવાનું કામ આરંભી દીધું છે.

જો એમની દૃષ્ટિએ રાજમાર્ગ ત્યાજ્ય બનતો હોય અને કેડીમાર્ગ ઉપાદેય બનતો હોય તો હું એમને કહું છું કે જગતમાં દૂધ પીને ઘણાં લોકો જીવી ગયા છતાં કેટલાક સંગ્રહણીના દર્દી વગેરે મૃત્યુ પણ પામી ગયા છે માટે તમે જાહેર કરો કે દૂધ પીવાથી મૃત્યુ થાય છે માટે કોઈએ દૂધ પીવું નહિ.

ઝેર ખાઈને પણ દમના દર્દી વગેરે કેટલાક લોકો જીવી ગયા છે માટે જાહેર કરો કે ઝેર ખાવાથી જીવી શકાય છે માટે જે માણસને જીવવાની ઇચ્છા હોય તેણે ઝેર ખાવું.

મોતીના વેપારીઓને કહી દો કે તમે લોકો એક નંબરના મૂર્ખ છો કે મોતી લેવા માટે મોતીબજારમાં જાઓ છો. રે ! અમારા સોનગઢના એક ભંગીઆને ઊકરડામાંથી સાચું મોતી મળી ગયું હતું.... માટે તમારે લોકોએ મોતી જોઈતા હોય તો ઊકરડે જ જવું જોઈએ."

કેવી લાગશે આ બધી જાહેરાતો ! કોઈને ઠેસ લાગી અને નિધાન નીકળ્યું એટલે બીજાઓ પણ જાણીને ઠેસ લગાડે તો નિધાન નીકળે ? કે કાચો ને કાચો નખ જ ઊ- તરડાઈ જાય ? એક માણસને એ રીતે નિધાન નીકળવા છતાં એની પાછળ ચાલ્યા આવતા સો માણસો જો સમજુ હોય ને તો કદી જાણીબૂઝીને ઠેસ ન ખાય. એ લોકો એમ જ કહે કે ઠેસ લાગીને નિધાન નીકળે એવું તો કવચિત્ બને.

એ ભાઈને એવું બની ગયું એ ચમત્કાર કહેવાય. આપણાથી એનો ચાળો ન કરાય. એમ કરવા જઈએ તો ક્યાંક સેપ્ટીક થાય, અને હોસ્પીટલમાં પગ કપાવી દેવો પડે...લંગડા બનીને જ બહાર નીકળીએ.

સોનગઢ સંપ્રદાયના લોકોને જ મુબારક હો જાણીને ઠેસ મારીને નિધાન કાઢવાના ખતરાભર્યા અખતરા !

જે ચક્રવર્તી ભરત વગેરેના દૃષ્ટાન્ત તેઓ આગળ કરે છે તે રાજા ભરત વગેરે શું ઘરમાં રહીને કેવળજ્ઞાન થઈ શકે છે એવી માન્યતાવાળા હતા કે ?

ખબર નથી કે ચક્રવર્તી ભરત રોજ શ્રાવકો પાસે બોલાવતા કે, "હે રાજન્ ! તમે મોહરાજથી જીતાએલાં છો, તમારા માથે ભય વધી રહ્યો છે ?" ઈત્યાદિ ?

આવી ભાવનાવાળા ઘેર બેઠાં કેવળજ્ઞાનની કલ્પનામાં રાચે ખરા ?

શ્રેષ્ઠીપુત્ર ગુણસાગરને ચોરીમાં કેવળજ્ઞાન થયું પણ એ વખતે ભાવના કયી હતી ? આવતી કાલે ઘરબાર ત્યાગ-વાની જ ને ? તમારા જેવી 'ઘેર બેઠાં કેવળજ્ઞાન'-ની ભાવના તો ન હતી ને ?

રાજા પૃથ્વીચન્દ્ર પણ ગૃહવાસથી કેટલા પીડાતા હતા એ તમે તેમના ચરિત્રમાં કદી વાંચ્યું છે ખરું ?

અને જે રાજર્ષિ પ્રસન્નચન્દ્રની વાત કરતાં તમે કહો છો કે, 'સાધુવેષ હાજર છતાં સાતમી નારકના દળિયા લીધા.' તે રાજર્ષિને બીજી જ પળે કેવળજ્ઞાન શાથી થયું એ વાત કેમ છુપાવી રાખી છે ? માથેથી મુગટ ઉપાડવા હાથ માટે મસ્તકે

ફેરવ્યો અને તે જ વખતે ટાલવાળું માથું યાદ આવ્યું. પશ્ચાત્તાપ થયો માટે જ કૈવલ્ય પ્રગટ થયું ?

રાજા તરીકે યુદ્ધ લડતાં હોત તો માથે ટાલ ન હોત હોં ! તો એ લડાઈમાં કેવળજ્ઞાન થાત પણ નહિ હોં ! એ તો બધો ય સાધુજીવનના ટાલિયા માથાનો જ પ્રભાવ હતો બિરાદરો !

દુનિયાને ઝેર ખાવાની, દૂધ ત્યાગવાની, ઊકરડે મોતી શોધવાની, ઠેસ લગાવીને નિધાન કાઢવાની વાતો કેમ નથી કરતાં ? અહીં કેમ રાજમાર્ગ જ યાદ આવી જાય છે. રાજમાર્ગે ઝેરથી મોત, દૂધથી જીવન, મોતીબજારમાં મોતી–પ્રાપ્તિ વગેરે જોયા એટલે એ બધું કેમ પકડી લો છો ? અહીં કેમ કેડીમાર્ગ નથી પકડતા ?

એકાન્ત નિશ્ચયવાદી મિત્રો ! તો પછી તમારે ધર્મની બાબતમાં પણ તપ–ત્યાગાદિના રાજમાર્ગનો જ ઉપદેશ દેવો જોઈશે.

જો ઉત્સર્ગ–અપવાદ માર્ગની આંટીઘૂંટીને નહી ઉકેલો અને મનફાવતી વાત પકડીને મુગ્ધ લોકોને ભુલાવામાં નાખી દેશો તો ભલે કદાચ વર્તમાન જીવન તો તપ–ત્યાગ, ક્રિયાકાંડ વગેરે વિહોણું બનશે....ભલે કદાચ વર્તમાન જીવન ખાનપાન, સિનેમા–નાટકના મોજશોખ વગેરેથી ભરપૂર બની રહેશે. પણ...પણ ભાવી અંધકારમય બની રહેશે એ વાત નિર્વિવાદ સમજી રાખજો.

★

[૭]

## વ્યવહારનયને કેમ ધિક્કારી શકાય ?

નિશ્ચયવાદમાં 'એકાન્ત' પેસે એટલે તે નિશ્ચયવાદી વ્યવહારનયને ધિક્કારે જ.

મુખ્યત્વે આ ધિક્કારની પાછળ તપ-ત્યાગાદિ અનુષ્ઠાનો તરફની ભારે સૂગ મોટો ભાગ ભજવતી હોવાનું અનુમાન થઈ શકે છે.

જો એમ ન હોય તો શાસ્ત્રના એ કહેવાતા જ્ઞાતાઓએ શાસ્ત્રોના પાનામાં તો નિશ્ચયનય અને વ્યવહારનયનું સ્વરૂપ વાંચેલું જ હોય છે, વસ્તુમાત્રના નિશ્ચિત સ્વરૂપની જેમ વસ્તુમાત્રનું વ્યવહારુ સ્વરૂપ પણ છે એમ એ નયજ્ઞશાસ્ત્રકારોએ ખુલ્લંખુલ્લા કહ્યું છે. જો એક જ નયને એકાન્તે વળગી પડાય તો તે નય દુર્નય બને,-મિથ્યાનય બને એ વાત પણ એમનાથી અજાણ તો નથી જ હોતી.

છતાં એ લોકો નિશ્ચયનયના એકાન્તનો જે ઉપાડ કરે છે, વ્યવહારનયની અશ્રાવ્ય મશ્કરીઓ ઉડાવે છે એ જોતાં પૂર્વોક્ત 'સૂગ' જ એના કારણ તરીકે નજરમાં ચડી આવે છે.

જો નિશ્ચયનયને જ નય કહેવો હોય અને વ્યવહાર-નયની બીજી બાજુ માનવી જ ન હોય તો એ સિક્કો ચલણી બનાવવા માંગો તો ય ત્રિકાળમાં બની શકે તેમ નથી.

વસ્તુના બે ય સ્વરૂપ છે.

જીવ માત્ર સમાન છે એ જીવનું નિશ્ચિત સ્વરૂપ જેટલું સાચું છે; એટલું જ સાચું એનું વ્યવહારુ સ્વરૂપ પણ છે જ કે જીવમાત્ર સમાન નથી.

જે નિશ્ચયનયનની દૃષ્ટિએ પણ એમ કહેતો હોય કે જીવની અસમાનતાનો વિચાર મારી દૃષ્ટિએ બિલકુલ સત્ય નથી; તો વ્યવહાર નય કયાં એમ નથી કહેતો કે જીવની સમાનતાનો વિચાર મારી દૃષ્ટિએ બિલકુલ સત્ય નથી? હવે આ બે માંથી એક જ વિચારને પકડી લઈને એ વિચારને સ્યાદ્વાદ દર્શનનો વિચાર કહેવાનું સાહસ કેમ કરી શકાય?

સ્યાદ્વાદદર્શન તો ઉકત બે ય વિચારનું સમન્વય સાધક દર્શન છે. બે ય વિચારધારાને જિનશાસ્ત્રોમાં રજૂ કરીને એનો સમન્વય અનેક સ્થાને કરવામાં આવેલો જ છે; ત્યાં કહ્યું છે કે બીજાની દૃષ્ટિએ બધા નયો ખોટા છે; છતાં દરેક નય પોતપોતાની દૃષ્ટિએ સાચો છે. કોઈ પણ નયથી બીજા નયનો ધિક્કાર તો ન જ કરી શકાય.

કર્મમુક્ત અવસ્થાની દૃષ્ટિએ જીવ માત્ર સમાન છે;
કર્મયુક્ત અવસ્થાની દૃષ્ટિએ જીવ માત્ર અસમાન છે.

શું આમાંની એક પણ દૃષ્ટિને ધિક્કારી શકાય ખરી? હવે જો આપણે શિક્ષકને શિક્ષક તરીકે અને વિદ્યાર્થીને

વિદ્યાર્થી તરીકે કબૂલતા હોઈએ, ડૉક્ટર અને દર્દી વચ્ચેનો તફાવત સ્વીકારતા હોઈએ, પુરુષ અને સ્ત્રી વચ્ચેનો ભેદ જોતા હોઇએ, માતા અને પત્ની તરફના વ્યવહારમાં ભેદ રાખતા હોઇએ, જો ગુરુ અને શિષ્યના સંબંધમાં ભેદની દિવાલ ઊભી કરતા હોઈએ તો આપણે શું વ્યવહારનયને સ્વીકાર્યો નહિ ?

વ્યવહારનય તો ઉપચાર છે, ખોટો છે: એમ કહીને શું આપણે ઉપરના બધા ભેદોને દેશનિકાલ કરી દેવા છે? શું માતા અને પત્નીને પણ સમાન માની લઇને સમાન વર્તાવ કરવો છે? શું ગુરુ સાથે પાટ ઉપર બેસી જઈને જીવ-સમાનતાવાદ જાહેર કરવો છે? અથવા તો ઉચ્ચસ્થાને બેઠેલા ગુરુને નીચા સ્થાને—આપણી સાથે જાજમ ઉપર બેસાડી દેવા છે? જે ગુરુ નિશ્ચયનયને જ માનતા હોય તેમનાથી આવા ભેદો–જૂઠા વ્યવહારો જીવનસાત્ સુદ્ધાં થઈ શકે ?

રે ! શું વિદ્યાર્થી શિક્ષકને પોતાનાથી મોટો સમજીને નમસ્કાર કરે છે તે શું એક જૂઠ જ છે?

શું માતાની ભક્તિ કરવાનો અને પત્નીની પ્રીતિ કરવાનો લૌકિક પુરુષનો ભેદ એ એક ગપ્પ જ છે? માતાની પ્રીતિ અને પત્નીની ભક્તિ પણ થઈ શકે ખરી ?

શું શેઠનો ગાદીએ બેસવાનો અને નોકરનો જુતિયા સાફ કરવાનો વ્યવહાર એક ધતીંગ જ છે? જો તેમ જ હોય તો શા માટે એકાન્ત નિશ્ચયનયના અનુયાયી શ્રીમંતો

નોકરને ગાદી ઉપર બેસાડી દેવા દ્વારા કે નોકરના બુટ પોતે સાફ કરવા દ્વારા એ કહેવાતા જૂઠા વ્યવહારને ખરેખર જૂઠો સાબિત કરતા નથી ?

શા માટે સ્ત્રી જ સાડી પહેરે છે અને પુરુષ ધોતીયું પહેરે છે ? ખેર.. જો આ વ્યવહાર જૂઠો જ હોય તો જૂઠો કહીને અટકી શું કરવા જાઓ છો ? અમલ કરોને ? હવે પછી સ્ત્રીઓ પણ ધોતીયું પહેરે... કદાચ એમ ઠીક ન પડતું હોય તો બધા પુરુષો સાડી પહેરે.– ગમે તેમ કરો–પણ બધું ય સમાન કરી નાંખો.

પણ અફસોસ. વેષની સમાનતા આવવા છતાં સ્ત્રી તો સ્ત્રી જ રહેશે, પુરુષ, પુરુષ જ રહેશે તેનું શું ? સ્ત્રી ગર્ભાધાન કરે તેમ પુરુષ થોડો જ ગર્ભાધાન કરવા લાગશે ?

અય ! આફત ! વળી પાછી અસમાનતા આવી ગઈ ! ટાળી કદી ય ન ટળાય તેવી જ તો.

માટે જ વ્યવહારનયને જૂઠો... ખોટો... મિથ્યા કહીને વખોડી શકાય તેમ નથી. એનું પોતાનું જે ક્ષેત્ર છે એમાં તો એના જેવો સાચો બીજો કોઈ નય નથી.

અરે ! જીવસમાનતાવાદને વ્યવહારમાં ય અપનાવશો તો જગતના ન્યાય-નીતિ પણ નહિ ચાલી શકે. મોટી અંધાધૂંધી સર્વત્ર ફેલાશે.

ચોરને ચોર નહિ કહેવાય; ડાકુને ડાકુ નહિ કહેવાય. સહુને માણસ તરીકેની સમાનદૃષ્ટિથી જ જોવા પડશે.

ઢોરને ઢોર કહીને હળે નહિ જોડાય; ઘોડાને ગાડીએ

નહિ જોડાય. સહુને જીવ તરીકેની સમાનદૃષ્ટિથી જ જોવા પડશે.

મોહનદાસ ગાંધીના ખૂની ગોડસેને ખૂની નહિ કહેવાય, એને ફાંસીની સજા નહિ દેવાય. ગાંધી જેટલો જ સન્માનનીય ગોડસેને જાણવો પડશે.

શું ગાંધી ગોડસે સમાન છે? શું જીવ માત્ર સમાન છે? તો પછી સો કીડીમારુ બાળકને ફાંસીની સજા કેમ નહિ? ગાંધી હત્યારા ગોડસેને જ ફાંસીની સજા કેમ? શું કીડી અને ગાંધીનો જીવ સમાન નથી?

ગાંધીના મૃત્યુ ઉપર કરોડો માણસોએ આંખોમાંથી આંસુ સાર્યાં! મૃત્યુ તો રોજ કોઈ ઝુંપડાવાસીનુંય થાય છે. એની ઉપર એક ગામડાના લોકો પણ કેમ આંસું સારતા નથી?

શું ગાંધી અને ઝુંપડાવાસી માણસ સમાન નથી?

અમેરિકાના પ્રેસિડેન્ટને અમેરિકનો સલામ ભરે છે. અને રસ્તાના ઝાડૂમારને લાતો મારે છે.

શું પ્રેસિડેન્ટ અને ઝાડુમાર સમાન નથી?

શું ઘઉંનો જીવ અને હાથીનો જીવ સમાન છે? તેથી શું ગમે તેનું ભોજન ચાલી શકે ખરું? ઘઉંના ભોજનમાં હજારો જીવની હત્યા સ્થૂલદૃષ્ટિએ ગણી લઈને માંસાહારને પોષણ અપાય ખરું?

બટાટા અને માંસમાં વધુ ત્યાજ્ય કોણ?

માંસ જ ને? શાથી? એકેન્દ્રિય જીવ કરતાં વધુ

પુણ્યસંપન્ન પંચેન્દ્રિયજીવની હત્યામાં વધુ પાપની ગણતરી જ ને ? રે ! આથી તો હત્યાના પ્રાયશ્ચિત્તમાં પણ ભેદ પાડવામાં આવ્યો છે.

આમ જ્યારે નિશ્ચયનયના પ્રતિપાદક જિનાગમોમાં જ વ્યવહારનયની જીવ-અસમાનતાને મંજુર રાખવામાં આવી છે ત્યારે વ્યવહારનયને એકાન્તે જૂઠા કહેનારા આપણે કોણુ ? એ નયની વિચારધારાની ક્રૂર મશ્કરીઓ કરવાનો આપણુને અધિકાર શો ?

જેમ જીવની સમાનતા અને અસમાનતાના વિચારની નયસાપેક્ષતા આપણે વિચારી તેમ નિશ્ચયનય અને વ્યવહારનયની સઘળી વિચારણાઓને સાપેક્ષ રીતે વિચારવી જોઈએ. બે ય વિચારણાઓ પોતાના સ્થાનમાં સંપૂર્ણ સત્યસ્વરૂપ છે. એકે ય ને તમે જૂઠ કે આરોપસ્વરૂપ કહી શકતા નથી.

જો સ્વસ્થાનની પોતાની અકાટ્ય બાબતોનો વિચાર આપણા અંતરમાં બરોબર બેસી જશે તો એક બીજામાં ભેળસેળ કરવાની દુષિત મનોવૃત્તિ દૂર થઈ જશે.

વ્યવહારનયના જે ક્રિયાકાંડ વગેરેની મુક્ત અવસ્થામાં જરૂર નથી તેને કર્મયુક્ત અવસ્થામાં પણ બિનજરૂરી માની લેવી એ જ વિચારોનો ભેળસેળ છે.

જે તપ–ત્યાગની સિદ્ધાવસ્થામાં આવશ્યકતા નથી તેને અસિદ્ધ દશામાં અનાવશ્યક કહી દેવા એ જ વિચારોનો ભેળસેળ છે.

જે શુદ્ધ અવસ્થામાં જીવમાત્ર સમાન બને છે તે સમાનતાવાદને અશુદ્ધ-સંસારી દશામાં જ સ્વીકારવાની વાતો કરવી એ જ ભેળસેળ.

જે વેલાને આવતી કાલે વાડની જરૂર નથી તે વાડને આજે જ ઊખેડી નાંખવાની વાતો કરવી એ જ વિચારોનો ભેળસેળ.

સ્યાદ્વાદને તો બે ય નય પ્રિય છે. બે ય પ્રત્યે એક સરખું તેને માન છે. બેયનું મૂલ્ય તે પિછાણે છે. વસ્તુના નિશ્ચિતસ્વરૂપને જેમ તે સાચું માને છે તેમ વસ્તુના વ્યવહારુસ્વરૂપને પણ તે તેટલું જ સાચું માને છે.

જેટલું સાચું એ વિધાન છે કે છગનલાલનો આત્મા શુદ્ધ–બુદ્ધ મુક્ત છે, સચ્ચિદાનન્દ સ્વરૂપ છે એટલું જ સાચું એ પણ છે કે " છતાં અત્યારે તો એ છગનલાલ જ છે, અમુક બાપનો દીકરો છે, અમુક સ્રીનો પતિ છે, અમુક પુત્રનો પિતા છે, દર્દી છે, વેપારી છે, દેવાદાર છે ઇત્યાદિ.

આ બધા ય વ્યવહારુ સ્વરૂપનો તમે ઈન્કાર કરી શકો તેમ નથી.

એ છગનલાલ કદી એમ કહી શકે ખરો કે હું અમુક સ્રીનો પતિ વગેરે છું જ નહીં. હું તો સચ્ચિદાનંદઘન છું. મારે વળી કહેવાતા પત્ની વગેરેને સાચવવાની જવાબદારી શેની ?

લેણાદારને એ કદી એમ કહી શકે ખરો કે " કોણ

લેણદાર અને કોણ દેણદાર ? હું અને તું બે ય સચ્ચિદાનંદ-સ્વરૂપ ! કોઈને કશું લેવા-દેવાનું છે જ નહિ ”

રે ! આમ કહેવું એ એકાન્તે સચ્ચિદાનંદઘનસ્વરૂપ આત્મા માટે શક્ય જ નથી. મોં વિના બોલાય નહિ; શરીર વિના મોં હોય જ નહિ, કર્મ વિના શરીર સંભવે જ નહિ. કર્મયુક્ત આત્માને એકાન્તે સચ્ચિદાનંદનો ઘન કહી શકાય જ નહિ.

ટૂંકમાં આપણે એટલું જ કહેવું છે કે તમે ભલે નિશ્ચય-નયને માન્ય કરો. એની અદ્‌ભુત વિચારધારાને સદા નજ-રમાં રમતી રાખો ! એવું ઉત્તમોત્તમ જીવન ઘડવાના મનોરથો કેળવો, પરંતુ કર્મ યુક્તના કારણે જે વ્યવહારુ જીવન તમે જીવી રહ્યા છો તેમાં તે નિશ્ચયનયની વિચારણાનું સાંકર્ય (ભેળસેળ) ન કરો.

બે ય વિચારધારાના સ્થાનભેદને બરોબર લક્ષમાં રાખો.

સ્થૂલદૃષ્ટિ જીવને એમાં અનેક ગૂંચોનાં જાળાં દેખાય છે, સૂક્ષ્મદૃષ્ટા તો એ જાળાંઓનાં તંતતંતમાં અદ્‌ભુત ગૂંથણીનું દર્શન કરી આનંદઘેલો બની જાય છે. સાચે જ નિશ્ચયવ્યવહારની ગૂંચોના જાળામાં અનંત આત્માઓ ફસાયા, અનંત સંસારની ભેંકાર ખીણમાં પટકાયા ! ગુરુગમ વિના એ ગૂંચ ઊકલતી નથી. સ્વયં ઉકેલવા જનાર એમાં વધુ ને વધુ ફસાતો જ રહે છે. આજે આપણે એ નિશ્ચય-વ્યવહાર ઉપર જ કાંઈક વિચારવું છે.

નિશ્ચયદૃષ્ટિ એ વસ્તુમાત્રનું વાસ્તવ સ્વરૂપદર્શન છે.

જ્યારે વ્યવહારદષ્ટિ એ વસ્તુસ્વરૂપનો સાક્ષાત્કાર કરવા માટેનું જરૂરી (વ્યવહારુ) સાધન છે.

નિશ્ચયદષ્ટિથી આત્મા શુદ્ધ, બુદ્ધ, અને મુક્ત છે, સચ્ચિદાનંદસ્વરૂપ છે પરંતુ વ્યવહારદષ્ટિથી એ અશુદ્ધ, અબુદ્ધ, કર્મથી બદ્ધ છે. બેય દૃષ્ટિ સાચી છે, બેય દષ્ટિ ખોટી પણ છે.

પોતપોતાના સ્થાને પોતે સાચા, બીજાના સ્થાને પોતે ખોટા છે. નિશ્ચયદષ્ટિથી વ્યવહારદષ્ટિ મિથ્યા છે, વ્યવહારદૃષ્ટિથી નિશ્ચયદષ્ટિ પણ એટલી જ મિથ્યા છે.

પર્વતની ટોચે ઊભેલાને તળેટીના માણસ વહેંતિયા જેવડા લાગે છે અને તળેટીએ ઊભેલા માણસને તે જ માણસો સાડાત્રણ ફૂટના લાંબા લાગે છે. બેમાં કોણ ખોટું ? કોણ સાચું ? તમારે કહેવું જ પડશે કે અમુક અમુક દષ્ટિએ બેય ખોટા છે, અમુક દૃષ્ટિએ બેય સાચા છે. નિશ્ચયદષ્ટિ પોતાના સ્થાને જેટલી બળવાન છે, જેટલી સાચી છે; એટલી જ બળવાન અને એટલી જ સાચી વ્યવહારદષ્ટિ છે.

તમે મગર અને હાથીની વાત સાંભળી હશે. સ્થળ ઉપર રહેલા હાથીએ પોતાનો પગ પાણીમાં મૂક્યો. મગરે તે પગ પકડી લીધો. હાથી વિચાર કરે છે. 'સ્થળમાં હું બળવાન.' મગર વિચારે છે, 'જળમાં હું બળવાન' સ્થળમાં બળવાન હાથી જળમાં તદ્દન દુર્બળ છે; જળમાં બળવાન મગર સ્થળમાં એટલો જ દુર્બળ છે. આ બેય બળવાન છે, બેય દુર્બળ

છે. ટુંકમાં કહેવાનો આશય એ છે કે આપણે નિશ્ચયને સત્યનું સ્વરૂપ કહીએ છીએ અને આરોપાત્મક કહીને વ્યવહારને અસત્ય સ્વરૂપ માનવા પ્રેરાઈએ છીએ. આપણી આત્મહત્યા માટેની આ ભયાનક ભ્રમજાળ છે. બેશક નિશ્ચયના ચશ્માથી વ્યવહાર એ અસત્ય છે પણ એ વાત કેમ ભૂલી જવાય છે કે વ્યવહારના ચશ્માથી નિશ્ચય પણ એટલો જ અસત્ય છે.

જો જીવ બધા સમાન છે એ નિશ્ચયદૃષ્ટિનું સત્ય જ સત્ય હોય તો પછી એક શ્રીમંત છે, બીજો ભિખારી છે એવો વ્યવહાર પરિપૂર્ણ સત્ય તરીકે કેમ અપનાવાયો છે? એક પુત્ર પોતાના જન્મદાતા બે જીવાત્માને માતા-પિતાના સ્થાને કેમ બેસાડે છે અને પોતાના જીવાત્માને એમના પુત્ર તરીકેના સ્થાને કેમ બેસાડે છે? જો જીવ બધા સમાન જ હોય તો માતા પિતા કોણ! પુત્ર કોણ? ગુરુશિષ્ય કોણ? આ બધો વ્યવહાર છે એને અસત્ય કહો તો એને પરિપૂર્ણ સત્ય તરીકે જ જીવનમાં કેમ પચાવવામાં આવ્યો છે? આ જ વાત સાબિત કરે છે કે વ્યવહારના સ્થાનમાં તો વ્યવહાર જેવું કાંઇ સત્ય જ નથી, નિશ્ચય પણ ત્યાં અસત્ય જ છે.

આ જ પ્રક્રિયા વ્યવહારની દૃષ્ટિમાં છે. આધ્યાત્મિક બળ પ્રાપ્ત કરવા માટે નિશ્ચયને ભૂલીને વ્યવહારને જ પરિ-પૂર્ણ સત્ય માનીને તેમાં જ પારંગત બનવું જોઈએ. ત્યાર પછી જ શુદ્ધનિશ્ચયનો આશ્રય લઈ શકાય એટલે જો તમો

અશુભવ્યવહારોથી જીવન જીવો છો તો તમારે શુભવ્યવહારને જ જીવનમાં, મનમાં અને તનમાં સર્વત્ર ગટગટાવવો જોઈએ, તેને જ પચાવવો જોઈએ, તેમાંજ નિષ્ણાત બની જવું જોઈએ. ત્યાર પછી જ તમે નિશ્ચયની વાતો કરી શકો, નિશ્ચયને જીવનમાં ઉતારી શકો.

વ્યવહારમાં જીવતો આત્મા પોતાના જીવનમાં નિશ્ચયનું અનુચિત મિશ્રણ કરે તો ઉભયભ્રષ્ટ થાય. એનો શતમુખ વિનિપાત જ થાય.

નિશ્ચયદૃષ્ટિ અને વ્યવહાર દૃષ્ટિનો સંકર ( મિશ્રણ ) થાય છે ત્યારે યથાર્થ બોધ થઈ શકતો નથી. તાત્પર્ય એ છે કે આપણે સામાન્યતઃ જે દૃષ્ટિનું જીવન જીવતા હોઇએ તે જ દૃષ્ટિનો વિચાર, વિશેષ પ્રધાન બનાવી દેવો જોઇએ. એ વખતે એમાં ભિન્નદૃષ્ટિનું સાંકર્ય કરી દઇએ તો તે ન ચાલે.

અહીં ઇતર દાર્શનિકોની દૃષ્ટિએ પણ આવા સાંકર્યમાં કેવો ઉલ્કાપાત મચે છે તે વાત સમજાવવા પ્રયત્ન કરીશ.

(૧) તાવથી પીડાતા દરદીને વૈદ્યે કહ્યું, "આ તાવ ઉતારી દેવો હોય તો કડૂકરીઆતાનો ઉકાળો લઇ લે." બાજુમાં જ એક બીજા અદ્વૈતવાદી બેઠા હતા. તે બોલી ઊઠયા, "ઓહો ! તો તો પછી ધૂળની ચપટી જ લઈ લ્યો ને ? કેમકે બધું જ બ્રહ્મસ્વરૂપ છે. ઉકાળો એય બ્રહ્મ છે, ધૂળની ચપટી એય બ્રહ્મ છે માટે ઉકાળો ધૂળની ચપટી !" જુઓ કેવી મજા થઇ ! તાવ આવવો એ

વ્યવહારનું જીવન છે, અને નિશ્ચયમાં તાવ શું, તાવવાળું શરીર પણ શું? હવે જે વ્યવહારમાં જીવે છે તે આ રીતે '**सर्वं खलु इदं ब्रह्म**' એ નિશ્ચયવાક્યનું સાંકર્ય કરી દે, તો કદાપિ ચાલી શકે ખરું? નિશ્ચયદષ્ટિએ બધું જ બ્રહ્મસ્વરૂપ છે અને તેથી ઉકાળો અને ધૂળની ચપટી એક જ વસ્તુ છે. તે વાત તદ્દન સાચી છે છતાં વ્યવ–હારમાં જીવતા માણસને જીવનમાં નિશ્ચયદષ્ટિ અમલી બનાવવી એ ભારોભાર અસત્ય નથી શું? શું ધૂળની ચપટી ઉકાળાનું કામ કરીને તાવ ઉતારી નાંખશે? કદાપિ નહિ.

(૨) બીજી એક વાત લઈએ. એક ભાઈએ પૂછ્યું કે જો બધું જ બ્રહ્મસ્વરૂપ છે તો લીમડો કડવો લાગે છે અને સાકર કેમ મીઠી લાગે છે? બેયના સમાન ગુણ કેમ નથી? અહીં પણ નિશ્ચયવ્યવહારનું સાંકર્ય થઇ ગયું છે.

(૩) ભગવદ્‌ગીતામાં કહ્યું છે,

**विद्या विनयसम्पन्ने, ब्राह्मणे गवि हस्तिनि ।**
**शुनि चैव श्वपाके च, पण्डिताः समदर्शिनः ॥**

વિદ્યાયુક્ત બ્રાહ્મણ શું કે ગામ શું કે હાથી શું? કૂતરો શું કે ચંડાલ શું? બધાય તરફ સ્થિતપ્રજ્ઞ પુરુષો સમદષ્ટા હોય છે. હવે આ નિશ્ચયદષ્ટિ છે. અહીં સમદષ્ટા કહ્યા પણ સમવર્તી નથી કહ્યા અર્થાત્ ગાયની જેમ પૂજા કરાય છે તેમ ચંડાલની પણ પૂજા કરીને બધા પ્રત્યે સમવર્તાવ રાખવાનું ન કહ્યું. વળી જો સમદષ્ટિ રાખવાનું કહ્યું તો એનો અર્થ કોઇ એમ ન કરી શકે કે કૂતરાને જેમ પૂંછડું

દેખાય છે તેમ બ્રાહ્મણને પણ પૂંછડાનું દર્શન કરવું અથવા બ્રાહ્મણની જેમ કૂતરાને ગળે પણ જનોઈ જોવી, પૂંછડું ન હોય તોય પૂંછડું જોવામાં આવે, જનોઈ ન હોય તો પણ જનોઈ જોવામાં આવે તો જ પણ્ડિતો સમદૃષ્ટા કહેવાય ને ? આવો પ્રશ્ન કરવામાં આવે તો તે માણસમાં નિશ્ચય-વ્યવહારદૃષ્ટિનું સાંકર્ય થયું છે એમ બેધડક કહી શકાય.

(૪) બીજા એક સંત પણ આવા સાંકર્યદોષને સમજાવવા શિષ્યોને કહેતા કે પારમાર્થિકદૃષ્ટિએ ચોર નારાયણસ્વરૂપ છે પણ તેથી કાંઈ તેની સાથે ભાઈબંધી ન કરાય ! એ જ રીતે અગ્નિ પણ નારાયણસ્વરૂપ છે પણ તેથી કાંઈ તેને ભેટવા ન જવાય ! ! ! વ્યવહારમાં જીવનારો પરમાર્થદૃષ્ટિને અમલમાં મૂકવા જાય તો ત્યાંના જેવો ભયંકર ઉલ્કાપાત બીજે ક્યાંય ન થાય.

(૫) બીજી એક જ્ઞાન સાથે ગમ્મતની વાત કહું. વેદાન્તનો પાઠ આપતાં આપતાં ગુરુ શિષ્યને કહે છે કે, '**जगन्मिथ्या**'—જે કાંઈ દેખાય છે તે બધું મિથ્યા છે. વસ્તુતઃ કાંઈ છે જ નહિ. એક દિવસ મદોન્મત્ત બનીને દોડતા હાથીથી બચવા માટે ભરબજારે ગુરુ દોડવા લાગ્યા. તેમને જોઈને તેમનો એક શિષ્ય દૂરથી બૂમ પાડતો બોલવા લાગ્યો, "**भो गुरो ! गजो मिथ्या, गजो मिथ्या, गजो मिथ्या !** હાથી જેવું કાંઈ છે જ નહિ પછી તમે દોડો છો શા માટે ?" તે વખતે તુરત જ ગુરુએ જવાબ આપ્યો, "**अयि वटो ! यथा गजो मिथ्या, तथा**

**પલાયનમપિ મિથ્યા** " ! જો હાથી જેવું કાંઈ છે જ નહિ તો આ 'પલાયન' જેવી કોઈ ક્રિયા પણ છે જ નહિ. છતાં જો તું મારી પલાયનક્રિયાને સત્ય માની ચૂકયો માટે જ મને "**ગજો મિથ્યા**' કહીને તેં બૂમ પાડી. તો પછી હાથી પણ મિથ્યા નથી, સત્ય જ છે." અહીં એ જ વાત સમજવાની છે કે પરમાર્થદૃષ્ટિ અને વ્યવહારદૃષ્ટિ એ બેયનું આચારમાં મિશ્રણ થઈ શકે નહિ. જો પલાયનની ક્રિયાને વ્યવહારદૃષ્ટિએ જોઈને સત્ય માની લીધી તો તે શિષ્ય ગજને નિશ્ચયદૃષ્ટિથી જોઈને આચરી શકે જ નહિ, ત્યાં પણ તેણે વ્યવહારદૃષ્ટિનો જ ઉપયોગ કરવો જોઈએ. અથવા તો ઉભયત્ર નિશ્ચયદૃષ્ટિ જ અપનાવવી જોઈએ. પણ બેય દૃષ્ટિનું આચારમાં સાંકર્ય તો હિતાવહ ન જ હોઇ શકે.

આટલા વિસ્તૃત વિવેચનનો સાર એ જ છે કે નિશ્ચય-વ્યવહારનું પ્રવૃત્તિમાં કે નિવૃત્તિમાં જડ સાંકર્ય ન હોવું જોઈએ. વ્યવહારદૃષ્ટિમાં જીવતા માણસે આધ્યાત્મિક વિકાસને સિદ્ધ કરવા માટે પ્રથમ તો વ્યવહારનયમાં જ પારંગત થવું જોઇએ અને તે માટે વ્યવહારદૃષ્ટિથી જ જીવનને, તનને અને મનને સર્વત્ર ભાવિત કરવું જોઇએ.

હવે મારે જે મુખ્ય વાત કરવી છે તે રજૂ કરું છું. આ વાતની ભૂમિકારૂપે જ અહીં સુધીની સઘળી વિચારણા સમજવી.

આજે મુમુક્ષુજગતમાં એક ભારે કમનસીબીની

ઓના ઘટમાન થઇ છે કે જેના પરિણામે પરમાત્મ-ભક્તિમાં દિનપ્રતિદિન ઓટ આવતી જાય છે.

વીતરાગ શું કરે છે? આપણી ઉપર સિદ્ધપરમાત્માનો શો ઉપકાર છે? નથી તેઓ કોઈ ઉપર રિસાતા, તેમ નથી તેઓ કોઇ ઉપર રિઝાતા કે જેથી કોઈને સુખી સુખી કરી મૂકતા હોય. સુખી આપણે જ થવાનું, દુઃખ-મુક્ત પણ આપણે જ થવાનું; સાધક મટીને સિદ્ધ પણ આપણે જાતે જ થવાનું, વીતરાગનું ત્યાં કોઈ મહત્ત્વ નથી.

વ્યવહારમાં જીવતા મુમુક્ષુઓના જીવનમાં પરમાર્થ-દૃષ્ટિનો આ વિચાર આત્મસાત્ થતો જવાનું પરિણામ એ આવ્યું છે કે વીતરાગના ભજનિયામાં મુમુક્ષુ દિલ લગાવી શકતો નથી. શુષ્ક મને એ ગીતો ગાઈ લે છે અને વીતરાગને શુષ્ક રીતે એ ભજી પણ લે છે. વીતરાગની આજ્ઞાને પાળવા છતાં ક્યાંય એનો 'અહં' જરાય મોળો પડતો નથી, એટલું જ નહિ પણ પેલું પારમાર્થિક સત્ય એણે જીવનમાં ઉતારી લઈને 'અહં' ને ખૂબ જ પુષ્ટ કરી મૂક્યો છે. હું જો નમું વીતરાગને, તો જ મારાં કર્મ ખપે તેમ છે ને? માટે મારું નમન જ કર્મ ખપાવે. વીતરાગ તેમાં શું કરી શકે!

દૂધમાં ઘી છે કે નહિ? નિશ્ચયનયને પૂછશો તો તે કહેશે કે દૂધ જ ઘી છે.

ભલે, તો રોટલી ઉપર દૂધ જ ચોપડી શકાય ખરું?

ઘીના જ અનુપાન સાથે લેવાની દવા દૂધ સાથે લઈ શકાય ખરી?

બાટમાં દૂધ નાંખી શકાય ખરું ? દૂધ જ ઘી છે પછી શું વાંધો ?

દૂધ તો તોલો બે તોલા જ લેવું જોઇશે ને ? એ કાંઈ ૦॥ શેર કે ૧ શેર તો ન જ લેવાય ને ?

આ બધી વાતો વ્યવહારમાં બિલકુલ બંધબેસતી આવે તેમ નથી. કેમકે આ વાતો નિશ્ચયનયના ઘરની છે. એ એના જ ઘરમાં શોભે.

જે માણસ વ્યવહારુ જીવન જીવે છે એણે તો દૂધને દૂધ જ માનવું રહ્યું અને એ રીતે જ સઘળો વ્યવહાર કરવો રહ્યો.

તો પેલા નિશ્ચયનયના મન્તવ્યનું શું ? એમ પૂછો છો ?

હા, તે મન્તવ્યથી તો ખબર પડી કે દૂધ એ સ્વયં ઘી બની શકે તેમ છે. દૂધમાં જ ઘી છે. દૂધ જ ઘીમાં રૂપાન્તર પામી જાય તેમ છે.

એટલે હવે શું કરવું ?

બસ... હવે દૂધનું દહીં, દહીંની છાશ, છાશનું વલોણું, માખણ તાવવું વગેરે ક્રિયા, ક્રિયા અને ક્રિયા જ.

આ બધી ક્રિયા વિના જ દૂધને તમે ઘીના સ્વરૂપમાં કદી જોઈ શકો તેમ નથી. દૂધ એ ઘી છે એ વિધાનને સત્યસ્વરૂપમાં જોવું હોય તો ઉક્ત ક્રિયા વિના ત્રિકાળમાં, ત્રણ લોકમાં જોવા મળે તેમ નથી.

દૂધ એ ઘી હોવા છતાં વ્યવહારમાં દૂધને ઘી તરીકે સમજીને ચલાવી શકાય નહિ.

એક રમૂજી ટૂચકો યાદ આવી જાય છે.

એ હતી ગામઠી નિશાળ. શિક્ષક હતા મુસલમાન. નિશાળમાં ભણતાં હિન્દુ વિદ્યાર્થીએ એક દિવસ શિક્ષકને કહ્યું કે, "સાહેબ ! મારી બાએ આપને કહેવડાવ્યું છે કે 'અમારે ગંગાસ્નાન કરવા જવાનું છે માટે દસ દિવસની રજા આપો. !"

શિક્ષકે ખડખડાટ હાસ્ય વેરતા કહ્યું, "અરે ! મન ચંગા તો કથરોટમેં ગંગા ! નથી જવાનું ગંગાસ્નાન કરવા ! ફોગટના દસ દિવસ બગાડવાના !"

પણ વિદ્યાર્થીની મા તો એને ગંગાસ્નાન કરાવવા લઈ જ ગઈ.

"મહિનાઓ પસાર થયા. એક દિવસ શિક્ષકે છોકરાંઓને કહ્યું કે, તેઓ મક્કા હજ કરવા જવાના છે માટે એક માસની રજા પાડવામાં આવશે."

આટલું સાંભળતાંની સાથે જ પેલો હિન્દુ વિદ્યાર્થી જોરથી બોલી ઊઠયો, "સાહેબ ! મન પક્કા તો પાયખાનેમેં મક્કા !"

આ વાકયે શિક્ષકના દિમાગને જોરદાર લપડાક લગાવી. એ સત્યને પામી ગયા.

શું બે ય ની વાતો સાચો નથી ? નિશ્ચયનયની દૃષ્ટિથી

એ ય વિધાનો તદ્દન સાચા છે. તો હવે તેને જ જીવનમાં આત્મસાત્ ન કરવા જોઈએ ?

તીર્થયાત્રાનું શું કામ છે? "આપણા મનમાં જ તીર્થો છે, મંદિરો છે, ભગવાન છે. બધુ ય છે" એમ કહીએ તો ચાલે ને ? "

જેઓ 'હા' કહેશે તેમને ઘણી વાતોના જવાબ દેવા પડશે.

ખાવાની પણ શી જરૂર છે! મન મસ્તાન હોય તો અમૃતના ઓડકાર આવે !

વેપાર કરીને અર્થોપાર્જનની પણ શી જરૂર છે ? ભાગ્ય હશે તો ઘરમાં જ આવીને ધન પડશે.

વસ્ત્રની પણ શી જરૂર છે ? મસ્ત થઈને ઘર બહાર નીકળી જવું શું ખોટું ?

અધ્યયનની શી જરૂર છે? આત્મા જ અનંત જ્ઞાનમય છે.

સદાચારના આગ્રહની શી જરૂર છે ? આત્મા જ સદાચારમય છે.

કપડાંની શી જરૂર છે ? અરૂપીને કપડાં શા !

સત્કર્મોની શી જરૂર છે ! અકર્માને કર્મ શા !

સદ્‌ગુરુને નમસ્કારની શી જરૂર છે ! સહુ સમાન છે ત્યાં !

પણ અફસોસ ! બધી વાતોની ડંફાસ મારવી છે, વાતોથી વ્યવહારનયને ધિક્કારી દેવો છે પણ જીવન સો વ્યવહારનયસાત્ થઈ ગએલું છે.

ભૂખ લાગે તો ખાવાની ક્રિયાનો વ્યવહાર કર્યા વિના જરા ય ચાલતું નથી ! અને છતાં પુદ્ગલ પુદ્ગલને ખાય છે, આત્માને કાંઈ લાગતું–વળગતું જ નથી. એથી આત્મા લેપાતો જ નથી વગેરે વાતો કરવી છે, ભલે.. તેવી વાતો કરો. પણ તે સાથે તેને અનુરૂપ અમલ પણ કરી દેખાડો ને ? જો પુદ્ગલ જ પુદ્ગલને ખાતું હોય અને આત્મા એમાં લેપાતો જ ન હોય તો કોલસા કેમ નથી ખવાતા ? કડવી બદામ ખાતાંની સાથે ભાવ કોના બગડી જાય છે ? ખાટો રસ મોમાં જતાં મન કેમ ખાટું થઈ જાય છે ? શું દેહાધ્યાસની વાત કરવી છે ? “ભલે. પણ તે દેહાધ્યાસ કોને થયો ? દેહને કે આત્માને ? અનાદિકાળનો અધ્યાસ તો અનાદિકાળના આત્માને જ હોય ને ? આ ભવના ક્ષણજીવી દેહને તો ન જ હોય ?

એકાન્તનિશ્ચયનયની વાતો કરનારાઓ ખાનપાનની, સિનેમા–નાટક જોવાની, મોટરોમાં દોડધામ કરવાની, વ્યવહારનયને ધિક્કારવાની બધી જ પાપક્રિયાઓ તો કરતાં જ રહે છે !

પ્રશ્ન તો એ થાય છે કે વ્યવહારનય શબ્દથી શું આ લોકોએ માત્ર શુભક્રિયા જ માની લીધી છે ? એમના ગુરુઓ ઉપદેશમાં પણ તપ–ત્યાગની ક્રિયાનું અને શુભક્રિયાકાંડનું જ ખંડન કેમ કરે છે ?

શું વ્યવહારનયમાં અશુભક્રિયાઓ પણ નથી સમાઈ જતી ? વ્યવહારનય એટલે તો મુખ્યત્વે બાહ્ય ક્રિયા વગેરેનો સમર્થક નય છે ને !

એમાં તો દેહાદિની અશુભક્રિયાઓ પણ આવી જાય. તો પછી એ બધાનું ખંડન કેમ સાંભળવા મળતું નથી !

તીર્થયાત્રાની ક્રિયા કરનારના અંગે પસીનાનાં રેલા ઊતરી જાય છે તેની ક્રૂરમાં ક્રૂર મશ્કરીઓ ઉડાડનારા બિરાદરો દોરડું પકડીને લીયા–દીયાનો તેજીમંદીનો ધંધો કરનાર સટોડીઆના અંગ ઉપરથી વહી જતાં પસીનાને કેમ વખોડતા નથી ?

વર્ષીતપ આદિ કરનારાઓનાં તપને લાંઘણ કહીને, ઠેકડી ઉડાડનાર માણસો હોટલોનાં અભક્ષ્ય ભોજનના ભોગોની બેલગામ ઉજાણી કરનારા ભોગીઓને કેમ કશી ચીમકી દેતા નથી !

ધર્મક્રિયાના સૂત્રોના અર્થના જ્ઞાન વિના પણ શ્રદ્ધાળુ બાઈઓ જે ધર્મક્રિયા કરે છે તે બાઈઓના અજ્ઞાનની ખુલ્લી હાંસી ઉડાવો છો તો તમારી ઝીણી વાતોને નહિ સમજતા તમારા ભક્તોના અજ્ઞાનને કેમ ઉપહાસાસ્પદ બનાવતા નથી ?

મંદિરમાં જઈને પરમાત્માનું મુખ જોનાર ભાવુકની જડતીઓ લેનારા સિનેમામાં જઇને બિભત્સ દશ્યો જોનારાની જડતી લેવાનો વિચાર પણ કેમ કરતાં નથી ?

સંસારનો ત્યાગ કરનારા સાધુઓને દંભી કહીને વખોડનારાઓ એમના શ્રીમંત—ભક્તોની સંસારક્રિયાને કેમ વખોડતા નથી ? શું તેમ કરવામાં કોઈ મોટો ભય ઊભો

થાય છે? શુ તેમ કરવાથી કશુંક લુંટાઈ જવાની શકયતા લાગે છે?

શિષ્ય કરનાર સાધુની ભરસભામાં લોભદશા કહેવી છે અને છોકરાંઓની સેના ઊભી કરનાર સંસારી જનોની લોભદશાને કદી આંગળી પણ કરવી નથી ?

પુસ્તક રાખનાર સાધુને પરિગ્રહી કહીને ભાંડવો છે; અને મહાપરિગ્રહી ગૃહસ્થોના જીવન માટે મૌન સેવવું છે, એમ?

"અનંત વાર ઓઘા–મુહપત્તિ કર્યા તો ય નિસ્તાર નથી થયો માટે ઓઘા–મુહપત્તિની ક્રિયાઓ જૂઠ છે" એવું કહેનાર શાસ્ત્રની એ વાતને કેમ છુપાવી રહ્યા છે કે અનંતાનંત વખત પત્નીઓ કરી તો ય જીવની વાસનાઓ શાન્ત થઈ જ નથી માટે લગ્ન જીવન એ ધતિંગ છે. ?

બે ય શાસ્ત્રની જ વાતો છે. એ તો એ શાસ્ત્રજ્ઞો (!) એ મંજૂર કરવું જ પડશે. તો પછી એક પકડીને બીજું કેમ છુપાવી રાખવામાં આવ્યું છે, અરે! ઓઘા મુહપત્તિ તો અનંતી વાર કર્યા તો ય પત્નીઓ જેટલી અનંતી વાર કરી એના તો અનંતમા ભાગે જ આવે...છતાં આ જ વાતને આગળ કરીને ઓઘા–મુહપત્તિની ક્રિયાને ભાંડવી છે અને લગ્નજીવનની ક્રિયાને જરા ય ભાંડવી નથી. શાથી ?

શું લગ્નજીવનની ક્રિયા એ કાંઈ નિશ્ચયનય છે? શું એ કાંઈ ધર્મ છે? વ્યવહારનયની અશુભક્રિયાને તમારે સુતરાં અધર્મ કહેવો પડશે. અને તેમ કહેશો તો એ અશુભક્રિયાનું

પ્રથમ તો ખંડન કરવું પડશે. આમ છતાં એની તરફ ભારે ચૂપકીદી સેવાઈ રહી છે, અને જ્યાં ને ત્યાં સભાઓમાં શુભવ્યવહારની ઘણી જ તુચ્છ ભાષાથી–ઉઘાડી મશ્કરીઓ સાથે–ખંડન કરવામાં આવે છે એ ભારે ખેદની બાબત છે.

લેખનના આ શાબ્દિક ફુંફાડાઓ તો એ ખંડનની મશ્કરીભરી ભાષાના આગ વર્ષાવતા મેગાટન બોમ્બની આગ-વર્ષા પાસે કશી જ ગણતરીમાં ઊભા રહી શકે તેમ નથી. આટલો પણ આવેશ એ ઉઘાડી મશ્કરીઓની ભાષાને જ આભારી છે.

બેશક, અનંતી વાર ચારિત્ર લેવા છતાં જીવનો મોક્ષ થયો નથી પરન્તુ તેમાં કારણ કોણ બન્યું ? ચારિત્ર કે ચિત્તમાં ભભૂકતો રહેલો સંસાર પ્રત્યેનો તીવ્ર આસકિત–ભાવ ! એ આસકિતને ટાળવામાં જ ન આવી તો ચારિત્રનો શો અપ-રાધ ? મોક્ષ ન થવા દેવામાં કારણ તો એ આસક્તિ જ હતી. માટે વખોડવા જેવો તો સંસારના સુખ પ્રત્યેનો કારમો રાગભાવ જ છે. એને તો એકાન્તનિશ્ચયવાદીઓ અડતાં જ નથી ! અને પેલી ચારિત્રની શુભ–ક્રિયાને જ ધિક્કારવા બેસી ગયા છે !

નિશ્ચયનયની દૃષ્ટિનું એ મન્તવ્ય અમને શિરસાવંદ્ય છે કે રાગાદિમય આત્મા જ સંસાર છે અને રાગમુક્ત આત્મા જ મોક્ષ છે. પણ આત્માને રાગાદિમુક્ત બનાવનાર તરીકે બાહ્ય શુભક્રિયાઓને તો કબૂલવી જ પડશે ને ! જો તેનું ખંડન કરશો તો રાગાદિમય આત્મા અશુભ ક્રિયાઓમાં લપે-

ટાઈ જ જશે. પછી તો એની રાગાદિમયતામાં વૃદ્ધિ જ થવાની. હજી એની રાગાદિમયતા માંદી પડીને મરવાની હશે તો શુભક્રિયાથી જ મરશે. માટે એ શુભક્રિયાનું જ ખંડન કરવાનું કાર્ય ખૂબ જ આત્મઘાતી બની રહે છે.

જૂના ત્રાસથી કપડાં જ ફેંકી દેવાની સલાહ દેનાર તો કેટલો મૂર્ખ ગણાય ?

નિશાળે જવા માટે આનાકાની કરતાં, પોક મૂકીને રડતાં બાળકને નિશાળે મોકલવાની વાતની માંડવાળ કરી દેનારો બાપ કેટલો બેવકૂફ ગણાય છે ? 'ભણશે તો નિશાળથી જ ભણશે' એટલી વાત પણ એને ન સમજાણી.

વારંવાર પરીક્ષામાં નાપાસ થનાર બાળક પરીક્ષા જ આપવાની માંડવાળ કરે તો શું પાસ થઈ જવાનો કે ? અરે ! જ્યારે પાસ થશે ત્યારે પરીક્ષા દઈને જ પાસ થવાનો છે.

આટલી સીધી–સાદી વાત એકાન્તનિશ્ચયવાદીઓને કેમ નહિ સમજાતી હોય ?

મનમાં એક વિચાર ધસી આવે છે. કદાચ તે વિચાર સાવ ખોટો પણ હોય. ! "શું એકાન્ત નિશ્ચયવાદી–ઓને અશુભક્રિયા પ્રત્યે આંધળો રાગ તો નહિ હોય ને ?" એને પોષવા માટે ધર્મના નામે આવા નિરુપણો તો નહિ ચાલતા હોય ને ?" ના..ના..આ વિચાર બરોબર નહિ જ હોય. એ તો માત્ર કદાગ્રહથી પકડાઈ ગયેલું બોલતાં રહેતા હશે. સિવાય કશું જ નહિ હોય.

જિનાગમોમાં તો શુદ્ધભાવવિહોણી શુભ ક્રિયાઓના

પણ સ્વર્ગાદિ ફળ જણાવવામાં આવ્યા છે. ભલે તે ફળની કશી મહત્તા ન હોય, અનુબંધમાં તે સ્વર્ગાદિ રખડાવનારા જ બને છે માટે.

છતાં કેટલીકવાર તો અતિમુગ્ધ ભાવુક આત્માઓને શુદ્ધક્રિયાના માર્ગે ચડાવવા માટે એવા સાંસારિક આશયો સાથે પણ શુભક્રિયા કરાવવાની માત્ર ગીતાર્થ મુનિઓને સત્તા આપવામાં આવી છે.

આ પરિસ્થિતિમાં આડેધડ વ્યવહારનયની શુભક્રિયાઓને ધિક્કારી દેવી, એની ઉઘાડેછોગ મશ્કરીઓ ઉડાડવી એ તો બિલકુલ અનુચિત કાર્ય ગણાય.

★

[ ૮ ]

## વ્યવહારનયના જીવનની આવશ્યકતા કોને ? સહુને.

જિનાગમોમાં નિશ્ચયનયનું અને વ્યવહારનયનું બેયનું મન્તવ્ય રજૂ કર્યું છે.

આ પ્રકરણમાં આપણે એ પ્રશ્ન ઉઠાવીએ છીએ કે વ્યવહારનયની જરૂર કયા આત્માઓને હોય ? નિશ્ચયનયના જીવનની યોગ્યતા કયા આત્મામાં ગણી શકાય ? શાસ્ત્રકારોએ તો બે ય મન્તવ્યો રજૂ કર્યાં પણ વ્યક્તિગત રીતે દરેક મુમુક્ષુને એ વાતની શી રીતે સૂઝ પડે કે એણે કયું મન્તવ્ય જીવનસાત્ કરવા યત્ન કરવો ?

કેટલાક લોકો એમ કહેતાં સાંભળવા મળે છે કે, "અમારું મન ખૂબ જ પવિત્ર રહે છે એટલે અમારે એ માટે તપ–ત્યાગ કરવાની જરૂર નથી;" બીજા કેટલાક કહે છે કે, "અમે તો મનમાં જ પરમાત્માની સ્થાપના કરીને એમનું ધ્યાન ધરી શકીએ છીએ એટલે અમારે મંદિરમાં

જઈને મૂર્તિના દર્શન કરવાનો વ્યવહાર પાળવાની કશી જરૂર નથી."

કેટલાક વળી એમ કહે છે કે, "અમે તો સંસારમાં રહીને જ ધર્મ કરી શકીએ એટલે અમારે દીક્ષા લેવાની ક્રિયા કરવાની જરૂર જ નથી."

આ બધી વાતો સાચી હશે કે ખોટી ? એની પારાશીશી શું ? આ લોકો નિશ્ચયનયના જીવનને પામવાની જે વાતો કરે છે અને વ્યવહારનયની શુભક્રિયાઓને પોતાના માટે બિનજરૂરી ગણાવે છે તે બધું ખરેખર સાચું છે કે ગપ્પ ? એની આપણને શી રીતે ખબર પડે ?

જગતમાં સત્ય કરતાં દંભનો ચળકાટ સદૈવ હજારો ગુણ વધુ હોય છે ! જ્ઞાન કરતાં અજ્ઞાનના સીમાડા વધુ વિસ્તરેલા હોય છે. એટલે કાં તો માણસો દંભી હોઈને આવી વાતો કરતાં હોય; કાં તો એમને પોતાના આત્માની વાસ્તવિક સ્થિતિનું જ્ઞાન જ ન હોય તેથી પણ આવું વિધાન કરતા હોય.

વાત એ છે કે વ્યવહારનય તો શુભ અને અશુભ ક્રિયાનો નય છે. બેશક, શાસ્ત્રોક્ત નય શુભ ક્રિયાને વિધેયતયા પોતાના સ્વરૂપમાં સમાવે છે. અને અશુભક્રિયાને નિષેધતયા પોતાના સ્વરૂપમાં સમાવે છે.

જે આત્માઓને અશુભક્રિયા, અશુભદશ્યો, અશુભ તત્ત્વોની અસર થતી હોય તે આત્માઓએ શુભક્રિયાના વ્યવહારનયનું શરણું લીધે જ છૂટકો છે.

જેમના મનની તાસીર ( tendancy ) જ અશુભ-તત્ત્વોને ઝડપવાની છે તેમનું મન શુભ-તત્ત્વોને પણ ઝડપી શકે છે. હા. પથ્થરમાં અશુભની પણ લાગણી નથી તો ત્યાં શુભની સામગ્રી રજૂ કરવાનું તદ્દન નિરર્થક બની જાય છે.

જીવ તો લાગણીનું પ્રચણ્ડ તત્ત્વ છે. જે જીવો જ્યાં સુધી અશુભ લાગણીને ઝડપવાની તાસીર ધરાવે છે ત્યાં સુધી તે જીવોને શુભની પણ લાગણી થવાની જ.

જેને પત્ની ખાતર આંસુ આવે છે તેને દેવ-ગુરુ ખાતર આવવાની શકયતા રહેવાની જ.

હા. જે અતિનિષ્ઠુર હૃદય ધરાવે છે. જેને કદી પણ કોઈ સ્વજનના વિરહની પાછળ આંસું પડતાં જ નથી તેને માટે દેવ-ગુરુના વિરહના આંસું પડાવવાનો પ્રયત્ન કરવો એ તો નરી મૂર્ખતા ગણાય.

જે લોકો દેવમૂર્ત્તિના દર્શનની જરૂર માનતા જ નથી એમને આપણે તાવી લેવા જોઈએ. એમને એ વાત પૂછવી જોઈએ કે તમને લોકોને બીભત્સ ચિત્રો જોવાથી ચિત્તમાં સહેજ પણ ખળભળાટ જાગે છે ખરો ? તમે જો સિનેમા જોતા હો તો ત્યાં તમને કોઈ ઉત્તેજના થાય છે ખરી ? તમારો પોતાનો ફોટો તમે જાતે ઘરમાં ટિંગાડયો છે ખરો ? એ જોતાં તમને 'કાંઈક' પણ લાગણી થાય છે ખરી ? જો હા.... તો તમારા માટે મૂર્તિદર્શન અનિવાર્ય બને છે.

હજી આગળ વધો. જો તમને પત્નીની વેણીમાં ફુલ

ખોસવાનો આનંદ આવતો હોય, તેની અલંકારોની સજાવટથી તેના રૂપમાં વધુ મોહકતા જણાતી હોય, તમારું ચિત્ત વધુ મોટી ઝણઝણાટી અનુભવતું હોય તો તમારે માત્ર પ્રભુદર્શનથી નહિ ચાલે. તમારે મૂર્તિને અંગરચના કરવી જ પડશે; પુષ્પોની ભવ્ય આંગી બનાવવી જ પડશે; એ બધું ય તમે જોશો કે નાચી ઊઠશો. આકર્ષકને જોઈને નાચી ઊઠવા સદા ટેવાએલું મન નાચી જ ઊઠશે.

નાચ નાચમાં ય ફેર હોય છે ને? એક હતો સંસારનો જડ નાચ! હવે આ છે આત્માનો ચૈતન્યમય નાચ!

આવો જ પ્રશ્ન તપ–ત્યાગને બિનજરૂરી જણાવતાં કહેવાતા ઉત્કૃષ્ટ સાધકોને પૂછો કે તમને ખાતા–પીતાં રસનો અનુભવ થાય છે ખરો? કડવી વસ્તુ કડવી લાગે છે ખરી? દાળમાં મીઠું ઓછું પડયાની મનને ખબર પડી જાય છે ખરી? ઠંડી થઈ ગએલી રસોઈ જમતાં મનમાં સહેજ કચવાટ થાય છે ખરો?

જો જવાબ હકારમાં આવે તો તેમને જણાવી દેવું જોઈએ કે તમારે તપ–ત્યાગનો વ્યવહાર ધર્મ અવશ્ય કરવો જોઈશે. જેને ભોગમાં રસ જાગે તેણે તપ તરફ ધ્યાન આપવું જોઈએ. ભોગનો રસ તપનાં રસમાં રૂપાન્તરિત કરવો જ જોઈએ. વળી એ વાત અશકય પણ નથી. જે મનમાં રસની નીપજ છે તે મનમાં તપના રસની નીપજ શકય છે. જ્યાં રસ જ ન હોય.... કોઈ રસની ઉત્પત્તિ જ ન હોય.... ત્યાંની વાત સાવ જૂદી છે.

ઘરમાં જ ધર્મ સિદ્ધ થવાની વાતો કરનારા લોકોને આવો જ પ્રશ્ન પૂછો. એમને પૂછો કે તમને ગૃહકાર્યનો માથે ભાર લાગે છે ખરો ? તમારા સ્વજનોમાં કોઈને માંદગી આવે તો તમારા અંતરમાં કોઈ ખળભળાટ જાગી જાય છે ખરો ? દીકરા–દીકરીના લગ્નમાં તમે ખુશાલી અનુભવો છો ખરા ? ઝાઝી નહિ કદાચ; પણ બહુ અછડતી આનંદધારા પણ મનને અડી જાય છે ખરી ?

જો જવાબ હકારમાં જાય તો એમને કહી દેવું જોઈએ કે તમારા માટે ગૃહત્યાગ–દીક્ષા–અનિવાર્ય છે.

જેને પિતા ઉપર મમત્વ છે તેને ગુરુ ઉપર જરૂર થઈ શકશે; જેને પુત્રો ઉપર સ્નેહ છે તેને શિષ્યો ઉપર જરૂર થશે. જેને અર્થ ઉપર પ્રેમ છે તેને જ્ઞાન ઉપર પ્રેમ જરૂર થશે. જેને વધુ કમાવવાની ધૂન જાગી છે તેને વધુ સ્વાધ્યાયની ધૂન અવશ્ય જાગશે.

જોવી છે મમત્વની ,સ્નેહની, પ્રેમની, ધૂન વગેરેની મનમાં ઝણઝણાટીઓ ? જો તે આબાદ હોય તો ઝણઝણાટીઓના વિષયો જરૂર બદલી શકાય. અપ્રશસ્ત બધું ય ટાળીને પ્રશસ્ત બધું ય જીવનમાં લાવી શકાય.

પથ્થરને માટે પ્રશસ્ત યોગ અસંભવિત છે કેમકે એને અપ્રશસ્ત યોગ અસંભવિત છે. જેને અપ્રશસ્તના યોગમાં જ્યાં સુધી સ્પન્દન છે ત્યાં સુધી તેણે પ્રશસ્તના યોગોની આરાધના કરવી જ રહી. એ માત્ર વાતો કરીને, પોતાને મોટો સાધક ગણાવી દઈને, પ્રશસ્ત વ્યવહારોથી જો આઘો

રહી જાય તો કાં તો એ દંભી હોઈને ધિક્કારપાત્ર બને; કાં તો અજ્ઞાન હોઈને દયાપાત્ર બને.

હવે મારો પ્રશ્ન એ છે કે એવો એકાદ આત્મા તો દેખાડો જેને અપ્રશસ્તનો યોગ થતાં ચિત્તમાં લેશ પણ ખળભળાટ ન થતો હોય ?

રે ! જો કોઈ શાબાશી લેવા આવે ને તો ય હું શાબાશી ન આપું. કેમકે જે જિનાગમોનો અમે સ્વાધ્યાય કર્યો છે એ તો છઠ્ઠા-સાતમા ગુણસ્થાનના માલિક બનેલા સાધુને પણ દશવૈકાલિક સૂત્ર દ્વારા એવું હિતવચન ફરમાવે છે કે, “સાધુ ! તારે ભીંત ઉપર આલેખાએલા નારીના સુંદર ચિત્ર તરફ પણ નજર નાંખવી નહિ.”

જો અપ્રશસ્ત સંબંધમાં સાધુના અંતરમાં પણ ઝણઝણાટી ઉત્પન્ન થતી હોય તો નીચેના ગુણસ્થાનોના માલિક ગૃહસ્થોની તો શી વાત કરવી ? એવી વાત કરનાઓને કાં તો પાકા દંભી જ માનવા પડે; કાં તો પક્કા અજ્ઞાની.

આ વિચાર ઉપરથી એ વાત નક્કી થઇ જાય છે કે કે વર્તમાન ભરતક્ષેત્રમાં સહુ કોઈ આત્માનું અંતર અપ્રશસ્ત યોગમાં ઝણઝણાટી અનુભવે જ છે. માટે દરેક આત્મા પ્રશસ્તયોગની ઝણઝણાટીઓ અનુભવી શકે છે.

બીજી વાત એ નક્કી થઈ કે જયાં સુધી અપ્રશસ્ત યોગ અંતરમાં પીડા ઉત્પન્ન કરતો હોય ત્યાં સુધી પ્રશસ્ત-શુભક્રિયાનો—વ્યવહાર જીવનમાં અપનાવ્યા વિના ચાલી શકે

જ નહિ. અગીઆરમા ગુણસ્થાન સુધી અપ્રશસ્તયોગની ઝણઝણાટીઓ ઉત્પન્ન થઈ શકે છે માટે તે ગુણસ્થાન સુધી તો શુભક્રિયાના વ્યવહારોની અનિવાર્ય આવશ્યકતા સિદ્ધ થઈ જાય છે. વર્તમાનકાળના ભરતક્ષેત્રના સાધુસંતો પણ સાતમા ગુણુસ્થાનથી ઉપર જઈ શકતા નથી તો ગૃહસ્થોની તો શી વાત કરવી ?

મારે તો શાસ્ત્રદૃષ્ટિ સાથે આગળ વધીને એટલે સુધી કહેવું છે કે હજી કદાચ મુમુક્ષુનું મન બગડેલું હશે તો ચાલી શકશે પરન્તુ એનો બાહ્યાચાર તો સદા શુદ્ધ જ રહેવો જોઈએ.

મનને બગાડીને એ માત્ર પોતાની જાતને જ બરબાદ કરશે. પરન્તુ જગતને નહિ. કેમકે એના મનના બિગાડની સીધી ખબર જગતને પડી શકતી નથી. (એ ખબર તો બાહ્યચારના બિગાડ દ્વારા જ પડે છે. )

પણ જો મુમુક્ષુ પોતાના આચારને બગાડશે તો જગતને ડુબાડશે. ભલે કદાચ મનથી એ શુદ્ધ પણ હોય તો ય એણે, આચારથી શુદ્ધ રહેવું જ રહ્યું. મનની એ શુદ્ધિને કાંઈ જગત જોઈ શકતું નથી. એ તો જુએ છે એનો બાહ્યાચાર.

સગી બહેન સાથે પણ એકાન્તમાં બેસીને સાધુ વાત કરી શકે ખરો ? તેનું મન એ વિષયમાં નિર્વિકાર હોય તો પણ તેનાથી આવો બાહ્યાચાર અપનાવી શકાય ખરો ? નહિ જ. કેમકે જગતના બધા જીવો એ વાત નથી જાણતા હોતા કે, 'એ મુનિની બહેન છે કે બહેનપણી છે ?' એટલે

એ લોકો તો ઝટ કેટલાક વિચિત્ર રદિયા આપી દેવાના, સાધુમાત્રને શિથિલ કહી દેવાના. આ નિંદા વગેરેના પાપે એ લોકો સમ્યક્ત્વાદિ ગુણો વમી જવાના.

જ્યાં જ્યાં એ વાતનો પ્રચાર થવાનો ત્યાં બધે ય આગ લાગવાની; આત્મગુણોના બાળ છોડવાઓ બળીને ખાખ થતા જવાના.

ધર્મ તો બાહ્યાચારથી ચાલે છે, ધર્મની અકલંક પરંપરા બાહ્યાચારથી આગળ વધે છે, ભગવાનનું શાસન મુખ્યત્વે બાહ્યાચારથી ચમકે છે. બેશક. વિરાટ બળ તો મનઃશુદ્ધિ આદિનું જ છે. એ જ સૂક્ષ્મતમ બળ છે. પરન્તુ એનું કાર્ય સ્વાત્મશુદ્ધિનું છે; પરાત્મશુદ્ધિ માટે તો એ આંતરશુદ્ધિને આચારમાં અભિવ્યક્ત કરવી જ પડે. સ્થૂલદૃષ્ટિ જીવોને સ્થૂલ આચારના દર્શન દ્વારા સૂક્ષ્મમનનું દર્શન થઈ શકે છે.

જો જિનશાસન આભ્યન્તર મન ઉપર જ ચાલે તો તો કાળો કેર વર્ત્તી જાય. લાખો દંભી માણસો પોતાના મનને પવિત્ર જાહેર કરી દઈને ઉઘાડે છોગ અનાચારનું સેવન કરવા લાગી જાય. પછી એમને કોઈ હાથ ઝાલી શકે જ નહિ, એમને રોક-ટોક થઈ શકે જ નહિ.

ફરી એક વાત સમજી લો કે સ્વહિતની આરાધના સિદ્ધ કરવા માટે મુખ્યત્વે મનઃ( નિશ્ચય ) શુદ્ધિ જરૂરી છે જ્યારે પરહિતકરણની સફળતા માટે તો મુખ્યત્વે બાહ્યાચારની શુદ્ધિ જરૂરી છે. અહીં કદાચ મનની થોડી ગરબડ હજી

ચલાવી લેવાશે પરન્તુ તે સ્થિતિમાં આચારની ગરબડ તો નહિ જ ચલાવી શકાય.

મન બગડયાં છતાં જેનો આચાર સુંદર રહે છે એ આત્માને ફરી મનને પવિત્ર કરવાની એક મોટી શકયતા અકબંધ ઊભી રહી જાય છે.

મનમાં વિજાતીય દર્શનનો વિકાર જાગવા છતાં આચારમાં વિજાતીય દર્શનને જે લાવતો નથી; મનને સમજાવીને પણ આંખોને જ નમતી ઢાળી જ રાખે છે એને એ વિકાર ધીરે ધીરે શાન્ત થઈ જવાનો એક મોટો આશાવાદ (Chance) ઊભો રહે છે.

પણ મન બગડતાં જ જે મુમુક્ષુ આચારને પણ બગાડી નાંખે છે તેનું બગડેલું મન સુધારતું તો નથી જ. બલ્કે વધુ બગડે છે. વિકારોની આગને ભોગમાર્ગે જઈને બુઝવવા જનારા આત્માઓમાંથી એકાદની તો મને યાદ આપો કે જેણે એ માર્ગે જઈને મોક્ષ મેળવ્યો હોય. બગડેલા મનને ફરી શુદ્ધ કરી દેવાનું બાહ્યાચારની શુદ્ધિનું બળ જાણ્યા પછી, પરહિત કરવા માટે બાહ્યાચારની સુન્દરતા અનિવાર્ય છે એ વાત સમજાયા પછી, શાસન તો બાહ્યાચારની શુદ્ધિ ઉપર જ ચાલશે' એ સત્ય જાણ્યા પછી જરૂર સમજાશે કે બાહ્ય શુભવ્યવહાર તો અત્યન્ત મૂલ્યવાન્ ધર્મ છે. એને કોઈ પણ સંયોગમાં અવગણી શકાય નહિ. એની અવગણનામાં તો ઘણા સાધુઓ, અને ઘણા સંસારીઓ દંભી બની જાય. મનને પવિત્ર જણાવીને બધું અપવિત્ર આચરવા લાગી જાય. કોઈ કોઈને રોકી ન શકે.

[૨૧૬]

મનઃશુદ્ધિપૂર્વકનો બાહ્યાચારનો બિગાડ પણ કેટલો ખતરનાક છે એ વાત એક બાવાના કડવા અનુભવમાંથી બહુ સ્પષ્ટ થઇ જાય છે.

એણે ઝુંપડાની દિવાલમાં કાંણું પાડીને બાજુના ઘરની ગરીબ સ્ત્રીને લોટ પહોંચાડવાનું નિત્યકર્મ રાખ્યું હતું. એ બાઇ સાથે એનો લગીરે આડસંબંધ ન હતો. એ માત્ર દુઃખી થયો હતો એ બાઈની કારમી ગરીબીથી.

ગામના લોકોને આ વ્યવહારે શંકિત કરી દીધા. બાવાની જડતી લીધી. ઘણી ઉલટ-તપાસ કરી. બાવાએ સત્ય વાત કરી. છતાં કોઈને વિશ્વાસ ન બેઠો. એને લાકડીએ ઝૂડી ઝૂડીને માર્યો.. દંભી! લબાડ! કામાંધ વગેરે ગાળો પેટ ભરીને દીધી! રડતો રડતો બાવો એ ગામને અલવિદા કરી ગયો.

બીજી પણ એક વાત જણાવી દઉં. અમદાવાદમાં એક શેઠની દુકાને બપોરના સમયે ૩-૪ કલાક સુધી તેનો એક મિત્ર રોજ બેસતો. મિત્ર કાંઈક ગરીબ હતો. એક દિવસ સોનાની લગડી ગણતાં મુનિમના હાથમાંથી એક લગડી ઊછળીને કયાંક પડી. મુનીમે ઘણી તપાસ કરતા ય ન મળી એટલે શેઠ અકળાયા.

યોગાનુયોગ મિત્રના ખિસ્સામાં એની પોતાની એક સુવર્ણ-લગડી હતી. "શેઠ જો તેના ખિસ્સામાં હાથ નાંખે અને આ લગડીને એમની જ માની લઈને મને ચોર ઠરાવીને બદનામ કરે તો?" આ વિચારે મિત્ર ધ્રુજી ઊઠયો. પોતે

ચોર ન છતાં ચોર તરીકે ઠરાઈ જવાની પૂર્ણ શક્યતા જાણીને એણે એ લગડી ગાદી નીચે સંતાડી દઈને થોડી વાર બાદ બહાર કાઢીને શેઠને આપતા કહ્યું, "લો તમારી લગડી મળી ગઈ. ગાદી નીચે હતી." શેઠને શાન્તિ થઈ. મુનીમે કોથળીમાં એ લગડી નાંખી દીધી.

પણ સત્ય કદી મરતું નથી. મોત અસત્યનું જ હોય છે. ત્રણ દિવસ બાદ બપોરના સમયે મુનીમ ખડીઓ સાફ કરતા હતા. ત્યારે એમાંથી જ ખણુણુણુ...કરતી લગડી પડી.

રે! આ બીજી લગડી ક્યાંથી આવી? શેઠ અને મુનીમ વિચારમાં પડી ગયા.

મિત્ર ત્યાં જ બેઠો હતો. તેણે સઘળી સત્ય હકીકત જણાવીને કહ્યું કે, "મારી લગડીને સાથીઆનું નિશાન છે. કોથળીની લગડીઓને તપાસીને આપ ખાત્રી કરી શકો છો."

કહેવાની જરૂર નથી કે એ મિત્ર શેઠનો જિગરજાન મિત્ર બની ગયો.

બાહ્યાચારનું (શુભ વ્યવહારનું) કેટલું મૂલ્ય છે એ વાત આ બે પ્રસંગો ઉપરથી સારી રીતે સમજાઈ જશે.

જગતના તમામ લોકોને શુભ–વ્યવહારની અનિવાર્ય જરૂરિઆત છે એ વાતનો આપણે સ્વીકાર પણ કરીશું તો પૂર્વોક્ત દંભના કે અજ્ઞાનના સળગતા સીમાડાઓમાં ફેંકાઈ જઈને બળીને રાખ બની જતાં ઊગરી જઈશું.

**વીતરાગને પણ વ્યવહારનયના જીવનની જરૂર ખરી ?**

પ્ર–જેના મનને અશુભવ્યવહાર સ્પર્શી જતો હોય, થોડી પણ સંવેદના જગવતો હોય તેવા આત્માને જ જો શુભવ્યવહારની જરૂર હોય તો જેઓ વીતરાગ થયા છે તેમને તો શુભવ્યવહારોની જરૂર નહિ જ ને ! નિશ્ચયધર્મ સિદ્ધ થઈ થઈ ગયા પછી એમને વ્યવહારની જરૂર કેમ હોઈ શકે ?

ઉ–જેઓ વીતરાગ નથી થયા એમને તો શુભવ્યવહાર વિના ચાલે જ નહિ. પરન્તુ જેઓ વીતરાગ થયા છે એમને ય કેટલાક શુભવ્યવહાર અત્યન્ત અનિવાર્ય છે.

પ્ર–રે ! એ શી રીતે ? રસોઈ થઈ ગઈ, જમી લીધું પછી વળી કોલસા સળગાવવાની શી જરૂર ! જેણે હજી ભોજન કર્યું જ નથી તે ભલે કોલસા સળગાવે પણ જે જમી પરવાર્યા તેમને કોલસા સળગાવવાના હોય ? તમે તો વિચિત્ર વાત કરી ?

ઉ–હા. ભોજન જમી લીધા પછી પણ કોલસા સળગાવવા પડે.. મહેમાન આવી ચડ્યા હોય તો મહેમાન માટે ફરી રસોઈ બનાવવાનું અનિવાર્ય બની જાય છે.

જેઓ વીતરાગ બન્યા નથી એમણે પોતાની જાતના હિત માટે વ્યવહાર ધર્મ પાળવાનો છે. જેઓ વીતરાગ બની ચૂક્યા છે એમણે વ્યવહાર ધર્મ જગતના જીવોના હિત માટે પાળવાનો હોય છે.

હા. જેટલો વ્યવહાર જગતના હિતમાં પરિણમી જતો હોય તેટલો જ. જાત માટેના હિતમાં પરિણામના વ્યવહારની તેમને જરૂર નહિ.

મહેમાનને જે ચીજની જરૂર ન હોય તે ચીજ નવી રસોઈમાં ન જ હોય તે તદ્દન સહજ છે.

(૧) પરહિતકરણની ભાવનાથી તીર્થંકરદેવોના જ તારક આત્માઓ ઓળઘોળ થઈ ગયા હતા. એ તારકો તીર્થંકરપદ તો ઘરમાં બેસીને જ પામી શકત છતાં તેમ થતું નથી તેનું કારણ તેમનું કર્મ જ તેમને ઘરબાર ત્યજાવે છે. ઘરબાર ત્યાગીને ધર્મ સાધવાનો ઉપદેશ જેમને દેવાનો છે તેઓ જાતે ઘરબારી રહે તો તે ઉપદેશની અસર કેટલી પડે!

બીજાને બોધ દેવા માટેના બોધથી જાતને વાસિત કરી દેવી જોઈએ.

એક લાખ શબ્દ અને એક જ આચાર એ તુલ્ય બળવાળા કહેવાય છે.

ભલે માતાને ઉધરસ ન થઈ હોય છતાં રાત ને દી 'ખોં ખોં' કરતાં બાળની ઉધરસ મટાડવી જ હોય તો ઉધરસ કરતી પીપરમીંટ ખાવાનું માતાએ જ પ્રથમ બંધ કરવું પડશે. એ પછી જ બાળકને તેનો ઉપદેશ આપી શકે. જો તેમ ન કરે તો નાદાન બાળક સામો પ્રશ્ન કરશે કે, "મા! તું કેમ પીપરમીંટ ખાય છે?" કેમકે રોગના સદ્‌ભાવ–અભાવની ફીલસુફીમાં બાળક ઊતરવા માંગતું નથી.

જગતના જીવો પણ અજ્ઞાન હોઈને બાળ જ છે ને? એમને ધર્મ પમાડવા માટે વીતરાગ પરમાત્માઓ જાતે એ ધર્મનું આચરણ કરેછે.

(૨) વીતરાગતા પ્રાપ્ત થયા બાદ પણ તેઓ કદી સ્રીને અડતા તો નથી પણ અડવા દેતાં ય નથી. અડે તો કાંઈ તેમની વીતરાગતાને આંચકો આવવાનો જ નથી છતાં તેઓ એ વ્યવહાર પાળે છે. જગતના જીવો માટે જ તો !

ભગવાન મલ્લિનાથનો દેહ સ્રીનો હતો માટે રાત્રિના સમયે પોતાના પુરુષ ગણધરોની સાથે રહેતા ન હતા. રાત્રિનો સમય થતાં જ તેઓ સાધ્વીઓના ઉપાશ્રયમાં ચાલ્યા જતા.

પુરુષ–ગણધરોની સાથે-એક ઉપાશ્રયમાં-સંથારો કરવાથી કાંઈ તેઓ સરાગ બની જાય એ તો ત્રિકાળમાં શકય ન હતું. છતાં આટલો કડક વ્યવહાર તેઓ પાળતા હતા. જગતના જીવો માટે જ તો !

(૪) ચક્રવર્ત્તી રાજા ભરતને આરીસાભવનમાં જ કેવળજ્ઞાન થયું હતું. વેષ લઈને ઈન્દ્ર હાજર થાય છે. તે કહે છે, “ મારે આપને વંદના કરવી છે, પરન્તુ પ્રથમ આપ આ વેષ ધારણ કરી લો; પછી વંદના કરું. ”

અહીં પ્રશ્ન થશે કે હવે રાજા ભરતને વેષની શી જરૂર ? ઈન્દ્રે આવો આગ્રહ શા માટે કરવો જોઈએ ? વેષ તો વીતરાગતા પામવા માટેનું સાધન છે. રાજા ભરતને એ વીતરાગતા તો સિદ્ધ થઈ ગઈ. પછી પણ વેષ શા માટે ? સાધ્યની સિદ્ધિ પછી સાધનની શી જરૂર ?

આનું સમાધાન એક જ છે કે સિદ્ધિ પામ્યા પછી પણ સાધનની જરૂર બીજાઓને એ સિદ્ધિ પમાડવા માટે હોય છે.

કોઈ ભવ્યાત્મા સંસારી વેષમાં ભાવસાધુત્વ પામી જાય તો પણ તેણે સાધુનો વેષ તો સ્વીકારવો જ જોઈએ. એ વેષથી એને બે લાભ થાય. પામેલું સાધુપણું જાય નહિ અને સાધુપણાની ટોચ-સાધના સિદ્ધ કરવાના સંયોગો સુલભ બને.

**વિરાગીને વેષની જરૂર, સાધુત્વની પ્રાપ્તિ માટે.**
**સાધુને વેષની જરૂર; પ્રાપ્ત સાધુત્વના રક્ષણ માટે.**
**અને વીતરાગને વેષની જરૂર જગતને વેષનો મહિમા સમજાવવા માટે.**

જો રાજા ભરતને વેષ વિના પણ ઈન્દ્રે વંદના કરી હોત; જો રાજા ભરતે વેષ વિના પણ કેવળી તરીકેનું શેષ જીવન પસાર કર્યું હોત તો આજે તો ગામે ગામ સોનગઢ વસી જાત. ઘર ઘરમાં સહુ પોતાને રાજા ભરત કહેવડાવત; સહુ પોતાની પૂજા કરાવત.

રાજા ભરતે કેવળજ્ઞાન પછી પણ વેષ પરિધાન કર્યું છે એ શાસ્ત્ર-વિચાર વ્યવહારનયનું જબરદસ્ત સમર્થન કરે છે.

(૫) ભગવાન મહાવીરદેવના જીવનના બે પ્રસંગ વ્યવહારનયને શિર નમાવે છે.

એક વાર તેઓ ભયંકર તાપમાં વિહાર કરતા હતા. રસ્તામાં પંદરસો સાધુઓને કારમી તૃષા લાગી. પરમાત્માએ કેવળજ્ઞાનના બળથી જાણ્યું હતું કે નજદિકના તળાવનું પાણી સૂર્યતાપથી તપી જઈને સંપૂર્ણપણે અચિત્ત થઈ ગયું

છે. છતાં પ્રભુએ તે વાત ન કરી. બધા તૃષાર્ત સાધુઓને અનશન કરવાની અનુજ્ઞા આપી. સહુ સમાધિપૂર્વક કાળધર્મ પામી સદ્ગતિમાં ગયા.

પ્રભુ તો પરમકૃપાળુ હતા ! છતાં તેઓએ અચિત્ત-જલપાનની અનુજ્ઞા કેમ ન આપી ! એનો ઉત્તર એ જ છે કે એ પરમકૃપાળુ હતા માટે જ એવી અનુજ્ઞા ન આપી ! જો અનુજ્ઞા આપી હોત તો પોતાની ભાવી સંતતિ પણ એનું જ અનુકરણ કરીને ધૂમતાપના સમયમાં પાણીમાંઅચિત્ત પણાની કલ્પના કરી લેત. અને સચિત્ત કે મિશ્રજલનું પણ પાન કરી લેત.આમ લાખો સાધુઓનું અહિત થાત.

અશુભ વ્યવહારનો આવો ચીલો ન પડી જાય તે માટે જ પ્રભુએ અનુજ્ઞા ન આપી. એ કૃપાળુએ લાખો સાધુનું અહિત નિવાર્યું અને પંદરસો સાધુને સદ્ગતિમાં મોકલ્યા.

વ્યવહાર માર્ગનું કેવું પ્રચણ્ડ પોષણ !

બીજો પ્રસંગ આ મુજબ છે.

એ જ પરમકૃપાળુ પરમાત્માને જ્યારે લોહીના ઝાડા થયા હતા ત્યારે સિંહ અણગારના અતિ આગ્રહને વશ થઈને તેઓએ તેમને જણાવ્યું હતું કે, તમે રેવતી શ્રાવિકાને ત્યાં જાઓ. પણ એને ત્યાં જે આધાકર્મી કોળાપાક છે તે ના લાવશો. અને જે નિર્દોષ બીજોરાપાક છે તે જ લાવજો.”

પ્રભુને વળી નિર્દોષ શું અને સદોષ શું ?

સદોષ ભોજનથી એમની પ્રભુતા જરા ય નંદવાય તેમ ન હતી. છતાં નિર્દોષ ભોજનનો વ્યવહાર પાળવાનો આગ્રહ શા માટે ?

એક જ ઉત્તર....જગતના જીવોનું હિત કરવા માટે. હા. જાત માટે નહિ.

જો આ રીતે નિશ્ચયસિદ્ધિ થયા પછી પણ વ્યવહાર-નયના કેટલાંક જીવનની આવશ્યકતા રહે છે તો જેમને હજુ નિશ્ચય સિદ્ધ જ થયો નથી તે લોકો માટે વ્યવહારનયના તપ–ત્યાગાદિના જીવનને બિનજરૂરી જણાવી દેવું એ તો કેટલું બધું અનુચિત ગણાય ? આવા લોકોની તો કેટલી દયા ખાવી ?

જો આ પુસ્તક પણ તેમને મહાકદાગ્રહના ઉન્માર્ગેથી બચાવી નહિ શકે તો મને લાગે છે કે કદાચ ભગવાન પણ તેમને આ સ્થિતિમાંથી નહિ ઉગારી શકે.

અનંતશઃ વંદન હો " **आचारः प्रथमो धर्मः** " સૂત્રને !

[ ૯ ]

## જડની અસર

શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ આત્મા સદા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એને કોઈ કર્મનો, દેહનો, ધનનો કે સ્ત્રી વગેરેનો સ્પર્શ થતો જ નથી. એ અમૂર્ત્ત છે. કર્મ વગેરે મૂર્ત્ત છે. અમૂર્ત્તને મૂર્ત્તનો સંયોગ થઇ શકે નહિ.

શુદ્ધ નિશ્ચયનયના આ મન્તવ્યને એકાન્તથી ગ્રહી લઇને એકાન્ત નિશ્ચયવાદીઓ વ્યવહારનયના મન્તવ્યોની સામે મેદાને પડયા છે.

વ્યવહારનય તો વ્યવહારુ નય છે. જગતના વ્યવહારમાં જે બનતું જોવા મળે તેને જ તે સ્વીકારે એટલે એના મતે તો આત્માને કર્મનો, દેહનો, ધનાદિનો સંયોગ થાય જ છે. આત્મા અમૂર્ત્ત હોવા છતાં એની ઉપર મૂર્ત્તની અસર અનુભવસિદ્ધ છે પછી તેનો ઇન્કાર કેમ થઇ શકે ?

માણુસ દારૂ પીએ છે એટલે તરત જ આત્મા ઉપર

અસર થાય છે. શું દારૂના સંયોગ વિના જ આત્માને અસર થઈ ?

બ્રાહ્મીનું સેવન કરનાર માણુસની બુદ્ધિ વધે છે. બુદ્ધિ એ આત્માનો ગુણ છે. મૂર્ત્ત બ્રાહ્મીનો આત્મા સાથે સંયોગ થયા વિના જ બ્રાહ્મી શી રીતે બુદ્ધિવર્ધક બની શકે ?

આમ અમૂર્ત્ત આત્મા સાથે મૂર્ત્ત પદાર્થોનો યોગ વ્યવહારનય તો અવશ્ય માને છે અને તે યોગ થતાં તે તે થતી અસરો પણુ સ્વીકારે છે. જે વસ્તુ વ્યવહારસિદ્ધ હોય તેનો જ વિચાર કરવા વ્યવહારનય તૈયાર થાય છે.

હા, એ વાત ચોક્કસ છે કે આત્મા કદી જડ બની જતો નથી, જડ કદી આત્મા બનતો નથી. એક બીજાના ગુણોનો એકબીજામાં સંક્રમ કદી થતો નથી. વ્યવહારમાં પણુ એવો સંક્રમ જણાતો નથી માટે વ્યવહારનય પણુ એ વાતને તો મંજૂર કરે જ છે પણુ એક બીજાનો સંબંધ—તે ય દૂધ અને પાણીની જેમ એકરસ થઈ જવા સુધીનો સંબંધ–વ્યવહાર સિદ્ધ છે માટે એ સંબંધને તો વ્યવહારનય સ્વીકારે જ છે. વળી એવા જડ–ચેતનના સંબંધથી ચેતન ઉપર જડની અસરો પણુ થતી જોવા–અનુભવવા મળે છે માટે તે અસરોને પણુ તે સ્વીકારે જ છે.

ગુણુસંક્રમના અભાવની વાતને આજના એકાન્ત-નિશ્ચયવાદીઓ ગુણીસંક્રમના અભાવ સુધી તાણી ગયા છે. એથી જ તેઓ કહે છે કે આત્માને જો કર્મ અડે

તો આત્મા પોતે જ કર્મ બની જાય; દેહ અડે તો આત્મા પોતે જ દેહ બની જાય !

રે ! કેવી ગંભીર ગેરસમજ છે ! આત્મામાં જો કર્મત્વી દેહત્વ વગેરે ગુણ આવે તો આત્મા કર્મ દેહ વગેરે બની જાય તે વિધાનને પૂંછડેથી ઊલટાવી નાંખ્યું ! આત્માને કર્મ, દેહ વગેરેનો સંબંધ જ ધિક્કારી નાંખ્યો ! કમાલ કરી આ લોકોએ !

જો આત્માનો કર્મ સાથે યોગ જ ન હોય, જો સંસારી આત્મા કર્મના સ્કન્ધો સાથે–દૂધ પાણીની જેમ એકરસ બનીને ન રહ્યો હોય તો એ આત્મા સંસારી કેમ કહેવાય છે ? જો આત્માને શરીર સાથેનો ક્ષીરનીરતુલ્ય સંબંધ જ ન હોય તો એ આત્મા દેહધારી કેમ કહેવાય છે ? એને લોકો 'કાનજીભાઇ' કહીને કેમ બોલાવે છે ? જેને દેહનો સર્વથા યોગ જ નથી તે સિદ્ધ પરમાત્માને કોઈ નામથી બોલાવતા નથી, અને સોનગઢના એ શુદ્ધ સચ્ચિદાનંદ આત્માને 'કાનજીભાઇ' કેમ કહેવામાં આવે છે ! સિદ્ધના અને સોનગઢના આત્મામાં કોઈક ભેદ તો માનવો જ પડશે ને ? એ ભેદ તે આ જ કે સિદ્ધાત્મા સર્વથા દેહમુક્ત છે જ્યારે સોનગઢનો આત્મા સ્વરૂપતઃ દેહમુક્ત હોવા છતાં વર્ત્તમાનમાં દેહયુક્ત છે.

એ દેહનો જો કોઈ સંબંધ જ આત્મા સાથે ન હોય તો ખાય છે કોણ ? બોલે છે કોણ ? સર્વથા દેહથી જુદો–એકલો–આત્મા કદી ખાઈ ન શકે. કદી બોલી ન શકે. સિદ્ધ પરમાત્મઓ કદી ખાતા–બોલતા નથી.

સર્વથા આત્માથી જૂદો–એકલો–દેહ પણ કદી ખાઇ ન શકે, બોલી ન શકે. મડદું કદી ખાતું–બોલતું નથી.

હવે જો જીવતો સંસારી માણસ ખાતો–બોલતો હોય તો કોણ ખાય છે ? કોણ બોલે છે ? એકલો દેહ નહિ, એકલો આત્મા પણ નહિ. તો કોણ ? આના ઉત્તરમાં કહેવું જ પડશે કે દેહ અને આત્મા બે ય ભેગા મળીને–એકબીજાના સંબંધમાં રહીને જ ખાવાની, બોલવાની ક્રિયા કરે છે.

તમે મગનભાઈના દેહને ટાંચણી મારો છો ત્યારે ચમકે છે કોણ ? એકલો દેહ ચમકી ન શકે, એકલો આત્મા યં ચમકી ન શકે.

જો મગનભાઈ ચમકી ઊઠે જ છે તો એ ઉપરથી અનુમાન કરવું જ પડશે કે મગનભાઈનો આત્મા અને મગનભાઈનો દેહ–બે ય–એકબીજામાં ઓતપ્રોત થઇને ક્ષીરનીરની જેમ એકરસ થઇને રહેલા છે માટે જ ચમકી જવાની ક્રિયા ઉત્પન્ન થાય છે. એકલા દેહને કે એકલા આત્માને સોય ન લાગતાં એકબીજામાં એકરસ બનેલા તે બે યને લાગે છે.

આ વાત વ્યવહારનયથી તો સહુએ માનવી જ જોઇએ. હા, નિશ્ચયનય–તેમાં ય શુદ્ધનિશ્ચયનય–નો આ વિચાર ન જ હોય કેમકે તે તો વસ્તુનું અંતિમ વાસ્તવ સ્વરૂપ જ જુએ છે. પરન્તુ વ્યવહારુસ્વરૂપને નિહાળતા વ્યવહારનયે તો આ વાત કબૂલવી જોઇશે ને ?

જડ–ચેતનનો સંયોગ અને એથી જડની આત્મા ઉપર થતી અસરો વ્યવહારસિદ્ધ છે માટે તેનો સ્વીકાર કરવો જ રહ્યો.

આ વાતને રવીન્દ્રનાથ ટાગોરે સુંદર દૃષ્ટાન્તથી સમજાવી છે.

એક બાગમાં એક ચતુર શેઠે બે માણસો રાખ્યા હતા. એક લંગડો હતો; બીજો અંધો હતો. આવા બે માણસોને રખેવાળ તરીકે રાખવાથી શેઠ એમ ધારતા હતા કે એ બન્ને ય માણસો જાતે ઝાડ ઉપરથી ફળો તોડીને ચોરી નહિ જ કરે.

પણ પેલા બે માણસો ઉસ્તાદ નીકળ્યા.

અન્ધાએ લંગડાને પોતાની કાંધે બેસાડી દીધો, અને ફળો તોડાવી લીધા. પછી બે ય જણાએ મોજથી ખાધા. શેઠની એ વાત તદ્દન સાચી હતી કે બે પૈકી કોઈ પણ એકથી ફળો તોડવાનું કામ થઈ શકે તેમ નથી, પણ શેઠની નજર બહાર એ વાત થઈ ગઈ કે બે ય ભેગા મળીને તો અચૂક ફળો તોડીને ખાઈ શકે તેમ છે.

આજ વાત પ્રસ્તુતમાં લગાવી શકાય. એકલો આત્મા સંસાર ભ્રમણ કરી શકતો નથી; એકલું દેહાદિ જડતત્ત્વ પણ તેમ કરી શકતું નથી. પણ બે ય ભેગા મળીને તો બધું જ તોફાન કરી શકે છે.

આ ઉપરથી નક્કી થઈ જાય છે કે જડ-ચેતન બે ય દૂધ-

પાણીની જેમ એકમેક થઈ શકે છે, સાધનારૂપી હંસની સહાયથી એ ચ જૂદા પણ પડી શકે છે.

વ્યવહારનયના આ સિદ્ધાન્તને એકાન્ત નિશ્ચયવાદીઓ માન્ય નથી કરતા. તેઓ ગુણી જડના સંબંધમાં ગુણી ચેતન જ જડ બની જવાનો મિથ્યાભય કલ્પીને તે બે નો સંબંધ જ સર્વથા અસંભવિત કહે છે, અને સંબંધ વિના એક બીજાની અસર પણ ન સંભવે માટે જડની ચેતન ઉપર કોઈ અસર જ સર્વથા નથી એમ પણ કહે છે.

ગુણસંક્રમની શાસ્ત્રોક્ત વાતને ગુણીસંક્રમમાં ઘટાવી દેવામાં આવે તે કેટલું વિચિત્ર બુદ્ધિકૌશલ કહેવાય ?

જડ મોટર દ્વારા છગનભાઈનો આત્મા સોનગઢ પહોંચી જતો હોવા છતાં જડની અસર છગનભાઈના આત્મા ઉપર બિલકુલ નકારી દેવામાં આવે એ કેટલું હાસ્યાસ્પદ ગણાય ?

રે ! તો પછી શ્રીકાનજીભાઈ પોતાના મુખેથી શા માટે જડશબ્દોના પુદ્ગલોનો વરસાદ શ્રોતાઓના આત્મા ઉપર વરસાવ્યે રાખે છે ? જો જડની અસર જ આત્માને ન થતી હોય તો !

શા માટે જડપુસ્તકો છપાવીને ભકતોને આપે છે ?

શા માટે નામાના ચોપડામાં જડ ઓંકારના આલેખ કરે છે ?

આજની ફીલ્મોની દુનિયામાં 'જડની કોઈ અસર નથી' એ વાત તો ખૂબ જ હાસ્યાસ્પદ બની જાય છે. કચકડાની

એ પટ્ટીનાં જડ દૃશ્યો ભોગી જગતના માનવોના આત્માને કેવો હલબલાવી નાંખે છે એ વાતની કદાચ સોનગઢના ભાઈને ખબર નહિ હોય !

ઠેર ઠેર દેશભકતોના બાવલાઓનું નિર્માણ કરતી અને રાષ્ટ્રધ્વજોના વંદન કરતી દુનિયામાં જ વસતા લોકો જડની અસર ન માને એ તો લીલી હરિયાળી વચ્ચે સહરાના રણ જેવું બેહૂદુ ચિત્રદર્શન ઉપસાવે છે !

લીધે લગ્ને,–રે ! લગ્ન પૂર્વે જ સજોડે ફોટા પડાવીને, એને જોઈ જોઈને મલકાતા પ્રેમીઓની, બુશ શર્ટના પ્રત્યેક બટનમાં પ્રેયસીની છબી ગોઠવીને એ પછી મલકાતાં યુવાનોની દુનિયામાં 'જડની કોઈ અસર જ આત્મા ઉપર નથી' એવા વાકયોના પ્રઘોષ તો હવામાં અદ્ધર ઊડી જતા લાગે છે.

જો આત્મા ઉપર જડની કોઈ અસર જ ન હોય તો દિગંબરમંદિરોના નિર્માણ શા માટે ? એ મૂર્ત્તિઓના સ્થાપન શા માટે? એ મૂર્ત્તિઓના ધ્યાન શા માટે ? દિગંબરમંદિરોમાં પોતાની 'ફુલસાઈઝ' પ્રતિકૃતિઓની સ્થાપના શા માટે ? શું આ બધા ય જડ નથી ? છતાં શું તે બધાની તમે અસર નથી માનતા ? જો ના. તો પછી શા માટે એ જ મૂર્ત્તિ, એ જ પ્રતિકૃતિ મૂકવામાં આવે છે? બીજું કોઈ જડ તત્ત્વ ત્યાં ગોઠવી દેવામાં તમારો કોઈ વાંધો હોઈ શકે ખરો !

**"આત્મા ઉપર જડની અસર હોઈ જ કેમ શકે ?"**

મિત્રો ! કર્મના અણુઓનું કેવું પ્રચંડ સામર્થ્ય છે એ તો હવે બરોબર જાણ્યું ને ?

સઘળા ય જીવાત્મા ઉપર કર્માણુઓના થરના થર જામેલા છે. જે આ બાહ્ય જગત દેખાય છે તે બધા ય સાથે સીધો કે દૂરનો પણ કર્માણુનો સંબંધ તો ખરો જ.

આકાશમાં સૂર્ય અને ચંદ્ર ખૂબ જ સમયસર પોતાનું કામ કર્યે જ જાય છે અને ભૂલોક ઉપર તૂટી પડતા નથી તેમાં ય આપણા કર્માણુનો પ્રભાવ તો ખરો જ.

સાગર માઝા મૂકતો નથી તે ય જીવાત્માના કર્માણુના કારણે.

વનની આગ વિશ્વમાં વ્યાપતી નથી; આખી દુનિયાને ડુબાડી દે તેવો વરસાદ વરસતો નથી; આખા વિશ્વને પોતાના પેટમાં સમાવી દે એ રીતે ધરતીકંપો થતા નથી; ચોમાસામાં બધી વીજળીઓ તૂટી પડતી નથી....આ બધી ઘટનાઓની પાછળ સઘળા ય જીવાત્માના કર્માણુઓ ભાગ ભજવે છે. જીવાત્માઓના જીવનને ટકાવી રાખવાના જોરદાર સ્વભાવવાળા કર્માણુના ટાઈમબોમ્બ ફુટચા હોય ત્યારે બધા ય શી રીતે મૃત્યુની હોનારતમાં ધકેલાઈ જાય ! હા. કયારેક સાગર પણ મર્યાદા મૂકે છે, કયારેક ધરતી પણ કંપી ઊઠે છે, કયારેક વીજળી પણ કયાંક કડાકા કરતી તૂટી પડે છે, એ બધું અમુક ઠેકાણે અને અમુક સમયે જ થાય છે. એનું કારણ પણ એ જ છે કે એ સ્થાનના અને એ સમયના

જીવાત્માઓનાં જીવન ઝડપથી પરવારી જવાનું નિર્માણ થયું હોય છે.

ટૂંકમાં, સમગ્ર વિશ્વનું સંચાલન કરવામાં કર્માણુઓનો પણ ભારે મોટો હિસ્સો છે.

તમને કદાચ પ્રશ્ન થશે કે જે ઈશ્વરનું કાર્ય છે તે તમે કર્માણુને સોંપી દીધું ? કર્માણુ તો જડ છે ! જડમાં તે આટલી બધી શક્તિ હોઈ શકે ?

મિત્રો ! સ્પુટનિકયુગના માનવો આવો પ્રશ્ન કરે છે એ તો મારે મન ખૂબ જ આશ્ચર્યની બીના છે !

તમે મળશુદ્ધિ માટે પરગેટીવ ગોળી કયારેક લો છો ? પેટમાં ભેગા થએલા મળને ઊંચકીને બહાર ફેંકી દેવાની તેની તાકાત કેવી જોઈ છે ? તમે જાતે બે હાથેથી જે કામ કરી ન શકો તે કામ આ ગોળી કરી નાખે છે. ગોળી તો જડ જ છે ને ?

બીજી વાત કરું. ચપ્પુ જડ છે ને ? લગાડો જોઉં તમારા શરીરે જરા જોરથી. જીવાત્મા 'એ' કરી મૂકે છે ને ? બોલો, ચપ્પુ જડ નથી ? છતાં એણે જીવાત્મા ઉપર કેવી જબ્બર અસર કરી !

મરચાની વાત કરો. એ પણ જડ છે ને ? પણ જો એનો ભુકો તમે જીભ ઉપર મૂકો કે તરત આંખમાંથી પાણી નીકળવા લાગે. કેવું જાદુ !

તમે જે શબ્દ બોલો છો તે પણ જડ છે. માટેસ્તો

યન્ત્રોમાં એને પકડી શકાય છે. આ જડ શબ્દની પણ કેટલી તાકાત છે? કોઈ તમને, 'કૂતરા' કહે તો? કોણ લાલપીળો થઈ જાય છે? કોણ હાથ ઉગામે છે? કોણ સામી ચાર સુણાવી દે છે? જીવાત્મા જ ને?

અને જો કોઈ, 'સજ્જન' કહીને સંબોધે તો? તમે કેવો માયાળુ દેખાવ કરો, કેટલા નમ્ર બનો, કેટલું સૌજન્ય દાખવો? આ બધું કોણ કરે છે? જીવાત્મા જ ને? કોના કારણે? જડ શબ્દના જ કારણે ને?

અરે! જુઓ આ પ્રદીપ ચશ્મા ઉતારી નાખે તો? કાંઇ જ ન વંચાય ને? અરે! વાંચવાનું વાંચીને જ્ઞાન કરવાનું કામ તો આત્માનું જ છે. જ્યાં આત્મા નથી ત્યાં આંખ અને ચશ્મા બધું ય હોય તો ય તે આંખ અને ચશ્મા ભેગા મળીને ય વાંચી શકતા નથી. પહેરાવોને કોઈ મડદાની સારી આંખે ચશ્મા! તો પછી ચશ્મા કાઢી નાખવાની સાથે જ પ્રદીપ કેમ વાંચી શકતો નથી? અને પછી ફરી ચશ્મા આંખે લગાવી દેતાં પ્રદીપ કેમ વાંચવા લાગી જાય છે! ચશ્મા તો જડ છે ને! છતાં જીવાત્મા ઉપર કેટલી જોરદાર અસર છે કે એ આંખ ઉપર ચઢે કે તરત કર્માણુને ધક્કો લાગે અને આંખ ઉપરથી ઊતરી જાય કે તરત અંધારું થઈ જાય!

બીજી વાત લો. આ અજયનું શરીર તમને દેખાય છે ને? તે શરીરની અંદર આત્મા છે ને? શરીર પોતે તો આત્મા નથી જ ને? સારું. હવે અજયને આ થાંભલા

સાથે દોરડાંથી બાંધી દેવામાં આવે અને પછી એને કહેવામાં આવે કે. "અજય! તું દોડ જોઉં. "એ વખતે અજય આપણને કહેશે કે, "મને દોરડાથી બાંધ્યો છે તે શી રીતે દોડું?" તે વખતે હું અજયને કહીશ કે, "ભાઈ તું એટલે જીવાત્મા, તને એટલે કે જીવાત્માને કયાં દોરડે બાંધ્યો છે?' દોરડું તો જડ છે એનાથી કાંઈ જીવાત્મા બંધાતો હશે?' તું જ કહે છે ને કે જડની શી તાક઼ાત છે કે એ જીવ જેવા જીવને કાંઈ કરી શકે?

તને નહિ પણ તારા શરીરને જ મેં બાંધ્યું છે ને?' તો જે 'તુ" છે તે ભલે દોડી જાય. દોરડું ય જડ છે, શરીર પણ જડ છે. એ બે ય ભેગાં મળીને તને જીવને બાંધી શકે ખરા?"

મિત્રો! અજય બિચારો શું બોલશે? એને કબુલ કરવું જ પડશે કે દોરડું અને શરીર જડ છતાં તેનાથી જીવ બંધાઈ શકે છે. તો આ રીતે શરીરની પણ અંદર રહેલા, જીવ સાથે એકમેક થઈ ગયેલા કર્માણુ પણ જડ છે છતાં તેનાથી જીવ બંધાઈ શકે છે, એમાં હવે કોઈ આશ્ચર્ય થવું ન જોઈએ.

સ્પુટનિક યુગમાં જડની શક્તિ વિષે શંકા કરવી એટલે તમારા વિજ્ઞાનમાં શંકા કરવી. તમે મારું લખેલું, 'વિજ્ઞાન અને ધર્મ' પુસ્તક જોશો તો તમને જડની શક્તિ અંગેના વૈજ્ઞાનિક મન્તવ્યો જાણવા મળશે. તમને તરત

જ થશે કે કેવી અચિન્ત્ય તાકાત છે આ જડમાં ! વિજ્ઞાન જગતે પણ જડના અચિન્ત્ય સામર્થ્યના ચમકારા આપણને બતાડ્યા છે ને ? જગતના બે તત્ત્વો છે; જડ અને ચેતન. તેમાંના જડ જગતમાં વિજ્ઞાને કેટલોક વિકાસ સાધ્યો છે. જૈન દાર્શનિકો તો જડની અનંત શક્તિઓને ખુલ્લંખુલ્લા જણાવે છે. એટલું જ કે તે શક્તિઓને તેમણે પ્રકાશમાં નથી મૂકી; કેમકે તેની પાછળ તેમણે ઘોર હિંસાનાં તાંડવ ખેલાતાં જોયાં છે. જૈનદર્શન આત્માના વિકાસને જ મહત્વ આપે છે. જડના સંયોગોથી પણ લોકો જે આનંદ પ્રાપ્ત કરે છે તે આનંદ તો જીવમાં જ પડેલો છે. કેરીમાં આનંદ નથી ભર્યો; પણ કેરી ખાનાર જીવમાં આનંદ પડ્યો છે. આ સ્વયંભૂ આનંદ જડના કોઈ પણ નિમિત્ત વિના ય અનુભવી શકાય છે. તેથી જ તે સહજ–નિરપેક્ષ સિદ્ધિ મેળવવા માટે જીવાત્મા ઉપર લાગેલા કર્માણુના જથ્થાઓને નેસ્તનાબૂદ કરી દેવાની પ્રક્રિયાને જ તેમણે બતાડી અને જડ જગતના ચમકારા તરફ ઉપેક્ષા કરી. પરન્તુ જડની અસાધારણ શકિતની વાતો તેમણે કરી જ છે.

હવે કોમ્પ્યુટરની વાત કરું. ટાટા ઈન્સ્ટીટ્યુટમાં છન્નુ લાખ રૂપિયાનું એક કોમ્પ્યુટર યંત્ર આવ્યું છે. તે ફક્ત પંદર સેકંડમાં હજારો ગુણાકાર, ભાગાકારના જવાબ આપી દે છે ! સરવાળા બાદબાકી કરવાની એની ગતિ તો આથી પણ ઘણી વધુ છે. જેમાં જીવનો અંશ પણ નથી તે જડ યંત્રની શક્તિ તો જુઓ.

અરે ! એક કોમ્પ્યુટરને પૂછેલા પ્રશ્નની તમને વાત કરું. પછી તમને સ્વપ્નમાં પણ એ વિચાર નહિ આવે કે કર્માણુ તો જડ છે એ શી રીતે જીવાત્માના જગતનું સર્જન કે વિસર્જન કરી શકે ?

એક સજ્જને કોમ્પ્યુટરની સલાહ લેવા પૂછ્યું કે, "મારી પાસે બે ઘડિયાળ છે. એક તો સાવ જ બંધ પડી ગયેલું છે, જ્યારે બીજું રોજ દસ સેકંડ પાછળ જાય છે; ફક્ત દસ સેકંડ. તો મારે કયું ઘડિયાળ મારા કાંડે બાંધવું ?"

મિત્રો ! કેવો પ્રશ્ન લાગે છે ? તમને તો સાવ મૂર્ખતાભર્યો જ લાગતો હશે. કેમકે એક ઘડિયાળ જ્યારે સાવ જ બંધ પડી ગયું છે અને બીજું ચાલતું ઘડિયાળ ફક્ત દસ સેકંડ પાછળ જાય છે ત્યારે તદ્દન સ્વાભાવિક વાત લાગે છે કે બીજું ઘડિયાળ જ પાસે રાખવું જોઇએ. કેમ ? તમે આમ જ કહો ને ? પણ મિત્રો ! જે યંત્રમાં જીવાત્મા નથી એ યંત્રે આ પ્રશ્નનો એવો વિચિત્ર જવાબ આપ્યો કે માનવનું ભેજું પણ તેવો જવાબ ઝટ તો ન જ આપી શકે.

તે કોમ્પ્યુટરે પેલા સજ્જનને કહ્યું કે, "એમાં શું પૂછવાનું હતું ? જે ઘડિયાળ બંધ પડી ગયું છે તે જ તમારે કાંડે બાંધવું જોઇએ કેમકે બંધ ઘડિયાળ દર બાર કલાકે એક વાર સાચો સમય બતાડશે જ્યારે દસ સેકંડ પાછળ જતું ઘડિયાળ તો બાર વર્ષે (બાર કલાક પાછું જઇને) એક જ વાર સાચો સમય બતાડશે ! ! !"

કેવો ગજબ જવાબ ! જડની શકિત છે ને આ બધી ? આમાં તો જીવાત્માનું કોઈ સીધું ચાલક બળ નથી. જ્યારે જડ કર્માણુની શકિત પાછળ તો જીવાત્માનું બળ કામ કરે છે. કેમકે એકલા કર્માણુ કાંઈ જ કરી શકતા નથી.

રશિયામાં જડ-યંત્રો આખાને આખા પુસ્તકના વિવિધ ભાષામાં ભાષાંતરો કરે છે, પંદર આંકડાને પંદર આંકડાથી ગુણતાં તેનો જે જવાબ આવે તે એક મિનિટમાં કોમ્પ્યુટરો આપી દે છે. આપણને તે ગણિત કરતાં ખાસ્સો એક કલાક તો લાગે જ. તો ય કદાચ જવાબ ખોટો પડી જાય.

અમેરિકા અને રશિયાના વૈજ્ઞાનિકો સ્વયંસંચાલિત રોકેટો અવકાશમાં છોડે છે. પ્રયોગશાળામાં બેઠો બેઠા તેઓ જડ કિરણોને તે રોકેટ તરફ છોડે છે. તે કિરણો ત્યાં જઇને રોકેટના કાર્યોનું સંચાલન કરે છે. રોકેટના કૂતરાને ખાવાનું પણ તે આપે, ખાવાનું બંધ પણ તે કરે; ઉંઘાડી પણ તે દે અને જગાડે પણ તે જડ કિરણો જ.

કરોડો સોયોનું અમેરિકાનું જે લશ્કર રશિયાના રોકેટોને ખતમ કરવા ખડે પગે આકાશમાં ઊભું છે તે ય જડનું જ લશ્કર છે ને ?

બોલો હવે જડની શકિત માટે આનાથી વધુ માહિતી કે સાબિતિ તમારે જોઇએ છે ?

તો હવે તમને એવો કોઈ સંદેહ રહ્યો નથી ને કે કર્માણુ તો જડ છે તેનામાં જીવાત્માને પુરુષ મટાડીને સ્ત્રી

બનાવવાની, જીવાડવાની, મારવાની, રાષ્ટ્રનો પ્રમુખ બનાવવાની, પ્રમુખપદેથી એકાએક ઉતારી પાડવાની, અંધ બનાવી દેવાની વગેરે વગેરે પ્રચણ્ડ શકિતઓ શી રીતે સંભવે ? એટલે જડની પાછળ ઈશ્વરનું પ્રેરકકર્તૃત્વ તો હવે માનવાનું ન જ રહ્યું ને ? નહિ જ ને ? બહુ સુંદર.

વ્યવહારનયના જડ-ચેતનના સંયોગના મન્તવ્યને અને સંયોગજનિત અસરોને ધિક્કારીને પણ જો એ જ વ્યવહારનયનું જીવન જીવવાનું ઊભું રહેતું હોય તો એવા આચાર–ઉચ્ચારના વિસંવાદવાળા લોકો તરફ કેટલું બહુમાન થાય ? હા. જેવી વાતો છે તેવું જીવન પણ બનાવવામાં આવતું હોય તો એ વાતો સામે ઉઘાડા પ્રહારો કદાચ ન પણ કરવામાં આવે.

પણ જડની અસર ધિક્કારવા છતાં જેમને જડમોટર જ ગામે ગામ દોડાવતી હોય છે, જેમને કફના વ્યાધિની અશાતા ઉપસ્થિત થતાં જડ–ઔષધિ જ શાતા ઉત્પન્ન કરી આપે છે, જેમનું સમયનું અજ્ઞાન જડ–ઘડિયાળનો ડબ્બો જ ટાળી આપે છે, જેમની ક્ષુધા વેદનીયનું દુઃખ જડ-આહાર જ દૂર કરી દે છે એ તો સાચે જ એ લોકોના જીવનની ભારે મોટી કરુણતા કહેવાય.

આ બધી વાતોના જવાબમાં અમારે તો એટલું જ કહેવું છે કે શુદ્ધનિશ્ચયનયના વિધાનો ભલે તે નયથી સત્ય સ્વરૂપ હોય પરન્તુ વ્યવહારનયના જે મન્તવ્યો છે તેને વ્યવહારનયથી તો

માન્ય કરવા જ જોઈએ ને ? હા. તમને અત્યન્ત પ્રિય એવા નિશ્ચયનયથી જ વ્યવહારનયના વિધાનો માન્ય ઠરાવવાનો જો અમારો આગ્રહ હોય તો તે ખરેખર ખોટો છે. એટલું જ નહિ પણ જો તેવો આગ્રહ કરીએ તો અમારા જેવા બેવકુફ શાસ્ત્રજ્ઞ બીજા કોઈ શોધ્યા નહિ જડે.

જડ-ચેતનનો સંયોગ, સંયોગજનિત અસરો વ્યવહારનયદૃષ્ટિથી જ છે. આપણે એ દૃષ્ટિથી જ એ વાતોને માન્ય કરીએ એટલા માટે જ આ પ્રકરણમાં કાંઈક સમજાવવાનો યત્ન કરવામાં આવ્યો છે.

[ ૧૦ ]

# જૈનેતર-ચિંતકોની વ્યવહારનય-પુષ્ટિ

આર્યસંસ્કૃતિના તમામ ધર્મોમાં જૈનસંસ્કૃતિના છાંટણાં ઊડયાં છે. જયાં જયાં જૈનદર્શનસમ્મત જે જે તત્ત્વ જોવા મળે છે તે મૂળમાં તો જૈનદર્શનનું જ છે.

જૈનદર્શન એટલે જગતનું વાસ્તવ દર્શન; સંસાર-મુક્તિના ઉપાયો સૂચવતું સચોટ માર્ગદર્શન.

જે જે આત્માઓ સાધનાના પંથે ચડયા એમણે જો નિર્દમ્ભ રીતે, કદાગ્રહથી સર્વથા મુક્ત રહીને એ પંથે કદમ ઉઠાવ્યું તો જરૂર કાંઇને કાંઈ સત્ય પ્રાપ્ત કર્યું જ.

અન્તે તો સત્ય આત્મામાંથી જ પ્રગટ થાય છે ને? શાસ્ત્રો તો તે સત્યના સંગ્રાહક માત્ર છે. જિન શાસનમાં ય શાસ્ત્રને જોયા વિના જ કેટલાક સરળહૃદયના ચિંતકો કવચિત્ એવું ચિન્તન પ્રગટ કરતા હોય છે જેને જોતા-વિચારતાં જિન-શાસ્ત્રોના દ્રષ્ટાને પણ ઘડીભર અજાયબી સાથે આનંદ વ્યાપી

જાય. અંતરમાંથી એક અવાજ નીકળી જાય, "રે ! આમને શી રીતે આ સત્ય પ્રાપ્ત થઈ ગયું ?"

પ્રસ્તુત પુસ્તકમાં આપણે જે નિશ્ચય-વ્યવહારનયનો વિચાર કર્યો છે તેના અંગે અન્ય ચિંતકોના જે સ્વયંપ્રેરિત વિચારો છે તેને હું અહીં રજૂ કરીશ. એ વિચારોમાં વ્યવહારનયની ઉપયોગિતાને સીધા કે આડકતરા શબ્દોમાં કેવી રીતે સમજાવી છે તેટલું જ આપણે જોઈશું.

**સોઽહં** ના જાપ જપનારા, મા કાલીનું જ ધ્યાન ધરનારા, ગીતાના નિશ્ચયનયને આજીવન ગાનારા, તદ્દન સ્વતન્ત્ર રીતે જ ચિન્તન કરવાને ટેવાયેલા–'સુધારક' કહી શકાય તેવા લોકો પણ વ્યવહારનયનું જ્યારે સમર્થન કરે છે ત્યારે તો આનંદથી ઊછળી પડીને એકાન્ત નિશ્ચયવાદીને ત્રાડ પાડીને પૂછી દેવાનું દિલ થઈ જાય છે કે, "આ જુઓ.. આવા લોકો પણ વ્યવહારનયને પોતાનું શિર નમાવે છે અને તમે કેમ એને ધિક્કારી રહ્યા છો ? " અસ્તુ.

અહી એક વાત ખ્યાલમાં રાખવી કે જે ચિન્તકોના વિચારોને અહીં રજૂ કરવા છે તે ચિન્તકોની સમગ્ર વિચારધારાને કે સઘળી જીવન પદ્ધતિને આપણે અપનાવતા નથી. ગમે તેમ તો ય હજી તેમની મતિ જિનાગમથી પરિમાર્જિત થએલી નથી એટલે એમનું સઘળુંય જીવન શાસ્ત્રીય પદ્ધતિનું ન જ હોઈ શકે. પરન્તુ એમને એ સ્થિતિમાં પણ જિનાગમોના જે સત્યની સ્ફુરણા થઈ છે અને એમણે જે ભાષામાં એની રજૂઆત કરી છે તેનો

આશય જ અહીં રજૂ કરવો છે. એ સિવાયની એમની કોઈ પણ બાબત સાથે આપણને કશી નિસબત ન જ હોઈ શકે.

જે ગ્રન્થોએ વ્યવહારનયનું પોષણ કર્યું, જે ચિન્તકોએ વ્યવહારનયને બિરદાવ્યો, જે લોકોના જીવનમાં વ્યવહારનય જીવનસાત્ થતો દેખાયો; તે ગ્રન્થો, ચિન્તકો, અને લોકોમાંના કેટલાકને જ અહીં રજુ કરીશ.

રામકૃષ્ણ પરમહંસ અને વિનોબા ભાવેની વિચારણામાં ક્યાંક ક્યાંક વ્યવહારનયનું અત્યન્ત જોરદાર સમર્થન જોવા મળે છે. આપણે તે બે યની ચિન્તનધારા જોઈએ.

રામકૃષ્ણની વિચારણા "રામકૃષ્ણ દેવ" નામના પુસ્તકમાંથી લઈને રજૂ કરવામાં આવી છે.

વિનોબા ભાવેના વિચારો "ગીતાપ્રવચનો" "સામ્યસૂત્ર" અને "સ્થિતપ્રજ્ઞદર્શન" માંથી મુખ્યત્વે લીધા છે.

હવે બે ય ને અહીં ઊતારીએ.

## રામકૃષ્ણ પરમહંસ

[૧] એક વાર રામકૃષ્ણને માથુરબાબુએ કીમતી શાલ આપી. રામકૃષ્ણે કહ્યું; "આમાં છે શું ? આ છે માત્ર ઘેટાનું ઊન. પંચભૂતનો એક વિકાર. આવી વસ્તુ ઈશ્વર સાક્ષાત્કારમાં સહાયક બનવાને બદલે બાધક બને છે. અભિમાન ઉત્પન્ન કરાવવા દ્વારા."

આમ કહીને તે શાલ જમીન ઉપર ફેંકી દીધી અને તેની ઉપર થૂંકવા લાગ્યા.

[૨] એક રાતે માનું આપેલું વસ્ત્ર હાથમાં લઈને આંટા મારતાં રામકૃષ્ણ એની ઉપર થૂંકતા બોલતા હતા કે "મા ! મારે એ ન જોઇએ. મને આવી લાલચમાં તું ન નાખ.

[૩] રામકૃષ્ણના ગુરુ તોતાપુરીને ભજન કરતાં જોઈને એક માણસે તેમને પૂછ્યું, "આપ તો બ્રહ્મજ્ઞાન પામી ચૂકેલા છો આપને વળી ભજનનો આટલો આગ્રહ શેનો ?"

તોતાપુરીએ કહ્યું, " જો ! આ જળપાત્ર કેવું ઝગારા મારે છે ? પણ જો હું એને રોજ સાફ ન કરું તો કાળું પડી જાય. ધ્યાન, ભજન વગેરેથી મનને રોજ શુદ્ધ કરતા ન રહીએ તો તે મલિન થઈ જાય.

[૪] શિખાઉ સાધકોને પોચી ગાદી ઉપર બેસીને ધ્યાન સિદ્ધ કરવાની તાલીમ અપાતી, કેમકે કઠિન આસન તેમને વિક્ષેપકારક બને તેમ હતું. ચિત્તને ઈશ્વર પ્રતિ વાળવાને બદલે શરીર તરફ વાળવાનું તે કામ કરે. જેમ જેમ ધ્યાનમાં પ્રગતિ થતી જાય તેમ તેમ કઠિન આસન આપવામાં આવતું. છેવટે જમીન ઉપર જ ધ્યાન કરવા બેસાડવામાં આવતા.

આ જ પ્રક્રિયા સાધકોના ખોરાક વગેરેમાં પણ લાગુ કરવામાં આવતી.

[૫] રામ, સીતા અને લક્ષ્મણ ક્રમશઃ એક બીજાની પાછળ ચાલતા વનમાંથી પસાર થઈ રહ્યા હતા. લક્ષ્મણની ઈચ્છા તો સતત રામચન્દ્રજીના ચરણોના દર્શન થયા કરે તેવી

હતી. પણ તેમાં સીતાજી વિક્ષેપરૂપ થતા હતા. ગમે તેમ કરીને સીતાજીને લક્ષ્મણના મનની વાતની જાણ થઈ ગઇ. પછી તો વારંવાર તેઓ બાજુ ઉપર ખસી જતા ચાલવા લાગ્યા.

[૬] આધ્યાત્મિક અનુભૂતિને વેગ જીરવી શકવા માટે સાધકે યોગ્ય પ્રકારની દીર્ઘકાલીન તાલીમ લેવી જોઇએ. એનામાં પવિત્રતા અને તૃષ્ણાત્યાગ અવશ્ય હોવા જોઈએ. ત્યાગબળ અને વિરાગ જો ન હોય તો આધ્યાત્મિક આવેશો ટકી ન શકે. ઊલટા એના ભયંકર પ્રત્યાઘાતો આવે.

[૭] પ્રશ્ન. આપ માળા કેમ ફેરવો છો ? આપને હવે એની શી જરૂર ?

ઉ.–બીજાઓ ઉપર દાખલો બેસાડવા. જો એમ ન કરું તો બીજાઓ મારું અનુકરણ કરીને ખોટા માર્ગે ચડી જાય.

[૮] દક્ષિણેશ્વરના એમના નાનકડા ઓરડામાં તેઓ ભગવાનની નાની પ્રતિમા રાખતા. તેમની સામે સવાર-સાંજ ધૂપ થતો.

[૯] તળાવના દેડકાને જ્યાં સુધી પૂંછડી હોય ત્યાં સુધી તળાવમાં જ રહેવું પડે. પૂંછડી ખરી ગયા બાદ જલ અને સ્થળ – બે ય ઠેકાણે – રહી શકે. આસક્તિ દૂર થયા બાદ બધે રહી શકાય. [અન્યથા અનાસક્તિને અનુકૂળ વાતાવરણમાં જ રહેવું જોઈએ.]

[૧૦] સ્વપત્ની શારદામણિ સાથે પણ રામકૃષ્ણ,

સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળતા. તેની દયા ખાઈને શિવનાથે સ્વમિત્રો સમક્ષ રામકૃષ્ણના કડક સંયમની આકરી ટીકા કરી. રામકૃષ્ણે તે વાત જાણી. એક વખત વિશ્વનાથને એક ખૂણામાં લઈ જઈને રામકૃષ્ણે કહ્યું, “ તમે શા માટે આવી ફરિયાદ કરો છો ? અમારાથી સંસારી જીવન ગાળવાનું બને તેમ નથી. એ....તો... મરી પરવાર્યું છે !”

[ ૧૧ ] કેવા લોકો છે ? બધા પ્રકારની સંસારની વસ્તુનું અહર્નિશ ચિન્તન કરવા છતાં પોતાને તન્દુરસ્ત વિચાર-શક્તિવાળા માને છે. અને હું ઈશ્વરના ધ્યાનમાં બેભાન બની જાઉં છું એટલે મને પાગલ કહે છે !

જડના વિચારકો ડાહ્યા અને ચૈતન્યનો વિચાર કરનારો ચસ્કેલ ભેજાનો !!!

[ ૧૨ ] શું સંસારમાં રહીને ઉત્કૃષ્ટ ધર્મ થાય ?

ના. ધર્મનો એક વાર સ્વાદ ચાખી લેનારને તો મીઠા વિનાના ભોજન જેવો સંસાર લાગે. કીમતી શાલના માલિકને સામાન્ય શાલની પરવા જ ન હોય. એક વાર ધર્મ પામનારો તેમાં પાગલ બની જાય. ચાતક તો સ્વાતિનક્ષત્રના જલનું જ બિંદુ લે. મોટાં સરોવરો જલથી ભર્યાં હોય તો ય તે ન પીએ અને તૃષાથી મરી જવાનું પસંદ કરે.

[ ૧૩ ] ધર્મના થોડા નશામાં જ એવો ભ્રમ થાય કે સંસારમાં ય ધર્મ થઈ શકે. પણ જો પૂરો નશો ચડી જાય તો એ સંસારધર્મનું ભાન સંપૂર્ણપણે ઓસરી જાય.

[ ૧૪ ]     દૂધમાં માખણ જરૂર છે પણ તેને કાઢવા માટે એકાન્ત જગાએ જઈને દૂધ જમાવવું પડશે. પછી દહીંને મથવું પડશે. સંકલ્પમાત્રથી કામ નહિ ચાલે.

[ ૧૫ ]     નરેન્દ્રનું કુટુંબ એકવાર ભૂખમરો વેઠતું હતું. એથી નરેન્દ્ર ત્રાસી ગયો. એણે રામકૃષ્ણને વિનંતિ કરી કે તેઓ જગદંબાને કહે કે નરેન્દ્રને સહાય કરે.

રામકૃષ્ણે નરેન્દ્રને કહ્યું, “ મારાથી તેમ ન કહેવાય. તું જ જા. અને તેને પ્રાર્થના કર.”

નરેન્દ્ર જાતે જગદંબાની મૂર્ત્તિ પાસે ગયો. એ મૂર્ત્તિને જોતાં જ તેનાથી બોલાઈ ગયું, “ મા ! મને વિવેક, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આપો. ”

મંદિરની બહાર નીકળ્યા બાદ નરેન્દ્રને સઘળી વાતનો ખ્યાલ આવ્યો. ફરી મંદિરમાં ગયો. પણ ફરી એ જ માંગણી. ત્રીજી વાર ગયો. પણ એ જ માંગણી. સંપત્તિને તો તે ન જ માગી શક્યો.

રામકૃષ્ણ પાસે જતાં જ રામકૃષ્ણે પૂછ્યું કે, “ કેમ વારંવાર આમ થાય છે ?”

નરેન્દ્રે કહ્યું, “ મોટા પુરુષ પાસે ગાજરમૂળા કેમ મગાય ?”

[ ૧૬ ]     નિત્યગોપાલ તરફ એક ભક્ત સ્ત્રી માતા જેવો ભાવ રાખીને ઘરે બોલાવતી. રામકૃષ્ણે નિત્યગોપાલને ચેતવણી આપતા કહ્યું, “ સંન્યાસીએ સખ્ત નિયમો

પાળવા જોઇએ. જિતેન્દ્રિય માણસે જગત ઉપર દાખલો બેસાડવા માટે પણ સ્ત્રીના ચિત્રની સામે જોવું ન જોઇએ.

સાધુના આત્મત્યાગના આદર્શમાંથી જ બીજાઓ વૈરાગ્યનો પાઠ શીખે અન્યથા તેમનું પતન થઈ જાય.

[ ૧૭ ] ઈશ્વર નિરાકાર અને સાકાર એમ બે ય સ્વરૂપે લોકોમાં સેવાય છે— તે સારી વાત છે. તમને નિરાકારમાં વિશ્વાસ છે તે સારી વાત છે પણ સાકાર મતને જૂઠો જ કહેવાની ભૂલ ન કરતાં કેમકે બે ય સાચા છે.

[ ૧૮ ] સંસાર જળ છે. મન એ દૂધ છે. જો દૂધને જળમાં ભેળવી દો તો તે એકરૂપ થાય; પછી દૂધને છૂટું પાડી ન શકાય. માટે જળથી દૂધને દૂર રાખીને તેનું દહીં કરીને તેમાંથી માખણ કાઢીને પછી તે માખણને જળમાં રાખ્યું હોય તો પછી તે પાણીમાં નહિ ભળે. પછી તો ઉપર જ તર્યાં કરશે.

[ ૧૯ ] સાધનાની શરૂમાં વાડ તો જોઈએ. નહિ તો બકરાં છોડ ખાઈ જાય. શરૂમાં સંસારથી દૂર ચાલ્યા જાઓ.

[૨૦] ડૉકટરો, વકિલો, દલાલો માટે ઈશ્વરનો પંથ પામવાનું મુશ્કેલ. તેમાંય ડોકટરોને તે ઘણું મુશ્કેલ. જેમનું ચિત્ત નાનાં નાનાં ટીપાં આપવામાં જ રોકાય તે અનંત તત્ત્વનો વિચાર શી રીતે કરી શકે ?

[૨૧] પશુવૃત્તિ જેવી વાસનાનો અને પૈસાનો ત્યાગ કર્યા વિના ઈશ્વરત્વ પામી શકાય જ નહિ.

[૨૨] ત્યાગ તો કરવો જ જોઈએ. ધારો કે એક ચીજની નીચે બીજી કોઈ ચીજ પડી છે, તેને જો કાઢવી હોય તો ઉપરની ચીજ ખસેડવી જ જોઈએ. જગતનો ત્યાગ કર્યા વિના ઈશ્વરત્વ પ્રાપ્ત થાય જ નહિ.

**વિનોબા ભાવે :**

[૧] તુકારામ કહે છે કે જે ભજનથી મને ઈશ્વર પ્રાપ્ત થયો તે ભજનને હવે કેમ છોડી દેવાય? એ તો મારો સ્વ-ધર્મ થયો. કર્મની નીસરણીથી ટોચ મળી પછી એ નીસરણી કેમ છોડી દેવાય? એ નીસરણીનું અસ્તિત્વ તો સમાજને એનું મહત્ત્વ બતાડે છે. સિદ્ધિ મળી જતાં જો કર્મ છોડી દેવાય તો સમાજમાં કર્મ વિનાના–નિર્લેપતાના–દંભની વાતો થાય. માટે તો સન્તો શાન્તિ પામીને ય કર્મ છોડતા નથી. છોકરાની ઢીંગલાની રમતમાં મા જાણીને રસ લઈને એમનો આનન્દ વધારતી હોય છે.

કર્મયોગી તૃપ્ત થઈને કર્મ છોડી દે તો બીજા અતૃપ્તને કર્મમાં આનંદ જ નહિ રહે.

[૨] બાહ્યક્રિયાઓ આરસી જેવી છે. ચિત્તમાં રહેલા ડાઘાઓ એમાં દેખાઈ જાય છે. નિમિત્ત મળે એટલી જ વાર. ખાબોચીઆમાં કાંકરો પડતાં જ મેલ ઉપર આવે છે ને?

આરસીસ્વરૂપ ક્રિયાઓ તો ઉપકારી છે. એ (તપાદિ) ક્રિયા કરતાં ક્રોધનો ડાઘ બહાર દેખાઈ ગયો એટલે ક્રિયાને વખોડો નહિ. ક્રોધના ડાઘને જ દૂર કરો. મુખનો ડાઘ દેખા-

ડતી આરસીને કાંઈ થોડી જ ફોડી નખાય ? એ તો ઊલટી ઉપકારી બની છે.

[૩] એક માણસ મોટો ગણિતશાસ્ત્રી ભલે ને થઈ ગયો પણ તો ય તે ૨ × ૨ = ૪ જ કહે. ગણિતશાસ્ત્રી થયો એટલે, 'હવે એ જૂનું શું બોલવું'તું' એમ તે ન કહે.

ઉચ્ચ ભૂમિકાને પ્રાપ્ત થયા પછી પણ એને પ્રાપ્ત કરાવી આપનારી ક્રિયાઓ છોડી ન દેવાય.

[૪] મનને એક સરખી છૂટ આપનાર અન્તે છેતરાય છે.

[૫] શરીરને તપ; તો સાથે મનને જપ પણ જોઈશે જ. જપહીન તપ નિષ્ફળ છે. ખાવાપીવાની ઇચ્છાનો જ જપ ચાલ્યા કરે તો ઉપવાસનો શો અર્થ ? મનમાં વિષય-ચિંતન જેવું ભયાનક બીજું પાપ કયું હોઈ શકે ?

બાહ્ય તન્ત્ર ( તપાદિકર્મ ) સાથે મન્ત્ર અનિવાર્ય છે.

મન્ત્ર સાથે તન્ત્ર અનિવાર્ય છે.

[ ૬ ] ફાવે તે રીતે જીવન જીવશો નહિ. એ તો પશુ પણ જીવી શકે છે. અનંત ત્યાગ કરીને પૂર્વજોએ કરેલી કમાણીરૂપ સિદ્ધાન્તોની અવગણના કરશો નહિ.

[ ૭ ] કુંભારે સમજવું જોઇએ કે ઘડો તો માટીમાં જ હતો હું તો માત્ર નિમિત્ત કારણ બન્યો.

શિક્ષકે સમજવું જોઇએ કે જ્ઞાન તો વિદ્યાર્થીમાં હતું જ; હું તો એને પ્રગટ કરવામાં નિમિત્તમાત્ર બન્યો.

[ ૮ ] બ્રહ્મચર્યના પાલન માટે નાની નાની વાતોમાં ય નિયમન હોવું જોઈએ. ફાવે તેમ વર્ત્તનાર માણસ ઈન્દ્રિયનો નિગ્રહ કરી શકે નહિ. ( 'જીવનદૃષ્ટિ'માંથી. )

રામકૃષ્ણ પરમહંસ અને વિનોબાભાવેની વ્યવહારનયપોષક વિચારણા જોતાં પણ એમ લાગે છે કે નિશ્ચયનયનું જીવન સિદ્ધ કરવા માટે વ્યવહારનયના જીવન વિના ચાલી શકે નહિ. એટલું જ નહિ પરન્તુ નિશ્ચયનયનું જીવન સિદ્ધ થઈ ગયા પછી પણ પરહિત સાધવા માટે વ્યવહારનયના જીવનના કેટલાંક પાસાંઓ તો ટાળી શકાય જ નહિ.

જિનાગમોમાં તો આ વાતને ખૂબ જ સારી રીતે સ્થિર કરી દેવામાં આવી છે.

જૈનેતરોમાં મહાન સંન્યાસી તરીકે પંકાએલા ગોપીચંદ અને ભર્તૃહરિનું નામ આગલી હરોળમાં આવે છે. સાંભળવા મુજબ આ બે ય સંન્યાસીઓ સમકાલીન હતા એટલું જ નહિ પણ સાથે જ રહેતા હતા.

એમના જીવનની એક વાત છે. બે ય ની ખ્યાતિ આસમાનને આંબી હતી. એ ખ્યાતિ જ એમને ત્રાસરૂપ બની હતી. ગામની બહાર જ્યાં ધૂણી ધખાવીને બેઠા કે લોકોનું આગમન ચાલુ થયું. સેંકડો લોકોની ઠઠ જામતી.

ખાનપાનની વિવિધ સામગ્રીઓના ત્યાં ઢગલા થતા. રોજનો આ વ્યવહાર ત્રાસરૂપ બનતા બે ય સંન્યાસીઓ અકળાયા. હવે શું કરવું ? આ માનસન્માન, અહંકાર ઉત્પન્ન કરીને મારી દે તો આપણું શું થાય ? આ જગતમાં

રહેવું અને સદા અનાસક્ત બની રહેવું એ તો ભારે મોટી સાધના છે. તો શું કરવું ? લોકોની ઠઠ જામે નહિ તો જ આતમના ગીત ગાઈ શકાય; તો જ આત્મનિરીક્ષણ કરી શકાય.

ઘણું મંથન કરતાં સંત ગોપીચંદને એક વિચાર સ્ફુર્યો. એણે હર્ષમાં આવી જઈ ને ભર્તૃહરિના કાનમાં એ વિચાર પેશ કર્યો. ભર્તૃહરિ પણ એમની બુદ્ધિ ઉપર ફીદા પુકારી ગયા.

બીજા દિવસની સવાર પડી. કોઈ ગામે જઈને એમણે ગામ બહાર ધૂણી ધખાવી. રાબેતા મુજબ લોકો આવતા ગયા. ઘેબરના ઢગલા થઈ ગયા, કેળાની લૂમો ઊભરાઈ ગઈ, લાડુનો મોટો ખડકલો થઈ ગયો.

મધ્યાહ્નનો સમય થયો. હજારો લોકો આ સંતોના દર્શન કરતાં જીવનની ધન્યતા અનુભવતા હતા. તે વખતે એક બુઝર્ગ સ્ત્રી લાકડીના ટેકે સંતોની પાસે આવી. એ સાવ જ ગરીબ જણાતી હતી. ધ્રૂજતા હાથે એણે સાડલામાં લપેટી રાખેલો લૂખ્ખો રોટલો બહાર કાઢયો. સંતોના ચરણોમાં મૂકયો.

જેવો એ રોટલો મુકાયો કે તરત જ બે ય સંતોએ ભારે વેગથી એની ઉપર ઝાપટ મારી. રોટલાના કુરચા ઊડી ગયા. બે ય સામસામા આવી જઈને ઘૂરકીઆ કરવા લાગ્યા. એકબીજાને નખો મારીને ઉઝરડા પાડયા.

ભાવુક લોકોમાં હાહાકાર મચી ગયો. સંતોની આવી

ક્ષુદ્ર મનોવૃત્તિ ઉપર ફીટકારનો વરસાદ વરસ્યો.... સહુએ ઘર ભેગા થવા પગ ઊપાડયો. એક જ વાત સહુ બોલતા હતા, " હટ્ ! ગરીબના અંતર પણ ગરીબ ! નહિ તો રોટલા જેવી ચીજ ખાતર મારામારી કરે ?"

આ વાતને વાયુએ બગલમાં ઉપાડીને ગામેગામ પહોંચાડી દીધી. પરિણામ ? લોકોનું આગમન બંધ થઈ ગયું !

બે ય સંતોના આનંદની અવધિ ન રહી.

આ દૃષ્ટાન્ત વ્યવહારનયની વિચારણાને કેવી જોરદાર પુષ્ટિ આપે છે ? લોકહેરી વચ્ચે રહીને ધર્મધ્યાન થઈ શકતું નથી એ માટે તો લોકોનો ત્યાગ કરવો જ રહ્યો. મોટા સંતોના જીવન પણ લોકપરિચયે ફંગોળાઈ ગયા. એટલે જેને જીવનની સુરક્ષા કરવી હોય તેણે તો લોકપરિચયથી આઘા જ રહેવું જોઈએ.

આ દૃષ્ટાન્ત માનકષાયના પરિત્યાગ માટેનો વ્યવહારુ માર્ગ સૂચવે છે. એ રીતે ક્રોધાદિ કષાયોના પરિત્યાગ માટે પણ વ્યવહારનયના તે તે માર્ગો અપનાવી લેવા જોઈએ.

એક મહર્ષિને કોઈએ પૂછયું કે, ઈન્દ્રિયોને વિકારી ન બનવા દેવા માટે શું કરવું ? ઈન્દ્રિયોને ખતમ જ કરી નાંખવી ?

રમણ મહર્ષિએ કહ્યું કે જો આંખો વગેરેને ખતમ કરી નાંખશો તો ભલે વિકારજનક તત્ત્વોનું દર્શન ખતમ થઈ જશે પરન્તુ તેની સાથે સાથે સંસ્કારજનક ધર્મગ્રન્થોનું વાંચન

પણ ખતમ થઈ જશે. ભગવંતની મૂર્ત્તિનું અને સંતોનું દર્શન પણ ખતમ થઈ જશે. આમ એક નુકશાનને નિવારવા માટેનો ઉપાય બીજા અનેક નુકશાનોને નિમન્ત્રણ દેવા રૂપ બની જાય છે.

આગળ ચાલતા તેમણે કહ્યું કે આ રસ્તો તો કેવો કહેવાય? ચાલીના સાર્વજનિક નળમાંથી ધોધમાર પાણી છૂટતું હોય ત્યારે એના અવાજથી ત્રાસી જઈને જો પાણીનો નળ જ બંધ કરી દેવામાં આવે તો અવાજનો ત્રાસ તો બંધ થઈ જાય પરન્તુ સાથે પાણી મળતું ય બંધ થઈ જાય. એટલે કરવું તો એવું જોઈએ કે પાણી ચાલુ રહે અને અવાજ બંધ થઈ જાય. આ માટે એક જ રસ્તો છે કે નળનો 'કોર્ક' ધીમો પાડી દેવો જોઈએ. એમ થતાં ધીમા પ્રવાહે પાણી મળતું રહે અને અવાજનું ધાંધલ બંધ થઈ જાય.

સાધના પથ આનું જ નામ છે પ્રવૃત્તિમાં રહેવું અને નિવૃત્તિના પંથે કૂચ કરવી.

ઈન્દ્રિયોને અક્ષીણ રાખવી અને વિકારજનક દશ્યોથી સંપૂર્ણ પીછેહઠ કરવી.

ખાવું પડે તો રસહીન ખાવું.

ચાલવું પણ જીવદયા પાળીને ચાલવું.

નિશ્ચયનય નિવૃત્તિ પ્રધાન છે.

વ્યવહારનય પ્રવૃત્તિ પ્રધાન છે.

મહર્ષિનું ચિન્તન વ્યવહારનયની અનાસકત સાધનાને સંપૂર્ણ સમર્થન આપે છે.

મહાભારતમાં વ્યાસ-મુનિએ પણ બાહ્યાચાર ઉપર ભારે

વજન મૂકી દીધું છે. એમણે કહ્યું છે કે સંપત્તિથી માણસ ક્ષીણ થઈ જાય એ તો એની થોડી જ ક્ષીણતા ગણાય; પણ જે માણસ આચારથી ભ્રષ્ટ થાય એ તો ચારે બાજુથી નાશ પામી ગયો સમજવો. ૧૫

ભગવદ્‌ગીતામાં સ્થિતપ્રજ્ઞ આત્માના લક્ષણો દર્શાવતા અઢાર શ્લોકોમાં નિશ્ચયનયની ભૂમિકાના આત્માનું તન્દુરસ્ત વર્ણન કર્યું હોવા છતાં એ ભૂમિકાને પામવા અને જાળવવા માટે વ્યવહારનયનું સજ્જડ સમર્થન કર્યું છે.

વિષયોનો સંગમાત્ર કરનારનું ચિત્ત આસક્ત થઇને સંક્ષુબ્ધ થાય છે, એ ક્ષોભથી સંમોહ ઉત્પન્ન થાય છે. સંમોહથી સ્મૃતિભ્રંશ યાવત્ બુદ્ધિનાશ થઈ જાય છે એમ જણાવીને વિષયના સંગથી, રે ! વિષયના સ્મરણથી પણ છેટા રહેવાનું ફરમાન કર્યું છે. ૧૬

એ જ અધિકારમાં વ્યાસમુનિએ કહ્યું છે કે જ્યારે આત્મા ઇન્દ્રિયોને–કાચબો અંગને સંકોચી લે છે તેમ–સંકોચી લે ત્યારે જ તે સ્થિતપ્રજ્ઞની ભૂમિકાને સિદ્ધ કરી શકે છે.

શું આ વિધાનથી વ્યાસમુનિએ વ્યવહારનયનું સંપૂર્ણ સમર્થન કર્યું નથી ? ૧૭

---

१५ अक्षीणो वित्ततः क्षीणो, वृत्ततस्तु हतो हतः ।

१६ ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात् संजायते कामः, कामात्क्रोधोऽभिजायते ।
क्रोधाद् भवति संमोहः, संमोहात् स्मृतिविभ्रमः
स्मृतिभ्रंशाद् बुद्धिनाशः बुद्धिनाशात् प्रणश्यति ॥

१७ यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥

જૈનેતરોએ પણ સ્મૃતિ શુદ્ધિ માટે સત્ત્વશુદ્ધિની જરૂર સ્વીકારી છે. અને એ સત્ત્વશુદ્ધિ માટે આહારશુદ્ધિને અનિવાર્ય ગણાવી છે. [૧૮]

પૂર્વે આપણે એક પ્રસંગમાં આહારશુદ્ધિની મહત્તા જોઈ હતી.

રે! અન્નને જ તે ત્યાં મન કહીને જેવું "અન્ન તેવું મન," "આહાર તેવો ઓડકાર" વગેરે વિધાનો કર્યાં છે.

આ વિષય ઉપર અઢળક કથા પ્રસંગો યોજીને જગતના લોકોને આહારશુદ્ધિ પાળવા માટેની સમજાવટ ઠેર ઠેર આપવામાં આવી છે.

પેલા રાજાની વાત તો તમે સાંભળી જ હશે. તે જંગલમાં ભૂલો પડયો હતો. ખૂબ તૃષાર્ત્ત થયો હતો. એક વડલા નીચે કમંડલુ સાથે મીઠી નિંદ માણતા યોગીને તેણે જોયો. પાણીથી ભરેલું કમંડલુ જાણીને તે આનંદમાં આવી ગયો. બધુંય પાણી પી ગયો. પછી તરત જ ઘોડા ઉપર સ્વાર થઈને એ કમણ્ડલુમાં બીજું પાણી ભરી દેવા તળાવની તપાસ કરવા આજુબાજુ નીકળી પડયો. સદ્‌ભાગ્યે નજદિકમાં જ તળાવ જડી આવ્યું. પાણી ભરી લીધું. ફરી યથાવત્ યોગી પાસે એ કમંડલુ મૂકીને દૂર જઈને ઊભો રહ્યો. ત્યાં ઊભા રહેલા રાજાને એકાએક પોતાના જીવનના પાપો યાદ આવ્યા. તે ભારે પશ્ચાત્તાપ કરવા લાગ્યો.

---

૧૮ आहारशुद्धौ सत्त्वं शुद्धिः सत्त्व शुद्धौ ध्रुवा स्मृतिः

આ બાજુ યોગી જાગ્યો. ઊઠીને તરત પાણી પીધું. એની મતિ બગડી. બાલ્યાવયથી સંન્યાસ લઈને ભોગો ન માણી શકયાનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો.

રાજાના હાથને અડી ગએલા પાણીએ યોગીની મતિ બગાડી. યોગીના હાથને સ્પર્શેલા પાણીએ રાજાની મતિ સુધારી.

આહારશુદ્ધિ માટેના આવા તો અઢળક દૃષ્ટાન્તો જૈનેતર-ગ્રન્થોમાં પણ આપવામાં આવ્યા છે.

એકાન્તનિશ્ચયવાદીઓને તો આ વાતો મંજૂર જ નથી. એમને તો ન્યાયથી ધન મેળવો કે ઘોર અન્યાયથી મેળવો કે ગરીબ લોકોની "આહ" પામીને મેળવો...એવા ધનથી માણસની મતિ બગડી જાય; એથી આત્મા ઉપર વિપરીત અસરો પડે એવું આ લોકો માનતા જ નથી !

જુલમ થઈ ગયોને ? ન્યાય અન્યાયના ધનને સમાન ગણી દેવામાં આવે, એની આત્મા ઉપર કોઈ અસર નથી એમ જણાવી દેવામાં આવે તો પાયાના નીતિધર્મના ગળે ટૂંપો જ દેવાઈ જાય ને ?

એકાન્ત નિશ્ચયવાદીઓ આ આફતોને સમજે અને વ્યવહારનયનું પણ સમર્થન કરે તો બહુ સારી વાત છે.

નદીના પાણીને પણ બે કિનારાઓથી સંયમિત બનાવવામાં ન આવે તો એ પાણી, પૂર બનીને ગામોના ગામો તારાજ કરી દે.

પાણીને બાહ્ય સંયમની જરૂર ! અને માનવ જેવા માનવને કશાયની જરૂર નહિ ! રે ! આત્માને ઓળખવા માટે ય જરૂર નહિ ! વગર નિયન્ત્રણે ય આત્મા ઓળખાઈ જવાનો ! રામ..રામ..કરો એકાન્ત નિશ્ચયવાદીઓ !

[ ૧૧ ]

## આચાર–વિચાર વચ્ચે વિરાટ અંતર !

વિચારની ઉત્કૃષ્ટ-ટોચ ઉપર પહોંચવા છતાં આચારની જઘન્ય ભૂમિકાને પણ એકાન્ત નિશ્ચયવાદી ઉપાદેય માને નહિ. કદાચ એ થોડો આચાર પાળે પણ ખરો પરન્તુ, 'એ આચારથી વિચારશુદ્ધિ થાય છે' એ વાતને તે મંજૂર ન જ કરે કેમકે આચાર એ વ્યવહારનયની ભૂમિકાનું જીવન છે.

ખરી વાત તો એ છે કે જેના વિચારમાં જગદ્વિરાગ ઉત્પન્ન થઈ ગયો હોય, જે આત્માના ગુણોનાં જ ગીતગાનમાં મસ્તાન બની જતો હોય તે મુમુક્ષુ આચારમાં મહારાગની ક્રિયા કરે તે સંભવિત જ નથી. વિરાગથી ઊછળતું અંતર રાગની ક્રિયામાં પ્રેરે જ શા માટે ? આત્માની ઓળખ પામતું અંતર અનાત્માની જાને જાય જ શા માટે ?

છતાં જો ક્યાંક એવો વિરોધ દેખાતો હોય અને તે અંગેનું લેશ દુઃખ પણ અભિવ્યકત થતું ન હોય તો બેધ-

ડક માનવું પડે કે એ વિચારો તદ્દન પોલા છે. એ માત્ર વાતો કરવા માટેની જ વાતો છે.

કડકડતી ભૂખ લાગ્યા પછી ભોજનની ક્રિયા જ ન થાય: આરામથી નિષ્ક્રિય જ બેસી રહેવાય એ શી રીતે બને!

અપૂર્વ. વિરાગ જાગ્યા પછી રાગની ક્રિયાઓ મોજથી થયા કરે એ શી રીતે બને?

આ તો 'મા અને તે વાંઝણી' જેવો ન્યાય થયો.

એકાન્ત નિશ્ચયવાદીઓના જીવનનો કહેવાતા શુદ્ધવિચાર સાથે જ વિસંવાદ જોવા મળે છે તે જાણીને ખૂબ જ દુઃખ થાય તેવું છે.

વિચારનું જે પાણી આચારના ખેતરો તરફ વાળી દેવાતું નથી એ પાણી કાં તો ગમે ત્યાં ફરી વળીને મોટી હોનારત સર્જે છે; કાં તો કોઈ પોલાણમાં ભરાઈ જઈને ગંધાઈ ઊઠે છે. આ સિવાય એની ત્રીજી ગતિ શક્ય દેખાતી નથી.

એકાન્તનિશ્ચયવાદના પુરસ્કર્ત્તાઓ ગોશાળાના નિયતિ-વાદને શિર નમાવતા હોય છે. એથી જ તેઓ કહે છે કે જે કાળે જે ઉત્પાદનમાંથી જે કાર્ય થવાનું હોય છે તે કાળે તે કાર્ય થઈ જ જાય છે. તેમાં નિમિત્તની કોઈ જરૂર જ નથી. એ તો જ્યારે માટીમાંથી ઘટ બનવાનો હતો ત્યારે ઘટ બની ગયો. એ વખતે કુંભાર ત્યાં આવ-

વાનો હતો માટે આવી ગયો ! બાકી કુંભાર, ચક્ર વગેરે માટી-માંથી ઘટ બનાવી શકતા જ નથી. આ વિચારને તેઓ વસ્તુના ક્રમબદ્ધપર્યાયનો વિચાર કહે છે.

નિશ્ચયનયની દૃષ્ટિએ આ વિચાર સ્યાદ્વાદીને પણ મંજૂર છે પરન્તુ વ્યવહારનયનું જે મન્તવ્ય છે તેને પણ તેની સાથે જ મંજૂર કર્યે છૂટકો છે એટલે કુંભારની નિમિત્તતા પણ સ્વીકારવી જ રહી. જો નિમિત્ત કાંઈ જ કરતું ન હોય તો કુંભારને બદલે કોઈ ઝવેરી ત્યાં ઊભો રહે તો પણ ઘટ બની જવો જોઈએ.

અગ્નિથી દૂધ ગરમ થવાને બદલે બરફથી પણ ગરમ થઈ જવું જોઈએ. અગ્નિના સંયોગથી દૂધ 'ફ્સ-ફ્સ' થયા કરે છે તે 'ફ્સ-ફ્સ' ક્રિયા અગ્નિના સંયોગ વિના પણ ચાલુ રહેવી જોઈએ.

જો કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ જ અસર કરતું ન હોય, જે કાંઈ થાય તે તેના નિયત ક્રમબદ્ધપર્યાયના કારણે જ થતું હોય તો તો આવું કહેનારને કોઈ જોરદાર તમાચો મારી દે તો ય તેનાથી કે તેના હિતૈષીઓથી ઊકળી નહિ પડાય. એ વખતે સહુએ એક જ વાત કહેવી પડશે કે સ્વામીજીનો માર ખાવાનો પર્યાય નિયત થએલો હતો માટે એમને તમાચ પડી. એમાં તમાચ મારનારે કાંઈ જ કર્યું નથી.

જો આ વાત મંજૂર હોય તો રાષ્ટ્રની, દેશની, પ્રાન્તની,

ઘર-ઘરની કોઈ વ્યવસ્થા જ નહિ રહી શકે. જેને જેમ ફાવે તેમ સહુને કરવાની છૂટ મળશે. કોઈ કોઇને અટકાવી નહિ શકે. અટકાવનારને નિયત–પર્યાયનું તત્ત્વજ્ઞાન સંભળાવીને શાન્ત કરી દેવો પડશે.

એક કવિએ પણ નિશ્ચયનયનું એ મન્તવ્ય રજૂ કરતાં કહ્યું છે કે, "ભવસ્થિતિ પરિપાક થયા વિણ કોઈ ન મુકતે જાવે." પરન્તુ આ કવિ તો સ્યાદ્વાદી હતા, માટે એમના નયને દુર્નય કહી ન શકાય. જે આ વાકયને દુર્નય બનાવે એનું કેટલું અહિત થઇ જાય? એ માણસ ધર્મ કરવાનો યત્ન જ ન કરે.

અફસોસની વાત તો એ છે કે ધર્મની જ વાતોમાં આ નિયતિવાદ (નિષ્ક્રિય થવા માટે ?) લગાડાય છે સંસારની ક્રિયાઓમાં કોઈ એકાન્તનિશ્ચયવાદી પણ આ વાદને યોજતો નથી. વસ્તુતઃ તો એણે દુકાને જવાની માંડવાળ કરી દેવી જોઈએ. જે પૈસો મળવાનો છે તે મળવાનો જ છે દુકાને જવાની શી જરૂર?

એણે ખાવા માટે હાથ પણ ન હલાવવો જોઈએ. જે બનવાનું છે તે બનવાનું જ છે.

માંદગીના સમયે ઔષધ પણ નહિ લેવું જોઈએ. જો સાજા થવાનું હશે તો ઔષધ વિના પણ સાજા થવાશે. અન્યથા ઔષધની ખીચડી ખાઈને ય સાજા થઈ શકાય તેમ નથી.

પણ આવી જાતનું જીવન તો કોઈ બનાવતું જ નથી.

નિયતિવાદને માત્ર ધર્મમાં જ લગાડી દેવામાં આવે છે. અને અધર્મમાં તો માત્ર પુરુષાર્થવાદને પ્રાધાન્ય દેવાય છે.

શા માટે આવા વિરોધાભાસી જીવનને જીવી નાંખીને આત્માનું અહિત કરવામાં આવતું હશે એ જ સમજાતું નથી.

સંપત્તિનું દાન, કાયાનું શીલ, આહારત્યાગનો તપ વગેરે વ્યવહારનયના ધર્મો છે. એકાન્તનિશ્ચયવાદીઓ આ ધર્મોને આત્માના શ્રેયનો સાધક ગણતા નથી.

આમ હોવા છતાં એ લોકો એમના મંદિરો વગેરેના નિર્માણ માટે દાન તો કરે જ છે.

આવા દાનની પ્રશંસાઓ પણ કરવામાં આવે જ છે. "અમુક વ્યક્તિએ મારી પાછળ ૧૫ દિવસમાં ૧૦ લાખ રૂપીયા ખર્ચી નાંખ્યા." એવું વિધાન એ મતવાદીઓની આગેવાન વ્યક્તિઓએ કરવાની શી જરૂર છે? જો દાન એ ધર્મ જ ન હોય તો તેની પ્રશંસા શા માટે! એવી વાતો કરવા પાછળ બીજો તો કોઈ આશય નહિ હોય ને?

વળી કયારેક કોઈક ભક્ત વ્યક્તિની વધતી જતી સંપત્તિની પણ જાહેરમાં રજૂઆત થતી સાંભળવા મળે છે. "મારા ભકત થયા પછી તો એનો બેડો પાર થઈ ગયો! એની જમીનમાંથી કરોડો રૂપિયાનું મેંગેનીઝ નીકળ્યું."

શી જરૂર છે આવા વિધાનોની? એ મને હજી સમજાતું નથી. એટલું જ નહિ પણ કયારેક તો આની પાછળ બીજું જ કોઈ તત્ત્વ કામ કરતું હોવાની શંકા પણ આવી જાય છે.

બીજી વાત એ છે કે નિશ્ચયવાદમાં એકાન્તગ્રહ થાય છે એટલે એ વ્યવહારનયને ભરપેટ ધિક્કારવા લાગે છે.

કેમ જાણે ડાહ્યું કૂતરું હડકાયું થયું !

જૈન સાધુ બ્રહ્મચર્યના પૂર્ણ પાલન માટે સ્ત્રીને તો નહિ, પરન્તુ સ્ત્રીના વસ્ત્રને પણ અડી ન જવાય તેની પૂર્ણ કાળજી કરતા હોય છે.

જગતનો કોઇ પણ માણસ આટલા ચુસ્ત ધર્મપાલનને પોતાનું શિર ઝુકાવી દે.

પરન્તુ એકાન્તનિશ્ચયવાદીઓને તો એ વ્યવહાર કીડીની જેમ માત્ર ચટકા ભરે છે એટલે એવી વાતોમાં ય એવા સાધુઓને દંભી કહેતાં ય લજવાતાં નથી. એવા બ્રહ્મચારી સાધુ માટે ય તેઓ મશ્કરીમાં બોલી નાંખે છે, કે, "જોયું હવે ! એ તો બહારનો બ્રહ્મચારીનો દેખાવ જ કરવાનો ! બાકી અંદર મનના તો કેટલા ગંદા હોય છે ?"

વીતરાગ ધર્મને જન્મથી પામેલી નાની નાની બાલિ-કાઓ વર્ષીતપ કરે તો ય આ લોકો સારું બોલવાને બદલે કહે છે, "બિચારી લાંઘણો કરી કરીને દુબળી થઈ જાય છે ! આ તે કાંઈ તપ છે ? પારણામાં રાબડી પીએ એમાં તપ શેનો ? આ તો લાંઘણ છે લાંઘણ !"

શત્રુંજય તીર્થની યાત્રા કરનારા ભાવુક યાત્રિકોને ઉદ્દે-શીને કહે છે, "બિચારા કેટલી મજૂરી કરે છે ? ચડતાં ચડતાં તો હાંફી જાય છે, પસીનાના રેલા ઊતરતા જાય છે !"

કેવી બેહૂદી આ મશ્કરીઓ છે !

પારણામાં રાબ પીએ એમાં ય વાંધો !

પર્વત ચડતાં હાંફ ચડે એમાં ય વાંધો !

ધર્મની બધી ક્રિયામાં વાંધો !

વાંધો નથી માત્ર ભોગોની ક્રિયામાં !

સિનેમા જોનારાની કદી મશ્કરી સંભળાતી નથી !

ગમે તે સ્ત્રી સાથે ડાન્સ કરનારા યુવાનોની ક્રિયા કદી વખોડવામાં આવી નથી.

રાત્રિભોજન, કંદમૂળસેવન, અભક્ષ્ય-ભોજન વગેરે ક્રિયાઓ માટે એ નિશ્ચયવાદીઓને જાણે કે કશો ય વાંધો જ નથી ! કેવો આશ્ચર્યજનક આ વર્ત્તાવ ગણાય ?

રે ! જ્યારે જગતમાં ભયંકર કોટિના અસદાચારો ફેલાયા છે. જ્યારે આખા ય ભારતની આર્યસંસ્કૃતિના મૂળિયા હલબલી ઊઠયાં છે, જ્યારે ભારતનું સંપૂર્ણ રીતે પશ્ચિમીકરણ થઈ રહ્યું છે, ત્યારે એ અનાચારના પંથે દોડયા જતાં અજ્ઞાન જીવો તરફ કોઈ દયાભાવ જાગતો નથી ? એમને એ ઉન્માર્ગથી અટકાવવા કોઈ પ્રયત્ન કરવો નથી !

નથી કયાંય પુત્રનો માતાપિતા પ્રત્યે વિનય જોવા મળતો !

નથી કયાં ય શીલરક્ષા માટે જરૂરી વેષનું યોગ્ય પરિધાન જોવા મળતું !

નથી ક્યાં ય નવી પેઢીમાં દેવ-ગુરૂની ભક્તિ જોવા મળતી. દેખાય છે માત્ર વિલાસ! ઈશ્કની રમતો! દેખાય છે સર્વત્ર હિપ્પીઓ! અભિનેતા અને અભિનેત્રી બનવાના જ સ્વપ્ન સેવતાં યુવક-યુવતીઓ! સહશિક્ષણના ચુસ્ત હિમાયતીઓ! લગ્ન જીવન પૂર્વે જ લગ્નજીવનની અનુભૂતિ માણવાના અભિપ્રાયવાળા કોડીબંધ ભેજાઓ! ભયાનક ભ્રષ્ટાચારને ફેલાવનાર સંતતિનિયમનના કટ્ટર પુરસ્કર્તાઓ! ધર્મનું નામ નિશાન ઊખેડી નાખવાની યોજના રૂપ બિનમઝહબી રાજ્યની વાતો કરનારાઓ!

શું એકાન્ત નિશ્ચયવાદીઓને આ બધી અસત્ ક્રિયાઓ પ્રત્યે કોઈ વાંધો જ નથી?

બસ, તેમને મંદિરની પૂજામાં જ વાંધો છે? તીર્થ-યાત્રામાં જ ત્રાસ છે?

તપ-ત્યાગની જ મશ્કરીઓ કરવાનું સૂઝે છે?

અફસોસ! કોણ ઉગારશે એ દુનિયાને! કોણ ઉદ્ધાર કરશે એ વિચારોનો?

દુનિયા પણ એ ચિન્તનની પાછળ કેવી ગાંડી બની છે? જે દુનિયાને અર્થકામ જ મંજૂર હોય, જેને ભોગ જ પ્રિય હોય, જેને ધર્મ ક્રિયાઓ પ્રત્યે નફરત જ હોય તે કોડો લોકો એકાન્તનિશ્ચયવાદને સ્વીકારી લે તેમાં કશી જ નવાઈ નથી.

ત્યાં નહિ કરવાનો કોઈ ત્યાગ, નહિ કોઈ તપ, નહિ

કોઈ તીર્થ કે નહિ કોઈ સંસારપરિત્યાગ... તો શું ? આત્માને ઓળખવાની વાત કરવાની : ખાવું પીવું ને થાય તેટલી મજા કરો એ જ મહાધર્મ.

આટલું જ છે એકાન્તનિશ્ચયવાદના પુરસ્કર્ત્તાઓનું સમીકરણ.

કયા ભોગરસિક આત્માને આ સમીકરણ ન ગમે ?

કઠોરધર્મની આરાધનાના માર્ગે તો સદા માટે ઓછી જ સંખ્યા જોવા મળે. બહુમતિ તો સરળધર્મમાં જ હોય. પણ બહુમતિ માત્રથી એ ધર્મનું ગૌરવ ન આંકી શકાય.

ભેળવાળાને ત્યાં ભારે ગરદી હોય છે; ઝવેરીના ત્યાં કદી ગરદી નથી હોતી.... એટલે શું ભેળવાળો ગૌરવપાત્ર બની જાય ?

થર્ડક્લાસના ડબ્બામાં સદા ધસારો જોવા મળે, ફર્સ્ટ-ક્લાસમાં તેવો ધસારો કદી જોવા ન મળે એટલે થર્ડક્લાસ મોખરે આવી જાય કે ?

અભિનેતાના આગમને જ હજારો માણસો ઊભરાઈ જાય અને એક નાના સંતના આગમને કોઈ ચકલું ય ન ફરકે એટલે શું અભિનેતાનું જીવન ગૌરવવંતુ ગણાઈ જાય ?

નહિ. નહિ. કદાપિ નહિ.

જે લોકો ધર્મના કઠોર તત્ત્વને સરળ બનાવશે, એથી જે લોકો જમાનાવાદી બનશે, ભક્તગણ વધારવા માટે અર્થ–કામના પોષણ કરશે તેમનો અનુયાયીવર્ગ કદાચ મોટો

પણ થઈ જશે પરન્તુ એ ધર્મનો પ્રાણ અવશ્ય રુંધાઈ જશે.

કલેવર ફુલતાં પ્રાણ નબળો પડે એનો અર્થ શો ?

આવા ધર્મપંથો ઝાઝું જીવતા જ નથી. ચોમાસાના અળસીઆની જેમ એકદમ ઊભરાય અને કોઈ એકાદ જોરદાર તાપ પડતાં જ સફાચટ થઈ જાય.

ઘણું કરીને તો આવા પંથો એ પંથના પ્રણેતાના જ મોતની સાથે જ મોત પામતાં હોય છે. કદાચ એમ ન થાય તો એ પંથોનું જીવન મૃત્યુથી ય બદતર બની જાય એટલા કલેશકંકાસથી ઊભરાઈ જાય છે. અન્તે ૫૦–૧૦૦ વર્ષે ડચકાં લઈને એ ઓકસીજન ઉપર જીવતું જીવન પણ વિનાશ પામી જાય છે.

સત્ય સદા પ્રકાશતું રહે છે. જીવન તો નદીનાં નીર પામે... એમાંથી આડા અવળાં ફંટાએલા પાણી તો કયાંય ને કયાંય ભરાઈ જઇને ગંધાઈ ઊઠે, સુકાઇને સાફ જ થઈ જાય ને !

વિચારોના ગમે તેવા સમાધાનો કરવાની, ગમે તેવા પ્રલોભનો ઊભા કરવાની, ગપગોળાઓ સુદ્ધાં ચલાવવાની પ્રવૃત્તિઓ તો એ મતના મમતધારીઓને માટે સહજ બની ગઈ હોય છે. બેશક, આ બધી પ્રવૃત્તિ એક ફારસ રૂપ બની જાય છે. સ્વમતહત્યારી બનીને જ જંપતી હોય છે. ભક્તોની શ્રદ્ધા! પણ હદ વટાવી જાય છે. એક અવાજ તો કાને એવો અથડાયો છે કે શ્રીકાનજીભાઈ એમ કહી

રહ્યા છે કે, "હું ગતભવમાં ભગવાન સીમંધર સ્વામીજીની પાસે હતો. કુંદકુંદાચાર્યને બોધ દેતા ભગવાન સીમંધરસ્વામીને મેં જોયા હતા. હું રહી ગયો અને કુંદકુંદાચાર્યે કલ્યાણ સાધી લીધું !"

બીજી પણ એક વાત તેઓ કરે છે કે, "મારી પાસે જે બહેનશ્રી છે તેની સાથે અનેક ભવોનો મારે સંબંધ છે. એમને ત્રણે ય કાળનું જ્ઞાન થયું છે. જગતને આ વાતની ખબર જ નથી !"

કેવા ગજબનાક ધડાકાઓ છે ! એટમબોમ્બને ય ટપી જાય તેવા !

કોણ જોવા ગયું છે કાનજીભાઈના પૂર્વજીવનને ! બહેનશ્રીના સંબંધને !

ત્રણકાળનું જ્ઞાન–કેવળજ્ઞાન–આ કાળમાં ભરતક્ષેત્રમાં હોઈ શકે જ નહિ એવા શાસ્ત્રવચનને પણ કેવી સજ્જડ તમાચ મારવાનો બાલિશ પ્રયત્ન કરવામાં આવ્યો છે !

બોલનારા તો બોલે ! પણ સાંભળનારાઓ 'જી' પ્રભુ, કહીને આવી વાતોને સાંભળે છે એ તો આ જગતના આશ્ચર્યોનું પણ આશ્ચર્ય–૧૧મું આશ્ચર્ય–લાગે છે.

આવા વિધાનો આજની દુનિયામાં પણ ચાલી શકે છે, ભક્ત સમાજ એમાં મત્તુ મારી આપે છે એ બધું ય નકલીના વધુ ચળકાટને જ આભારી છે.

આવા ભોગરસી ભક્તગણને સત્યનો પંથ દેખાડવાનું કાર્ય તો સાચે જ આસમાનના તારા તોડવા કરતાં ય કઠિન છે.

શાસ્ત્રોના અર્થો જ ખોટા શીખવી દીધા હોય એનું શું થાય ? ખોટા અર્થોને જ 'સાચા' તરીકે ઠસાવી દીધા હોય ત્યાં કરવું શું ? એવા ખોટા જ અર્થ આપણે પણ કરીએ તો એ ભક્તોના શિર ઝુકી જાય ખરા. પણ એ તો પરવડે તેવું નથી. જે જિનશાસનની વફાદારી સ્વીકારી એ તો પ્રાણાન્તે ય કેમ ત્યજાય ! એ રીતે બેવફા બનીને મોજશોખ પામવાના મીઠા જીવન જીવવા કરતાં તો મૃત્યુ ઘણું મીઠું ગણી શકાય. એને જ કેમ સહર્ષ ન ભેટવું ?

શાસ્ત્રમાં એક વાત આવે છે. એક રાજાને ત્યાં એક પંડિતે પોતાનો પગદંડો મજબૂત બનાવી દીધો હતો. એક દી તેને કેટલાક માસ સુધી બહારગામ જવાનું થયું. તેને ભય પેઠો કે તેની ગેરહાજરીમાં કોઇ પંડિત રાજમાન્ય બની જશે તો ! એટલે તેણે રાજાને એક વાત જણાવી કે ઘણા પંડિતો ચાલ્યા આવે પણ સાચા પંડિતની પરીક્ષા કર્યા વિના કોઈને ય રાજસભામાં તેમણે ઊભો રહેવા દેવો નહિ.

રાજાએ પૂછયું, " મને શી રીતે ખબર પડે કે અમુક પંડિત 'સાચો' છે ? તમે કોઇ શ્લોક આપો અને તેનો અર્થ મને કહી રાખો, પછી હું તે શ્લોક દરેક પંડિતને પૂછીશ. જે પંડિત તમે કરેલો અર્થ કહેશે તેને જ 'સાચો' પંડિત માનીશ.

પંડિતે એક શ્લોક લખી આપ્યો.

**तज्ज्ञानमेव न भवति यस्मिन्नुदिते विभाति रागगणः ।**
**तमसः कुतोऽस्तु शक्तिः दिनकरकिरणाग्रतः स्थातुम् ।**

આ શ્લોકનો અર્થ લખી આવ્યો. "બિલ્લી બેઠી બેઠી ચણા ખાય છે."

પંડિત પરગામ ચાલ્યો.

પછી તો ઘણા વિદ્વાન પંડિતો આવ્યા. પણ રાજાની પરીક્ષામાં કોઈ પસાર ન થયો. કેમકે ઉક્ત શ્લોકનો ઉક્ત અર્થ કોઈએ ન કર્યો. રાજાએ બધા ય પંડિતોને મૂર્ખશેખર કહી દીધા.

એક વાર મનઃપર્યવજ્ઞાની મુનિરાજ ત્યાં પધાર્યા. તેમણે રાજાને કહ્યું કે, "આ શ્લોકનો તમારા મનમાં તો 'બિલ્લી બેઠી બેઠી ચણા ખાય છે' અર્થ છે.

રાજા આફ્રિન પુકારી ગયો.

ત્યાર બાદ એ મહાજ્ઞાની મુનિવરે રાજાને સાચો અર્થ કહ્યો અને તેની પેલા પંડિત પ્રત્યેની અન્ધ ભક્તિને દૂર કરી.

આજના મમતાધારી મતધારીઓ પણ એમના ભક્તોને આવા જ ઊંધા પાઠ શીખવી રાખતા નથી શું ?

અત્યન્ત કદાગ્રહીને સમજાવવાનું કામ ભારે કઠણ બની જાય છે. ન કરે નારાયણ અને સમજાવવા છતાં મામલો બીચકી જાય તો વધુ અનર્થ થાય. એટલે અમારા જેવા માટે તો 'મૌન'માં જ એમની કરુણા સમાયેલી ગણાય.

વર્ત્તમાન એકાન્તનિશ્ચયવાદના પુરસ્કર્તા શ્રીકાનજી-ભાઇ ગણાય છે. ઘણા વર્ષોના પાકટ અનુભવમાંથી એમણે

એક સિદ્ધાંત બનાવી રાખ્યો છે, "કોઈની સાથે ચર્ચામાં ઊતરવું નહિ.

એથી પણ અદ્ભુત ગણી શકાય એવો એક તુક્કો શોધી રાખ્યો છે. "સહુને એક જ વાત કરવી કે આ વાત બહુ ઝીણી છે. તમને ઝટ નહિ સમજાય."

શ્રી કાનજીભાઈ એમની લાક્ષણિક શૈલીથી આ વાકય જ્યારે બોલતા હોય ત્યારે ખરેખર મુગ્ધ બની જવાય છે.

અનાદિકાળથી ધર્મક્રિયા કરવા છતાં જીવ કેમ સંસારમાં ભમતો જ રહ્યો છે? એણે આત્માને ઓળખ્યો નથી માટે." આ વાતને ફેરવી ફેરવીને સમજાવતાં કાનજીભાઇ છેવટે વિલક્ષણ હાસ્ય કરતાં કોઇ ભક્તને સંબોધીને કહી દે છે. "ઝીણી વાત છે.... બેચરભાઇ! નહિ સમજાય હોં!"

કાનજીભાઈની નિશ્ચયનયની 'શુદ્ધ-બુદ્ધ'ની વાતો શ્રોતા જનોને ખરેખર વજનદાર લાગતી જ હોય છે અને તેમાં વળી ખુદ શ્રીકાનજીભાઇ રદિયો આપે કે, "ઝીણી વાત છે. ઝટ નહિ સમજાય." એટલે મુગ્ધ શ્રોતાજનો કલ્પી લે છે કે, "વાત જ ઝીણી છે અમને કયાંથી સમજાય?"

પછી તો એ લોકો 'જી પ્રભુ' સિવાય કશું બોલતા નથી. સમજવાનો કોઇ યત્ન પણ કરતા નથી.

શ્રોતાજનોની મૂઢતા, શાસ્ત્રની અનભિજ્ઞતા, અંધભક્તિ વગેરેના કારણે આવું બધું ય ચાલી શકે. પરન્તુ શાસ્ત્રવેત્તાઓની નજરમાં આ વાતો ખરેખર એક 'ફારસ' ની જેમ ઉઘાડી પડી જાય છે.

'ઝીણવટ છે. તમને નહિ સમજાય !' એ તે શું કાંઇ જવાબ છે ? આજના તર્કવાદના જમાનામાં બધી વાતને 'ઝીણી' કહીને ઉડાવી દેનાર વ્યક્તિ એમના ભક્તગણમાં ભલેને 'ભગવાન' તરીકે પૂજાતી હોય પણ બુદ્ધિમાન શ્રદ્ધાળુ પાસે તો તેમના આવા પ્રકારના રદિયા હાસ્યાસ્પદ બની જાય છે.

જો વાત ઝીણી હોય તો તમે સમજાવતા કેમ નથી ! તમે સમજાવી ન શકો તો તમે સમજ્યા શું ? 'ઝીણી' કહીને પ્રશ્નોના ટાળી દેનારા તમે જ એ વાતોને સારી રીતે સમજ્યા નથી એવું તો નથી ને ? આવી જાતના અનેક તર્ક–વિતર્કો મારા મગજમાં તો ધડાધડ ઊભા થઇ જાય છે.

શ્રીકાનજીભાઇ આજ સુધી "ઝીણી વાત છે....ઝટ નહિ સમજાય." એ એક જ ઉત્તર આપતા રહ્યા છે. કોઇ પણ પ્રશ્નકારના મનનું સમાધાન તો કરતાં જ નથી. તેને એક જ વાત કરે છે, "ઝીણું છે. સમજવા માટે અહીં જ છ માસ રહો. મને સાંભળો. પછી કદાચ બધું સમજાઈ જાય."

પેલો જંજાળી માણસ છ માસ રહી શકે નહિ એટલે ચાલતી પકડે. અને શ્રીકાનજીભાઇનું વિઘ્ન ટળી જાય.

આજ સુધી આ પંથ આ રીતે જ ચાલ્યો છે. ફાવે તેમ એકાન્તનિશ્ચયની વાતો કરતા રહેવી. કોઇ પ્રશ્ન કરે તો 'ઝીણું છે' કહીને સંભવિત હુમલો ખાળતા રહેવો. આ સિવાય બીજા કોઇ સિદ્ધાંત ઉપર આ પંથ ચાલતો હોય એમ મને તો લાગતું નથી.

મારે ફેબ્રુઆરીમાં શ્રીકાનજીભાઈ સાથે મુલાકાત થઇ હતી. તે વાતોને ઉડાવી દેવાની તેમની નીતિથી મારું અંતર દુભાયું હતું. તેમને આ નીતિ અખત્યાર નહિ કરવા મેં ભલામણ પણ કરી હતી. એ સાથે એમ પણ કહ્યું હતું કે, 'આ 'નીતિથી તો લોકો તમારા જ્ઞાનમાં શંકા કરશે."

પરન્તુ શ્રી કાનજીભાઇ કાંઇ સાંભળે તો ને ?

સહુને એક જ વાત પકડાવી છે કે 'ઝીણું છે નહિ સમજાય !' એટલે મૂઢ લોકોએ પણ એ જ વાત ફેલાવ્યે રાખી છે કે, "અમારા ધર્મનું તત્ત્વ ઝીણું છે, નહિ સમજાય !"

કેટલી હાસ્યાસ્પદ મૂર્ખતા !

મને વસ્ત્રોના શહેનશાહની એક વાત અહીં યાદ આવી જાય છે.

સ્કોટલેન્ડની આ વાત છે. ત્યાંનો એક રાજા વસ્ત્રોનો ભારે શોખીન. વણકરોની પાસે સુન્દર વસ્ત્રો બનાવતો અને થોડા દિવસ પહેરીને ફેંકી દેતો. દિવસમાં સાત સાત વાર તે વસ્ત્રો બદલતો.

એક દિવસ વેનિસથી બે વણકરો આવ્યા. તેમણે રાજાને કહ્યું, "અમે અદ્‌ભુત વસ્ત્ર બનાવીએ છીએ. જો અમને માલસામાન પૂરો પાડો તો અહીં રહીને જ વસ્ત્ર બનાવી આપીએ."

વણુકરોની આકર્ષક રજૂઆતથી રાજા તો અંજાઈ ગયો પણ મંત્રી વહેમાયો. મુખ ઉપરથી જ મંત્રીનો મનોભાવ વણકરો પામી ગયા. તેમણે કહ્યું, "રાજન્ ! અમારા અદ્‌ભુત વસ્ત્ર મોટામાં મોટી વિશેષતા તો એ છે કે મૂર્ખ અને બેવફા લોકોને એ વસ્ત્ર દેખાશે જ નહિ. આંખો ફાડીને જોવા મથશે તો ય નહિ દેખાય. એટલે આપ તેવા માણસોને પકડી પણ પાડી શકશો."

આથી તો રાજા ભારે આનંદમાં આવી ગયો. મંત્રીએ ચૂપકીદી પકડી લીધી. રાજાના આદેશથી સુન્દર સ્થાને ઉતારો આપી દીધો.

બે માસ પસાર થઈ ગયા. વણકરોએ તો બહારથી બારણા બંધ જ રાખ્યા હતા એટલે મન્ત્રી કાંઇ જ જાણી શકે તેમ ન હતું.

એક દિવસ મન્ત્રીએ રાજાને કહ્યું, "બે માસમાં માલસામાનની ખરીદી માટે વણકરોએ એક હજાર સોના-મહોર ઉપાડી છે. આપ તેમની હાજરી તો લો. એ લોકો તો બંધબારણે જ કામ કર્યા કરે છે. શું કરે છે? તે જ સમજાતું નથી."

રાજાએ વણકરોને બોલાવીને કહ્યું, "અમારા મન્ત્રી જાણવા ઈચ્છે છે કે કામ કેટલું થયું છે?"

"હા. જી. જરૂર....કામ તો એક અઠવાડિયામાં સંપૂર્ણ થઈ જશે. આજે મન્ત્રીશ્વર ભલે જોવા પધારે."

મન્ત્રીએ કહ્યું, "હા. જરૂર. હું સાંજના સમયે તમારે ત્યાં આવીશ. એ પૂર્વે બપોરે મારા બે માણસો આવી જશે."

બાર વાગતાં મન્ત્રીના બે માણસો વણકરોના ઉતારે ગયા. એમણે જોયું તો વણકરો જોરથી હાથ હલાવતા હતા અને બોલતા હતા. "શું અદ્ભુત વસ્ત્ર તૈયાર થયું છે. ? અહા ! અદ્ભુત ! ખરેખર અદ્ભુત !'

પેલા બે માણસોને તો વસ્ત્ર જ દેખાયું નહિ. પણ એમ તો શી રીતે કહે કે તેમને વસ્ત્ર દેખાતું જ નથી. ? તેમ કહે તો કાંતો મૂર્ખ ઠરે કાંતો બેવફા ?

એટલે જેવો વણકરોએ એમનો અભિપ્રાય માગ્યો કે તરત જ બોલ્યા, " ખરેખર. અદ્ભુત વસ્ત્ર બન્યું છે !"

વણકરોએ કહ્યું, "જાઓ. જઈને મન્ત્રીશ્વરને આ સત્ય હકીકતથી વાકેફ કરો. "

મન્ત્રી પાસે જઈને તે બે માણસોએ તેમ જ કહ્યું ! તેમણે પરસ્પર વિચારીને નક્કી કરી રાખ્યું હતું કે, "આ વિષયમાં આપણે આડા ઊતરવાની કશી જરૂર નથી. "

સન્ધ્યા સમયે મન્ત્રી જાતે ગયા. એ જ રીતે વણકરોને હાથ હલાવતાં અને બોલતાં સાંભળ્યા, " શું અદ્ભુત વસ્ત્ર તૈયાર થયું છે !"

મન્ત્રી તો આભા જ બની ગયા. એ કશું મનેય

દેખાતું જ ન હતું. પણ એવું કહે તો મૂર્ખ ઠરે કે બેવકૂફ જાહેર થાય !

એમણે ય અદ્ભુત વસ્ત્રની ઉપર મત્તુ મારી દીધું. રાજાની પાસે જઈને એ જ પ્રમાણે વાત કરી.

આઠ દિવસ પૂરા થયા. રાજસભામાં બે ય વણકરો આવ્યા. જાણે હાથમાં તાકો હોય તે રીતે બે હાથ રાખીને આવ્યા. રાજા પાસે જઈને નમસ્કાર કર્યા. અને કહ્યું, “આ રહ્યું તે અદ્ભુત વસ્ત્ર ! આપને દેખાય છે ને ? કેટલું અદ્ભુત છે ? જુઓ એનો વણાટ તો જુઓ !”

ભારે થઈ. નથી રાજાને કાંઈ દેખાતું, નથી સભાજનોને કશું દેખાતું. પણ કહે કોણ ? ત્યાં તો વણકરો બોલ્યા, “રાજન્ ! અંદરના ખંડમાં પધારો. આ વસ્ત્રનું આપ પરિધાન કરી લ્યો. અને પછી નગરચર્યા માટે ઘોડાની બગીમાં બેસીને બહાર નીકળો.”

રાજા અંદર ગયો. મન્ત્રીએ રાજાની નગરચર્યાનો અને અદ્ભુત વસ્ત્રના પરિધાનનો ઢંઢેરો પિટાવી દીધો.

હજારો નગરજનો એ અદ્ભુત વસ્ત્રવાળા રાજાને જોવા ઉમટ્યા.

વણકરોએ રાજાના બધા કપડા ઉતારી નાંખ્યા. રાજાને પોતાની નગ્નદશાથી ભારે ત્રાસ થયો. અદ્ભુત વસ્ત્ર પહેરાવતા હોય તેવો સઘળો ડોળ કરીને વણકરોએ રાજાને

પૂછ્યું, "કેવું અદ્દભુત લાગે છે આપનું મુખ! જુઓ આયનામાં!"

રાજાએ આયનામાં નગ્ન કાયા જોઈ. એ સમસમી ઊઠયો. પણ બોલે શી રીતે? અન્યથા મૂર્ખમાં ઠરે યા રાજદ્રોહી ઠરે.

ભારે સંકોચ સાથે ઘોડાની બગીમાં રાજા બેઠો. એને જોતાંની સાથે જ તમામ નગરજનોના શ્વાસ અદ્ધર થઈ ગયા. પણ કહે કોણ કે, 'રાજા નગ્ન દેખાય છે?' કોઇને મૂર્ખ કે બેવકૂફ ઠરવું ન હતું.

બગી તો આગળ વધવા લાગી. થોડે દૂર ગઈ ત્યાં બગીની પાસે જ ઊભેલું એક નાનકડું બાળક રાડ પાડીને બોલી ઊઠયું, "અરે! રાજા નાગા છે, રાજા નાગા છે." એની બૂમ સાંભળીને રાજા ચોંકયો!

આસપાસ ઊભેલા લોકોમાં હવે હિંમત આવી; ગુસપુસ ચાલુ થઈ. અવાજ વધતો જતો ફેલાવા લાગ્યો. "રાજા તો નગ્ન દેખાય છે." રાજાના કાને એ અવાજો અથડાયા. એ ગભરાઈ ગયો.

ચારે પગે ઘોડાઓને દોડાવવાનો આદેશ આપતાં જ ઘોડા પવનવેગે ઊડયા. રાજભવનનાં પ્રાંગણ ભેગા થઈ ગયા.

કહેવાની જરૂર નથી કે વણકરોને ફાંસી દેવાઈ.

વણકરોએ ચલાવેલી અદ્ભુતવસ્ત્રની વાત ! જે એને જોઈ ન શકે તે મૂર્ખ યા બેવફા હોય–એણે સહુને ભુલાવામાં નાંખી દીધા.

શ્રીકાનજીભાઈની વાત–ઝીણવટ છે, નહી સમજાય. બેચરભાઈ ! નહિ સમજાય–એણે ય આવું જ કાંઈક નથી કર્યું ?

લોક તો ગાડરના ટોળાં જેવું માનસ ધરાવે છે. એક શ્રીમંતે શિર ઝુકાવ્યું, એટલે સહુ શિર ઝુકાવશે; અને જો ક્યાંક કોઈ ધનાઢ્ય વ્યક્તિએ ગાળ દીધી, તો બધા ય ગાળોનો વરસાદ વરસાવવા લાગશે.

વ્યકિતના દયાજનક પુણ્ય ઉપર આવા પંથો ચાલતા કે દોડતા હોય છે. એવા પંથોની બહુમતિથી કે એના ઝાકઝમાળથી મુમુક્ષુ આત્માઓએ અંજાઈ જવું જોઈએ નહિ.

મને શ્રીકાનજીભાઈ તરફ કોઈ દ્વૃષભાવ નથી. પરંતુ એમણે નિશ્ચયનયની શાસ્ત્રોક્ત પ્રરુપણાને એકાન્ત લગાડીને દુષિત કરી નાંખી છે એ બહુ જ અનુચિત કર્યું છે.

બીજું એ પ્રરુપણાને જગતના મુગ્ધ જીવોમાં ફેલાવવા માટે એમણે જે માર્ગો અપનાવ્યા છે એ પણ મારી દૃષ્ટિએ હિંમતભર્યા નથી. એઓ જો ખરેખર સત્યતત્ત્વના પ્રરુપક હોય તો તેમણે ચર્ચા કરવા તૈયાર થવું જોઇએ. હા, જરૂર એ ચર્ચા સંપૂર્ણ મૈત્રી સાથે જ કરવામાં આવશે.

પરન્તુ શ્રીકાનજીભાઈને એ ચર્ચા મંજૂર જ નથી એટલે જ આ પુસ્તક લખીને એમના શાસ્ત્ર બાધિત વિધાનોને પ્રકાશમાં આણવાનો વિનમ્ર પ્રયત્ન મેં કર્યો છે.

મુગ્ધ મુમુક્ષુ આત્માઓ એકાન્તનિશ્ચયવાદના મિથ્યા મતના મમતમાં ફસાઈ ન જાય એ એક માત્ર શુભહેતુથી આ પુસ્તક મેં લખ્યું છે. સહુ મારી આ ભાવનાની નોંધ લે એમ હું ઈચ્છું છું.

- પ્રગટ થઈ ચૂકયું છે.

તમે આ પુસ્તક વસાવી લીધું છે ?

# જ્ઞાનસાર

કિંમત રૂા. ૨–૦૦

લેખક : **વસંતલાલ કાન્તિલાલ ઈશ્વરલાલ**

શ્રી વસંતલાલભાઈની કસબી કલમે લખાએલા આ પુસ્તકમાં મહોપાધ્યાય ભગવાન્ યશોવિજયજી મહારાજા સાહેબના સંસ્કૃત ગ્રન્થ 'જ્ઞાનસાર'ના બત્રીસ અષ્ટકમાંના પ્રથમના અગીઆર અષ્ટકો ઉપર અદ્યતન શૈલિએ વિવેચન કરવામાં આવ્યું છે.

એક વાર હાથમાં લીધા પછી પૂર્ણ કર્યા વિના છોડવું ન પરવડે તેવું આ પુસ્તક છે.

કમલ પ્રકાશનની ઓફિસેથી આજે જ આ પુસ્તક મેળવી લેજો.

૧૯૬૯ ની સાલના ડિસેમ્બર સુધીમાં કમલ પ્રકાશન પ્રગટ
કરે છે એક અદ્ભુત ગ્રન્થ

# અનન્તનાં પાત્રો

મૂલ્ય : રૂા. ૩-૦૦

લેખક : મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

ચરમ શાસનપતિ દેવાધિદેવ પરમાત્મા મહાવીર અને તેમના સમકાલીન બીજા ઓગણીસ પાત્રોના જીવનમાં લેખકની કલ્પના'એ ડોકિયું કર્યું....બેશક શાસ્ત્રચક્ષુથી....

અને.... એ વિભૂતિઓનાં જીવનમાં જે ધબકાર જોવા મળ્યો; જે આગ જોવા મળી; જે રણકો સાંભળ્યો.... એ બધું ય લેખકે આ ગ્રંથમાં આબેહૂબ રીતે ઉતારી દીધું છે. શાસ્ત્રીય વિચારધારાને જરાય બાધિત ન બને એ રીતે એ પાત્રોના મનોભાવોને એમણે વાચા આપવામાં ભારે સફળતા પ્રાપ્ત કરી છે.

જે વાંચશે તે કયાંક રડશે; કયાંક હલબલી ઊઠશે. કયાંક ઝૂકી જશે તો કયાંક હસી ઊઠશે.

૬૯ના એપ્રીલમાં પ્રેસમાં જતાં આ ભવ્ય ગ્રંથને મેળવી લેવા તૈયાર બનીને બેસજો.

## અમારાં પ્રકાશનો :

| | મૂલ્ય રૂપિયા |
|---|---|
| ૧. સાધનાની પગદંડીએ | ૨–૦૦ |
| ૨. શરણાગતિ | ૨–૦૦ |
| ૩. વિરાગની મસ્તી | ૨–૦૦ |
| ૪. ઊંડા અંધારેથી... | ૨–૦૦ |
| ૫. અધ્યાત્મસાર [અપ્રાપ્ય] | ૩–૫૦ |
| ૬. ગુરુમાતા | ૨-૦૦ |
| ૭. વંદના | ૨–૦૦ |
| ૮. વિરાટ જાગે છે ત્યારે | ૨–૦૦ |
| ૯. મહાપંથનાં અજવાળાં | ૨–૦૦ |
| ૧૦. જૈન દર્શનમાં કર્મવાદ | ૧–૫૦ |
| ૧૧. આ. દેવ શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજી મહારાજનું સચિત્ર જીવનદર્શન | ૩–૦૦ |
| ૧૨. કાનજીભાઈ – મત – પ્રતિકાર | ૩–૦૦ |
| ૧૩. જ્ઞાનસાર | ૨–૦૦ |

## હવે પછી :

| | |
|---|---|
| ૧૪. અનન્તનાં પાત્રો | ૨–૦૦ |
| | ૨–૦૦ |
| | ૨–૦૦ |


પ્રાપ્તિ

**કમલ**

૫૦૮૨/૩, બ

રતનપોળ નાકા,


મૂલ્ય : ૩–૦૦